વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-


વર્ષ : ૪૨મું
માર્ચ - ૨૦૧૭
અંક : ૪૬૬

મંગલ મંદિર ● માર્ચ-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૮૮)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



રેડ સ્કવૅર
મૉસ્કો, રશિયા

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org



YOUVA
ART of being SMART
Other Products (Paper) - Practical Books , Graph Books , Laboratory Books , Scrap Books , Project Books , Craft Paper , Art Paper and More

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**


6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi
UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY



સનગ્લાસ કલેક્શન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- અંગદાન પ્રવૃત્તિને આગળ ધપાવવાની જરૂર ..... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૯

**લેખ વિભાગ**

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ – (૫)
  પતિની બીમારી ..... **હંસરાજ સાંખલા** ..... ૧૦

**પ્રાસંગિક**

- મિત્રો, પરીક્ષાની સીઝન આવી ગઈ છે!! ..... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૬

**ચિંતન**

- મશાલ હોય કે મશીનગન, એ યુવાન હાથમાં જ શોભે ..... **રોહિત શાહ** ..... ૧૭
- રગ-રગમાં ભારતીયતા ભરી છે ..... **વિનોબા ભાવે** ..... ૧૮
- જીયે તો જીયે કૈસે??? ..... **જાદવજી કાનજી શાહ** ..... ૧૯
- તું શીખવા નથી આવ્યો, દલીલ કરવા આવ્યો છે ..... ૨૦

**વાર્તા**

- અભો સોરઠિયો ..... **ઝવેરચંદ મેઘાણી** ..... ૨૧
- થોડી સી બેવફાઈ ..... **પ્રિયકાંત પરીખ** ..... ૨૬
- ધૂણી ..... **દીના પંડ્યા** ..... ૨૯
- કાળાં નાણાંનો માલિક ..... **જયંતિ એમ. દલાલ** ..... ૩૦
- જાહોજલાલી ..... **યોસેફ મેકવાન** ..... ૩૨
- બલિદાન ..... **નેહા પારેખ** ..... ૩૪

**પ્રસંગ**

- પરમાર્થના પારિજાત! ..... **આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીજી** ..... ૩૫

**સમાજ ચિંતન**

- સાચા અર્થમાં માતા-પિતા બનીએ : (૪) ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ (ગડા)** ..... ૩૬
- સંબંધોના સથવારે : મધુર વાણી ..... **ઇલા કે. શાહ** ..... ૩૮

**વ્યથા**

- મેરા વિદ્રોહ ગલત હો સકતા હૈ, મગર મેરી પીડા સચ્ચી હૈ ..... ૩૯

**આરોગ્ય**

- એડીનો દુખાવો ..... **વૈદ્ય પ્રેરક શાહ** ..... ૪૦

**તીર્થ**

- પ્રકૃતિ, ધર્મ અને ઈતિહાસના ત્રિવેણી સંગમ સમું
  રમણીય પર્યટનધામ : મહાબલિપુરમ ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૪૧

**ધર્મ**

- ચાલો, આપણે ઈસ્લામને સમજીએ ..... **મોહમ્મદ એ. ત્રવાડી** ..... ૪૩
- તમામ માટે રહેમતનાં દ્વાર ખુલ્લાં ..... **કબીર સી. લાલાણી** ..... ૪૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## સંસ્થા વિશેષ

● પ્રેમ, શાંતિ અને શ્રધ્ધાનો અનેરો સંગમ : વિરાયતન .. સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ ..... ૪૬

## હાસ્ય

● દાઢી ..... મણિલાલ ડી. રૂઘાણી ..... ૪૭
● રૂપિયાની નોટ બોલે છે ..... ડૉ. જગદીશ ત્રિવેદી ..... ૪૮

## શિક્ષણ

● શિક્ષકના જીવનમાં પવિત્રતા ..... એસ. જી. પટેલ ..... ૪૯

## નિબંધ

● ઘંટી ..... રમેશ કોઠારી ..... ૫૦

## અતીત

● ...હવે તમને ફૂલો ચડાવીશું ..... હરીન્દ્ર દવે ..... ૫૨

## લોક કથા

● ખાનદાનીનું ખમીર ..... રાઘવજી માધડ ..... ૫૩

## પ્રસંગ કથા

● અજાણ્યો આશરો ..... રસિક મહેતા ..... ૫૪

## સત્ય કથા

● ડૉકટર અડાલજા અને અફીણ ..... રજનીકુમાર પંડ્યા ..... ૫૬

## પ્રેરક કથા

● પ્રતિબિંબ ..... નવીન ત્રિપાઠી 'અલ્પ' ..... ૫૮

## મંથન

● ભૂલને ભૂલી જાઓ! ..... સી.એસ. ઓઝા, મહેસાનવી ..... ૫૯

## માહિતી

● જન્મજાત બહેરાશના નિવારણ અંગે સામાજિક જાગૃતિ ..... ડૉ. હંસાબેન એડનવાલા ..... ૬૦
● મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજના અને 'મા વાત્સલ્ય' યોજના ..... ૬૨
● બજેટ ૨૦૧૭-૧૮ : ઉડતી નજરે... ..... સી.એ. તુષાર દિનેશચંદ્ર શાહ ..... ૬૩
● વર્ષ ૨૦૧૪માં થયેલ સર્વેક્ષણ પ્રમાણે
ભારતમાં જૈનોની વસતિ તથા અન્ય વિગત.. ..... રજૂકર્તા : દિનેશચંદ્ર જગજીવન શાહ ..... ૬૫

## નિયમિત વિભાગો

● આંજો કાગર ..... ૬૬
● બાલુડેં જ્યું ગાલિયું ..... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૬૭
● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૬૮
● જાણવા જેવું ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૦
● *Nano Nine* શબ્દ રમત-૧૨૬ ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૧
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૩) ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૩
● વલોવતન ..... સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ ..... ૭૪
● સમાજ દર્પણ ..... ૭૭
● સંસ્થા સમાચાર ..... ૭૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૮૨
● ઊડતી નજરે ..... ૮૪

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## અંગદાન પ્રવૃત્તિને આગળ ધપાવવાની જરૂર

*આપણો સુભાષિતકાર કહે છે :*

*शतेषु जायते शूरः सहस्त्रेषु च पण्डितः ।*
*वक्ता दश सहस्त्रेषु, दाता भवति वा न वा ॥*

સેંકડે એકાદ શૂરવીર પાકે, હજારે એકાદ પંડિત અને દશ હજારની વસતિમાં એકાદ સારો વક્તા મળી આવે પરંતુ દાતા તો મળે કે નયે મળે. અર્થાત્ સૃષ્ટિમાં દાતા નામનું પ્રાણી દુર્લભ ગણાયું છે. જો કે પ્રકૃતિમાં તો જ્યાં પણ નજર કરીએ ત્યાં દાતા જ નજરે પડશે. સૂર્યથી મોટો દાતા આખા બ્રહ્માંડમાં શોધ્યો ન જડે. એ છે તો જીવન છે. આપણો ગઝલકાર ધૂની માંડલિયા હવાની સખાવતને સલામ કરે છે, કારણકે સમસ્ત જીવસૃષ્ટિને જીવન સત્ત્વ – પ્રાણવાયુ પહોંચાડનારી હવાને એની સખાવતની તક્તીઓ લગાડવામાં રસ નથી. વૃક્ષ પણ સતત આપ્યા જ કરે છે. છાંયડાથી લઈ ફળ-ફૂલ-પાંદડાં અને લાકડું : ટૂંકમાં એની પાસે જે કંઈ છે તે બધ્ધું જ. નદી, સરોવર, દરિયો, પર્વત – એ તમામને આવરી લેતી ધરતી, એ બધા જ પ્રકૃતિતત્ત્વો કંઈ ને કંઈ આપતાં રહે છે. બલકે પશુપક્ષી અને મધમાખી પણ લે છે એથી અનેકગણું આપે છે. એક આ કાળા માથાનો માનવી જ બધું લીધા કરે છે, જીવે ત્યાં સુધી પ્રકૃતિનું શોષણ કરતો રહે છે અને મરે છે ત્યારે માટીમાં ભળી જાય છે કાં તો રાખ બની જઈ પ્રદૂષણ ફેલાવતો જાય છે. એની ચામડીના કાંઈ જોડા નથી બનાવી શકાતા. હા, પુરાણોમાં દધીચિ ઋષિનાં અસ્થિ વૃત્રાસુરને હણવા માટે ખપ લાગ્યાં હોવાનો ઉલ્લેખ જરૂર સાંપડે છે. માનવી ધારે તો અંગદાન – દેહદાન કરી પ્રકૃતિનાં ઉદાત્ત તત્ત્વોની પંગતમાં જરૂર બેસી શકે. ચક્ષુદાનની પરંપરા સમાજમાં સ્વીકૃત થયેલી જ છે. એથી દિવંગત માનવીની આંખે બે અંધ - પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને દૃષ્ટિ મળે છે. રક્તદાન તો એક પ્રકારનું જીવનદાન જ ગણાય. હવે મેડિકલ સાયંસ એટલું આગળ વધી ગયું છે કે બ્રેનડેડ વ્યક્તિનાં હૃદય, કિડની અને લિવર જેવાં 'વાઈટલ' અંગો મરણાસન્ન માનવીઓને નવજીવન બક્ષી શકે છે. હૃદયના પ્રત્યારોપણના રોમહર્ષક કિસ્સા અખબારોમાં વાંચવા મળે છે ત્યારે એક તરફ ગ્રીન કોરીડોર બનાવી બ્રેનડેડ વ્યક્તિના હૃદયને હજારો કિલોમીટર દૂર કોઈ મરણોન્મુખ માણસ સુધી પહોંચાડનારા તજજ્ઞ તબીબોથી લઈ એવું અણમોલ દાન આપનારા બ્રેનડેડ વ્યક્તિનાં સ્વજનો પ્રત્યે માન જાગે તે સ્વાભાવિક છે. મરનારનું મૃત્યુ પણ કેવું મંગલમય બની રહે છે! પોતે મરતાં પહેલાં બીજી ત્રણ ચાર મરણાસન્ન વ્યક્તિઓને એ જીવનદાન આપતું જાય છે. વળી એ વ્યક્તિઓ સાથે એને નામની પણ ઓળખાણ નથી હોતી. ફક્ત માણસ તરીકેની પ્રજાતિમાં, એક જ જમાતમાં આ સૃષ્ટિ પર અવતરવાનો જ મહિમા! મર્યા પછી સમયસર કાઢી લેવાય તો આંખોનો કૉર્નિયા, હાડકાંની મજ્જા અને ચામડી ખપમાં આવી શકે. જીવતો માણસ કિડની અને લિવર તથા બોન મૅરો - મજ્જા ઉપરાંત ચામડી આપી શકે છે. સમગ્ર દેહદાન વળી જુદી જ મહત્તા ધરાવે છે : માનવદેહ તબીબી શાસ્ત્રના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ખપ લાગે છે. અંગદાન અને દેહદાનનો સમાજમાં થવો જોઈએ એવો સ્વીકાર હજી લગી થયો નથી. આપણી પ્રજા પરંપરામાં માનનારી હોઈ આવો ક્રાંતિકારી નિર્ણય લેતાં અચકાય તે સ્વાભાવિક છે. તેથી આ મુદ્દે વ્યાપક જનજાગૃતિ અને પ્રચારની જરૂર છે. બ્રેનડેડ વ્યક્તિનાં અંગોનું દાન કરવાથી મોતની રાહ જોઈ રહેલા માનવીને નવજીવન સાંપડે છે. પરંતુ પોતાની નજર સામે મરી રહેલા સ્વજનનાં અંગો 'જીવતેજીવ' કપાવવાની સંમતિ આપવા માટે પણ દૃષ્ટાંતરૂપ સાહસ ખપે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આવી જાગૃતિ આવવા લાગી છે,

છતાં અંગદાનની એકલદોકલ ઘટનાઓ જ દૃષ્ટિગોચર થાય છે. સરકારે અને સામાજિક સંસ્થાઓએ આ મુદ્દે પ્રો-ઍક્ટિવ બની અંગદાન પ્રવૃત્તિને વેગ આપવાની જરૂર છે. ચક્ષુદાન અને રક્તદાન પ્રવૃત્તિનો સામાજિક સ્વીકાર થયો છે તેવો જ કિડનીદાનનો પણ થવા લાગ્યો છે. હવે એક ડગલું આગળ વધી બ્રેનડેડ સ્વજનનાં અંગોના દાનની પ્રવૃત્તિનો સામાજિક સ્વીકાર થાય તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ. આપણા બાહોશ તબીબો અને વર્લ્ડક્લાસ હૉસ્પિટલો તો આ મહાન સેવાકાર્ય માટે તૈયાર જ બેઠાં છે.

આપણા માટે ગૌરવની વાત છે કે આપણા સમાજના સમર્થ તબીબ ડૉ. ધીરેન શાહે (સીમ્સ હૉસ્પિટલ) આ ક્ષેત્રે પ્રશંસનીય પહેલ કરી છે. 'મંગલ મંદિર'માં એમની વિશેષ નોંધ લેતા આનંદ અનુભવીએ છીએ.

એમની આ માનવજીવન બચાવવાની પ્રવૃત્તિને વેગ આપવામાં સમસ્ત સમાજ એમની સાથે રહે એ જ અભ્યર્થના. ■

## વાગડ પંથકમાં નર્મદા નહેરની ૨૩૭૯ કિ.મી. લાંબી પેટા શાખાની નહેરોના ટેન્ડરને મંજૂરી

વાગડથી કચ્છમાં પ્રવેશતી નહેરની નાની અને પેટા નહેરોની બાકી રહેતા તમામ કામો માટે વધારાના રૂા. ૧૯૮ કરોડના ટેન્ડર બહાર પડી જતાં વર્ષોથી પાણીની સમસ્યા વેઠતા મુલકમાં હરખનો માહોલ છવાયો છે.

નર્મદાના નીર માટે ખાસ કરીને કચ્છ અને વાગડ પંથકના સતત પ્રયત્નશીલ ધારાસભ્ય પંકજભાઈ મહેતા અને કચ્છ ભાજપની ટીમની સંયુક્ત રજૂઆતને રાજ્ય સરકારે ગંભીરતાથી લઈ કુલ ૪૧૧.૭૫૪ કરોડના ટેન્ડર બહાર પાડતાં હવે તમામ ડિસ્ટ્રીબ્યુટરીના કામો હાથ ધરવામાં આવશે.

જે પેટા કેનાલો (ડિસ્ટ્રીબ્યુટરી)ના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે તેની પેટા શાખાઓની કુલ લંબાઈ ૨૩૭૯ કિ.મી. થાય છે. આ શાખા ડિસ્ટ્રીબ્યુટરીની વિસ્તૃત માહિતી મુજબ ફતેહગઢ ડિસ્ટ્રી જે લંબાઈ ૪.૩૫ કિ.મી. અને લાભિત ગામોમાં નાની હમીરપર અને ફતેહગઢ. સાનગઢ ડિસ્ટ્રી લંઈ ૬.૯૯ કિ.મી. લાભિત ગામો ફતેહગઢ, સાનગઢ, સેલારી અને ગેડી. ડિસ્ટ્રી લંબાઈ ૧૦.૮૧ કિ.મી. લાભિત ગામો ગેડી, દેશલપર, ડાવરી અને સાનપર, નંદાસર ડાયરેક્ટર માઈનોર લંબાઈ ૬.૪૬ કિ.મી. લાભિત ગામો નંદાસર. રવ ડિસ્ટ્રી લંબાઈ ૫.૧૭ કિ.મી. લાભિત ગામો નાની રવ અને મોટી રવ. રવેચી ડિસ્ટ્રી લંબાઈ ૬.૨૮ કિ.મી. લાભિત ગામો રવ, નાની ત્રંબો, જેસડા, સુદાણાછવાંઢ અને લાકડાવાંઢ. સુવઈ ડિસ્ટ્રી ૨.૩૬ કિ.મી. લાભિત ગામો સુવઈ અને વણોઈ. એકલ ડિસ્ટ્રી લંબાઈ ૨.૯૧ કિ.મી. લાભિત ગામો ભરૂડિયા અને કણખોઈ. કણખોઈ ડાયરેક્ટર માઈનોર લંબાઈ ૪.૩૨ કિ.મી. લાભિત ગામો ભરૂડિયા અને કણખોઈ. ચોબારી ડિસ્ટ્રી લંબાઈ ૨.૨૨ કિ.મી. લાભિત ગામો ચોબારી. કડોલ ડિસ્ટ્રી લંબાઈ ૪.૭૫ કિ.મી. લાભિત ગામો ચોબારી અને કડોલ. નેર ડિસ્ટ્રી લંબાઈ ૦.૬૨ કિ.મી. લાભિત ગામો મનફરા અને ખારોઈનો સમાવેશ થાય છે. બંધડી ડિસ્ટ્રી લંબાઈ ૧૩.૧૮ કિ.મી. લાભિત ગામો નેર, ખારોઈ, માય, કુજીસર અને બંધડી. માંજુવાસ ડિસ્ટ્રી લંબાઈ ૫.૭૬ કિ.મી. લાભિત ગામો ફતેહગઢ, માંજુવાસ, મોમાયમોરા, ખાંડેક. મોમાયમોરા ડિસ્ટ્રી લંબાઈ ૩.૦૮ કિ.મી. લાભિત ગામો સણવા, મોડા, મોમાયમોરા. સણવા ડિસ્ટ્રી લંબાઈ ૦.૯૪ કિ.મી. લાભિત ગામો સણવા. આડેસર ડાયરેક્ટર માઈનોર લંબાઈ ૯.૨૨ કિ.મી. લાભિત ગામો આડેસર. સુખપર ડિસ્ટ્રી લંબાઈ ૯.૫૦ કિ.મી. લાભિત ગામો પલાંસવા, આડેસર, માખેલ, ડગા, પંડ્યાગઢ, વીજાપર, વરણું અને સુખપર. પલાંસવા ડિસ્ટ્રી ૦.૬૯ કિ.મી. પલાંસવા, માખેલ ધાણીથર ડાયરેક્ટ માઈનોર કિ.મી. ૧૧.૪૦ લાભિત ગામો પલાંસવા, ધાણીથર, ગાગોદર ડિસ્ટ્રી. લંબાઈ ૨.૭૮ કિ.મી. લાભિત ગામો ગાગોદર, કાનમેર, ભીમદેવકા ડિસ્ટ્રી. લંબાઈ ૩.૧૮ કિ.મી. લાભિત ગામો થોરિયારી, ભીમદેવકા અને ગાગોદર. ટેઈલ ડિસ્ટ્રી લંબાઈ ૧૭.૫૪ કિ.મી. લાભિત ગામો થોરિયારી, પેથાપર, કુંભારિયા, માણાબા, રાજસ્થલી, ચાંદ્રોડી, નારણસરી, શિકારપુર અને વાંઢિયા.

ઉપરોક્ત કુલ ૨૩૭૯ કિ.મી. લંબાઈની શાખા નહેરો દ્વારા સમાવિષ્ટ ક્રમાંક વિસ્તારના ગામોની ૮૪,૧૭૫ એકર જમીનને સિંચાઈનો લાભ મળશે.

ધારાસભ્ય શ્રી મહેતાએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સરકારે જે વચનો આપ્યા છે, તે પાળ્યા છે. રાપર તાલુકા નર્મદાનું પ્રવેશદ્વાર હોઈ નર્મદાના નીરનો પ્રથમ તબક્કે જ લાભ મળતાં વાગડનો સર્વાંગી વિકાસ શક્ય બન્યો છે. મોટાભાગના વિસ્તારની પીવાના પાણીની સમસ્યા નર્મદાના નીર થકી ઉકેલાઈ છે.

*રજૂકર્તા : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*(સૌજન્ય : 'કચ્છમિત્ર', તા. ૬-૨-૨૦૧૭)*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • સોમવાર, તા. ૧૩-૩-૨૦૧૭ સવારે ૯ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ધૂળેટીનો કાર્યક્રમ |
| • તા. ૨-૪-૨૦૧૭થી તા. ૮-૪-૨૦૧૭ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | માર્ચ ૨૦૧૭માં ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે કરિયર ગાઈડન્સ વર્કશોપ |

## અગત્યની નોંધ : વાચકો / સભ્યો જોગ

*'મંગલ મંદિર' દર માસની ૫ તારીખે પ્રસિદ્ધ થાય છે. બધા જ અંકો ચોક્સાઈથી પોસ્ટ દ્વારા રવાના કરાય છે. પોસ્ટ કરાયા પછી જો રસ્તામાં તે ગેરવલ્લે જાય અને ન મળે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં. આમ છતાં અંક ન મળે તો તે મહિનાની ૧૫ તારીખ પછી, પોતાની રીતે પોસ્ટ ઓફિસમાં તપાસ કર્યા બાદ, કાર્યાલયને તે અંગે (ફોન દ્વારા નહીં પણ લેખિતમાં) જાણ કરવી. અંક જો સિલકમાં હશે તો બીજી નકલ મોકલવાનું વિચારાશે.*

ધારાવાહિક નવલકથા

॥ ધારાવાહિક નવલકથા ॥

# છોરાંવછોઇ – (૫)

• હંસરાજ સાંખલા •

## પતિની બીમારી

મરઘાંમા રતનની મોટી સાસુ થતાં હતાં છતાં ક્યારેય મરઘાંમાએ એવું ન'તું વિચાર્યું કે "રતન મારી પેન્ઢની (પોતાની) વહુ નથી ને મારા દેરની વહુ હે." સામે મરઘાંમા રતન માટે સગાં સાસુથી વિશેષ હતાં.

સાસરે મોકલાવતી વખતે રતનને એની દાદીમાએ આપેલી શિખામણ એને બરાબર યાદ હતી. તારી હાહુ મરઘાં ભલે જમાઇની સગી મા નથી તોય જમાઇને એણે જ મોટો કર્યો હે. મોટો કરનાર માનું મહત્ત્વ જણનારી મા કરતાં જરાય ઓછું ન હોય. જશોદામાનો જ દાખલો જોને. એણે ક્યાં કરશન ભગવાનને જન્મ દીધો 'તો. તોય આપણે હાતમ માથે જશોદામાની મૂર્તિ જ ભનાવીયે યીંને.'

ત્યારથી રતને મનમાં ગાંઠ વાળી હતી, "મરઘાંમા હાથે હું વહુની જેમ નીં પણ હગી દીકરીની જેમ વર્તીશ." અને એ એ રીતે જ વર્તતી. આ રીતનો સાસુ વહુનો મીઠો મધ વહેવાર જોઈ, આને કોઈ ખાનદાની સંસ્કાર કહેતું તો કોઈ આગલ્યા (ગયા) જનમની લેણાદેણી કહેતું.

જે હોય તે પણ તેના સાસુવહુપણાના ગામમાં દાખલા દેવાતા. એમ કરતાં રતનને ઘેર બીજી દીકરીનો જન્મ થયો.

રતનના સંસારનું ગાડું ખાબડ-ખૂબડ રસ્તામાંય, આ રીતે સંતોષથી સરસ ચાલતું હતું, પરંતુ જ્યારથી મરઘાંમાએ એના દીકરા નાનજીને પરણાવ્યો ત્યારથી થોડી ઘણી અડચણ ઊભી થવા માંડી હતી.

રતન અને મરઘાંમાના પરસ્પર સંતોષી વર્તનથી નાની વહુ લીલા ખુશ ન હતી. તેને રતનની ઈર્ષા આવતી.

લીલાના મગજમાં એવી ગાંઠ બંધાતી ગઈ કે "અમારા હાઉ વઉ વચ્ચે મારી જેઠાણી અંતર ઊભું કરેર્યાં. અમારું હાહુ વઉનું બરાબર ન બને એટલા હારુ જ ઇ "મારી" હાહુ હાથે હખ્ખર વર્તેર્યાં. ઇ "ફિટોડ" હે મારી હાહુને મારી વિરુદ્ધ ફિટાડેર્યાં.

જો કે રતનના મનમાં એવું કંઈ ન'તું – ઊલટાનું ક્યાંક દેરાણી લીલાની કામકાજમાં ભૂલ, અણઆવડત કે આળસ, પોતા પર લઈ અને ઢાંકતી. એને થતું, 'લગન થૈ ગ્યાં તો શું થયું. ગમે તેમ તોય નાનકડી હે. શીખી રેશે એક દી."

"આવી ભૂલ કે આળસ રતન વઉથી આટલાં વર્ષોમાં ક્યારેય નતી થતી તો હવે થોડી થતી હોય." ચતુર મરઘાંમાથી આ અછાનું ન રહ્યું.

એક-બે વાર મરઘાંમાએ ચોક્સાઇ કરી, તો રતન વઉંએ પોતા ઉપર લીધેલ ભૂલ ખરેખર નાની વહુ લીલાના હાથથી થઈ હતી. તો મરઘાંમાને રતનવઉ માટે અહોભાવ ઉત્પન્ન થયો ને નાની વઉંને ખાનગીમાં ટકોર પણ કરી.

આ ટકોરનો પણ લીલાએ અવળો અર્થ કર્યો ને બે ત્રણ દિ મોં ચડાવીને ફરી.

મરઘાંમા માટે હવે ધર્મસંકટ હતું. એ રતન વઉંને ન્યાય આપે કે લીલા વઉંનું મન રાખે? જમાનાની તડકી-છાંયડી જોયલાં મરઘાંમાએ વિચાર્યું. ગમે તેવી તોય લીલા મારી વઉ હે. મને ગેઢપણ એના ભેળું જ કાઢવું પડશે ને? વિચારી રતનને આવતી ત્રીજા બાળકની સુવાવડ પછી રતનને રસોડો જુદો કરી દેવો. એવું મરઘાંમાએ મનથી વિચાર્યું. મોટી પોત્રી જ્યોતિ પણ હવે થોડી હાથજલી (= ટેકોટેકી કરે તેવડી, મદદરૂપ થાય તેવડી) થઈ રી હે. એટલે નાની ગગીને એ રમાડશે. રતન મૂલ મજૂરીએ જશે. વળી હુંયે આમ તો ભેળી જ હૌં ને?

રતનને ત્યાં ગગી આવી. આ ત્રીજી દીકરી હતી. રતન થોડી નિરાશ થૈ ગૈ. વળી થયું આ તો બધું ભગવાનના હાથમાં હે. આપણે એમાં થોડું કાંઈ કરી શકવાનાં હતાં?

ગગી આવ્યે બે મહિના થ્યા એટલે મરઘાંમાએ મણિલાલને કાગળ લખ્યો. "મણિલાલને માલમ થાય કે થોડા દીનું કરીને કચ્છમાં આવ તો બે ભાઈના રસોડા ધાર કરી દઉં."

કાગળ વાંચતાં મણિલાલને નવાઇ સાથે થોડું દુઃખ પણ થયું. જરૂર ઇ (રતન) નાનજીની વહુથી કહોજાઇ (= ઈર્ષા - અદેખાઇ) કરતી હશે. નૈં તો મરઘાંમા આવો વિચાર કરે જ નૈં! ભેળાંમાં બધાંને કેવી મજા હોય. વળી ભેળું કોક માવતર હોય તો આપુંને ઇયાં પાછળની ને કાંય ચિંતા નીં. ને ઉંવાવાળાને પણ એવું જ. ખાલી ખાવું પીવું ને મૂલે જવું.

અત્યાર સુધી મણિલાલને તેનાં મા-બાપ ગુજરી ગયાં હતાં એવું લાગ્યું જ નો'તું. આજે પહેલવહેલું એવું થોડું થયું. મારા પેન્ઢનાં માવતર નથી. 'પેન્ઢના ઇ પેન્ઢના.' હવે ઇ એકલી કચ્છમાં કેના ભેળી રહેશે? માને ઇ વિચાર કેમ ન આવ્યો? આવું વિચારતાં મનમાં બોલ્યો. હમણાં તો કચ્છમાં જાઉં. માએ કીધું હે તો એક વાર માનવું જ પડશે.

મરઘાંમાનો સ્વભાવ એ બરાબર જાણતો હતો. એ પોતાનું ધાર્યું કરવાવાળાં હતાં. જો કે, એની વાત ક્યારેય અવેવારિક ન હોય. એવું હશે તો હાતમ પછી એને ભેળી તેડી આવીશ ને ફુવાને કેશ કમ્પનીનો રસોડો હવે અમે કરીશું.

ઇ કંપનીનો રસોડો કરે તો ઘરનો બીજો ખર્ચો તાં ન લાગે!

છોરાં રાખવા ને રસોડો કરવો. થોડું કામ તાં થશે પણ કચ્છમાંય ક્યાં બેઠે ખાવા જડેર્યું?

એવો વિચાર કરી મણિલાલ કચ્છમાં ગયો.

રસોડો ધાર (= જુદો, અલગ) કરવા માટે મરઘાંમાએ લખેલ કાગળની વાત મણિલાલે રતનને કરી. તો મને તો આ વાતની જરીકે ખબર નથી ને માએ તમને કાગળથી એટલા હારુ જ તેડાવ્યા?

રતનને ખૂબ દુઃખ થયું.

ઘરમાં કોઈ ન'તું ત્યારે લાગ જોઈ મરઘાંમાને પૂછ્યું, "બાઈજી, અમને ઓચિંતા ધાર કરોર્યા તે મારો કાંય વાંક હોય તો કો'ને? એવું નથી કે'તી મારી ભૂલ નીં થી હોય. ક્યાંક થઈયે હશે! અમે તોય છોરાં હૈયેં (છીએ), ક્યાંક ભૂલ થી હોય તો મોટાંએ ખોળે ન ઘાલવું ખપે?"

"એવું નથી વઉ. તું મને શરમમાં કાં નાખેરી?" આજુબાજુ કોઈ નથીની ખાતરી કરી કહ્યું, "તું તાં મારી દીકરી જેવી હો. અટલા વરમાં તને ક્યાંય એવું લાગ્યું કે તું મારી હગી વઉ નથી. એવું રાખ્યું હોય."

"એટલે જ હું પૂછુંરી?"

"એવું કાંય નથી તું તાં હમજણી હો. આટલાંમાં હમજી જાને મારી દીકરી. આપે ચૂલા અલગ કરીએર્યા મન થોડા કરીએર્યાં? એનાથી કાંય મન થોડાં અલગ થૈ જશે? જો ભાઈના ભાઈ તો કો'ક દિ' જુદા જુદા થાય પણ મન જુદા ન થ્યાં ખપે. તું મને ક્યાં નથી જાણતી મારી બાઈ." કહી મરઘામાએ રતનનો માથા ઉપર ને પીઠ ઉપર હાથ ફેરવ્યો.

રતનની આંખના ખૂણા પણ ભીના થઈ ગયા.

રતન બધું સમજી ગઈ. એને શાંતિ થઈ. પતિ-પત્નીએ ચર્ચા પણ કરી ને મા જે વાસણકુસણ કે ગાભા-ગંધી દે તે પ્રેમથી લઈ લેવું. કોઈ વસ્તુ માટે વાંધો-વચકો કે તંત ન કરવો. ને મરઘાંમા કે ઇ પ્રમાણે આપણે કચ-કિલ્લો (= ન્યાય-નિકાલ) કબૂલી લેવો.

મરઘાંમાએ ઠામ-ઠીકરા ને ગાભા-ગંધીના સરખા ભાગ કરી આપ્યા. "ખેતરની જમીનમાં હમણાં શેઠાં નથી કરવા" એ માએ પહેલેથી જ જાહેર કરી દીધું હતું ને "બેય ભાઈને બે બે ભેણીયું કરી દઉં. (વહેંચી દઉં.)"

"કઈ બાજુની ભેણીયું કેને?" એ બાબતે રતને નાની વહુ લીલાને "ધૂન" (= પસંદગી) ખણવા દીધી. લીલાએ "જૂના રાંધણિયાવાળો ભાગ મને ખપશે" કહ્યું.

"ભલે કાંય વાંધો નહીં. ઓસરી ભલે હળંગ રૈ." રતને કહ્યું. પણ લીલાએ આ વાત ના કબૂલી. "ના વેચમાં કરો તાં ખપે જ. ભેગાભેગ હમણાં જ કરી નાખો. મૂકવો હોય તો "વચવો" મૂકવાની ક્યાં ના કૌંરી? કરો ન કરીએ તો ધાર થ્યાં કેમ કેવાઇએ?

રતન મૌન રહી.

મરઘાંમાના મોંએ ચાડી ખાધી. લીલા વઉંની આ માગણી એને જરાય ન ગમી. પણ એને સ્વીકારે જ છૂટકો હતો. એક જ વહુ હતી તેને નારાજ કરીને પોતાના ગેઢપણના દીમાં દુઃઘ ઘોળવા નો'તા માંગતાં. મણિલાલ રસોડા ધાર કરીને હરાદ પેલાં જ બારે ઊપડી ગયો.

રતને આજે પહેલ-વહેલું એકલાપણું અનુભવ્યું.

વચેટ દીકરી પ્રેમીલા રમ્યા કરતી. નાની ગગીને જ્યોતિ રમાડતી. ને રતન મરઘાંમા ને લીલા ભેગી કામે જતી. મરઘાંમાનો પણ આગ્રહ હતો કે બે દેરાણી-જેઠાણી ભેળીયું જ કામે જાય. પણ કોણ જાણે લીલાને આ પસંદ નહોતું પડતું. પછી તો રતને પણ એના ભેગી કામે જવાનો આગ્રહ છોડી દીધો.

માગશર મહિને આવેલા કાગળમાં મણિલાલે એવું લખ્યું હતું કે, 'તબિયત થોડી નરમ ગરમ રે'રી. ખંગ મટતી નથી. દવા ચાલુ હે, પણ હાવ બેહી નથીર્યો. કામ કરૂંજર્યો. મારો શરદીનો કોઠો હે. ને વળી હમણાં શિયાળો હાલેર્યો ટાઢ ઘટશે એટલે ખંગ પોતમાડી (એની મેળે) મટી જશે. તું ચિંતા કરતી નૈ. છોરીયુંને હાચવજે. મરઘાંમાને પાયલાગણાં કેજે.'

રતનને થોડી ચિંતા થઈ. "આમ તાં એની કેદી આંખેય નથી દુઃખી. એ તો શરીર છે થયા કરે. મટી જશે. પરંતુ ઇ બાજુથી જે આવે તે 'મણિલાલને ખંગ (= ઉધરસ) બહુ હે. આખી રાત એનું ખોં ખોં ચાલુ જ રેર્યું, ખંગ મટતી જ નથી.' એવા સમાચાર લઈ આવતા'તા.

એકવાર નાનબાઈએ રતનને કીધું 'બાઇમણું વાત કર્યું ત્યું. મણિલાલને તો ઘાસણી (ટી.બી.) થી હે. તો એમ કર ઈયાં જ દેશમાં તેડાવી લે. પેન્ઢતી બાઇમણ જેવી ચાકરી કોણ કરે ત્યાં?'

'તો તમે આજ જ કાગળ લખી દયો. ને દેશમાં આવવાનું ધબાવીને (દબાણ કરીને) લખજો. નૈ તો નીં આવે. ઈયા આવશે તો દવાદારૂ ને આરામે થશે ને કાંય આડી અવળી હશે કે કેને કાંય કર્યું હશે તોય ઈયાં પૂછાવાય. ઉંવાં પરદેશમાં ઇ બધું કોણ કરે?'

'તારી વાત હાચી હે. મનેય ચિંતા થાયરી. જલદી આવી જાય તો ધજ (સારું).'

અને મહા મહિનો ઊતરતાં મણિલાલ કચ્છમાં આવી ગયો.

સરકારી દવાખાને દવા ચાલુ કરી.

ડૉક્ટરે કીધું, "ટીબી જેવું લાગેર્યું. દવા લાંબી ચાલુ રાખવી પડશે ને આરામ પણ કરવો પડશે. તમે ત્યાં દવા તો કરાવી પણ આરામ નથી કર્યો એટલે ફરક નથી પડ્યો."

રસ્તામાં રતને કહ્યું, "દવા ચાલુ હોય ને ફેર ન પડે ઇ કેવું? જરૂર તમને કાંઈ આડી અવળી (= ભૂતપ્રેતનો વળગાડ) હશે ને કાં કોક તમારા ભેગું કામ કરતું હશે એને વેર વાળવા કાંક "કાળું-ધોળું" (= મેલી વિદ્યા વાપરવી) કર્યું હશે!"

"મેં કેનીયે કને બગાડ્યું નથી તો મારાથી કોણ વેર વાળે!"

"ઇ તમને ખબર ન પડે. તમે તો વિશ્વાસના વેંજવેલ હો. કેનાય માથે ઇમાન નીં. શું કરે ભલા જો એમ ન હોય તો તમને ફેર કાં ન પડે?"

"અરે નય પડે. એમ જો દાક્તર બધાને હાજા કરી દે તો કોય મરે નૈં."

"તમને જે દવા કરવી હોય ઇ કરો. મને ઠીક લાગશે ઇ હું કરીશ."

"મને લાગેર્યું તું ખોટે ખોટા પૂછ પાખડમાં પૈસા બગાડીશ. તું નીં માન."

"નીં જ માનું! તમારા કરતાં પૈસા થોડા વાલા હશે." રતને મક્કમતાથી કહ્યું.

"હા કર, બીજું શું? તને નીં પોચાય!"

તે સાંજે જ મરઘાંમા કને વાત કરી - મરઘાંમાએ કહ્યું મુખી બાપા કને કે એટલા (કહે તેટલા) છેડા છંડાવી આવજો. મણિયો ભની રે તૈયે એક પૂજા કરાવશું'ની માનતા યે કરી.

કાશી મારાજ કને પણ ત્રણ દી છેડો છંડાયો. એના સિવાય એ વિષયના જે જે કસબીઓ, જેને જેણે જાચ્યા એને લઈ રતન પહોંચી જતી કે તેને લઈ આવતી. તે જે કહે એ બધી વિધિઓ કરતી.

મણિલાલને આ બધામાં કંટાળો તો આવતો જ હતો. તોય સંમત થયા વગર છૂટકો જ ન'તો. દવા થકી ફરક ન તો પડ્યો. ત્યારે વળી આ બધા દોરા ધાગાવાળા દરેક ભૂવા "જોતકી" કંઈ લેતા પણ નતા અને દરેક એમ કહેતા કે 'આંઉ કી ગેનાં ન તો. હી તાં સેવા જો કમ આય. હેનમેં કીં ગેના જે નાં. (હું તો કાંઈ લેતો નથી. આ તો સેવાનું કામ છે. આમાં કાંઈ લેવાય નહીં.) પણ આ વિધિ કરવાના આટલા પૈસા થશે એમ કહીને વિધિના નામે બીજા દ્વારા પૈસા પડાવતા.

એક ભૂવાએ તો ચાલુ વિધિએ વળી એમ કીધું, "આને તાં કોઈકે 'મૂઠ' મારી હે એટલે જીવ લેશે. હવે આપણે ભાઈને ભચાવવા (બચાવવા) હોય તો એના હાટે ગમે તે એક જીવ દેવો પડશે."

એટલે... હાજર બધાનાં મોં ઉપર ઉત્કંઠા, જિજ્ઞાસા ને ચિંતા (ભય) દેખાવા લાગ્યાં. ભૂવા સાથે આવનાર ભાઈએ કહ્યું, "એમ ચિંતા કરવાની કે બીવાની જરૂર નથી. હલકી મૂઠ હે એટલે વાંધો નથી પણ તોય જીવ હાટે જીવ દેવો તો પડે જ. જેમ બને તેમ જલદી."

"તો...!" બધા વિચારમાં પડી ગયા.

"આપુંને ખબર હે ઘર થાકલ (ગરીબ) હે. એટલે નાનો જીવ એટલે કે કુકડીનો જીવ દેશું તોય હાલશે. ન કાં ગેધ્ધાનો જીવ દેવો પડે. ઇતાં જીવ હાટે જીવ લે." બધાં એકબીજાનાં મોં સામે જોવા મંડ્યાં.

સાથે આવનાર ભાઈએ કહ્યું, "એની તમે ચિંતા ન કરો. ઇ મેડે ગોઠવણી આંઉ કરી દીધો. પણ મુકે ઇં થીયે તો હી વિધી જીં બને તીં જલદી જ કરી વેધો - પાંજો (મણિલાલજો) જીવ સલામત થીયે." હતાશ થયેલા સૌ હવે ભયના ઓથારમાં આવી ગયા.

સૌને સંમત થયા વગર છૂટકો જ નતો.

બીજે દિવસે એ ભૂવાજીના માર્ગદર્શન હેઠળ ધેધડી (સંધ્યા) ટાંણે બધી વિધિ પૂરી કરી પિત્તળના એક ત્રાસમાં વિધિનો બધો સામાન મૂક્યો. વિધિ કરવા (સાથે) આવેલ એક ત્રીજી વ્યક્તિ આ બધું સોનપૂરી (સ્મશાન) બાજુ મૂકવા ગયો. બાકીની વધઘટની વિધિ ભૂવાજીએ બારેક વાગે પૂરી કરી.

વિધિ પૂરી થતાં સાથે આવનાર ભાઈએ માતાજીના ફોટા આગળ લગાડેલ દીવા સામે આંગળી ચીંધતાં કહ્યું.

"ઘરનાં બધાં માતાજીને પગે લાગો. આ બધું કરનાર ઇ જ હૈય. અમે તાં નિમિત હૈયેં. ને જશ લૈયેં. બધા ખોળો પાથરીને પ્રાર્થના કરોને ઉરમાં આવે તે માતાજી આગળ મૂકો." ઘરનાં બધાંયે પગે લાગી માતાજીના આશીર્વાદની આશાએ માતાજી આગળ ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ મૂકી. સૌએ વિચાર કર્યો "ડૉક્ટર કને જૈયે તો ડૉક્ટર ક્યાં ગોંદરેર્યો (= છોડે છે) આ તાં માતાજીને દેવા હે ને?" ભૂવાજીએ પૈસા ભેગા કરતાં કહ્યું, કાલથી જ ફરક પડતો થૈ જશે. મૂઠની અસર ખૂબ આગળ વથી ગૈતી. ધીમે ધીમે ફરક પડી જશે. આ તો તમે સૌ સમયસર ચેત્યાં એ સારું થયું. નૈં તો આવામાં ક્યાંક ન ધારેલું થૈ જાય. બૌ આગળ વધી ગ્યું હતું એટલે એકદમ ઉતાવળ કરે નૈં ચાલે. તમે સાંજસવાર બતાવ્યા પ્રમાણે માતાજીનો ધૂપદીપ ચાલુ રાખજો."

ચાર દિવસ વીતી ગયા. પણ મણિલાલને કાંઈ ફરક ન પડ્યો. તો ગામના જ એક ભાઈ બીજા એક નામાંકિત જોરાવર ભોપા (ભૂવા)ને તેડી આવ્યા. એ આશાપુરા માના નામનું જોતા હતા.

ધેધડી ટાણે (= સંધ્યા સમયે) ઓસરીમાં માતાજીનો દીવો

પ્રગટાવી તેણે પ્રાર્થના કરી. જુવારના દાણામાં જોયું, થોડું માથું ડગાવ્યું. પછી પાકું કરવા એણે ગળામાંથી માળા કાઢી હાથમાં લીધી.

ભોપાએ ધુમાડાથી કાળા થયેલ ફોટા સામે ટમટમી અંધારાં સામે ઝઝુમતો કંડેલ બારે લઈ જવાનું કહ્યું. પછી માળામાં જોતા રહ્યા. અંધારામાં રેડિયમ જેવા સફેદ મણકા તાલબદ્ધ હલતા'તા (ધ્રૂજતા'તા) ધીમી ગતિએ ભોપાએ તાલબદ્ધ રીતે હકારાત્મક માથું હલાવતા રહી લાંબો નિસાસો નાખ્યો.

બધા ચિંતાતુર દૃષ્ટિએ ભોપા સામે જિજ્ઞાસાથી જોતા હતાં. ભોપાએ કહ્યું, 'કોઈએ કરેલું છે ને પાકે પાયે કરેલું છે. આને કર્યે છ મહિના થૈ ગયા.'

"કેને કર્યું હે ઈ કેમ ખબર પડે?"

"અમને બધી ખબર પડે પણ અમે કેનેય કૈયે નીં."

"કાં...?"

"ઈ... ન કેવામાં મજા હે...!"

"તો ઈ તમને કેવું જ પડશે..." એક ભાઈએ કહ્યું.

"છોડો ભાઈ, આપણે આપણા કામથી મતલબ રાખો ને!"

"ના, ના આજ એનો વારો. કાલ બીજાનો વારો આવે. એમ ચાલતું હશે કાંય? ઈ તો ખૂલું પાડવું જ પડે."

"ઈ ખુલ્લું ન કરાય! કેની બાંધી મુઠ્ઠી ખોલાતી હશે?" ભોપાએ કહ્યું.

"એવાને તો ખુલ્લા પાડવા જ પડે."

"ઈ હાચી વાત હે" પરિવારના એક ભાઈએ ટેકો પૂર્યો.

"ઈ આપડાં જ હોય તો....?" ભોપાએ બહુ શાંતિથી કહ્યું.

"એટલે...!"

"ઘરનાં જ...."

હકડેઠઠ ભરેલ ઓસરીમાં સન્નાટો વ્યાપી ગયો.

બધાં એકબીજાની સામે જોવા મંડ્યાં.

બધાની આંખમાં પરસ્પર શંકા દેખાવા લાગી.

"કોણ હોય...?" કોઈકે કહ્યું.

"કોય ન હોય...!" એક યુવાને નીચું જોઈ ધીમેથી કહ્યું.

"ન હોય તો આ ભોપાજીને કેમ ખબર પડે?" — આગળ બેઠેલા એક વડીલે કહ્યું.

"એને શું લેવા-દેવા? કોઈનું નામ લઈને?" બીજાએ કહ્યું.

"એને કેનાથીયે વેર નથી. પછી ઈ ખોટું થોડું બોલે?"

"બોલો બોલાવવું હે નામ?" ભોપાજીની સાથે આવનારે પૂછ્યું.

પરિવારના ન'તા એવા ભાણજીબાપાએ કહ્યું, "ભાઈ રેવા ઘો એ નામ-બામ બોલાવવાનું. આપુંને તો ફરક હાથે કામ હે નાં?"

"ભાણજી બાપો હાચી વાત કેર્યા. ઈ બધી જધ્ધમારીમાં (પીડામાં) ન પડો. ક્યાંક કુટુંબમાં કલહ થશે." બહારના બીજા એક ભાઈએ મત દીધો.

મણિલાલની ભાઈયાતવાળું કોઈ કાંય ન બોલ્યું.

હાજરમાંથી કોણ ભાણજીબાપાની અને પેલા ભાઈની વાતને ટેકો આપે? જે ટેકો આપે એની સામે સૌ શંકાથી જુએ. "જુઓ, એના જ કોકની ગાંડ નીચે રેલો આવતો હશે. એટલે નામ બોલાવવાની ના કેર્યા. એના જ કોકનું કારમું હશે. ઘરનાંને ઘરનાં હુજતાં જ હોય ને?"

આ તમાસો જોવા આવનાર ભાણજીબાપા જેવાએ આ પ્રકરણ અહીં દબાવી આગળ વધવા ન દીધું. પણ ત્યાં સુધી તો બધાના વ્હેમીલા વિચારો એકબીજાના ઘર સુધી કે આંગણા સુધી પોચી ગયા હતા.

પૂજાપાઠની વિધિ બતાવી એ અઠવાડિયા પછી આવવાનો વાયદો કરી માતાજીની ભેટ અને દક્ષિણા લઈ ભોપાજી ગયા.

અનુભવી ભાણજીબાપાએ ડહાપણ વાપરી એ 'કાળમું' કરનારનું એક નામ જાહેર ન કરવા દીધું. તોય પણ ભાઈયાત આખીના દરેકના મગજમાં અલગ અલગ કોઈ-કોઈ નામ ઘુમરા લેવા લાગ્યું. કોણ હશે... આ હશે? ના ઈ ન હોય. પણ આ કદાચ હોઈ શકે.. ભૂતકાળના ખરાખોટા અણબનાવના બનાવો યાદ કરીને તેનાં ચોગઠાં બંધ બેસતાં કરવા લાગ્યા.

બધાંનાં મગજ કામોઢાં થઈ ધંધે લાગી ગયાં.

ભોપો ગયો પણ દરેકના મગજમાં એક એક ભૂત દાખલ કરતો ગયો. દરેકને એ ભૂતનો પડછાયો સ્પષ્ટ દેખાતો હતો. પણ ચહેરો ઓળખાતો ન'તો. એ ચહેરાને ઓળખવાની મથામણમાં મણિલાલની દવા કરાવવાનું સૌનું ધ્યાન ઘટતું ગયું.

અને મણિલાલની તબિયત ઓર બગડી.

એની વધુ બગડેલી તબિયતના સમાચાર છેક રતનના કાકા નારણકાકા અને પારુકાકી સુધી પહોંચ્યા. 'કે'જો કાલે દવાખાને આવે તૈંયે ઘરે આવે ને બપોરે ઈયાં જ જમે.'

પહેલાંની જેમ ચાલીને દવાખાને જઈ શખે તેવી સ્થિતિ મણિલાલની ન હતી. એને એટલી બધી અશક્તિ થૈ ગઈ હતી કે એ બસમાં પણ બેસી શકે તેવું ન'તું.

મણિલાલને દવાખાને લઈ જવા રતને મનસુખભાઈને કહ્યું, "પટેલ તમને કાલે ગાડું લઈને દવાખાને હાલવું પડશે અને મારી બોન પણ ભલે ભેગી હાલે."

મણિલાલને લઈ દવાખાને એકલી જવામાં રતનને હવે બીક લાગતી'તી. કોણ જાણે કેમ આજે પહેલીવાર મરઘાંમાને દવાખાને હાલવાનું કહેવાની રતનને ઈચ્છા ન થઈ અને દવાખાને સાથે

આવવા મરઘાંમાને ન કહ્યું. મરઘાંમાને કીધા વગર એ મનસુખભાઈના ગાડામાં મણિલાલને લઈ નીકળવા મંડી. ત્યાં રતનને જરા એમ થયું પણ ખરું કે માને નીં લઈ જાઉં તો માને માઠું લાગશે. પણ નાનબાઈ હોય તો પછી ગાડામાં હાંકડ થાય ને! તોય પાછી વળીને મરઘાંમાને કહેવા ગઈ, "બાઈજી તમારા દીકરાને ઈંજીસન દેવરાવા જાઉંરી. મનસુખ પટેલનું ગાડું લઈ જૈયેંર્યા."

"ભલે, કેધું હોત તો હું યે હાલત."

"એને તાવ નથી ઊતર્યો એટલે હુવરાવીને તેડી જવા પડશે. એટલે તમે હાલશો તો હાંકડ થશે. નાનબાઈ હાલેર્યા!" રતને કહ્યું.

"ભલે" કદીયે નૈ ને આજે રતન વઉને મારાથી હાંકડ થશે એવું કેમ લાગ્યું?

એના મગજમાં એક વિચારે ઝબકો માર્યો. ભોપાના કહેવાથી રતનને કાળું ધોળું કર્યાનો વહેમ મારા માથે તો નથીને?

"ના હોં ગામ આખું ગમે તેમ વિચારે પણ મને મારી રતન વઉ માથે પૂરો વિશ્વાસ હે. ઇ મારા વિશે એવું કદીયે ન વિચારે ને મેં કાંય કર્યુંયે નથી ને? તો પછી વઉએ મને દવાખાને આવવાનું કાં ન કેધું? મરઘાંમાને થોડું ઊંડે ઊંડે એમ થયું કે બે દેરાણી-જેઠાણીનું ભનતું નથી. તો છટારી લીલાવઉએ તો આ કારમું નીં કર્યું હોય ને?"

"ના. થોડા હલકા વિચારોની હે ઇ હાચું. પણ આવું તો ન જ કરે. ગમે તેમ તોય જેઠા મુખીની દીકરી હેને? બીજું જ કોક હશે ઇ ન જ હોય. મારું મન એમ કેર્યું."

મનસુખભાઈના ગાડામાં રતન અને નાનબાઈ મણિલાલને લઈ દવાખાને ગયાં. મનસુખભાઈએ ડૉક્ટરથી વાત કરી અને બાટલો ચડાવ્યો. મનસુખ અને નાનબાઈ મણિલાલ પાસે રોકાયા ને રતન તેના કાકાને ઘરે મળવા ગઈ.

તેના બાપુજી તો બારે (પરદેશ) હતા. મા વાડીએ ગયાં હતાં. રતનના કાકા અને કાકી તેની વાટ જોતાં ઘરે જ રોકાણાં હતાં.

રતનને ડેલીમાં દાખલ થતી જોઈ કાકા ઊભા થઈ સામે મલવા ગયા.

"તું એકલી દેખાવરી તેં જમાઈ ક્યાં? ઘરે ન આયા?" માથે હાથ ફેરવતાં કાકાએ પૂછ્યું.

"એને દવાખાને બાટલો ચડાવ્યો હે."

"છે તો ઠીક ને?" આટલું કાકાએ પૂછતાં રતન કાકાને ભેટીને રીતસરની રડી પડી. કાકા-ભત્રીજીની વાત સાંભળી તેના કાકી ઘરમાંથી દોડી આવ્યાં. એ પણ રતનને ભેટી પડ્યાં. રતનની આંખમાં આંસુ જોઈ જમાઈને કેમ હે પૂછવાની તેની હિંમત ન ચાલી. એની આંખમાં પણ આંસુ આવી ગયાં.

રતન હવે ડહકે ચડી ગઈ.

કાકા અને કાકી વાત સમજી ગયાં. જમાઇની તબિયત જરૂર વધારે ખરાબ હશે. "રતન એમ રોવાય નહીં બેટા બધું બરાબર થઇ જશે. તું એકલી થોડી હો. અમે બધાં હૈયે ને?" નારણકાકાએ કાકી સામે જોઈ કહ્યું, "હાંભળ તું એમ કર રતનને પેલું પાણી પા ને પછી બધાં હારું ચાય કાઢ. ચાય લૈને દવાખાને હાલીયે."

"કાકીમા, મારી મા ઘરે નથી? આંસુ લૂછતાં રતને કહ્યું. રતન નાનપણથી પારુકાકીને કાકીમા કહીને બોલાવતી.

"ના, ઇ મજૂર હતાં એટલે વાડીયે ગ્યાં હે. મને કેધું જમાઇને રતન દવાખાને આવનારાં હે એટલે તમે ઘરેર્યો તો ઠીક રેશે. રતન તું ડાડીમાને મલી લે (આવ) ત્યાં હોદી હું ચાય બનાવી લઉં. પછી દવાખાને હાલીયે!"

રતન દાદીમા જીવામાંને મલી. થોડી વાતો કરી. ત્યાં ચાય તૈયાર થતાં કાકા-ભત્રીજીને પાઈ. ચાય લઈ ત્રણેય દવાખાને ગયાં.

નારણકાકા મનસુખભાઈને મળી મણિલાલને મળ્યા. જોયું તો તાવ ઊતરી ગયો હતો. બધા ત્યાં બેઠા. રતનને આજે મણિલાલના મોં ઉપર થોડું તેજ જોઈ સંતોષ થયો.

નારણકાકાએ ડૉક્ટરની મુલાકાત લીધી. ડૉક્ટર નારણભાઈને ઓળખતા જ હતા. ડૉક્ટરે નારણભાઈને કહ્યું : "નારણભાઈ વાત એમ છે, મણિલાલભાઈને ટી.બી. છે. એની દવા બરાબર થઈ છે પણ એણે આરામ નથી કર્યો. હવે દવામાંય કાળજી રાખવી પડશે અને આરામ પણ સંપૂર્ણ કરવો પડશે. ખાવાની બીજી એક દવા કહું, તે ફરજિયાત કરવી જ પડશે. તો જ ઇ ઝપાટે ઊભો થશે."

"હા હા કરશું. કરવી જ પડશે ને! તમે પૈસાની ચિંતા ન કરજો. ઇ ઝપાટે ઊભા થાય એવું કરો."

"તો જુઓ, એમને આજથી જ મરઘીનાં ઈંડાં ખવરાવવાં પડશે." નારણકાકા કંઈક વિચાર કરવા લાગ્યા. આ ખોરાક સમાજમાન્ય ન'તો. સમાજમાં આ ઈંડાં ખવરાવવાની વાત લીક થાય તો શું પડઘા પડે? એ નારણકાકા વિચારવા લાગ્યા.

"આ કંઈ મોટી વાત નથી. નારણભાઈ, દવામાં બધું લેવું પડે."

"કાંઈ વાંધો નૈ! બીજું સાહેબ?" નારાણભાઈએ સંમતિ દર્શાવી.

"નારણભાઈ, એક કામ કરો ને..."

"હાં...?"

"મારું માનો તો એને એક વાર બિદડા ટી.બી. હૉસ્પિટલમાં લઈ જાઓ. હું ચિઠ્ઠી કરી દઈશ. સાહેબ ટી.બી. સ્પેશિયાલિસ્ટ છે ને મારા મિત્ર છે. ઇ કેશે એ પ્રમાણે આપણે દવા કરશું. એનાથી જલદી ફરક પડશે." ડૉક્ટર સાહેબે કહ્યું.

"તો એમ કરોને તમે આજે જ ડૉક્ટરને ચિઠ્ઠી લખી આપો. અમે કાલે જ લઇ જઈએ. હવે તાવ તો નહીં આવે ને?"

"એમ ચિંતા કરવા જેવું કંઈ નથી પણ વેળાસર ચેતવું સારું."

અને ડૉક્ટરે ચિઠ્ઠી લખી આપી.

નારણકાકાએ કહ્યું બાટલો પૂરો કરીને ઘરે હાલીયે.

"હાલીએ તો વાંધો નથી પણ બપોર પછી થોડું ખેડવું તું" મનસુખભાઈએ કહ્યું.

"તો મોડું ન કરજો. નકાં બેની વચ્ચે ખાધા વગર રેસો."

"ના, તમે અમારી ચિંતા ન કરો. અમે ટેમસર પોંચી જશું" મનસુખે કહ્યું.

"તો તમે જાઓ. બેટા, તારી માને અમે બધાં હાંજે આંટો મારવા આવશું. કાલે આપણે બિદડા જમાઈને બતાવવા લઇ જશું."

બિદડા દવાખાને લઈ જવાની વાત સાંભળી રતનના હૃદયના ધબકારા એકદમ વધી ગયા. એની આંખમાં ફરી આંસુ આવી ગયાં.

"ગભરાવાની જરૂર નથી. ત્યાં ખાલી ટેસ્ટ કરવા હે. ત્યાં ઇસ્પેશિયલ ઘાસણીનું દવાખાનું હે. ત્યાંના દાક્તર સાહેબના ભાઈબંધ હે. તું બીજા કાંઈ વિચાર ન કરતી. તારા બાપ બારે હે તોય શું થ્યું? હું ય તારો બાપ (કાકો) હઉંને?" કહી રતનના વાંસા (પીઠ) ઉપર હાથ ફેરવ્યો.

રતનના આંખના ખૂણા ફરી ભીના થઈ ગયા.

પણ નારણકાકાની વાતથી રતનના હૈયામાં એક પ્રકારની હિંમતનો સંચાર થયો.

*(ક્રમશઃ)*

## મિત્રો, પરીક્ષાની સીઝન આવી ગઈ છે!!

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

છો તો પછી તમારું બાળક પણ હિંમત હારી જવાનું જ છે. શાળાના દરવાજા સુધી મૂકવા જનારા અને પરીક્ષા પૂરી થઈ ગયા પછી બહાર નીકળતાં વિદ્યાર્થીને શરબતની બોટલ ધરનાર વાલીનાં આ વર્તનો જ વિદ્યાર્થીને દબાણયુક્ત બનાવે છે. ટૂંકમાં, આજનો વાલી પરીક્ષાર્થી બની ગયો છે. તેમનું બાળક ગમે તે ભોગે અશક્યને પણ શક્ય બનાવીને પરીક્ષામાં ઊંચું પરિણામ મેળવે તે જ તેમનો હેતુ હોય છે. જે વિદ્યાર્થીને ડિપ્રેશન કે ટેન્શનમાં લાવી મૂકે છે. વાલીઓ, પોતાના સંતાનોના મિત્ર બનો નહિ કે દબાણકારી વાલી! તેવી મારી એક શિક્ષક તરીકેની સૌને વિનંતી છે. શિક્ષક પણ વાલીઓને સમજાવાની કોશિષ કરે. ટ્યુશનિયા શિક્ષકોની વાતમાં આવીને વાલીઓ પોતાના બાળકને માર્કસનું મશીન ના બનાવે તેવી મારી અપીલ છે. ■

## કચ્છનું પાટનગર ભુજ : એક દૃષ્ટિ

સંવત ૧૬૦૫ માગશર સુદ-પાંચમ, તા. ૦૬-૧૨-૧૫૪૯માં સ્થપાયેલ કચ્છનું પાટનગર ભુજ સાથે ભુજિયા ડુંગરની નાગવાર્તા સાથે સંકળાયેલું છે. ભુજમાં જિલ્લા કક્ષાની તમામ કચેરીઓ આવેલી છે. તેથી તે વહીવટી પાટનગર ગણાય છે. ૨૩.૧૫ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૪૦ પૂર્વ રેખાંશ પર આવેલા ભુજ શહેરની ઉત્તરે મોટું રણ છે અને ભુજની વસતિ વર્ષ ૨૦૧૧ મુજબ ૨,૩૧,૫૧૪ છે. તાલુકાની દૃષ્ટિએ ભુજમાં ૧૫૮ ગામોનો સમન્વય થાય છે. જેની વસતિ ૪,૪૩,૨૬૯ છે.

ઐતિહાસિક માહિતી પર નજર કરીએ તો ભુજ શહેરમાં પાંચ નાકા અને છઠ્ઠી બારી છે જે પણ એ જ નામે ઓળખાય છે. ભૂકંપ બાદ ૫૬ કિ.મી. વિસ્તારમાં પથરાયેલ ભુજને ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ના ભૂકંપે તહસનહસ કરી નાખ્યા બાદ પણ અહીંની ખમીરવંતી પ્રજાએ હાર ન માની મક્કમ મનોબળથી નવસર્જન કર્યું અને આજે આ શહેર નવસર્જિત વાઘા પહેરી સજીધજીને ઊભું થયું છે. વર્ષોથી પ્રતિબંધિત રહેતા ઐતિહાસિક ભુજિયા ડુંગરની આસપાસ કચ્છના ભૂકંપ બાદ રિંગ રોડનું સર્જન કરાતા ખરેખરું ભુજ તળેટીમાં વસ્યું હોય તેવો અહેસાસ થાય છે. કચ્છને ધ્રુજાવનાર વિનાશક ભૂકંપમાં દિવંગત થયેલા લોકોની યાદમાં ૧૫૫ કરોડના ખર્ચે ભુજિયાની તળેટીમાં સ્મૃતિવન બનાવાઈ રહ્યું છે. ૪૦૦ એકર વિસ્તારમાં નિર્મિત આ પ્રોજેક્ટમાં મૃતકોની યાદમાં ૩૩,૫૦૦ વૃક્ષો રોપાશે. અહીં ૫૦ ચેક ડૅમ પણ બનાવાશે જેથી આ વિસ્તારમાં હંમેશાં હરિયાળી રહેશે. બોલીવુડની ફિલ્મોમાં ચમકતી રાજવી ઘરાનાની છતરડી અને ગુજરાતના સૌથી જૂના અને ખેંગારજી ત્રીજાના સ્થપાયેલ કચ્છ મ્યુઝિયમનું પણ નવીનીકરણ કરવામાં આવ્યું છે.

જૈન, લોહાણા, નાગર, બ્રાહ્મણો, ખોજા, સમા સહિતના સમાજની વસતિ ધરાવતા આ પાટનગરમાં કોઈપણ પરંપરાગત તહેવારની ઉજવણી રંગેચંગે થાય છે.

ભુજની પ્રજાને મુંબઈ સાથે સીધો નાતો હોતાં, ખાણીપીણી ફેશનેબલ કપડાંનો સીધો ટચ જોવા મળે છે. હવે તો ભાવિ કારકિર્દી ઉજ્જવળ બનાવવા માટે અહીં અનેક ઇંગ્લિશ મીડિયમ સ્કૂલો, કચ્છ યુનિવર્સિટી સાથે ભુજની ચોતરફ વિદ્યાનગરી જેવો માહોલ સર્જાયો છે. જેથી ભવિષ્યના શિક્ષણમાં ફેર પડશે અને શૈક્ષણિક સ્તર ઊંચું આવશે.

નગરના હૃદયસમા હમીરસર તળાવની લાગણીથી લોકો હૃદયથી સંકળાયેલા છે. હવે તો હરવા ફરવાના સ્થળોમાં આઇના મહેલ, પ્રાગ મહેલ, હિલ ગાર્ડન, રાજેન્દ્ર પાર્ક અને હેન્ડિક્રાફ્ટ હબ ભુજોડી અને ત્યાં આવેલો હીરાલક્ષ્મી પાર્ક લોકોની અગ્રીમ પસંદ બની ચૂક્યા છે.

*પ્રેષક : દિનેશચંદ્ર જે. શાહ - અમદાવાદ*

પ્રાસંગિક

# મિત્રો, પરીક્ષાની સીઝન આવી ગઈ છે!!!

• ડૉ. મિહિર એમ. વોરા •

મિત્રો, પરીક્ષાની સીઝન આવી ગઈ છે ત્યારે આપણે સૌએ વિદ્યાર્થી - વાલીની માનસિક પરિસ્થિતિની ચિંતા કરવી જરૂરી છે. ધો. ૧૦ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષાની અસર વિદ્યાર્થીની કારકિર્દી પર ખૂબ જ મોટી થાય છે. આ વાતને મશહૂર શિક્ષણવિદ્ ડૉ. અશોક પટેલ બહુ સારી રીતે સમજાવે છે. આ બાબતથી વિદ્યાર્થીને વાલી સારી રીતે પરિચિત હોવાથી તેને ખૂબ જ ગંભીરતાથી લે છે. આમ તો કોઈ પણ વિદ્યાર્થીની પરીક્ષાને તેના વાલી દરેક વખતે ગંભીરતાથી જ લેતા હોય છે. જે બાબત એક રીતે જોવા જઈએ તો સારી બાબત છે. પણ વાલી અને તેમાં પણ મમ્મીઓ દરેક પરીક્ષાને વધારે પડતી ગંભીરતાથી લે છે ત્યારે એવું લાગે છે કે પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની? ૧ થી ૪ ધોરણમાં અભ્યાસ કરતા બાળકના પાઠ્યપુસ્તકની વિગત બાળકને આવડે છે તેના કરતાં તેની મમ્મીને વધારે આવડતી હોય છે. બાળકને પરીક્ષાની સ્કીમની જેટલી ખબર હોય છે તેના કરતાં તેની મમ્મીને વધારે ખબર હોય છે. પરીક્ષા સમયે મમ્મીનું રૌદ્ર સ્વરૂપ અને પપ્પાનું બિચારાપણું જોવા મળે છે. પણ બોર્ડની પરીક્ષામાં તો મમ્મી અને પપ્પા બંનેનું રૌદ્ર સ્વરૂપ અને વિદ્યાર્થીનું બિચારાપણું જોવા મળે છે. પરીક્ષા પૂર્વે શું ખાવું, ક્યારે ખાવું અને કેટલું ખાવું તે મમ્મી, પપ્પા અને તેમના મિત્રો નક્કી કરે છે. જેનો સતત ચોકીપહેરો પણ રહેતો હોય છે. વિદ્યાર્થીએ ક્યારે આરામ કરવો, કેટલો આરામ કરવો તે પણ આ મમ્મી-પપ્પા જ નક્કી કરતાં હોય છે. તે સમયે તેમના મોઢામાંથી નીકળતા એક એક શબ્દની નકારાત્મક અસર વિદ્યાર્થી પર જે પડે છે તેની તેમણે ક્યારેય કલ્પના કરી નથી. વળી પાછાં એ જ મમ્મી-પપ્પા કહે છે પણ ખરાં કે, 'અમે તો તેની પાસે કોઈ અપેક્ષા રાખતાં નથી, તેને જેટલું વાંચવું હોય તેટલું તેની રીતે વાંચે છે. પરીક્ષાનું જે પરિણામ આવે તે અમને મંજૂર છે.' વગેરે. પણ મમ્મી-પપ્પાના શબ્દો જુદા અને વર્તન જુદું હોય છે. સોસાયટીના અન્ય સભ્ય સાથે સારા દેખાવા માટેના શબ્દો અને વર્તન હોય છે. પરીક્ષાના દિવસો જેમ જેમ નજીક આવતા જાય તેમ તેમ મમ્મી-પપ્પાનું ટેન્શન વધતું જાય છે. જે જોઈને પેલો વિદ્યાર્થી પણ બાપડો-બિચારો બનીને ટેન્શનમાં આવી જાય છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ધો. ૧૦ નાપાસ તેની મમ્મી કે પડોશી સલાહ આપતા હોય છે! આધુનિક જમાનાની આધુનિક શુભેચ્છાઓ તો વળી ખરી જ. પરીક્ષા શરૂ થવાના આગલા દિવસે વિદ્યાર્થીનાં સગાં-સ્નેહીજનો પેન કે બુકે લઈને બેસતાં વર્ષની જેમ શુભેચ્છા વ્યક્ત કરવા નીકળી પડે છે ત્યારે મમ્મી-પપ્પા બોલે છે કે, આ મળવા આવનાર સગાંઓથી તો અમારો દીકરો ખૂબ જ ડિસ્ટર્બ થાય છે. તેનું ભણવાનું બગડે છે. આ લોકોએ સમજીને જ ન આવવું જોઈએ.' પણ જો કોઈ નજીકનાં સગાં મળવા ન આવે અને દૂરનાં સગાં મળવા આવે તો વળી આ મમ્મી-પપ્પા કહે છે કે, 'જોયું ફલાણા ભાઈ મળવા પણ ના આવ્યા!' પરીક્ષાના દિવસે પેપર કેવી રીતે લખવું, શું લખવું વગેરેની સલાહ આપતાં વાલી ક્યારેક તો ઉશ્કેરાટમાં એવું પણ સંભળાવી દે છે કે, 'કોઈ ખાલી જગ્યા જેવું ન આવડે તો બાજુવાળાને પૂછી લેજે. એ ચોરી ના કહેવાય.' જે શાળામાં વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા હોય તે શાળાના શિક્ષકોને આગલા દિવસે વાલી દ્વારા મળવા જવું અને ક્યારેક દબાણ લાવવા તે બાબતો જ વિદ્યાર્થીને વધારે દબાણમાં લાવી દે છે. પરીક્ષાની આગલી રાત્રે અગત્યના પ્રશ્નો માટે અન્ય વાલી કે શિક્ષકોનો સંપર્ક કરવો તે કોઈ પણ રીતે યોગ્ય ન હોવા છતાં વાલી તે બાબત ચૂકતાં નથી. પેપર આપીને બહાર નીકળતાં વિદ્યાર્થીને પહેલો પ્રશ્ન એ હોય છે કે કેવું પેપર ગયું? જો પેપર ખરાબ ગયું હોય અને વિદ્યાર્થી સાચો જવાબ આપે કે પપ્પા થોડું ખરાબ ગયું છે તો કેટલાક વાલી ગુસ્સે થઈને બિચારા વિદ્યાર્થીને ખખડાવી નાખે છે. અમે કહેતાં હતાં કે ભાઈ વાંચ. પણ અમારું કોણ સાંભળે છે. હવે લોઢાં ટીપવા જજે.... વગેરે... આવા સમયે વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે. ભલે એક પેપર ખરાબ ગયું, બાકીનાં સારાં જશે. જે થયું તે થઈ ગયું તેનો વિચાર કરવાના બદલે બાકીનાં પેપર વિશેની ચર્ચા કરવી વધારે યોગ્ય ગણાશે. કોઈ પેપર ધાર્યા કરતાં કઠિન નીકળે તો તેમાં વાલીઓની એક જ ચર્ચા કે આખું વર્ષ વાંચ્યું નહીં, પછી પેપર અઘરું જ લાગે ને! અથવા તો શિક્ષક પર તૂટી પડશે કે આવું તો પેપર કઢાતું હશે. વર્ગમાં ભણાવતાં જ નથી વગેરે. પરીક્ષા અગાઉના કેટલાક દિવસ વાલી ઑફિસમાંથી રજા લઈને વિદ્યાર્થીની સામે સતત હાજર રહે છે. વિદ્યાર્થી કરતાં તેના વાલી વધારે ઉજાગરા કરે છે. આ બધી બાબતની અસર વિદ્યાર્થી પર પડ્યા વિના રહેતી નથી. જેથી અપરિપક્વ ગણાતો વિદ્યાર્થી ઝડપથી દબાણ અનુભવવા લાગે છે. ત્યારે જ તેના મનમાં થાય છે કે મમ્મી-પપ્પાની ઇચ્છા મુજબનું પરિણામ આવશે કે કેમ? આ દબાણ દિવસે દિવસે વધતું જાય છે. જે પરીક્ષાની આગલી રાત્રે વિશેષ જોવા મળે છે. આ વખતે વાલી પાછા વિદ્યાર્થીને સલાહ આપે છે કે ગભરાવાનું નહીં, હિંમત રાખ વગેરે. અરે ભાઈ! તમારામાં હિંમત હતી? જો તમે જ હિંમત હારી ગયા

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫ ઉપર)

ચિંતન

# મશાલ હોય કે મશીનગન, એ યુવાન હાથમાં જ શોભે!

• રોહિત શાહ •

યૂથ અને ટ્રુથ આ બન્ને મારા હોટ ફેવરિટ શબ્દો છે. આ બન્ને શબ્દો પોલિટિશ્યનને સતત હંફાવે છે, પરંતુ મને તો એ ભરપૂર હૂંફ આપે છે. જેને જૂઠ અને જૂઠાણાં વગર એક ઘડીયે ન ચાલતું હોય એવા પોલિટિશ્યનો યૂથથી સદાય સાવધ રહે છે. યુવાનોએ ચલાવેલી ચળવળ કદી નિષ્ફળ નથી જતી. યુવાનોની ચળવણની ભવ્ય સફળતાને ઇતિહાસ આદરપૂર્વક નવનિર્માણ કહે છે. પોલિટિશ્યનોને જૂથની જરૂર પડે છે. ટ્રૂથ સાથે તેમને વળી શો સંબંધ હોય? અને જેને ટ્રુથ સાથે કશો સંબંધ ન હોય તેને યૂથથી ડરવું પડે એમાં વળી કિમ આશ્ચર્યમ્?

માનવીના ઘડતરમાં જો ખોટ ન પડેલી હોય તો પ્રત્યેક વ્યક્તિ યુવાનવયે સિદ્ધાંતનિષ્ઠ અને ન્યાયપ્રિય હોય છે. અન્યાય સામે તે ઝનૂની બની જાય છે. 'આવું ચલાવી જ કેમ લેવાય?' એ સવાલ સતત તેને વળગેલો રહે છે. બધું જ કાયદેસર થવું જોઈએ અને બધાએ નીતિપૂર્વક વ્યવહાર કરવો જોઈએ એવી ભાવના તેની ભીતર ઊભરાતી રહે છે. જ્યાં કોઈ પણ વ્યક્તિને અનિષ્ટ આચરતી જુએ છે ત્યાં તેનો પુણ્યપ્રકોપ પ્રજળી ઊઠે છે. આપણે આપણો જ ભૂતકાળ યાદ કરીશું તો પણ આ ટ્રુથ સમજવામાં સગવડ રહેશે. આજે ભલે આપણે મેચ્યોરિટીના નામે ઠાવકા થઈને ડગલે ને પગલે કોમ્પ્રોમાઈઝ કરી લેતા હોઈએ, પરંતુ યુવાનીના ઉંબરે પહેલું પગલું પાડ્યું ત્યારે આપણે આદર્શોના કેવા ચુસ્ત હિમાયતી હતા! હવે આપણે કહીએ છીએ કે આ તો સંસાર છે ભાઈ! સંસારમાં કંઈ બધા સજ્જનો ન હોય. ગામ હોય ત્યાં ઉકરડોયે હોય જ; આપણે જળકમળવત્ નિઃસ્પૃહ રહેવું. આવી ઠાવકાઈ યૌવનને ન પરવડે. એ તો એમ જ કહેશે કે સમાજમાં સૌએ સજ્જન બનીને રહેવું જોઈએ; જે સજ્જન ન હોય તેને સળગાવી મારો! અન્યાય કરનારાનો અંત લાવી દો! ખોટા માણસોને ખતમ કરી નાખો!

આ જુસ્સાને જ તો યુવાની કહેવાય છે!

યુવાનીને ઉંમર સાથે વળી શી લેવાદેવા? જેના વિચારોમાં તેજ અને તાજગી અને તટસ્થતા અને તત્પરતા અને ત્વરિતતા હોય તે વ્યક્તિ કોઈ પણ ઉંમરે યુવાન જ ગણાય. મોરારજી દેસાઈ આજીવન યુવાન જ હતા. મહાત્મા ગાંધી માટે કવિ 'જુવાન ડોસલો' શબ્દ વાપરે ત્યારે કેમ આપણને વિસ્મય નથી થતું? 'મોખરે ધીમે હસી હસી જવાન ડોસલો!' પંક્તિ દ્વારા સત્યાગ્રહી ગાંધીજીને સદાયુવાન પુરવાર કરવામાં કવિ સફળ છે.

વિનોબાની શ્વેત દાઢીમાં પણ જાણે યૌવનનું ચારિત્ર્ય ઝળકતું હતું. વિનોબાનું એક વાક્ય યાદ રાખવા જેવું છે, 'માણસે સત્યાગ્રહી બનતાં પહેલાં સત્યગ્રાહી બનવું જોઈએ.' આપણી ઓકાત સત્યને ગ્રહણ કરવા માટેની ન હોય અને આખી દુનિયાએ સત્યના માર્ગે ચાલવું જોઈએ એવો આગ્રહ પોલિટિશ્યનો ભલે રાખી શકતા હોય, યુવાનો ન જ રાખી શકે.

મશાલ પકડવા માટેનો હાથ યુવાન હોય છે, એમ મશીનગન પકડનારો હાથ પણ યુવાન જ હોય છે. યૌવનની ભૂલોયે નિર્દોષ હોય છે, એમ એનો આક્રોશ પણ નિર્દોષ હોય છે. બાળપણથી સ્કૂલમાં કે અન્યત્ર તેને રાષ્ટ્રીય ચારિત્ર્યના પાઠ ભણાવવામાં આવ્યા હોય, મહાન માણસોના પ્રેરક જીવનપ્રસંગો તેની સામે સતત લલકાર્યા-આલાપ્યા હોય, સમાજને સુધારવાના રાગડા તાણીને બાળપણથી જેને આપણે સતત ઉશ્કેર્યો હોય તે માણસ યુવાન થતાં જ અનિષ્ટ પ્રત્યે આક્રોશ વ્યક્ત કરવા માંડે ત્યારે આપણે જ પાછા તેને ઠંડો પાડીએ છીએ : 'બેટા! આમ ઊકળી નહીં ઊઠવાનું. આ જગતમાં આવા સ્વાર્થી અને લબાડ માણસો તો હોવાના જ. આપણે કેટલા લોકોની સામે બાંયો ચડાવીશું? આપણે આપણું સંભાળીને સલામત ત્યાંથી સરકી જવું.'

આવી વાતોમાં શાણપણ કરતાં કાયરતા વિશેષ છે. જે યુવાની રક્તરંજિત થવાથી ડરતી હોય, એ રાષ્ટ્ર અને સમાજ બન્ને માટે કલંકરૂપ છે.

*હુશ્ન ઔર ઈશ્ક દોનોં કો રુસવા કરે-*
*વો જવાની, જો ખૂંમેં નહાતી નહીં...*

મરી ફીટવાની તત્પરતા ન હોય એવા લોકોએ પ્રેમ કરવાથી પણ આઘા જ રહેવું જોઈએ. 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને' એમ કવિ કહે છે જ. 'હરિનો મારગ' હોય કે 'પરી નો પંથ' હોય, પરમેશ્વરની વાત હોય કે પ્રેમેશ્વરની, એ માર્ગમાં ત્યાગ અને બલિદાન અને સમર્પણ અને ન્યોછાવરી હોવાં કમ્પલસરી છે.

પ્રેમ માણસને ત્રણ ભેટ આપે છે : (૧) પવિત્રતા, (૨) પરાક્રમ અને (૩) પુરુષાર્થ. આ ત્રણેયને જીવવા-અનુસરવા માટે યૌવનનો તરવરાટ જોઈએ. સાચો પ્રેમ માણસને કદી પાપ કરવા પ્રેરતો નથી. એ તો હંમેશાં વફા અને સમર્પણને જ અનુસરે છે. સાચો પ્રેમી પોતાની પ્રિયતમાને પામવા માટે કોઈ પણ ખતરનાક પરાક્રમ કરવા સજ્જ હોય છે. એટલું જ નહીં, પોતાના પ્રિયજનને પ્રસન્ન રાખવા એ જીવનભર પુરુષાર્થ કરે છે. પ્રેમમાં આખરે પ્રસન્નતા સિવાય બીજું તો કશું પામવાનું, મેળવવાનું કે સિદ્ધ કરવાનું હોતું જ નથી ને!

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૯ ઉપર)

# રગ-રગમાં ભારતીયતા ભરી છે

• વિનોબા ભાવે •

આપણા ઋષિઓ અને મહર્ષિઓએ આખા ભારતને એક બનાવવા માટે યુક્તિ શોધી કાઢી. 'ભારતવર્ષ પુણ્યભૂમિ છે,' એમ કહીને એમણે લોકોને યાત્રા કરવાની પ્રેરણા આપી. 'કાશી મોટું તીર્થસ્થાન છે, રામેશ્વર પુણ્યધામ છે.' એમ કહીને લોકોને તીર્થાટનની પ્રેરણા આપી. તે જમાનામાં આવવા-જવાનાં સારાં સાધનો હતાં નહીં, યાત્રા કરવામાં ઘણું કષ્ટ પડતું; તેમ છતાં લોકો યાત્રા કરતા. આવી તીર્થયાત્રાઓના મૂળમાં ઉદ્દેશ ભારતદર્શનનો જ રહેતો. ઋષિઓના મનમાં રાષ્ટ્રીય એકતાનો ઉદ્દેશ હતો.

કાશીમાં ગંગાતટ ઉપર રહેનારો તડપે છે કે કાશીની ગંગાની કાવડ ભરીને ક્યારે રામેશ્વરને ચઢાવું? રામેશ્વરમાં રહેનારો તડપે છે કે રામેશ્વરના સમુદ્રનું જળ કાશી-વિશ્વેશ્વરના મસ્તક ઉપર ક્યારે ચઢાવું? જાણે કાશી અને રામેશ્વર એના મકાનનું આંગણું અને પાછલો વાડો ન હોય! વાસ્તવમાં બંને વચ્ચે પંદરસો માઈલનું અંતર છે, પરંતુ આપણા શ્રેષ્ઠ ઋષિઓએ આપણને એવો વૈભવ આપ્યો છે કે આપણું આંગણું પંદરસો માઈલ સુધી વિસ્તરેલું છે! કેટલી વ્યાપક અને પવિત્ર ભાવના છે આ.

૧૨૦૦ વરસ પહેલાં શંકરાચાર્ય દક્ષિણમાંથી યાત્રા કરતા કરતા છેક શ્રીનગર ગયા હતા અને ત્યાં પહાડ ઉપર ભગવાન શંકરની સ્થાપના કરી હતી. શંકરાચાર્યે બિલકુલ જુવાનીમાં પગપાળા યાત્રા કરી અને કેરલથી નીકળીને કાશ્મીર પહોંચ્યા. મલબારનો એક છોકરો, ભારતના ઠેઠ દક્ષિણ છેડાનો એક છોકરો, તે જમાનામાં કાશ્મીર સુધી પગે ચાલતો ચાલતો આવ્યો.

શંકરાચાર્યે સમાધિ પણ હિમાલયમાં જ લીધી. કેદારનાથમાં શંકરની સમાધિ છે. વળી, કેદારનાથના મંદિરમાં આજ સુધી એવી પરંપરા ચાલી આવે છે કે ત્યાંનો મુખ્ય પૂજારી કેરલનો નંબૂદ્રી બ્રાહ્મણ જ હોય. શંકરાચાર્યે ચાર દિશામાં ચાર આશ્રમ સ્થાપ્યા – દ્વારિકા, જગન્નાથપુરી, બદ્રીકેદાર અને શૃંગેરી. હજાર-હજાર માઈલનું અંતર આ મઠો વચ્ચે હતું. એ મઠોવાળાઓને એકબીજાને મળવું હોય તોયે વરસ બે વરસ પગપાળા યાત્રા કરવી પડતી. શંકરાચાર્યમાં સમસ્ત ભારતીયતા મૂર્તિમંત થઈ ગઈ હતી.

આપણો ભારત દેશ મોટો છે, મહાન છે. પરંતુ આ મહાનતા એમની એમ નથી આવી ગઈ, તેની પાછળ દીર્ઘકાળની વિચારપૂર્વકની મહેનત છે, સાધના છે. તેના પરિણામ સ્વરૂપ આવી એક મહાન સંસ્કૃતિ ઊભી થઈ છે. આ પ્રાચીન સંસ્કૃતિનો સંદેશ આ દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પહોંચાડવામાં આવ્યો છે. જ્યારે આજના જેવાં સંદેશાવ્યવહારનાં કોઈ સાધનો નહોતાં, ત્યારે આવડું મોટું રાષ્ટ્રીય એકતાનું જે કામ થયું છે, તે અદ્‌ભુત જ છે!

અનેકાનેક ભેદ હોવા છતાં આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે, તેના માટે એવી એવી પરંપરા ઊભી કરી દીધી છે કે આશ્ચર્ય જ થાય છે! તમિલનાડુ, કર્ણાટક કે મહારાષ્ટ્રનો માણસ સ્નાન માટે કાવેરી, તુંગભદ્રા કે ગોદાવરી જશે તોયે કહેશે કે, હું ગંગાસ્નાન માટે જાઉં છું! આ રીતે આપણા પૂર્વજોએ આપણી રગ-રગમાં ભારતીયતા ભરી દીધી છે.

અનેક સંતપુરુષો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે, અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. ભારતના એક એક સંતશિરોમણિ અહીં વરસો સુધી ઘૂમતા રહ્યા. શંકરાચાર્ય ૧૫ વરસ, શંકરદેવ ૧૨ વરસ, નામદેવ - ૧૩ - ૧૪ વરસ, નાનક ૧૮ થી ૨૦ વરસ અને કબીર ૨૫ થી ૩૦ વરસ સુધી પગપાળા ફર્યા. આવો ઉજ્જવળ ઇતિહાસ આ ભારતીય સંસ્કૃતિ પાછળ છે.

હજારો વરસોના પ્રયત્ન બાદ માણસનો સદ્-અસદ્ વિવેક કેળવાયો છે, કેટલીક નિષ્ઠાઓ પાકી થઈ છે, ઉચિત-અનુચિતનો ખ્યાલ સ્થિર થયો છે. માણસની આ જે ઉચિત-અનુચિતની ભાવના બની છે, તે કોઈ રાજા-મહારાજાએ નથી બનાવી, સંતોએ બનાવી છે. આ સંત-મહાપુરુષો જો ન હોત, તો આપણે જાનવર જ રહી જાત. અહીંનું લોકમાનસ સંતો દ્વારા કેળવાયું છે.

રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું, 'ભારતેર મહામાનવેર સાગરતીરે!' ભારત એક મહામાનવ-સમુદ્ર છે. જેમ સમુદ્રમાં ચારે કોરથી નદીઓ આવીને મળે છે, તેમ આ દેશમાં લોકો આવીને અહીંના માનવસાગરમાં સમાઈ ગયા છે. આપણે હવે આ સમાજને એકરસ બનાવવાનો છે. એકરસ સમાજ હશે, તે ષડ્રસયુક્ત સમાજ હશે. ભિન્ન - ભિન્ન જમાતોના ગુણોને કાયમ રાખીને એમને સહુને આપણે એકરસ કરવા પડશે. સંગીતકારની માફક સાત સૂરોને મેળવીને એક સુંદર સુસંવાદી 'ભારત-રાગ' આપણે નિપજાવવાનો છે. ■

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

# જીયે તો જીયે કૈસે???

• જાદવજી કાનજી વોરા •

દરેક વ્યક્તિ માટે આ એક મહાપ્રશ્ન છે કે આપણે કેવી રીતે આપણું જીવન જીવવું જોઈએ? આપણા જીવનનો રાહ કોણે કંડારવાનો હોય? આપણા રોજબરોજના જીવન વ્યવહારોમાં આ પ્રશ્ન અવારનવાર ઉદ્‌ભવતો હોય છે કે આપણે કેવી રીતે આપણું જીવન જીવવું જોઈએ. શું આપણે હંમેશાં કહેવાતો સમાજ કે પછી સમાજમાં વગ ધરાવતા કેટલાક શક્તિશાળી લોકોની માન્યતાઓ મુજબ જ પરંપરાગત જીવન જીવવું જરૂરી છે? ચીલાચાલુ ઘરેડને ઠેબે મારી શું આપણે આપણો પોતાનો કોઈક મનગમતો ચીલો ન કોતરી શકીએ? શું આપણે આપણા જીવન જીવવાની પદ્ધતિ આપણી પોતાની જ માન્યતાઓ, પસંદગી કે વિચારો મુજબ ન અપનાવી શકીએ? શું એ જરૂરી છે કે સમાજમાં સારી વગ ધરાવતા સ્થાપિત હિતોવાળા અન્ય કોઈકે નક્કી કર્યા પ્રમાણે જ આપણે આપણું જીવન જીવવું જોઈએ? આપણે શું આપણું જીવન જીવવાની પદ્ધતિનો અધિકાર અન્ય કોઈકને સોંપી દીધો છે કે પછી આપણી પણ પોતાની કોઈક સ્વતંત્ર વિચારસરણી કે માન્યતાઓ પણ હોઈ શકે છે?

'મુંબઈ સમાચાર' દૈનિકમાં કેટલાય વરસોથી 'ગુડ મોર્નિંગ' કોલમ લખતા શ્રી સૌરભ શાહ "માણસનો મત એના આગવા વ્યક્તિત્વનો અભિન્ન અંશ છે" નામક એક લેખમાં લખે છે કે, 'માણસ પોતાના અનુભવો અને ઉછેરના વાતાવરણને કારણે પોતાના અભિપ્રાયો ઘડે છે, પોતાનો મત બાંધે છે, એક દૃષ્ટિ કેળવે છે જે એની પોતાની છે. દરેક વ્યક્તિ પાસે દુનિયાને જોવાની પોતાની દૃષ્ટિ હોય છે. આ આગવી દૃષ્ટિને કારણે એને પોતાના ગમા-અણગમા હોય છે, અભિપ્રાયો હોય છે. આપણો મત આપણા વ્યક્તિત્વનો એક અભિન્ન અંશ છે. કોઈકના કહેવાથી હું મારી માન્યતાઓને મોળી પાડી દઉં છું કે મારા આગ્રહો છોડી દઉં છું ત્યારે હું મારી જ આંશિક હત્યા કરી બેસું છું!'

મહદ્ અંશે આપણે સમાજમાં એવું જોતા હોઈએ છીએ કે યેન કેન પ્રકારેણ સમાજની વિવિધ સંસ્થાઓમાં કેટલાક કહેવાતા સમાજસેવકો પોતાની 'અહંપૂર્તિ' તથા 'મોટા ભા' થવા માટે આવી સંસ્થાઓની ખુરશીઓ ઉપર પોતાનું સિંહાસન જમાવી બેઠા હોય છે. પોતે હુકમશાહી નહીં પરંતુ લોકશાહીમાં માને છે એવું સમાજના માનસમાં ઠસાવવામાં પણ આ લોકો માહિર હોય છે. સમાજની દરેક વ્યક્તિએ તેમની ઈચ્છા અને માન્યતાઓ અનુસાર જ જીવવું જોઈએ એવી અપેક્ષા તેમના ડી.એન.એ. અને જીન્સમાં ધરબાયેલી પડી હોય છે. બહુ થોડા ગણ્યાગાંઠ્યા એકલવીરો જ આવા માણસોના વિચારોની ઉપરવટ જઈને પોતાની સ્વતંત્ર ઈચ્છાનુસાર પોતાનું જીવન જીવતા હોય છે.

યુવાનીમાં જ વિધવા થયેલી એક બહેન આજુબાજુના પાડોશીઓના ઘરોમાં તેમના એંઠા વાસણો ધોઈને અને લૂગડાંલતાં કરીને પોતાના એકમેવ પુત્રને જ્ઞાતિની શાળા-હોસ્ટેલમાં ફ્રીશિપ, સ્કોલરશિપ તથા ફ્રીબુક વગેરે લઈને ગ્રેજ્યુએશન સુધીનું ભણતર પૂરુ કરાવે છે. દીકરો માત્ર હોંશિયાર જ નહીં પણ, માતૃભક્ત પણ હતો અને પોતે મોટો થઈને પોતાની મા ની બધી ઈચ્છાઓ પૂરી કરશે અને તેને સુખચેનની નિદંર આપશે એવું નાનપણથી જ કહેતો હતો. હવે આ બહેનના જીવનમાં સુખનો સૂર્યોદય ખીલશે અને પોતે પોતાના દિકરાની સ્વકમાઈના રોટલાનો આનંદ માણી શકશે એવા દીવા-સ્વપ્નાઓમાં રાચતી આ બહેનના નસીબમાં તો વિધાતાએ કંઈક જુદું જ નિરધાર્યું હતું. દીકરાને હિમાલયમાં વિચરતા કોઈક સંન્યાસીનો ભેટો થઈ જાય છે. આ સંન્યાસી તેને આત્મકલ્યાણના માર્ગે જવાનો અને સ્વર્ગના અલૌકિક સુખોના એવા તો મોટા મોટા ઉપદેશો આપે છે કે આ છોકરો પોતાના વિચારોથી ફંટાઈ જાય છે. હવે તો 'આત્મકલ્યાણ એ જ ખરું કલ્યાણ' ની ધૂન તેના મગજમાં ભરાઈ જાય છે. હવે આ છોકરાને કોણ સમજાવશે કે ભાઈ, "તારી પહેલી ફરજ તો તારી માતાનું કલ્યાણ છે. આત્મકલ્યાણ તો જ્યારે થવાનું હશે ત્યારે થશે હમણાં તો તારી માનું કલ્યાણ કર!" એ છોકરો સંન્યાસી બની જાય છે. વિધવા માતાના બધા જ સ્વપ્નાઓ કકડભૂસ થઈ જાય છે!!! જો આ છોકરો પોતાના વિચારો ઉપર મક્કમ રહીને પોતાની રીતે જ જીવ્યો હોત તો!!!

પોતાની જિંદગી કેવી રીતે પસાર કરવી એ નક્કી કરવાનો દરેકને સ્વતંત્ર અધિકાર હોય છે. હા, એ પણ હકીકત છે કે કેટલીક વખત કેટલાક સામાજિક માપદંડો વ્યક્તિએ અનિચ્છાએ પણ સ્વીકારવા પડતા હોય છે. છતાં પણ, આપણે કેવી રીતે જીવવું જોઈએ એ માટે આપણા પોતાના વિચારો, માન્યતાઓ, સંજોગો તથા કૌટુંબિક, સામાજિક તથા શારીરિક પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને જ પોતાની જીવનપદ્ધતિ નક્કી કરવી જોઈએ. કોઈના પણ વિપરીત વિચારોથી કે આકર્ષક લાગતી સલાહોથી ક્યારેય પણ પોતાની જીવનપદ્ધતિમાં કોઈ જ પરિવર્તન કરવાની કે ફેરફારો કરવાની જરૂર નથી. "હંમેશાં, જીયો તો અપને ખ્યાલો સે જીયો! પોતાનો જીવનમાર્ગ પોતે જ કંડારવાનો હોય છે. પોતાને જે રીતે મજા આવે એ રીતે જીવવું જોઈએ!" પોતે જ પોતાના જીવનનો રાહ નક્કી કર્યો હોવાથી શક્ય છે કે કદાચ

જીવનની શરૂઆતમાં ક્યારેક ઝંઝાવાતો આવે, ઝઝૂમવાનું પણ થાય. પણ તેનો પણ એક અનેરો આનંદ હોય છે.

વિન્સ્ટન ચર્ચિલ કહે છે કે, 'હમણાં તમે કદાચ નરકમાંથી પસાર થઈ રહ્યા છો...તો પણ ચાલતા જ રહેજો. અટકી પડવાથી કે દુઃખી થઈને બેસી રહેવાથી તમારી યાતનાઓનો કે મુશ્કેલીઓનો ક્યારેય પણ અંત નહીં આવે. પણ, જો તમે તમારો પુરુષાર્થ જારી રાખશો તો તમારી યાતનાઓનો અને મુશ્કેલીઓનો એક દિવસ જરૂર અંત આવશે!' અમેરિકાની જાણીતી અભિનેત્રી, ગાયિકા અને લેખિકા મે વેસ્ટ કહે છે કે, 'તમને જીવન જીવવાની તક એક જ વાર મળે છે, પણ એ તમે યોગ્ય રીતે જીવી જશો તો એક જ વાર જીવવું પૂરતું છે... ટૂંકમાં જીવન એવું જીવી જાણવું કે તમારા અસ્ત પછી પણ જગત તમને હંમેશાં યાદ કરતું રહે.' હા, એ હકીકત છે કે આપણી જીવનપદ્ધતિમાં એવું કાંઈ જ ના હોવું જોઈએ જેથી બીજાઓને હાનિ કે તકલીફ થાય. ક્યારેય પણ બીજાઓનું બુરૂં તો ન જ વિચારવું જોઈએ. આપણે બીજા કોઈને પણ કાંઈ જ તકલીફ આપ્યા વગર આપણી પોતાની રીતે જ આપણને આનંદ મળે એ રીતે જીવીએ તો ભયો ભયો!!! ■

## બચપણથી જ સંસ્કાર સિંચન

કુટુંબોમાં થતા ઝઘડા મોટેભાગે પિતા-પુત્ર વચ્ચે નહીં, સાસુ-વહુ વચ્ચે થતા હોય છે.

સાસુ-વહુના ઝઘડાને લીધે જ કુટુંબો છિન્ન ભિન્ન થતાં હોય છે અને મા-બાપો વૃદ્ધાશ્રમોમાં ધકેલાઈ જતા હોય છે.

માટે જ....

સાસુ અને વહુ (છોકરીઓમાં) બાળક હોય ત્યારથી જ તેમના હૃદયમાં સંયુક્ત કુટુંબની સ્નેહ ભાવનાના અને સમર્પણ વૃત્તિના સંસ્કાર સિંચાવા જોઈએ.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## સાસરુ પિયર બનો...

મમતાળુ માતા-પિતાની સ્નેહભરી છત્રછાયા છોડીને સાસરે ગયા પછી માતા-પિતાનું સતત સાન્નિધ્ય ભાગ્યે જ મેળવી શકવાના છો.

એટલે જ.... પરણીને સાસરે ગયા પછી સાસુ-સસરાની સ્નેહભરી સેવા કરજો ને એમને જ સાચા મા-બાપ બનાવી દેજો.

જેઠ-જેઠાણી, દિયર - દેરાણી અને નણંદ - નણદોઈ પ્રત્યે સ્નેહ વરસાવતા રહીને એમના વહાલસોયા બહેન બની જજો. તો સાસરુ પિયર બની જશે અને તમારો સંસાર સ્વર્ગ બની જશે.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# તું શીખવા નથી આવ્યો, દલીલ કરવા આવ્યો છે

'ફિલસૂફીના અધ્યાપક એક ગુરુને મળવા ગયા. ગુરુ પાસે જઈ તેમણે પ્રશ્નોની ઝડી વરસાવી : 'ઈશ્વર શું છે? કર્મના સિદ્ધાંત વિશે તમે શું માનો છો? તમારી દૃષ્ટિએ પુનર્જન્મ છે કે નહીં?' એક પછી એક પ્રશ્નો ધાણી ફૂટે એમ ફૂટતા હતા. ગુરુએ કહ્યું : 'ભાઈ, જરા થાક તો ખા. તું બહુ લાંબો પ્રવાસ કરીને આવ્યો છે. પસીને રેબઝેબ થઈ ગયો છે. ઉનાળાની આ બપોરે તું સીધાં ચઢાણ ચડીને આવ્યો છે : થાક તો લાગે જ. તું રાહ જો. ઉતાવળ ક્યાં છે? આ પ્રશ્નોના જવાબ તો પછીય આપી શકાય. પહેલાં હું તને ચા બનાવી દઉં. કોને ખબર છે? ચા પીતાં પીતાં પણ તને જવાબ મળી જાય.'

પેલો અધ્યાપક મૂંઝવણમાં પડી ગયો. પોતે આ પાગલની પાસે આવી બરાબર કર્યું છે કે કેમ એ વિશે તેને સંદેહ જાગ્યો. 'ચા પીતાં પીતાં કઈ રીતે આ ગહન પ્રશ્નો ઉકેલાય?' તેને થયું. પણ હવે બીજો કોઈ ચારો ન હતો. થોડીક વાર આરામ કરી લેવામાં અને એકાદ કપ ચા પીને છટકી જવામાં કંઈ ઊંધુંચતું થવાનું ન હતું. એ રોકાઈ ગયો.

ગુરુ ચા લઈને આવ્યા. તેમણે કીટલીમાંથી ચા કપમાં રેડવા માંડી. કપ છલકાઈ ગયો. રકાબીમાં ચા ઢળવા લાગી. થોડી વારે રકાબી પણ છલકાઈ જવા આવી. 'બસ, હવે આમાં ચા રહે એમ જ નથી. નાહક જમીન પર ઢોળાશે.' એ અધ્યાપકે કહ્યું, અને છતાં ચા રેડતા ગુરુનો હાથ પકડી કહ્યું : 'ક્યાંક તમે પાગલ તો નથી થઈ ગયા ને? આ શું કરો છો?'

ગુરુ ખડખડાટ હસી પડ્યા. તેમણે કહ્યું : 'તારામાં બુદ્ધિ છે ખરી. તને સમજ પડે છે. જો કપમાં જરા જેટલી જગ્યા ન હોય તો તેમાં વધુ ચા ન રેડી શકાય. હવે તારા દિમાગમાં જગા છે ખરી? મારી પાસે જે છે તે બધું જ તેમાં રેડી દેવા હું તૈયાર છું પણ તારા મસ્તકમાં જગા છે? એ છલકાઈ ગયેલું, ગીચ નથી? જા, પહેલાં ખાલી થઈને આવ. કશું જાણતો નથી એવી સ્થિતિમાં આવ. તું વધુ પડતું જાણે છે. તારી ભીતર પ્રચંડ કોલાહલ મને સંભળાય છે. થોડીક શાંતિ મેળવીને આવ. અત્યારે તું શીખવા નથી આવ્યો. દલીલ કરવા આવ્યો છે.'

વાર્તા

# અભો સોરઠિયો

• ઝવેરચંદ મેઘાણી •

સોરઠ દેશને દખણાદે કિનારે, માલણ નદીના કાંઠા ઉપર, મહુવા નામનું બંદર આવેલું છે. અરબી સમુદ્રનાં આસમાની મોજાં રાતદિવસ મહુવાની ધરતીનાં વારણાં લીધા કરે છે. દરિયાના ગુંજારવ આઠેય પહોર એ નગરીના લોકોને કાને સંભળાતા રહે છે. તે દિવસે તો માલણ નદી સેંજળ વહેતી હતી. એનાં પાણી મહુવાને થપાટો મારતાં હતાં; પણ આજે માલણમાં એકલો વેકરો ધખધખે છે.

આજથી દોઢસો વરસ પૂર્વે આ રઢિયાળા બંદરને માથે ત્રણસો પાદરનો વાવટો ફરકતો. એ ત્રણસો ગામડાંની ઉપર જસા ખસિયા નામના રજપૂત-કોળી રાજાની આણ ફરતી હતી. મહુવાની બે દિશાઓમાં પંદર-પંદર ગાઉના પલ્લા પકડીને ગીચ ઝાડી ઊભી હતી. નેવું નેવું હાથને માથે ડોકાં કાઢીને સાગરના દોરિયાનાં જૂથ આકાશની સામે માથાં ઝુલાવતાં. નાળિયેરીઓ સામસામાં ઝુંડ બાંધીને સૂરજનાં અજવાળાંને રોકી રહી હતી, અને એકબીજાના આંકડા ભીડીને ઊભેલાં કંઈક કાંટાવાળાં ઝાડઝાંખરાંની ને ડાળડાળીઓની એવી તો ઠઠ લાગેલી કે માંહીથી સસલું જાય તો એની ખાલ ઉતરડાઈ જાય. નવ-નવ હાથ લાંબા ડાલામથ્થા સિંહ જ્યારે એ ઘટામાં કારમી ડણકો દેતા, ત્યારે એ નેસના ડુંગરા હલમળી હાલતા.

કુદરતે મહુવાને એવા કુદરતી ગઢકિલ્લા આપ્યા હતા.

ભાવનગરના લોંઠકા ભોપાળ આતાભાઈએ આ ફૂલવાડી જેવા પરગણા ઉપર ત્રણ-ત્રણ વાર નજર નાખી હતી. ત્રણ-ત્રણ વાર એની ફોજ જસા ખસિયા ઉપર ચડી હતી, પણ કાંઈ કાર ફાવ્યો નહિ. સૂરજનું કિરણ પણ ન પેસી શકે એવી કાંટાળાં ઝાડની ઝાડીમાં તો કીડીઓનું કટક કર્યા વિના પેસાય તેવું નહોતું.

ભરતીનાં પાણી પાછાં વળી જતાં ત્યારે અરબી સમુદ્રમાંથી એ ઉઘાડી પડેલી ભૂમિમાં, મહુવાને કિનારે, પાંચ રૂપાળા વીરડા દેખાતા હતા. એક વાર એ વીરડાને ઉલેચી નાખવાથી પાંચેની અંદર મીઠાં અમૃત જેવાં નીર છલકાતાં. ખારા સાગરની આ મીઠી વીરડીઓની જાત્રા કરવા દેશ-પરદેશનાં ઘણાં જાત્રાળુઓ આવતાં અને જસા ખસિયાને દાણ ભરીને પછી એ પાણીથી સ્નાન કરતાં.

મહુવાના પાડોશમાં દાઠા નામનું એક પરગણું છે. તે સમયમાં દાઠાની ગાદીએ ગોપાળજી સરવૈયા નામના ઠાકોર હતા. ગોપાળજી સરવૈયા મહુવાના ખારા સાગરની મીઠી વીરડીઓની જાત્રા કરવા આવ્યા. ખસિયા રાજાએ ગોપાળજી પાસે દાણ માગ્યું.

મૂછો મરડીને ગોપાળજી કહે : 'મારું દાણ? હું દાઠાનો ધણી.''

''દાણ તો દેવું પડશે - રાજા હો કે રાંક.''

''મારું દાણ હોય નહિ. હું ભાવેણાના ધણી આતાભાઈનો મામો.''

''એમ હોય તો ફોજ લઈને આવજો અને વિના દાણે સ્નાન કરી જાજો.''

ધખેલ ત્રાંબા જેવી આંખો કરીને ગોપાળજી સરવૈયો પાછો વળી ગયો. ભાવનગરમાં ભાણેજ પાસે જઈને મામા કહે : ''બાપ, મહુવા અપાવી દઉં; સાબદો થા.''

''અરે, મામા! મહુવા તો કોણીનો ગોળ કહેવાય. પાંચ-પાંચ ગાઉના પલ્લા પકડીને અંધારી ઘોર કાંટ્ય ઊભી છે, જેમાં માનવી તો શું, પણ સૂરજનું અજવાળુંય ન પેસે. એમાં થઈને સોંસરવી આ સેના શી રીતે નીકળે?''

''બાપ, મારગ દેખાડું, બાકીની કાંટ્ય કાપી નાખીએ.''

ચાર હજાર કુહાડા લઈને આતાભાઈની ફોજ ઉપડી. મામાએ માર્ગ બતાવ્યો. ચાર હજાર કુહાડાવાળા ઝાડ કાપડા જાય અને ફોજ આગળ વધે. જોતજોતામાં તો ઝાડી હતી ત્યાં મેદાન કરી મૂકીને મહુવાના પાદરમાં સેના આવી પહોંચી. ગામ ફરતો ગઢ હતો તેને માથે હુડુડુ! હુડુડુડુ! હુડુડુડુ! કરતી દસ દસ તોપો સામટી વછૂટી. ગઢ તૂટવા લાગ્યો. મૂંઝાઈને જસા ખસિયાએ સંધિનું કહેણ મોકલ્યું. ઈ.સ. ૧૭૮૪ની સાલ હતી.

ભાવેણાનો નાથ બોલ્યા : ''અમારે કાંઈ મહુવા કબજે નથી કરવું; પણ જીભ કચરીને આવ્યા છીએ માટે થોડા દિવસ તો દરબારગઢમાં રહીને દરિયાની લહેરો ખાવી જોશે. આજુબાજુની શોભા જોશું. ખસિયાને કહો કે થોડા દિવસ ગઢ ખાલી કરી આપે.''

ચારે જણાનું પંચ નિમાણું : શંકરગરજી સાધુ, બીજા દયાશંકર ગોર, ત્રીજા ગોપાળજી મામો ને ચોથો જસા ખસિયાનો કામદાર અભો વાણિયો. ''દસ દિવસે આતોભાઈ મહુવા ખાલી કરી જાય, અને ખાલી ન કરે તો અમે ચારેય જણા ખોળાધરી લઈએ છીએ.''

મહુવા ખાલી કરી દઈને જસો ખસિયો પોતે સેદરડા ગામમાં જઈને રહ્યો. આંહીં આતાભાઈએ સેના સહિત ગામનો કબજો લીધો. કિલ્લાના કાંગરે ભાવેણાના નાથની ધજાઓ ફડાકા દેવા લાગી. ગોહિલરાજે કિલ્લાને માથે ચડીને દસેય દિશાએ નજર નાખી ત્યાં તો લકૂં બઝકૂંબ લીલુડાં આંબાવાડિયાંએ એની આંખોમાં

લોભનું આંજણ આંજી દીધું. મોરલાના મલારે અને કોયલોના ટહુકારે એના કાનમાં સ્વાર્થનું હળાહળ રેડી દીધું : 'હાય હાય! નંદનવન જેવી આ સમૃદ્ધિને શું કોળો ભોગવશે? આવી કામણગારી ધરતીને શું કોળો ધણી ગમતો હશે? અહાહાહા! મહુવા વગરનું મારૂં ભાવેણું લૂખું લૂખું!'

"અને બાપુ!" હીરજી કામદાર બોલી ઊઠ્યા : "ભાવેણાના નાથની ધજા ચડી તે શું હવે ઊતરશે? અપશુકન કહેવાય."

"ત્યારે શું કરશું, કામદાર?"

"મહુવા નથી છોડવું, બીજું શું?"

"પણ દગો કહેવાશે."

"દગો શેનો? આપણી જીત થઈ છે ને!"

"પણ ચાર પંચાતિયાનું શું કરશું?"

"એ હું કરીશ. એ ચાર જણા પણ માનવી જ છે ને!"

દસ દિવસને સાટે તો બે મહિના વીતી ગયા, પણ મહારાજ મહુવામાંથી સળવળતા નથી. જસાએ પંચને કહેવરાવ્યું. પંચ માંહેલા શંકરગરજીએ જઈને મહારાજને કહ્યું : "દરબાર, ગામ ખાલી કરો. જુઓ, હું અતીત છું; મારો ભગવો ભેખ જોયો? મારા તમામ ચેલાને લઈને હું તમારા ઉંબરે લોહી છાંટીશ. બાવાની હત્યા લેવી છે? નીકર બહાર નીકળો."

મહારાજાએ બાવાજીને ગોપનાથનાં પાંચ ગામ લખી આપ્યાં; બાવાનું મોં ભરાઈ ગયું; એનો ભગવો ભેખ વેચાઈ ગયો! એણે તો જઈને જસા ખસિયાને કહ્યું : 'મહારાજ નથી નીકળતા, અમે શું કરીએ, ભાઈ? અમારી પાસે કાંઈ ફોજ નથી તે લડીએ, તમે કહો તો લોહી છાંટીએ."

"ના, બાપ!" જસો બોલ્યો : "સાધુની હત્યા મારે નથી લેવી. તમે તમારે ગોપનાથને કાઠે બેસીને લીલાલહેર કરો."

બીજો વારો આવ્યો દયાશંકર ગોરનો. એ બ્રાહ્મણનું બ્રહ્મતેજ પલક વાર તો બાળી નાખે તેવી વરાળ કાઢવા લાગ્યું, પણ મહારાજાએ એને વીજપડી નામનું ગામ માંડી આપ્યું, એટલે અગ્નિની ઝાળ શમી ગઈ. બ્રહ્મતેજ વેરાઈ ગયાં. જસાને એણે કહ્યું : "આતોભાઈ મારૂં નથી માનતો; અમે શું કરીએ, ભાઈ?"

જસો બોલ્યો : "ગોર દેવતા! તમેય છૂટા."

એક ચારણ પણ જામીન થયો હતો. એણેય કટાર કાઢીને પેટ નાખવાનો ડર દેખાડ્યો : એને મહોદરીનાં ત્રણ ગામ આપીને ચૂપ કર્યો.

જસાએ અભા કામદારને પૂછ્યું : "અભા! શું કરવું?"

"પણ પહોંચાશે? જો તો ખરો એની તોપો મહુવાના ગઢની રાંગ ઉપર બેઠી બેઠી મોં ફાડી રહી છે."

"પહોંચવાની વાત નથી; મરદની રીતે મરવાની વાત છે."

"મરું તો વાંસે મારાં બાયડી-છોકરાં?"

"મારા માથા સાટે. તારૂં અન્ન હજી મારા દાંતમાં છે. લૂણહરામી નહિ થાઉં. હું સોરઠિયાણીને પેટ ધાવ્યો છું."

બસો ઘોડેસવારો લઈને જસો ખસિયો મહુવાને માથે બહારવટું ખેડવા માંડ્યો અને કાયામાં પ્રાણ રહ્યા ત્યાં સુધી એણે આતાભાઈને મહુવાના દરબારગઢમાં સુખની નીંદર કરવા ન દીધી. આખરે બીજું કાંઈ નહિ તો લીલિયા પરગણું આપો. એનો દેહ પડ્યો. માણસો વીંખાઈ ગયાં. ફક્ત ત્રણ જ જણાં બાકી રહ્યાં. જસાની રાણી, નાનો એક છોકરો અને અભો કામદાર. પોતાના અન્નદાતાની ઓરતને અને દીકરાને એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંતાડતો સંતાડતો અભો વાણિયો રઝળ્યા કરે છે. પોતાની પાસે જે મૂડી હતી તે ખરચી ખરચીને પોતાના બાળારાજાને નભાવી રહ્યો છે અને મહારાજા આતાભાઈની સાથે વિષ્ટિ ચલાવે છે કે "હવે જસો ખસિયો તો મરી ગયો. હવે આ બાળકને ઠરીને બેસવાનું ઠેકાણું કાઢી આપો. બીજું કાંઈ નહિ તો લીલિયા પરગણું આપો. શૂરવીરાઈના હક્ક દગાથી ડુબાવો મા. ભાવનગરના ધણીને લીલિયું ભારે નહિ પડે."

પણ મહારાજા ન માન્યા. બરાબર પાંચ વરસ વીતી ગયાં. અભાને ઘડપણે ઘેરી લીધો, એની ડોકી ડગમગવા લાગી. માથું, મૂછો અને આંખનાં નેણ પાંપણ પણ રૂની પૂણીઓ જેવાં ધોળાં બની ગયાં. એકવાર સાંજરે એ વૃદ્ધ કામદાર પોતાના સાત વરસના ધણીને ખોળામાં લઈને બેઠો હતો. ધણીનાં લુગડાં ઉપરથી ધૂળ ખંખેરતો હતો અને માયાભર્યા સ્વરથી પૂછતો હતો : "કાં બાપા, રમી આવ્યા? વાહ, મારો બાપો! ભારે બહાદુર! લોંઠકાઈ તો બાપુના જેવી જ, હો!"

નાનો કુંવર ગર્વ પામીને એની કાલી કાલી વાણીમાં પડકારા દેતો : "કામદાર, આજ મેં ઓલ્યા છોકરાને હરાવી દીધો. ઓલ્યો મારાથી મોટો; એનેય મેં પાડી દીધો."

"અરે રંગ રે રંગ, બાપલિયો!"

બરાબર સાંજ નમેલી. સૂરજ મહારાજ મેર બેસતા હતા. રાજા અને કામદાર સંસારથી આઘેરા જઈને જાણે સાચો આનંદ લૂંટતા હતા. જાણે આખા જગતનું એક ચક્રી રાજ મળ્યું હોય તેવા તોરથી રાજા કારભારીની રમત રમાતી હતી. તે વખતે બાળકની વિધવા માતાએ ઓરડામાંથી વજ્ર-બાણ છોડ્યાં : "બાપ કામદાર, શીદને આમ ફોસલાવવાં પડે છે? હવે અમારી મરેલાંની મશ્કરી કાં કરે છો, ભા? છોકરાને કંઈક દા'ડીદપાડી કરતાં શીખવા દ્યો ને! હવે અમને ક્યાં સુધી આમ ધૂળ મેળવવાં છે? ક્યાં સુધી આશા દીધા કરશો? કોણ જાણે માણસનાં પેટ કેવાં મેલાં થાય છે! બધાય બદલી ગયા. અરે ભગવાન!"

ટપક! ટપક! અભાની વૃદ્ધ આંખોમાંથી ઊનાં-ઊનાં ટીપાં ટપકીને પોતાના ખોળામાં બેઠેલા કુંવરના માથા પર પડવા લાગ્યાં. સાચો રાજ્યાભિષેક થઈ ગયો. રાજમાતાએ જેટલાં વેણ કહ્યાં તેટલાં એણે મૂંગે મોઢે સાંભળી લીધાં; સામો ઉત્તર ન

વાળ્યો. રાત પડી ગઈ. આકાશનાં ચાંદરડાં ઘડીક ઝગતાં ને ઘડીક વળી ઓલવાતાં આંખમીંચામણીની રમત રમતાં હતાં. પોતાનો નાનો ધણી પોતાના ખોળામાં જ પોઢી ગયો હતો. એવી મોડી રાતે એક ફાટેલી પથારીમાં બાળકને સુવાડીને પછી અભો ઘેર ગયો.

સવાર પડ્યું. કામદાર આવ્યા નહિ. ખબર કઢાવી. કામદાર રાતના ઊઠીને અલોપ થયા હતા. ક્યાં ગયા તે કોઈ ન કળી શક્યું.

બરાબર બપોર તપતા હતા. ભાવનગરના રાજમહેલમાં છેલ્લી અટારીએ ઠાકોર આતોભાઈ બેઠા હતા. ગાદી માથે બાળકુંવર વજેસંગજી ખેલતા હતા. બાજુએ ભા દેવાણી અને જસોભાઈ વજીર બેઠેલા હતા. બારીએ બારીએ જવાસાની ટટ્ટીઓ બંધાઈ ગઈ હતી. પાણી છંટાતાં હતાં, સુગંધી હવાના હિલોળા છૂટતા હતા. ચંદનના લેપ થઈ રહ્યા હતા. રૂપાની ઝારીમાંથી દૂધિયાં પિવાઈ રહ્યાં હતાં. અચાનક મેડીનાં પગથિયાંમાંથી ધબ! ધબ! મોટા ધબકારા ગાજી ઊઠ્યા. ભાવેણાનાથની નિસરણીએ આવો કાળા માથાનો કોણ માનવી ચડી રહ્યો છે? મહારાજ અને એના બે સાથીઓ ચોંકી ઊઠ્યા. કાળી રાડ સંભળાણી કે “ક્યાં છે તમારો ઠાકોર? હિસાબ કરવા આવ્યો છું.”

ઊભા થઈને જોવાની હિંમત કોઈ કરે ત્યાં દાદર ઉપર ધોળા વાળથી વિભૂષિત માથું દેખાણું, રાતીચોળ આંખો દેખાણી, ખેંચાઈને ભેળી થઈ ગયેલી ભ્રુકુટી દેખાણી. અરરર! આ તો અભો! કાળસ્વરૂપ વાણિયો!

“કાં મહારાજ! ભાવનગરના ધણી! બોલો, જસા ખસિયાના કુંવરનું શું ધાર્યું છે? આવો, આજ! હિસાબ ચોખ્ખો કરો.”

એટલું બોલીને અભાની અગ્નિઝરતી આંખો ગાદી ઉપર ખેલતા કુંવર વજેસંગજી ઉપર ઠેરાણી. અભાની છાતીમાં શ્વાસ ધમાઈ રહ્યો હતો.

“અભા કામદાર!” ગરીબડું મોં કરીને મહારાજ બોલ્યા : “આમાં હું જો કાંઈ જાણતો હોઈશ તો મને આ વજેસંગના સોગંદ છે.” એમ કહીને મહારાજાએ કુંવરને માથે હાથ મેલ્યો.

“ત્યારે? બીજું કોણ જાણે છે?”

“હીરજી મહેતો.”

પટ દઈને અભો પાછો ફરી ગયો. એક પણ ઉચ્ચાર ક્યાં વગર ધબ! ધબ! ધબ! ધબકારા કરતો, આખો ગઢ ગજાવતો એ મેડીએથી ઊતરી ગયો. ડેલીએ બેઠેલા આરબની બેરખમાંથી એની સામે જોવાની પણ કોઈની છાતી ન ચાલી, કોઈ એને રોકી ન શક્યું. મહારાજાના શરીરમાંથી પરસેવો છૂટી ગયો.

“અરે મહારાજ!” ભા દેવાણી બોલ્યા : “ભાવનગરનો ધણી એક વાણિયાની પાસે પોતાના કુંવરના સમ ખાઈ બેઠો! એટલી બધી બીક હતી?”

“ભાઈ! તમે નહોતા સમજ્યા, પણ હું સમજ્યો હતો. હું એની આંખો ઓળખી ગયો હતો. એ આંખમાં ખૂન હતું. આ વજેસંગ અટાણે હતો ન હતો થઈ ગયો હોત. હમણાં તમે સનાનના સમાચાર સાંભળશો. માટે ઝટ આરબની બેરખ હીરજી મહેતાને ઘેર દોડાવો.”

આરબની બેરખને હીરજી મહેતાને ઘરે પહોંચવાનો હુકમ થયો. ‘એલી! એલી! કરતા પચાસ જમૈયાદાર આરબો હાથમાં દારૂ ભરેલી ઝંઝાળો લઈને ઊપડ્યા. બજારમાં સૂનકાર પથરાઈ ગયો.

કેળાં અને રોટલીનું ભોજન જમીન મોટી ફાંદવાળા હીરજી મહેતા સીસમના પલંગ ઉપર પોઢી ગયા હતા. એ ભીમસેની શરીરને કેટલીય લડાઈઓની ફતેહની નિશાનીઓ પડી હતી. એની પ્રચંડ ભુજાને શોભાવનારી મોટી તરવાર સામી ખીંટીએ ટિંગાતી હતી. બખ્તર, ઢાલ અને ભાલું ભીંત ઉપર બેઠાં બેઠાં જાણે કે એ સૂતેલા ધણીની ચોકી રાખતાં હતાં. આતાભાઈને મહુવાનાં ત્રણસો પાદર કમાવી દીધાનો સંતોષ એના મુખમંડળ ઉપર પથરાઈ ગયો હતો.

ત્યાં તો કાળના ધબકારા બોલ્યા, મેડી ધણધણી ઊઠી : “હીરજી મેં'તા! સાબદો થાજે.” એટલી હાકલની સાથે જ દાદર ઉપર ઉઘાડી તરવારે ડોકું કાઢ્યું.

“કોણ છે?” મહેતા હીરજી કામદાર ઝબકી ઊઠ્યા. કાળને જોયો. ખીંટીએથી તરવાર ખેંચવા ભુજા લંબાવી પણ વખત ન રહ્યો. બીજે પલકારે તો અભો ઠેકીને એના ઢોલિયા ઉપર જઈ પહોંચ્યો ને એની તરવાર ખીંટી પરથી ખેંચી.

“એ અભા, તારી ગા! મહુવાનો હિસાબ ચુકાવું!”

“હવે તો હિસાબ કરશું ત્યાં, ધણીના દરબારમાં જસા પાસે.”

એટલું બોલી અભાએ ખડગ ઉગામ્યું. મહેતાની ફાંદ ઉપર ઝાટકો દીધો. હીરજી મહેતાનું શરીર ઢળી પડ્યું. પેટમાંથી કેળાં-રોટલી બહાર નીકળી પડ્યાં. એ ઉપર અઢાર ઘા ઝીંકીને અભો ઊભો થયો; આકાશમાં જોઈને બોલ્યો : “હીરજી મહેતા! હુંયે હમણાં આવું છું. મૂંઝાઈશ મા, મારો ધણી મારી વાટ જોતો હશે. હીરજી મહેતા, આવું છું.!”

“માટી થાજે, હિંગતોળ, માટી થાજે!” એવો અવાજ આવ્યો. અભાએ પાછળ જોયું, ત્યાં કલિયા હજૂરીને તલવાર લઈને આવતો જોયો. અભાએ દોટ કાઢીને કલિયાનેય ઢાળ્યો, એના કાન અને ખભા કાપી નાખ્યા, આખી મેડીમાં હોકારા-પડકારા બોલ્યા. હેઠળ ‘એલી! એલી! એલી! અવાજ સંભળાણો, આરબની બેરખ આવી પહોંચી. અભાએ વિચાર્યું કે ‘હમણાં મને બંદૂકે દેશે, મને ભૂંડી મોતે મારશે.’

અભાએ ચારેબાજુ જોયું, એક બ્રાહ્મણને ભાળ્યો. અભો દોડીને એની આગળ ગયો, કહ્યું : “એ મા'રાજ, આ લે તરવાર,

આરબને હાથે મરવા કરતાં બ્રાહ્મણને હાથે મરવું ભલું, ઊડાવી દે મારૂં ડોકું.''

``બા...પા! હું...હું! તમારી...હ...ત્યા!''

``જલદી તરવાર ઝીંક, મા'રાજ! નીકર તનેય હમણાં હીરજી મહેતાની પાસે પોગાડું છું લે, ઝટ કર્ય.''

બ્રાહ્મણે તરવારનો ઘા કર્યો. અભાનું માથું ઊડી પડ્યું એનું ચારણી બિરદ-ગીત છે :

**(૧)**

*વાગી હાક બપોરા વખતે,*
*લોપી એક વેણમાં લાજ,*
*ઊઠી ચડ્યો કઠોડે અભલો,*
*અભલો મણા ન રાખે આજ*

(બપોરને વખતે હાક વાગી. પોતે પોતાના ધણીને આપેલ એક વચન ખાતર અભાએ લાજ લોપી. અભો કૂદીને મેડીને કઠોડે ચડ્યો)

**(૨)**

*જાગી મે'તે હાથ જોડિયા,*
*દજડી દાઝે મુજ મ દાખ્ય,*
*લેણું ભરાં દંડ દિવું લાખાં,*
*રૂડો શેઠ, મું જીવતો રાખ્ય.*

(જાગીને હીરજી મહેતાએ હાથ જોડ્યા : હે અભા, મારી સામે તું સળગતી દાઝે ન જો. હું કરજ ભરૂં, લાખો રૂપિયાનો દંડ દઉં. હે ભલા વણિક, મને જીવતો રાખ.)

**(૩)**

*કહે સોરઠિયો, વગદ્યાં કરી લે,*
*મેલું (તો) લાગે ખોટ મને,*
*મૂંઝવણ મને આજે મ'વાની,*
*કરશું સમજણ જસા કને*

(અભો સોરઠિયો કહે કે હવે ગલ્લાંતલ્લાં કરવાં હોય તેટલાં કરી લે. હવે તને છોડું તો મને બટ્ટો બેસે. મને તો મૂંઝવણ મહુવા વિશેની જ છે. મારે કાંઈ રૂપિયા કે દંડ નથી જોતાં. એનો બધો હિસાબ તો હવે સ્વર્ગલોકમાં જસા ખસિયા પાસે જઈને કરશું.)

**(૪)**

*અભલે તાતી ખાગ આછટી,*
*થરહર ભાવનગર થિયો,*
*હેડી આતા તણી હીરજી,*
*કટકા મેડી માંય કિયો.*

(આભાએ તાતી તલવાર ઝીંકી. ભાવનગર થથરી ઊઠ્યું. ને ઠાકોર આતાભાઈના જોડીદાર હીરજી મહેતાના મેડી ઉપર કટકા કર્યા.)

**(૫)**

*ધજવડ ભાંગી તોય ઘડુશિયો,*
*કલિયા તણો ખભો ને કાન,*
*એ સમયે વિપ્ર એક આવિયો,*
*દીધું શીશ વિપ્રને દાન.*

(પછી તલવાર ભાંગી ગઈ તો પણ કલિયાના ખભા અને કાન કાપ્યાં. એ વખતે એક બ્રાહ્મણ ત્યાં આવ્યો તેને અભાએ પોતાનું મસ્તક દાનમાં દીધું.)

**(૬)**

*ઈડો લાખો, પેથો, અમરો*
*રાધા જેવડા મૂવા રઘુ,*
*આઠગણી ખત્રવટ એનાથી,*
*વણિક તણો કાંઈ ખેલ વધુ.*

(પૂર્વે ઈડા વગેરે જે જબરા નરો મૂઆ છે, તેમનાથી પણ આ વણિકની ક્ષાત્રવટ તો આઠગણી વધી ગઈ.)

મરેલા અભાને મેડીએથી નીચે ફગાવ્યો. ઠાકોર આતાભાઈની આજ્ઞા થઈ : ``એને કૂતરાની માફક ઘસડતા મસાણે લઈ જાવ.''

આવી દશામાં અભાની લાશ નીકળી. સહુ જોઈ રહ્યા. હજારોમાંથી ફક્ત એક જણથી આ હાલ જોઈ ન શકાણા. એનું લોહી ઊકળી આવ્યું : એનું નામ મોડભાઈ નામનો ચારણ.

અટારીએ ઊભા રહીને આ શબને ઢસરડાતું જોતાં આતોભાઈ મૂછે તાવ દઈ રહ્યા છે, તે વખતે મોડાભાઈએ બજારમાં ઊભીને દુહો લલકાર્યો :

*માર્યાને મૂવા તણો, ધોખો કાંઉ ધરે?*
*મે'તાને મોર્ય કરે, હાલ્યો સોરઠિયો અભો.*

(એ ઠાકોર, માર્યા-મૂઆનો આવો ખાર મનમાં શું રાખી બેઠો છે? તું હવે અભાને ઢસરડાવીને લઈ જા તોપણ શું થઈ ગયું? અભો મસાણે જાય છે ખરો, પણ મહેતા હીરજીને મોખરે કરીને જાય છે. એમાં કાંઈ વાંસા-મોર્ય થોડું થવાનું છે?)

મે'ણું સાંભળીને આતોભાઈ શરમાઈ ગયા. અભાના શબની આ દશા અટકાવી દઈને રીતસર દેન દેવરાવ્યું. ■

***જીવનની ઘડિયાળને એક જ વાર ચાવી આપી શકાય છે અને એના કાંટા ક્યારે ચાલતા બંધ થઈ જશે તે કોઈ જાણતું નથી. આજે જીવો, આજે જ ચાહો. આજે જ થાય તેટલું કામ કરી લો. આવતીકાલે કદાચ ઘડિયાળ બંધ પણ થઈ જાય.***

## કચ્છ તેરેંજા તેજસ્વી તારલા...

### સ્વ. શ્રી ભવાનજી અરજણ ખીમજી ખોના (લઘુ શેઠ) તેરા - માટુંગા

ભવાનજી અરજણ ખીમજી, વા કોંગ્રેસજા સરદાર.
સેવાંઉતા કઈ કરે, નાં કઢ્યાં શાનદાર.
નાતજેં પ્રથમ સંમેલનજા પ્રમુખજો ઈતિહાસમેં સ્થાન વડેરો
શિક્ષણ પ્રસારક સમિતિજા અધ્યક્ષ થૈ, માર્ગદર્શન ડિના અનેરો.
નાતમેં જીંય માન થ્યો, તીંય રાજકાજ મેં માન
ગાંધીજી જે બોલ તેં જુકી વ્યા ભવાન.
તન-મન-ધન સેં કોંગ્રેસમેં ચેતન રેડે પ્રાણ
બી.પી.સી.સી. કેં અચી, જલે ગિણે હિન જવાન.
થઈ વ્યા ખજાનચી, પુરે અઢળક ધન
બ્રિટીશ જે નજરે ચડ્યાં, જેલ વ્યા સજ્જન.
કચ્છને નાતમેં પેલા એમ.પી. થ્યા, પૂરા બબ્બ વાર
પાર્લામેન્ટમેં કચ્છજી ખૂબ રખ્યાં તે ન્યાર.
ધરતીકંપજી ખબરું સુણી વહેલા પુગા અંજાર,
ભેરો કોઠી નહેરુજી કે, માડુંએકેં રાહત ડેરાય રખ્યો સંભાર.
ઈનીજી મહેનતસેં, વલ્લભભાઈ વિકસાંયાં કંડલા બંદર
સિંધુ કોર્પોરેશનકે તેરેંમેં, ને ડિના આરોગ્ય મેં સહાય.
તેરા ને આજુબાજુ ગામજે માડુંએંકે થ્યો સુખદાય.
માતુશ્રી ખેતબાઈ અરજણજે નાલેં, ભનાયાં બાલક્રિડાંગણ ધજ
તેરેંજી પ્રાથમિક શાળા સામે શોભે, જેંમેં બાલુડાં રમે અજ.
જખૌ જે દરિયા મત્થે, ક્યાંવા લવણ ઉદ્યોગ,
આશાપુરા માં કે વેરાયાં સમુદ્રતેં, ડિસી ધર્મ સંજોગ.
સદ્ગુરુ સેવા સંઘકે, સેવા ડિનાવાં અપાર.
સુખડીને વરી બાજરીયું, પુગીયું ગરીબજે દ્વાર.
ધન્ય પિતા અરજણ ખીમજી ને ધન્ય માતા ખેતબાઈ.
રાષ્ટ્ર સેવા - સમાજ સેવા ને શિક્ષણ સેવા કરી,
માજી કુખ્ખ ડિના દીપાઈ.

### સ્વ. શ્રી ભાણજી દેવજી ખીમજી ખોના (કબુ શેઠ) તેરા - માટુંગા

ખોના ભાણજી દેવજી, ખીમજી માડણજા પોતારા
માડણ ભોજરાજ કરમનજા, શોભેં ઈ પડપોતરા.
અરજણ ખીમજી પેઢીજા, થઈને વડા ભાગીદાર
કપ્પાજો દેશ-વિદેશમેં વડો વિકસાયાંવાં વેપાર.
કૈંકેંજા સગપણ સાંતરા ને, વિંયાં ડિના કરાય.
પિંઢજી પેઢીમેં ઘણેંકે કમ ડિનો, ડિનો શિક્ષણ ક્ષેત્રે સહાય
કુખ દીપાયવ્યા માતા લીલબાઈજી, કૈ કરે ભલાઈજા કમ.
ક્યાં રોશન પિતા દેવજી ને તેરેંજો નાં, સંભારી ધરમ.

### સ્વ. શ્રી રતનબાઈ ભાણજી ખોના (તેરા-માટુંગા)

નાત-રિવાજ નિભાયનેં, સગપણ ને વિયાં કરાય ડિના કઈ
ખોના રતનબાઈ ભાણજી,
જેંજે નાં તે અતિથિગૃહ તેરા ને સુથરીમેં અઈ.

*રશ્મિન ખોનાનો કાવ્ય સંગ્રહ "ધન્ય! દશેંજી નાત" માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# થોડી સી બેવફાઈ

• પ્રિયકાંત પરીખ •

વૈભવશાળી જીવનની વચ્ચે અંતરાના અંતરમાં વેદનાનો કાવો ઘૂંટાતો હતો. કોઈની સમક્ષ તે હૈયાને ઊલેચી શકે એમ નહોતી. કોઈની સમક્ષ તે હૈયાવરાળ ઠાલવે તો એના પતિ અનુરાગની ઈજ્જતના ધજાગરા ફરકે એમ હતું. એટલે તો અંતરા એની ખાસ મિત્ર સપના આગળ પણ હૈયાની વેદના ઠાલવતી નહોતી.

એક દિવસ સપનાએ કહ્યું, 'અંતરા, તું ગમે તેટલું છૂપાવે છતાં તારા સ્મિતમાં રુદન ધબકે છે. તારી આંખોમાં ખેંચાતી અજંપાની લકીર તારી અવ્યક્ત વેદનાની ચાડી ખાય છે. શું દુઃખ છે તારે? અનુરાગ જેવો વ્યક્તિત્વશાળી બિઝનેસમેન તારો પતિ છે. જુહુ પાર્લે સ્કીમ જેવી પોશ લોકાલિટીમાં બંગલો છે. સાસુ-સસરા, દિયર-નણંદનું કઈ વળગણ નથી. તારી પાસે અલગ કાર છે. તું જે ઇચ્છે એ ખરીદી શકે એટલી શ્રીમંત છે. બાળપણથી આજ સુધી આપણી વચ્ચેના સંબંધો ટકી રહ્યા છે. હું તને સારી રીતે ઓળખું છું. તું અલ્લડ, હસમુખી અને બિન્દાસ હતી. કેવી હતી, કેવી થઈ ગઈ છે તું?'

'પરિણીતા બન્યા પછી ઠરેલપણું આવી ગયું છે. બાકી, કોઈ એવી વાત નથી.' અંતરાએ પરાણે હસીને કહ્યું.

'ભલે. તારે ન કહેવું તો દબાણ નહીં કરું. એકબીજાની વાતમાં માથુ માર્યું નથી. એટલે તો આટલા વર્ષો સુધી આપણા આત્મીય સંબંધો ટકી રહ્યા છે.'

ચા-નાસ્તો કર્યા પછી સપના ઊભી થઈ. પાકીટ લટકાવતાં બોલી, 'ચાલ, હું જાઉં, હૈયું બરદાસ્ત ન કરી શકે એટલી વેદના અનુભવે તો મને માફ કરજે. તું આવજે, કાં હું આવીશ. બાય...'

'ચાલ, તને મૂકી જાઉં.' અંતરા બોલી.

'અંધેરી ક્યાં દૂર છે? આજે તું મૂડમાં નથી, તારે કપડાં પણ બદલવા પડશે. ફરી ક્યારેક.'

સપનાના ગયા પછી અંતરા રડી પડી : સપના, તારી વાત સાચી છે, પણ અનુરાગ વિશે સાંભળેલી, અન્ય યુવતી સાથેના એના સંબંધોની વાત કેવી રીતે કરી શકું?

દસેક દિવસ પછી બપોરે અંતરાને ફોન મળ્યો, 'અંતરા, આપણે મળવું જરૂરી છે. હું તને એ વાત કહેવા માગું છું, જે તું મને કહી શકતી ન હોય - અનુરાગ અંગે — તું આવે છે કે હું આવું?'

'આવી શકે એમ હોય તો તું આવી જા. અનુરાગ બિઝનેસ ટૂર પર દિલ્હી, ચેન્નાઈ ગયો છે.'

'ભલે, હું આવું છું.' સપનાએ કહ્યું.

'આપણે સાથે જમીશું.'

'ઓ.કે...'

એક કલાકમાં સપના અંતરાના બંગલે પહોંચી ગઈ.

'સુરતના એક સંબંધી પોંક, રતલામી સેવ અને ચટણી આપી ગયા છે. મહારાજ ઊંધિયું-જલેબી બનાવીને હમણાં જ ગયા છે. મુંબઈમાં શિયાળો કાતિલ હોતો નથી છતાં ફૂલ ગુલાબી ઠંડીમાં ચટાકેદાર વાનગીઓની મજા ઔર હોય છે.'

'દર સીઝનમાં સુરત પોંક ખાવા જાઉં છું. માંડવાઓમાં મજા આવે છે. આ વર્ષે જવાયું નથી એટલે પોંક ખાવાની ઈચ્છા પૂરી થશે.'

જમી રહ્યા પછી અંતરાએ કહ્યું. 'તું એ વાત કહેવાની હતી ને જે હું જાણતી નથી.'

'હા, શક્ય છે તું માહિતગાર હોય જે વાત તારી વેદનાનું મૂળ હોય.'

'બોલ તો ખરી, વાત જાણ્યા પછી કહીશ કે હું વાત જાણતી હતી કે નહીં, બોલ?'

'હું ખોટી પણ હોઈ શકું. તારે મને માફ કરવી પડશે!'

'બોલ તો ખરી.'

'તારા વર અનુરાગને જુલી નામની એક યુવતી સાથે ગાઢ સંબંધ છે. જુલી મારા ફ્લેટની સામે આવેલા 'મંગલમ' ફ્લેટમાં પાંચમા માળે રહે છે. બરાબર મારી સામેના ફ્લેટમાં વચ્ચેથી સરિયામ રસ્તો પસાર થાય છે. મેં અનુરાગને જુલીના ફ્લેટની બાલ્કનીમાં બે વાર ઊભેલા જોયા છે. મેં તપાસ કરી તો જુલી નરીમાન પોઈન્ટ પર આવેલી 'એર ઇન્ડિયા ઇન્ટરનેશનલ' ની 'કોર્પોરેટ હાઉસ' માં રિસેપ્શનિસ્ટ તરીકે સર્વિસ કરે છે. મેં ખાતરી કરી છે. સપનાએ અંતરાના ચહેરા પર નજર સ્થિર કરી.

અંતરાની આંખો ઝમવા લાગી. થોડી ક્ષણો પછી અંતરાએ અશ્રુઓ લૂછતાં કહ્યું, 'તારી વાત સાચી છે. અનુરાગની આબરૂ ન બગડે એટલા માટે હું તને, મારી 'બૂઝમ ફ્રેન્ડ' ને પણ આ વાત કરી શકતી નહોતી. મારા પર કોઈ અજનબીના ફોન આવતા હતા. અનુરાગના અફેર અંગે, 'તમારું દાંપત્ય જીવન ભયમાં છે. અનુરાગ એક સુંદર યુવતીને તમને પરણ્યા પછી ય પ્રેમ કરે છે. બચાવી શકો તો બચાવી લો તમારો સંસાર

છિન્ન ભિન્ન થાય એ પહેલાં. યુવતીના નામ અને કામ વિશે માહિતી નથી. ખબર પડશે તો જરૂર જણાવીશ. બની શકે આવતી કાલે એ તમારા બંગલાની અંદર હોય અને તમે રસ્તા પર હોવ. હું તમારો હિતેચ્છું છું.'

'એટલે તારા ચહેરા પર, તારી આંખોમાં, તારા સ્મિતમાં વેદના ધબકતી જોઈ શકતી હતી.'

'હું શું કરું સપના, શું કરું?'

'ખૂબ શાંતિથી તું અનુરાગને પત્નીના અધિકારથી પતિના લગ્નેતર સંબંધો વિશે પૂછી શકે. તારો અધિકાર છે. ચાલ, હવે હું જાઉં. ધીરજથી કામ લેજે. મારી જરૂર હોય તો ફોન કરજે. હું તારી સાથે જ છું.'

સપનાના ગયા પછી અનુરાગને જૂલી સાથેના સંબંધો વિશે સ્પષ્ટતા કરવાનું મનોમન નક્કી કર્યું.

અનુરાગ બે દિવસ પછી બિઝનેસ ટૂર પરથી પાછો ફર્યો. જમીને અંતરા અનુરાગ સાથે સોફા પર બેઠી હતી. અંતરાએ હિંમત એકઠી કરી પૂછી નાખ્યું, જુલી કોણ છે? તમારે એની સાથે કેવા અને કેટલા સંબંધો છે?'

અનુરાગ ચમક્યો. પણ સ્વસ્થતા પ્રાપ્ત કરતાં બોલ્યો, તને ખબર પડવાની હતી પણ વહેલી પડી ગઈ એમને?'

'મારામાં શું ખામી છે? હું માતા બની શકતી નથી એ જ ને?'

'તારો કોઈ દોષ નથી. તારામાં કુદરતી ખામી છે, પણ જે કાંઈ બની ગયું એ વાતથી તું અણજાણ છે. એને અને તારી ખામીને કોઈ સંબંધ નથી.'

'કયો બચાવ કરવાનો છે? બોલ.'

'અંતરા, મને ઘણીવાર વિચાર આવતો કે અંતરાને વાત કરી દઉં, પણ તારા અજ્ઞાતાના વર્તમાન સુખને નંદવી નાખવા ઈચ્છતો નહોતો એટલે તારાથી અમારા સંબંધોની વાત છૂપી રાખી હતી. વાત કરવાની યોગ્ય તક શોધતો હતો જે આજે મળી ગઈ.'

'તમારે જૂલી સાથે કેવો સંબંધ છે?' અંતરા ગુસ્સાથી બોલી.

'શાંતિથી સાંભળ. ઉશ્કેરાઈ જવાથી કંઈ વળવાનું નથી. જુલી મારી પહેલી પત્ની છે.'

'શું? અંતરા ચીખી ઊઠી.

'હા, અને જુલીના કહેવાથી, એની સંમતિ પછી જ તારી સાથે લગ્ન કર્યું છે. જુલીનો મારા પર પહેલો અધિકાર છે.'

'કેવી વિરોધાભાસી વાત કરો છો?'

'છતાં જે વાત કરું છું તે એ નરદમ હકીકત છે. ગઈકાલની વાત આજે, અત્યારે શાંતિથી સાંભળ.'

'બોલો.'

'જુલી સાથે મારા સંબંધો આઠેક વર્ષથી છે. હું એના પ્રેમમાં હતો. એ પણ મારા પ્રેમમાં હતી. પણ મારા ઉદ્યોગપતિ પિતા ચુસ્ત વૈષ્ણવ હતા. જુલી સાથે પરણવાની કોઈ પણ કિંમતે સંમતિ નહીં આપે એ જાણવા છતાં મેં જુલી સાથે પરણવાની સંમતિ માગી. પિતા ખૂબ ગુસ્સે થઈ ગયા. મે જીદ કરી. પિતા ગુસ્સાથી કંપી ઊઠ્યા અને ત્રાડ પાડી, 'નાલાયક, તને ધર્મભ્રષ્ટ થતાં શરમ નથી આવતી?'

થોડો સમય જતાં જુલી માં બનવાની હતી એટલે મેં ફરીથી પિતાની સંમતિ માગી.

પિતા ગુસ્સાથી ધ્રુજી ઉઠ્યાં અને ઢળી પડ્યા. પિતાને પહેલો એટેક આવતાં બચી ગયાં હતા. બીજો એટેક એમના જીવન માટે જોખમરૂપ હતો.

એમણે કહ્યું, 'મારી ઈચ્છા પૂરી કરવા માટે મારા મિત્રની પુત્રી અંતરા સાથે પરણવું પડશે. અંતરા ગ્રેજ્યુએટ છે, સુંદર છે, સંસ્કારી છે, આપણી જ્ઞાતિની છે.

માતાના મૃત્યુ પછી મારા સુખ માટે બીજું લગ્ન ન કરનારા પિતાના સમર્પણથી પરિચિત હતો. ડૉક્ટર આવ્યા. એમણે મસાજ કરી ઈંજેક્શન આપ્યું અને મને તાકીદ કરી, 'એમને કોઈ આઘાત ન લાગે એનું ખાસ ધ્યાન રાખજો. આઘાત એમને માટે જાનલેવા સાબિત થઈ શકે છે.'

મેં ફોન કરી જુલીને વાત કરી. એણે સોગંદ દઈ, પિતાની ઈચ્છા પૂરી કરવાનું વચન લીધું.'

'પિતાની ઈચ્છા પૂરી કરવા મેં તારી સાથે લગ્ન કરવાની 'હા' પાડી. તારી સાથે ખૂબ ઝડપથી લગ્ન થઈ ગયા એમાં જુલીનો ફાળો મહત્ત્વનો છે. હું તમારા બંને તરફ કોઈને અન્યાય ન થાય એની સભાનતા રાખી વર્તતો હતો. જે કાંઈ બની ગયું તેમાં તારો કોઈ વાંક નહોતો. હું જુલી સાથે જુલીએ જન્મ આપેલ પુત્ર તરફ પ્રેમ રાખતો હતો, તો તું ન દુભાય એનું પણ ધ્યાન રાખતો હતો. જુલી આર્થિક રીતે પણ બોજારૂપ નહોતી, 'એર ઈન્ડિયા ઈન્ટરનેશનલ' ની ઓફિસમાં રિસેપ્શનિસ્ટ તરીકે મોટા પગારથી નોકરી કરે છે. પુત્ર કર્ણને બેબી સીટિંગમાં મૂકીને ય

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

સર્વિસ કરે છે. મારા તરફથી કોઈ પણ અપેક્ષા વગર, મારી બદનામી ન થાય માટે કર્ણ પાછળ એનું નામ રાખ્યું છે. હું બિઝનેસ ટૂર પર જુલી અને કર્ણને પણ લઈ ગયો હતો. હવે તું જ કહે, હું તને અન્યાય કરું છું કે જુલીને? તું માતૃત્વ ધારણ કરી શકવાને સમર્થ નથી એ જાણ્યા પછી ય મેં તને કટાક્ષના બે શબ્દો સુદ્ધાં કહ્યા છે, તને કદી દુઃખ આપ્યું છે? અને ટ્રેજેડીની વાત તો એ છે કે, તારી સાથે લગ્ન કર્યાના બીજા દિવસે જ પિતા સંતોષ લઈ મૃત્યુ પામ્યા એ તું જાણે છે. હવે મારી સાથે રહેવું કે તારે છૂટા થવું છે એનો ફેંસલો તારા પર છોડું છું. તારો કોઈ પણ ફેંસલો મને મંજૂર હશે. કારણ કે સભાનપણે કોઈનોય દ્રોહ કર્યા વગર હું અપરાધી છું.'

અનુરાગની વાત સાંભળી અંતરા રડી પડી, 'મને ખબર નહોતી કે જુલીનું સમર્પણ આટલું મોટું છે.' અને આંખોનાં આંસુઓ લૂંછતાં બોલી, 'મારી એક વાત માનશો!'

'બોલ.'

'જુલી અને કર્ણને આપણા બંગલે કાયમ માટે રહેવા લઈ આવો. આપણે બધાં સાથે રહેશું અને કર્ણને માતાનું નહીં, પિતાનું તમારું, એના હકનું નામ આપો. કાલે સવારે જ જુલી અને કર્ણને લઈ આવો, પ્લીઝ! મારી સંતાનની ઊણપ પણ પૂરાઈ જશે. લઈ આવશો ને? અંતરા અનુરાગને વીંટળાઈ વળી, 'મને આનંદ થશે.'

'ભલે.'

બીજે દિવસે સવારે અનુરાગ કર્ણને લઈને બંગલે આવ્યો.

'આ કર્ણ...' અનુરાગે કર્ણને અંતરાના હાથમાં મૂક્યો, 'આપણો પુત્ર.'

અંતરાએ કર્ણને ચૂમીઓ પર ચૂમીઓ ભરવા માંડી. આનંદનો ઊભરો શમતાં તેણે પૂછ્યું, 'જૂલી?'

'અંતરા, જુલી કર્ણને આપણને સોંપી, એના વતન પણજી (ગોવા) જાય છે. ત્યાં હોટલમાં એને રિસેપ્શનિસ્ટની જોબ મળી રહેશે. મેં પાંચ લાખનો ચેક આપ્યો તે ફાડીને ફેંકી દીધો. આપણે ગોવા જઈશું ત્યારે મળીશું?'

'જુલી ખરેખર ગ્રેટ છે.' અંતરા બોલી તેનો કંઠ ગદગદ બન્યો.'

અંતરાએ સપનાને ફોન કરી દીધો. અનુરાગ સાથેના સંબંધોનો સુખદ અંત આવ્યો છે. લાંબી વાત છે. રૂબરૂ મળીશ ત્યારે વાત કરીશ.'

પંદરેક દિવસ પછી જુલીનો ફોન મળે છે. : 'હું ઈશુના ચરણે સમર્પિત થવા 'નન' બની ગોવા છોડું છું. May God Bless You... ■

## કેશલેસ : ધ્યાન રાખવા જેવી બાબતો

૧. જો તમે પેમેન્ટ માટે કોઈ વેલેટ સિસ્ટમનો ઉપયોગ કરતા હો તો પહેલા એ ચેક કરો કે તે કેટલું સિક્યોર છે. તેના માટે તમે ગુગલ પર જ તે વેલેટનું નામ અને પાછળ હેક લખીને તમે જોઈ શકશો કે તમે જે વેલેટનો ઉપયોગ કરી રહ્યા છો તે કેટલી રીતે હેક થઈ શકે છે.

૨. વેલેટમાં કે કોઈ પણ જગ્યાએ ક્યારેય પણ તમારા ડેબિટ કાર્ડને સેવ કરશો નહીં. કેમકે જો તે વેલેટ હેક થશે તો તમારી સેવ (Save) થયેલી ડિટેઈલ્સ પણ હેકર પાસે પહોંચી જશે.

૩. વેલેટમાં પણ વધુ રૂપિયા રાખવા નહીં. જો વધુ રૂપિયા રાખશો અને વેલેટ સિસ્ટમ ડાઉન થશે કે બંધ થઈ જશે તો તમે ઉમેરેલા રૂપિયાનો તમે ઉપયોગ કરી શકશો નહીં.

૪. મોબાઈલમાં પણ જે એપ્લીકેશન ઇન્સ્ટોલ કરો છો તેને ચેક કરો કે તે બરાબર છે કે નહીં? કેમકે જો તે એપ્લીકેશનમાં સ્પાયવેર હશે તો પણ તમારા પર હેકિંગ થવાના ચાન્સીસ રહી શકે છે.

૫. ક્યારેય પણ તમારી A.T.M. ડિટેઈલ કોઈને આપશો નહીં.

૬. જ્યારે પણ તમે નેટ બેન્કિંગ કરો ત્યારે એવો પ્રયાસ કરો કે તમે તેમાં લોગ-ઇન તમારા જ કોમ્પ્યુટરથી કરો.

૭. નેટ બેન્કિંગથી જ્યારે પણ તમે કોઈને પેમેન્ટ કરો છો ત્યારે ઘણી બેન્કોમાં એવી સિસ્ટમ છે કે તમારે તે વ્યક્તિને બેનિફિશિયરીમાં ઍડ કરવો પડે છે. તો જ ટ્રાન્ઝેક્શન પૂરું થાય અને તરત જ તે ડીટેઈલને ડિલીટ કરી નાખો.

૮. નેટ બેન્કિંગ કરતા પહેલાં પણ તમારું કોમ્પ્યુટર સ્પાયવેર ફ્રી છે તે ચેક કરો. તેના માટે ઘણા સોફ્ટવેર છે જેના ઉપયોગથી તમે ચેક કરી શકો કે તમારા કોમ્પ્યુટરમાં સ્પાયવેર છે કે નહીં.

૯. નેટ બેન્કિંગના યુઝર નેમ અને પાસવર્ડ એન્ટર કરવા માટે વર્ચ્યુઅલ કી-બોર્ડ એટલે કે ઓન સ્ક્રીન કીબોર્ડનો ઉપયોગ કરો. જેનાથી જો તમારા કોમ્પ્યુટર પર કી-લોગર હોય તો પણ તમારી ડીટેઈલ હેક થઈ શકે નહીં. વિન્ડોઝ સ્ક્રીન પર ઓનસ્ક્રીન કી-બોર્ડ શરૂ કરવા માટે સૌથી પહેલાં તમારી વિન્ડોઝનું બટન અને તેની સાથે R દબાવો. જેનાથી રનનું વિન્ડો ઑપન થશે. અને ત્યારબાદ તેમાં OSOSX.EXE ટાઈપ કરવાથી ઓન સ્ક્રીન કી-બોર્ડ ઑપન થઈ જશે.

૧૦. ATM માં જતી વખતે ધ્યાન રાખો કે કાર્ડ રીડરની જગ્યાએ કોઈ કાર્ડ સ્કીમર રાખેલું નથી તે ચેક કરવું.

*પ્રેષક : દિનેશચંદ્ર જે. શાહ - અમદાવાદ*

# ધૂણી

• દીના પંડ્યા •

સરપટ લાકડું મેલ્યું. જરા ઉપરતળે કર્યું. તણખા દાંતિયાં કરતા એને વળગ્યા. ધુમાડો જામવા લાગ્યો. ભાઈને ન્યાં તો ગ્યેસના ચૂલા. ધુમાડાનું નામ નૈ. પણ આ રાજપરુ —

'મુઈ સલ્લી વઉ, ચૂલે લીલું ઘાલ્યું છે, ઈ તો દેખવું'તું. આંખ્યું છે કે કોડા?'

સાસુના શબ્દે મોંભર હાથિયો (થોર) ઊગી નીકળ્યો. એની પાની નમતી એક ડાળ-તીણા કાંટાથી ઉઝરડા પાડવા મથી. એણે દાતરડું લીધું. દાંત ભીંસીને વાઢી. ત્યાં સાસુ બોલ્યાં,

'ગમાણ અણહોરી છે. ગવરી આજેય વટકી લાગે છે. રખડેલ નહીં તો - જા, જરા કાશીને ઘેર.'

કાશીનું ઘર - મન ટપ્પા પાડતું આગળ આગળ હાલ્યું. નજર આડશોને પાર કરતી સીધી હાલતી થઈ. ડેલીએ પોંગતામાં જીભ સળવળી - 'શું જનાવર કે શું માણહ - પે'લી વારિયા ઉંબરના નેહડા ભૂલે નૈ.'

'ચીલી, વાલામૂઈ, ડંગોરો લેતી જા.'

સરલી પાછી વળી. ડંગોરો લીધો. પાછળ નજર કરી. ધુમાડો બારણું ઠેલતો બહાર ભાગે છે. પાછી આવીશ ત્યાં ચોખ્ખુંચટ્ટ ઘર. લીલુંય કજળવા માંડ્યું હશે. ને ધુમાડો સપૂચો બંધ. લીલેરાં કોઠીરખ્ખા મનને ધરપત આપવા ઊંડાણ ફંફોર્યું. ખાલીપો આંગળીએ વળગ્યો. ઝમ-ઝમ. ઝણઝણાટ હાથેથી હૈયા પાર... કંપનો ડામવા સાડલો સરખો કર્યો. મેલી મથરાવટી પર નજર ચોંટી. સાસુ માથું ચોળવાની ના કહે છે. એવો રિવાજ, કુળદેવીની આડ - તેવું કહી ભરમાવે છે. એમાં માથે મેલ - પગલું જોશભેર ઉપાડ્યું. બારણું આડું ફાટ્યું ને અથડાઈ પડી. હાથથી ડંગોરો છૂટ્યો. વાંકા વળવાની જરૂર નો પડી. અડધિયા - અધખુલ્લા બારણાનો ટેકો લઈ, ડંગોરો હસવા લાગ્યો.

'હવે જા ઝટ. ઠોયાની જેમ શું ઊભી છો? તારી માને આયા દોવાનો ટેમ થૈ ગીયો.'

ખાટલી પર મહારાણીની જેમ બેઠાં બેઠાં છીંકણી તાણતાં સાસુએ વરવાં વેણ છોડ્યાં કે એ જાણે લીલું લાકડું- અંતરસોંતી કજળવા લાગી. ધુમાડો...ધુમાડો. આંખો બળવા લાગી, પછી ઝૂમવા લાગી. મા તો ક્યાં હતી જ. બાપુય તે ગયા. માબાપ વિનાનો ઓશિયાળો જન્મારો.

ચચરતા દિલે ઊભી શેરીમાં હાલી. પણ એ વિચારે પગલું સંકોરાયું - રખે ધુમાડો પીછો કરતો હોય. નજર પૂંઠે વળી. હવાની સંગાથે ધુમાડાની એક લહેરખી પાછળ આવતી લાગી. ગાલાવેલો છે - ઠર્યો રે'ને ભાઈ ઘરમાં જ. આંઈયાં પાછળ શું લેવા પડ્યો છે?

વણબોલાયેલા શબ્દોના પડઘા ઊછળ્યા. એનો ધક્કો લાગ્યો કે ખળભળી ઊઠી. ડાંગનો ટેકો લેવાઈ ગયો.

'નખરાળી સાલી ગવરી, સખ લેવા દેતી નથી. કોઈ વાત ઈ ઉંબરના ભેદ ભૂલતી નથી.' બબડતી સરલી ચૂલે પેઠું લીલું લાકડું હોય, એમ કજળતી એના આંગણિયે પહોંચી. અધીરા ઉંબર ભેટવા દોડ્યા. ઓખળિયોમાં પડેલી તિરાડ, પાણિયારે ઝાંખાં બેડલાં, ચૂલા પાહે રાખના ઢગ દીઠા. ભીંતે ચીતર્યા હોય એમ કાશીમા ખાટલીએ બેઠાં એની કોર જોઈ રહ્યાં છે. બાવળિયો નજરુંમાં રોપી એ બારણાની કોરે ઊભો છે. ફળીના આઘેડ લીમડે સળવળાટ જામ્યો. ડાળીઓ વીંઝણો ઢાળવા લાગી. મહીંથી કાગડીનો ક્રાં ક્રાં ક્રાં - ના રે મૂઈ, કોયલ ટહુકી. કાન છે કે કોડિયા. એ લીમડાના પડછાયા હેઠેથી સરકી. સાંજુકો તડકો લીંબોળીની કડવી-મીઠી સુવાસ ભેળો અને વળગી પડ્યો. પકતા પને કોળાતું ઘર ઊંચા મને એને તલાશવા લાગ્યું. એમાં હરખનો ભાંભરડો ભળ્યો કે એ ચોંકી ઊઠી - 'ગવરી... રાંડ... વળી તું આંઈયાં' - એની જીભ ઝલાઈ.

'આવ સલ્લી, અડાળી ચા પીને જા. ગવરી આંઈયાંથી નાસી નૈ જાય. ઈ બચાડો અબોલ જીવ, પાંણ (પણ) માયાનો પાર નૈ. આ ઘરના મોભીના મંદવાડે માથે મોંવાળા જેટલા દેવા ખડકી દીધાં. ઈમાં ગવરીને વેંકવી (વહેંચવી) પડી. આંઈયાં કાંઈ ભૂખે મારવી ઈને? વરી આ ગામમાં જ મોટી થયેલી. સીમ-પાદર ઈનું જણતલ ખરું ને...પાણ સલ્લી, ઈ મૂઈ હમજતી નથી. ગોધૂલી ટાણે વગડેથી પાછી વળે કે આંઈયાં હાલી આવે છે. ને ખીલા પાંહે પૂંછડું ઉલાળતી ઊભી રૈ જાય છે. લે, દોરી જા તારા ઘેર. પાંણ સલ્લી, ઈને મારતી નૈ હો. બચારી ગવરી હું હમજે રૂપિયા-પૈહાની લેણદેણને - ઈ તો ધણીને ઓળખે, ઈના હેતને ઓળખે.'

'લ્યો કહો કાશીમા, હું કાંઈ ગવરીને મારવાની? આ - તો ઘર ભેગી કરવી પડે. ઓ ગવરી...બુન, હાલો આપડા નવા ઘરે.'

સરલી ઘાસિયા છાપરા હેઠળ ઊભેલી ગાય પાસે ગઈ. બે હાથે પંપાળતાં બોલી - 'ભૂંડી, દીકરીને ગાય દોરે નીંયા જાય... ઈ તારો સ'ભાવ ઠામૂકો ભૂલી ગૈ? હાલ માવડી, આગળ થા.'

સરલીએ ગવરીનું દોરડું ઝાલ્યું - તાણ્યું, ગવરીનું મોં ખેંચાણું ને સરલીની મુખામુખ થઈ ગયું.

'અલી ગવરી, હું તો તારાથીય ગૈ. ઓલો ત્રાંહી આંખે જોતો કેવો નિમાણો થૈને બેઠો છે. દાધારંગી, મારી આંખ્યુંય ક્યાં કોરી

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)

# કાળાં નાણાંનો માલિક

• જયંતિ એમ. દલાલ •

પૈસા ભરેલો કોથળો સીવતાં મનોહરે સાવિત્રીને પૂછ્યું : 'આપણો એકનો એક દીકરો શ્રીપાલ હજી લગી મસૂરીથી પાછો કેમ ન આવ્યો?'

'હવે ક્યારેય આ ઘરમાં પાછો નહીં આવે.'

'એટલે?'

'કલાક પહેલાં જ એનો ટેલિફોન હતો. હું તમને કહેતાં ભૂલી ગઈ હતી.'

'ટેલિફોનમાં શું કહેતો હતો?''

'એ હવે મસૂરીથી મુંબઈ પહોંચી ગયો હશે. તમને તો ખબર છે, આવી રીતે ભેગી કરેલી ધનદોલતને એ ધિક્કારે છે.'

'સાવિત્રી, તું તો જાણે છે કે મિનિસ્ટર બન્યા પછી આ પૈસો એના માટે ભેગો કર્યો છે.'

'તમે તો જાણો છો, આવી કાળી કમાણીને એ હાથ પણ નહીં લગાડે. વારંવાર હું ને શ્રીપાલ તમને કહી ચૂક્યા છીએ કે તમારી આવી કમાણીમાં અમને કોઈ જ રસ નથી.'

'બે કરોડ સ્વીટ્ઝરલેન્ડની બેંકમાં આપણા જમા પડેલા છે. હવે આ એક કરોડ આવતીકાલે ત્યાં મોકલાવી દઈશ!'

'પછી?'

'પછી શું? આ ધનદોલતનો ઉપયોગ કરી આખી દુનિયા ફરી લ્યો. આવડા મોટા દિલ્હીના બંગલામાં રહેવા આવ્યા ત્યારપછી જ મને કમાવાનો આ કીમિયો હાથ લાગ્યો છે.'

'આ પૈસો તમને મુબારક! આ પૈસામાં મને જરાય રસ નથી.' કહેતાં સાવિત્રી ઊભી થઈ અને રસોડામાં જઈને રસોઈ કરવા લાગી. મનોહર જાતે કોથળો ઉપાડીને અલગ રૂમમાં મૂકી આવ્યો. રાત્રે જમીને એ બંને સૂઈ ગયા. પડતાંવેંત થોડીવારમાં મનોહર તો ઊંઘી ગયો પણ સાવિત્રીને ઊંઘ આવી નહીં. વારંવાર એની સામેથી મુંબઈમાં પસાર કરેલાં વર્ષોની યાદ આવતી ગઈ.

લગ્ન કરીને ઘરસંસાર માંડતા એ જોગેશ્વરીની બે રૂમમાં કેટલા સુખથી રહેતી હતી! ટોઈલેટ કોમન હોવા છતાં સાવિત્રી મનથી અને તનથી સુખી હતી. બે વર્ષે શ્રીપાલનો જન્મ થતાં, મમતાની દેવી બનીને શ્રીપાલનો ઉછેર કરવા લાગી. ઠેઠ જોગેશ્વરીથી રોજ કલ્યાણમાં સવારના આઠ વાગ્યે નોકરીમાં હાજર રહેનાર મનોહર પણ બહુ સુખી હતો! ભણવામાં બહુ જ હોશિયાર એવા શ્રીપાલે એસ.એસ.સી. માં શાળામાં બીજા નંબરે પાસ થતાં, માત્ર શાળાનું જ નહીં, પણ જ્ઞાતિનું નામ પણ રોશન કર્યું હતું. સીડનહામ કૉલેજમાં ભણવા એ ઠેઠ જોગેશ્વરીથી ચર્ચગેટ જતો.

ધીરે ધીરે ડી.પી. ઘરની કંપનીમાં મનોહર જનરલ મેનેજરના હોદ્દા સુધી પહોંચી ગયેલો. આ સમયમાં અચાનક એનો ભેટો રામપ્રસાદ તિવારી સાથે થયો. જોગેશ્વરીનું ઘર બદલીને મનોહર હવે બે રૂમના બ્લોકમાં રહેવા આવી ગયો. તિવારીએ મનોહરની અક્કલમંદી જોઈને ભવિષ્ય ભાખેલું કે એક દિવસ તે ચોક્કસ મિનિસ્ટર બનશે.

વખત જતાં મનોહર રાજકીય પાર્ટીમાં દાખલ થઈ ગયો. પાર્ટીમાં એનો અવાજ અને મિજાજ બુલંદ રહેતા. પાર્ટીના કહેવાથી એ ચૂંટણીમાં ઊભો રહ્યો અને મોટા માર્જીનથી એ જીત્યો. એ જીતુપ્રસાદના કહેવાથી દિલ્હી આવી ગયો. ત્યાં સુધી શ્રીપાલ હોસ્ટેલમાં રહીને સી.એ. નું ભણવા મુંબઈ રહ્યો. મોટા બંગલામાં રહેવા લાગ્યા. શ્રીપાલ ત્યાં સુધીમાં સી.એ. થઈ ગયેલો. એ પણ મનોહરની સાથે દિલ્હી રહેવા આવી ગયો. એકાદ વર્ષમાં મનોહરની ધનભૂખ એવી રહી કે શ્રીપાલ કંટાળીને બંગલો છોડીને તેના મિત્ર સુધીર સાથે મસૂરી ગયો અને ત્યાંથી મુંબઈ ચાલ્યો ગયો.

બીજા દિવસે સવારના મનોહરે સાવિત્રીને પૂછ્યું : 'એની પાસે ટેલિફોન નંબર તો હશે જ.'

'ના, એ પબ્લિક ફોનથી વાત કરતો હતો.'

'પણ હવે મુંબઈમાં શોધવો ક્યાં?'

'એની ખબર મને ના પડે.'

'તો આટલી ધનસંપત્તિ એના માટે એકઠી કરી. હવે શું કરશું?'

'મેં તો તમને પહેલેથી જ કીધું છે કે આવી રીતે કમાયેલા ધનમાં મને જરાય રસ નથી. શ્રીપાલ તો ઘણીવાર કહેતો કે પપ્પાને બે નંબરનો પૈસો એકઠો કરવામાં રસ છે. હું તો એ પૈસાને હાથ પણ ન લગાડું.'

'મેં આટઆટલી મહેનત કરીને પૈસા ભેગા કર્યા, એ કોના માટે? ભવિષ્યમાં તમે બંને સંપત્તિ વાપરો ને એશઆરામથી રહો.'

'તમે તો જાણો છો, મને કે શ્રીપાલને આ પૈસામાં બિલકુલ રસ નહોતો.'

સાવિત્રીની વાત સાંભળીને મનોહર દુઃખી થયો. દિલ્હીમાં બધી જાતની સુખસગવડ હોવા છતાં એ વધુ દુઃખી હતો. મુંબઈમાં તપાસ કરાવી પણ ક્યાંય શ્રીપાલનો પત્તો લાગ્યો નહીં. પેપરમાં કે બીજી રીતે શ્રીપાલની ભાળ કાઢવી એ મનોહરને માટે કલંકિત હતું. લોકો એમ સમજે કે બાપ-દીકરા વચ્ચે બનતું નથી એટલે જ શ્રીપાલ બંગલામાં રહેતો નથી.

શ્રીપાલ તો રોજ ભાંડુપ જતો. સી.એ. સુધી ભણેલો

શ્રીપાલ એમ.એમ. દલાલની કંપનીમાં કર્તાહર્તા થઈ ગયો. પગાર સારો હતો એટલે એ કંપનીમાં ચીવટથી કામ કરવા લાગ્યો. રશ્મિ સાથે એ કફ પરેડમાં ભાડેથી રહેતો હતો. રશ્મિ અને શ્રીપાલે સી.એ. સાથે કરેલું હતું અને બંને વચ્ચે મનમેળ પણ સારો હતો. રશ્મિએ એકવાર શ્રીપાલને પૂછ્યું,

'શ્રીપાલ, તારા પપ્પા કેબિનેટ મિનિસ્ટર બન્યા પછી દિલ્હીમાં રહીને અઢળક કમાણી કરે છે, તો તું દિલ્હી જઈને તારા પપ્પાને કેમ નથી મળથો?'

ત્યારે શ્રીપાલે મજાકમાં ઉત્તર આપ્યો હતો.

'તું તો જાણે છે, દોસ્ત, રાજનીતિમાં પડ્યા પછી ભ્રષ્ટાચારનો એરુ એવો આભડી જાય છે કે આખી જિંદગી એ એમાં જ પસાર કરતા દેખાય છે.'

'પણ એમાં ખોટું શું છે? તેં મને પહેલાં પણ કહ્યું હતું કે પપ્પા-મમ્મી બંગલામાં રહે છે. તો તું દિલ્હી કેમ નથી જતો?'

'એટલા માટે કે મને બે નંબરના પૈસામાં જરાય રસ નથી. એટલું જ નહીં, એ પૈસામાં મને ગટરની બદબૂ આવે છે.'

'હવે મને સમજાય છે કે આટઆટલી પૈસાની સુખસાહ્યબી હોવા છતાં તું શા માટે દિલ્હી નથી જતો? હું આડોલામાં રહેતા મારા પપ્પા-મમ્મી સાથે રહેવા નથી જતો કારણમાં એ લોકો પણ બે નંબરના અઢળક પૈસા કેમિકલ્સના ધંધામાંથી મેળવે છે. મારો જીવ ત્યાં મુંઝાય છે.'

'પણ તારા પપ્પાને ખબર છે, તું મુંબઈમાં રહીને નોકરી કરે છે?'

'ના.'

'એ બંને તારું લગ્ન કરવા માગે છે, પણ એ માટે તારું મન માનતું નથી, એવું તે મને ઘણીવાર કહેલું છે. પણ હવે તારો શો વિચાર છે?'

'હું ત્યાં જઈને કાળા નાણાંને હાથ પણ નહીં લગાડું, પછી ત્યાં જઈને હું શું કરું?'

'જો, આપણે બંને એક જ રથના પૈડાં છીએ, આપણને કાળું ધન વાપરવામાં બિલકુલ રસ નથી.'

'શ્રીપાલ, તું જાણે છે આપણે બંને ધારીએ તો સુખસાહ્યબીમાં આળોટી શકીએ છીએ. અહીં મુંબઈમાં રહીને આપણે આપણી જિંદગી સારી રીતે કેમ ના જીવવી?'

કફ પરેડમાં ભાડે રહેતા બંને મિત્રોમાં એવો તો લગાવ હતો કે એકબીજાના સુખદુઃખમાં સહભાગી બનીને જીવતા હતા. એકવાર રશ્મિને ડેન્ગ્યૂ થયેલો ત્યારે શ્રીપાલ પાંચ દિવસ રજા લઈને રશ્મિ સાથે રહેલો. ગણપતિના દિવસો હતા એટલે બંને મિત્રોએ વિચાર્યું કે ટીટવાલા ગણપતિનાં દર્શન કરવા જઈએ. બંને જણા નહાઈધોઈને તૈયાર થઈ ગયા. ટેક્સી કરીને સી.એસ.ટી. રેલવે સ્ટેશન પહોંચ્યા. શ્રીપાલે ટિકિટબારી પરથી ટિકિટો લઈ લીધી. ટીટવાલાની ગાડી કેટલા વાગ્યે ઊપડે છે એ ઈન્ડીકેટરમાં જોઈને સ્ટેશનની અંદર દાખલ થયા.

અચાનક જ આતંકવાદીઓની ધાણી ફૂટે એમ ગોળીઓ છૂટવા માંડી. લોકો જીવ બચાવવા આમતેમ દોડવા લાગ્યા. શ્રીપાલ અને રશ્મિ છૂટા પડી ગયા. આતંકવાદીની છૂટેલી ગોળી શ્રીપાલના લમણાંને ચીરતી પસાર થઈ ગઈ.

બીજા દિવસે મનોહર અને સાવિત્રીને જાણવા મળ્યું કે એમનો દીકરો શ્રીપાલ મનોહર પરીખ ગોળીનો ભોગ બન્યો હતો. સાવિત્રીએ રડતાં રડતાં મનોહરને કહ્યું :

'તમારા કાળા નાણાંના વ્યવહારને લીધે જ આપણો શ્રીપાલ ગોળીનો ભોગ બનીને બીજી દુનિયામાં ચાલી ગયો!' ■

## ધૂણી

**(અનુસંધાન : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)**

છે? પણ તને કાંઈ લાગે-વળગે ખરું? તું જનાવર-પણ અમથી તારારખ્ખુ થવાય છે કાંઈ? આવ તાવ દેખવું પડે ને. પૈણીને સ્ત્રી પેટ નો માંડે તો ધરા જાણે રસાતળ ગૈ. ઘરમાંથી પરણેતરને ખોડા ઢોરની જેમ તગડી મેલે. જોને ગવરી, ઈની માએ અડધ રાતે ઉંબરા ઉલેચાવ્યા, તીયારે મોંમાં જાણે જીભાન નો હોય ઈમ દેખતો રીયો'તો. ને હવે મુને ભાળતાં જ પીલુડા પાડે છે. હું તો મહેડાના કાચા ઘેવાસુબરિયા ડોરે (દોરે) ઈની હંગાથે સપુચી બંધાઈ ગીયેલી. તીં માચા કોને કીયે છે હૈં? દેખાય નૈ, પરખાય નૈ પણ ભૂંડી હૈયે વળગ. વળગ...પણ સાસુડી તો 'દીકરો દીકરો' કહી ધૂણવા માંડેલી. ગવરી, ઈનું ઓહડ દુનિયાના પટ માથે મલવાનું નૈ. પછેં તો જૂના વછૂટ્યા ને નવા ઊંબરા ઘહવા પૈઈડા. તું લાગ આવતા આઈયા ધોડી આવે છે. પણ મારાથી કાંઈ'-

ગવરીને ખેંચતી, બબડતી સરલી ડેલીના બારણા તરફ વળતાં મોટેથી બોલી - 'એ...જાઉં હવે...'

હવાનો ઝોંકો આવ્યો. સરલીનો રાતી-પીળી ભાતીલો પાલવ ઊડ્યો. ખાટલીએ બેઠેલાં કાશીમા અને થાંભલીને ટેકે ઊભેલા કાનાની આંખો સાગમટી થરકી ઊઠી. ને મન ઊભચૂભ કકળ્યું. હજુ લખણું કર્યે સલ્લીને વરહ થીયું નથી, ન્યાં મજ્જાનું છ માસીયું પેટ કાયઢું છે ને કાંઈ.

કાશીમાએ નજરનો ખીલો દીકરા પર ધરબ્યો. ઊંડે ઊંડે ખૂંતેલા એ ખીલાની પીડાથી ધલવલતાં કાનાએ ફળફળતો નિઃસાસો નાખ્યો કે સરલીના પગમાં એ અટવાયો.

ભારે સલ્લ પગલું ઉપાડતી સરલીએ લમણો વાળ્યો. સુક્કાં ભઠ્ઠ લાકડાં પેઠે ઝગળાં (સળગતાં) કાનાને જોયો કે સરલી ચૂલે ચડ્યા લીલા લાકડાની જેમ કજળવા લાગી. ધુમાડો-નર્યો ધુમાડો. આંખો, હૈયું, દેહમારી...એમાં ઠેસ વાગી. કાચો નખ ઉતરડાયો. ઠોકરાયેલું પગલું લથડિયું. કાયા જરાતરા નમી. ગવરીએ ટેકો કર્યો. ઊભી શેરીએ સરલી ગવરીને ધકેલતી, ધૂંધવાતી નવા ઘરે ચાલી.

# જાહોજલાલી

• યોસેફ મેકવાન •

પાંજરાપોળ પાસે એક નાનો રસ્તો છે. ત્યાંથી સ્કૂટરો, રીક્ષાઓ વગેરે સુપેરે જાય છે. ક્યારેક કારો પણ જતી આવતી દેખાય. એ રસ્તાની એકબાજુ પાંજરાપોળની દીવાલને અડીને પાંચ-સાત ઘરોની ચાલી છે. ચાલીમાં શ્રમજીવી કુટુંબો રહે છે. એ ચાલીમાં છાયા પાથરતા લીમડાના બે ત્રણ ઝાડ પણ છે. તેની છાંયમાં હંમેશાં ખાટલા-ખાટલી પડ્યા રહે છે. સાંજ ઢળે છે. શ્રમજીવીઓ ત્યાં ટોળે વળે છે. એમની વચ્ચે કંઈ ને કંઈ ચર્ચાઓ ચાલતી હોય. તેમની પત્નીઓ પણ હસી-મલકી વાતોનાં ફૂલ ગૂંથતી હોય. ત્યાં તેમનાં બાળકો પણ ઝૂંપડપટ્ટીની આસપાસ મસ્તી-તોફાન કરતાં રમતાં હોય. ગેલ ગમ્મત કરતાં લડે ને પાછાં ભેગાંય થઈ જાય.

એ નાનકડા રસ્તાની બીજી તરફ, એ ઝૂંપડપટ્ટીની સામે બેઠા ઘાટના ત્રણ-ચાર બંગલાઓ પણ આવેલા છે. કોઈ કોઈવાર આ બંગલાઓમાં ક્લેશ-કલહોનાં દશ્યો જોવા મળે છે. એમાંથી આવતા ઘાંટા ગડથોલિયું ખાતાં રસ્તે જતાં-આવતાંના કાનોમાં છુપાઈ જતાં લાગે. આવું થાય ત્યારે સામેની ચાલીના મેલાં અબૂધ બાળકોને તો ખરો તમાશો થઈ જાય! મેલાઘેલાં એ બાળકો ત્યાં જાય. ટોળેઊભા રહી કૂતુહલવશ તમાશો જુએ...ત્યાં એ બંગલામાંથી કોઈ ધમકાવતા બોલે : 'ચલો જાવ અહીંથી આઘા. ભાગો. શું દાટ્યું છે અહીં? શરમ નથી આવતી?'

તો વળી કોઇ બંગલાના બંધ દરવાજે ધસી આવી એ બાળકોને તતડાવતા કહે : 'અલ્યા જાવને અહીંથી...નહીં તો હાડકાં ખોખરાં કરી દઈશ. અહીં કશો ખેલ થાય છે, હેં?'

વળી ક્યારેક બંગલાનો ડ્રાઈવર પણ એ બાળકોની ગંદી ભાષામાં ખબર લઈ નાંખે. ના કહેવાનાં વેણ કહી પણ દે!

અને એ છોકરાંઓ ખિલખિલાટ હસતાં, ટ્રરરર...કરતાં ચાલી તરફ દોડી જાય. પેલા બંગલામાં બનેલી ઘટનાની મૌખિક ચબરખીઓ ચાલીમાં વહેંચાઈ જાય! પછી તો એમની ખાટલા પરિષદમાં એ ઘટનામાં રંગોળી પુરાય.

'મંગી, પાસી પેલી રૂપાળીને અને ઈના ધણીને બરાબરની જામી. હોંભર્યુંને...!' જોગમાયા મલકાતાં બોલી.

'હંઅન બોન, ગઈ ઉતરાણ ધાબા પર થ્યું' તું ઈમ!'

'હાળાં હેનાં ભણેલો ગણેલોં...? ઈમના ઘરોમાં કંઈ ન કંઈ રંધાતું જ ઓયે!' રામીએ પોતાનો મત આપતાં ઉમેર્યું : 'આ ટી.વી. માં સિરિયલમાં નહીં બતાવતાં, મોટી બંગલાની વાત્યું. બાઈડિયું મોઈને મોઈ રમતું રમતી હોય છે એવું બધું.' પછી ઉમેર્યું : 'ઈમના ઘરોંમોં હંધુય મળે પણ સુખચેન સે કંઈ?'

અને એ મહિલામંડળ વચ્ચે હાસ્યનાં મોજાં સાથે અનેક વાતો થતી રહી. આખીયે વાત સાંભળી રહેલો મોતીરામ બીડીનો છેલ્લો દમ મારી, બીડી ફેંકતાં બોલ્યો : 'અલ્યો, આ ભણેલો ગણેલોં મોટા લોકના મનને કોઈ ન જાણી હકે. બધો બારનો ઠાઠ!' આમ, આ બંગલાઓમાં કોઈ ઘટના બને એટલે આ ચાલીના લોકોને ટાઈમ પાસનો મુદ્દો મળી જાય. ખાટલા પરિષદમાં એની ચર્ચાઓ થાય. ચર્ચાને અંતે કોઈને કોઈ બોલે, ભલે આપણે ગરીબ પણ આવા કાવાદાવા તો નથી કરતાં ને!

આ ચાલીમાં છેવાડાનું ઘર. એમાં દલપો અને એની ઘરવાળી રમલી રહે. એમને એક દીકરો અને એક દીકરી. જ્યારે જુઓ ત્યારે ઘરમાં આનંદ-ઉલ્લાસ ફરફરતો હોય. બંને બાળકો મ્યુનિ. શાળામાં ભણે. રમલી ઘરને ચોખ્ખું સુઘડ રાખે. એવી જ ચોખ્ખાઈ એમનાં બાળકોમાં. હજી ક્યારેક ચાલીના બીજા ઘરોમાં બે વાસણ ખખડેય ખરાં પણ દલપાનાં ઘરમાં શાંતિ.

રમલીના ઘરને ઓટલે કોઈવાર સાંજના કે બપોરે ચાલીની મહિલાઓ આવે. વાતોનો તડાકા મારે. છોકરાંય ભેળાં થઈને રમે. દોટંદોટ કરતાં હોય. આનંદનો માહોલ રચાય.

દરરોજ સાંજે આવા સમયે પેલા બંગલાઓની ગાડીઓની અવરજવર પણ થતી હોય. તેમાંના રૂપાળા ચહેરા...મોં મચકોડતા... છાની ગુસપુસ કરતાં ઝૂંપડપટ્ટીના લોકોને જોતાં વિચારતા, હાળા ગમાર! શી એમની જિંદગી...ગંદા!

પણ ચાલીના લોકોને આની શી પડી હોય. એ તો પોતાની મસ્તીમાં જીવતા હોય! જીવતરના અભાવોને હસી કાઢતા. ઉપરથી એમને તો આ બંગલાવાળાના લોકોની જીવનહકીકત સમજાયા પછી તેમને માટે દયા ઉપજતી. એમની જાહોજલાલી અંદરથી ફિક્કી લાગતી.

આમ એક સાંજની વાત છે. ઝૂંપડપટ્ટીમાં રમલી દલપાની રાહ જોતી ઓસરીમાં ખાટલે બેઠી હતી. છોકરાંઓ આંગણે ધમાલ કરતાં હતાં. રોજની જેમ દલપાને આવવાની દિશામાં રમલીની નજર કોઈ પંખીની જેમ ઊડતી હતી.

અચાનક એને શું સૂઝ્યું તે બોલી : 'બસ હવે. જાવ હવે બધાં ઘેર. દીપક-સપના, હેંડો હવે, તમેય ઘરમાં આવો. તમારા બાપુને આવવાનો ટેમ થ્યો છે.'

બંને બાળકો ડાહ્યાં થઈને ઘરમાં આવી ગયાં. બીજે ખાટલે ભણવા બેઠાં. સમય વીતતો ચાલ્યો. રમલીને આ રોજનું હતું. એ રસ્તા પર જતાં-આવતાં વાહનોને, લોકોને જોતી. પેલી લાલ ગાડી આ સમયે જ પસાર થાય છે. હવે એ આવવા જોયે...ખાસી વાર થઈ પણ દલપો દેખાયો નહીં. સ્કૂટર પર પેલી બે બહેનોય આ ટેમે જાય છે. એય પસાર થઈ ગઈ. આસમયે પણ એ આવતા

હોય છે. હવે રમલીની આશા જરા ઘેરી બની....પણ દલપાની સાઈકલ દેખાઈ નહીં.

પછી તો રોજના પરિચિત - અપરિચિત વાહનો, લોકોનું દૃશ્ય એની આંખે અંજાતું ગયું. હવે તો એ દેખાવા...વિચારતાં એની ચિંતાનો પારો ચડવા લાગ્યો.

સમય વીતતો ચાલ્યો. હવે એનાથી રહેવાયું નહીં. પોતાના મોબાઈલ સામે જોયું. પૂરતું બેલેન્સ નથી. સવારે જ દલપાએ જોઈ કહ્યું હતું : 'આજનો દન કાઢી નાખ. કાલ હવારે બેલેન્સ કરાવશું.' રમલી કંઈ ઊંડા વિચારમાં ચઢી. પછી બબડી...કોઈ વાંધો નઈ... મન નંબર જોડવા દે..એમ વિચારી તેણે દલપાને ફોન લગાવ્યો. પણ સામેથી 'આપ જીસ નંબર સે સંપર્ક કરના ચાહતે હૈ વો અભી બંધ હૈ...કૃપયા થોડી દેર બાદ સંપર્ક કરે.' રમલીને આ તો સમજાતું હતું. એના મનમાં 'બંધ હૈ' શબ્દો ચીપકી જતા.

લો થયું. તેના મનમાં શંકાના ગોટા ઊઠવા લાગ્યા. મન પોકારી ઊઠ્યું : 'હું થયું હશે?' સહજ રીતે જ તેણે મોબાઈલમાં જોઈ લીધું. સાત-પચાસ વાગેલા. અત્યારે તો વાળુ કરવાની તૈયારી હોય...એને બદલે...

દીપક બોલ્યો : 'મા, ભૂખ લાગી છે.' સપનાએ પણ એ વાત ઘૂંટી. રમલી ઉચાટમાં બોલી ગઈ : 'હા ભઈ, તારા બાપુને આજ મોડું થ્યું છે. આ ટેમે તો ઘરે આવી જ જાય. આજે કાંઈ શેઠે ગાડી લઈને બારગામ મોકલ્યા હોય તો...પણ એવું હોય તો મને ફોન તો કરે જ કે મોડું થશે.' પાછું એનું મન શંકા કુશંકાના જાળામાં અટવાતું ચાલ્યું.

રસ્તા પર વાહનોની ભીડનો ઊભરો શમવા લાગ્યો. ચાલીના બીજા ઘરોમાંય અવાજના દીવા હોલવાઈ રહ્યા. પણ રમલીના દિલો-દિમાગમાં દલપાના ચહેરાનો દીવો વધુ ને વધુ ઝળહળી રહ્યો! ક્યાં રોકાયા હશે? શું થયું હશે? શેઠ બહારગામ લઈ ગયા હશે કે ગાડી ક્યાંક ખોટકાઈ હશે? પાછો એનો હાથ મોબાઈલ પર ગયો. ફોન રીડાયલ કર્યો. એ જ જવાબ. આપ જિસ નંબર...

આમ ને આમ રાતના સાડા આઠ થયા. રમલીએ જોયું કે બાળકો ભૂખથી શિયાવિયાં થતાં હતાં. ઘડીભર તેમને તાકી રહી. પછી તરત બોલી : 'લો હેંડો છોકરાવ...તમે જમી લો. હું તમારા બાપુ હારે જમીશ.'

છોકરાઓ માને તાકી રહ્યાં. પછી દીપક બોલ્યો : 'ના હોં મા! હવે બાપુ આવે પછી હારે જ ખઈશું.'

સપનાય બોલી : 'હા મા...આવવા દે બાપુને.'

આમ રાહ જોતાં બાળકો ખાટલીમાં આડેપડખે થયાં ને ઊંઘી ગયાં. રમલીએ જોયું કે નવેક વાગતા સામેના બંગલાઓમાંય ગાડીઓ આવી ગઈ. પોતાની ચાલી પણ શાંતિની સોડમાં ભરાતી ગઈ. બંગલાઓમાં ય સુંવાળી શાંતિ પથરાઈ. આ બધું જોતાં ચિંતાગ્રસ્ત રમલીનું ચિત્ત પણ થાક્યું હતું. તે તંદ્રામાં ડૂબી અને પછી આંખ ક્યારે મીંચાઈ ગઈ તેની ખબરેય ન રહી. થોડી ક્ષણો આમ વીતી હશે ત્યાં એના હાથમાં ચોંટેલો મોબાઈલ રણકી રહ્યો. તે સફાળી જાગી ગઈ. તેની છાતી ધડકી રહી. મોબાઈલ કાને માંડતાં બોલી : 'હેલો...હેલો...સપનાના બાપુ...'

પણ સામેથી કંઈ ઉત્તર ન મળ્યો. ફોન કટ થઈ ગયો હતો. હવે તેણે સામેથી ફોન જોડ્યો...પણ મૌન. તે મનોમન બબડી હાય..રે! શું થયું હશે? ફોન છે ને કેમ ઉઠાવતા નથી. છતાં પણ તેણે હેલો...હેલો...કર્યા કર્યું! પોતે ફોન કટ કર્યો.

થોડી ક્ષણો પસાર થઈ ત્યાં સામેથી ફોન આવ્યો. રમલીમાં ચેતન આવ્યું. બોલી : 'હેલો....ક્યાં છો સપનાના બાપુ?' હાસ્ય વીંટ્યો અવાજ આવ્યો : 'બસ અહીં જ છું.'

'અહીં એટલે ક્યાં?' રમલી રાડ પાડી ઊઠી.

એ સાંભળીને ઝોકું ખાઈ ગયેલાં બંને બાળકો સળવલી ઊભાં થઈ ગયાં.

રમલી પાછી બરાડી : 'હેલો...અહીં એટલે ક્યાં?'

દલપો હસીને બોલ્યો : 'અહીં એટલે ઘરમાં. અંદર આવ.'

'હેં... ઘરમાં?'

'હા, કેમ? મારા ઘરમાં આવવા કોને પૂછવાનું હેં?'

'પણ તમે...' બોલતી રમલી ઘરમાં ઘસી ગઈ. બાળકો પણ નવાઈ પામતાં ઘરમાં ગયાં. ત્યાં મોટી થાળીમાં દલપાએ સરસ મજાની ત્રણ ચાર જાતની મીઠાઈઓ સાથે વડોદરાનો ચેવડો મૂકેલો.

'આવું હોય? ઘરમાં છેક છાનામાના ઘૂસી આયા. અમે તો ચિંતામાં હતાં. ને વાટ જોતાં ઝોકું આવી ગયું એનો ખ્યાલે ન રહ્યો.' રમલી મલકાતાં બોલી.

'હું આયો ત્યારે તમે ઊંઘમાં હતાં. એનો લાભ લઈ ચોરપગલે હું ઘરમાં ઘૂસી ગયો. બસ, આજે મારે તમને બધાંને ચોંકાવી દેવાં હતાં.' દલપાના ચહેરા પર આનંદનું તેજ હતું.

'બાપુ આવું શીદ કર્યું?' દીપકે પૂછ્યું.

'બેટા, આજે મારા ડ્રાઈવિંગ લાયસન્સને પચીસ વર્ષ થયાં. હું શેઠને લઈને કામે વડોદરા ગયેલો. રસ્તામાં શેઠે મને પૂછેલું- દલપા, કેટલા વરસથી ગાડી ચલાવે છે. તારું ડ્રાઈવિંગ સારું છે. મેં કહેલું...શેઠજી, આજે પચીસ વરસ થયાં.'

આ સાંભળી શેઠ ખુશ થઈ ગયા. બોલ્યા : 'લે...તારી બક્ષિસ. તારી ગાડી ચલાવવાની રીત જોઈ હું ખુશ થયો છું.'

'બસ, શેઠે જે બક્ષિસ આપી એની મેં આ મીઠાઈ લીધી અને ચેવડો લીધો.'

'લો...આવો સાથે મળી જમીએ.'

એટલી વારમાં રમલીએ કાજુકતરી લઈ દલપાને ખવડાવી દલપાએ બંને દીકરાને ખવડાવી. ને રમલીના મોઢામાં જલેબી...ભરી દીધી...

બધાં ખુશખુશાલ થઈ ગયાં.

*૩૦૨, એન્જેલ ડિવાઈન, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

# બલિદાન

• નેહા પારેખ •

'ના, એટલે ના. હું એ સ્ત્રીને તો પગે નહીં જ લાગુ. આખરે એ સ્ત્રીએ મારા માટે તો શું આપણા કોઈના માટે ક્યારેય કશું જ નથી કર્યું. મને તો એ જ સમજ પડતી નથી કે તમે બધાં એમની આટલી સેવા કેમ કરો છો?' નીલુ નોનસ્ટોપ બોલે જ જતી હતી.

'બસ કર નીલુ, બહુ બોલી તું. કાલે સાસરે જવાની છે તો શું થયું? આખરે તને અમે ખાલી એટલું જ કહ્યું છે કે તું જતાં જતાં એમને પગે લાગ. ખબર નહીં પછી તું અમેરિકાથી પાછી ક્યારે આવીશ?' સુજાતાબહેનથી રહેવાયું નહીં, તે પોતાની વહાલસોયી દીકરી નીલુને સમજાવતાં હતાં.

નિશા આ બંને મા-દીકરીનો વાર્તાલાપ બારણે ઊભી ઊભી સાંભળતી હતી.

'લાગે છે મમ્મી, હવે એ સમય થઈ ગયો છે કે નીલુને બધી હકીકત કહી દેવી જોઈએ.' નિશાએ બારણામાંથી અંદર આવતાં જ કહી દીધું.

સુજાતાબહેન અને શૈલેષભાઈને બે દીકરીઓ. દીકરી નિશા મોટી જે નાની નીલુ કરતાં લગભગ દસેક વર્ષ મોટી. નીલુનાં કાલે લગ્ન છે અને સાસરે મુંબઈ ગયા પછી એકાદ મહિનામાં તો એના પતિ જોડે અમેરિકા ચાલી જવાની. નિશા અઠવાડિયાથી બહેન નીલુનાં લગ્ન માટે પિયર આવી હતી. નિશાને અંતરના ખૂણે લાગતું હતું કે હવે નીલુને બધી જ સચ્ચાઈ કહી દેવી જોઈએ.

'ના મમ્મી, બસ હવે બહુ થયું, એમણે તમારી પાસેથી વચન લીધું છે, પણ હું તો નીલુને બધી જ વાત જણાવી જ શકું છું ને અને નીલુને સચ્ચાઈ જાણવાનો હક પણ છે. આમેય નીલુ હોસ્ટેલમાં ભણીને જ તો મોટી થઈ છે. આ ઘરમાં વેકેશન સિવાય તો ખાસ રહી જ નથી ને? વળી એણે ક્યારેય કંઈ જાણવાની કોઈ તસ્દી જ ક્યાં લીધી છે? નીલુને પણ ખબર પડવી જોઈએ કે એ જેને આટલી નફરત કરે છે એ સ્ત્રીના લીધે જ પોતે આજે આ દુનિયામાં છે.' ઘણું વિચાર્યા પછી નિશા સડસડાટ બોલે જ જતી હતી અને નીલુની આંખોમાં આશ્ચર્યના ભાવ સ્પષ્ટપણે દેખાતા હતા.

આખરે નિશાએ વાત શરૂ કરી. 'સાંભળ નીલુ, તું જેને નફરત કરે છે અને હું જેને હંમેશાં આન્ટી કહું છું એ સ્ત્રી બીજી કોઈ નહીં, પણ આપણાં બંનેની સગી જનેતા છે. હું તારાથી લગભગ દસેક વર્ષ મોટી એટલે જ્યારે તારો જન્મ થવાનો હતો ત્યારે મને થોડી ઘણી સમજણ હતી. મા-પપ્પા અને હું અમે ત્રણેય તારા જન્મની કાગડોળે રાહ જોતાં હતાં. મા હંમેશાં કહેતી કે, 'હાશ, હવે નિશા સાથે રમવા કોઈ ભાઈ કે બહેન આવી જશે.'

અને એક દિવસ અચાનક માની તબિયત બગડી. પ્રેશર એકદમ વધી ગયું અને પપ્પા માને હોસ્પિટલ લઈ ગયા. ડૉક્ટરે કહી દીધું કે તાત્કાલિક ડિલિવરી કરવી પડશે, નહીં તો બાળકનો જીવ જોખમમાં આવી શકે છે અને માએ તને બચાવવા પોતાનો જીવ જોખમમાં મૂકીને અતિશય પીડા ભોગવી અને તારો જન્મ તો થઈ ગયો, પણ પછી કોમ્પ્લિકેશન્સ વધી જતાં માને ખેંચ આવીને એના આખા ડાબા અંગમાં પેરાલિસિસ થઈ ગયું.' બોલતાં બોલતાં નિશા પરસેવે રેબઝેબ થઈ રહી હતી.

'નીલુ, એ દિવસથી આજ દિન સુધી માં પથારીવશ છે. ઘણા બધા ડૉક્ટરોને બતાવ્યું, પણ બધાંનો એક જ જવાબ હતો કે હવે એનું ઊભું થવું શક્ય નથી.

સ્ત્રી તો ઘરનું એન્જિન હોય છે. માની આવી હાલતને કારણે પપ્પાને માથે જવાબદારીનું પોટલું આવી ગયું. તાજી જન્મેલી તું, મારી અને માની જવાબદારી નિભાવતાં નિભાવતાં એ અંદરથી તૂટી ગયા હતા.

પપ્પાની આવી દશા મા એની ભીની આંખે જોઈ શકતી હતી, પણ એ લાચાર હતી. બે-ત્રણ બાઈઓ પણ રાખી કે જે આપણા બધાંની અને ઘરની સારસંભાળ રાખે, પણ બધી જ કામચોર નીકળી. છેવટે એક સંસ્થા મારફતે સુજાતાબહેન આપણા ઘરમાં આવ્યાં.' નિશા બોલતાં બોલતાં જાણે ભૂતકાળમાં ખોવાઈ ગઈ હતી.

ખૂબ જ હોશિયાર, લાગણીશીલ અને સમજુ સ્વભાવનાં સુજાતાબહેને ઘરમાં આવતાંની સાથે જ ઘરની અને આપણી જવાબદારી ખૂબ જ સરસ રીતે સંભાળી લીધી હતી. વળી, તે માની સેવાચાકરી પણ ખૂબ જ પ્રેમભાવથી કરતાં હતાં. હવે, ખરેખર પપ્પાને લાગતું કે ઈશ્વરે તેમના પર એક કૃપા કરી છે.

સુજાતા આન્ટીના ઘરમાં આવવાથી પપ્પાની જવાબદારી ઓછી થઈ ગઈ હતી અને હવે તે પોતાના બિઝનેસ પર બરાબર ધ્યાન આપી શકતા હતા. તું તો ધીમે ધીમે એમની એટલી હેવાઈ થઈ ગઈ હતી કે એમનાથી એક મિનિટ દૂર નહોતી રહી શકતી. નિશાની સામે એક પછી એક ભૂતકાળની સ્મૃતિઓ તાજી થઈ રહી હતી.

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૩૭ ઉપર)**

પ્રસંગ

# પરમાર્થના પારિજાત!

• આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીજી •

ઈ.સ. ૧૯૪૪ની એક સાંજ હતી.

આકાશ વાદળોથી ઘેરાયેલું હતું.

વિમાન મુંબઈથી ઊડીને આફ્રિકા ભણી જઈ રહ્યું હતું.

એ સમયે ચાલુ વિમાનને જોરદાર આંચકો લાગ્યો.

વિમાનમાં બેઠેલા તમામ પેસેન્જરો ગભરાયા.

મુસાફરો નસીબદાર હતા. કોઈને કાંઈ ન થયું. વિમાન સહીસલામત આફ્રિકા પહોંચ્યું.

કિન્તુ એ સમયે વિમાનમાં બેઠેલા એક મુસાફરનો આત્મા જાગી ઊઠ્યો. એને થયું કે જીવન ક્યારેક આવા કોઈ ધક્કામાં જ સમાપ્ત થઈ જવાનું છે. એ મુસાફરને પોતાની જિંદગીનો પ્રારંભ યાદ આવી ગયો.

સૌરાષ્ટ્રના ડબાસંગ જેવા તદ્દન નાનકડા ગામડામાં પોતાનો જન્મ થયો હતો. માતાપિતાની આર્થિક પરિસ્થિતિ સાવ સામાન્ય હતી. ત્રણ ભાઈઓ અને બે બહેનોમાં ભણવાની વ્યવસ્થા પણ માંડ માંડ થઈ હતી. નાનકડા ગામની સ્કૂલમાં પોતે પાંચ ધોરણ સુધી ફર્સ્ટ ક્લાસ લાવ્યો હોવાથી તે જ સ્કૂલમાં પોતાને રૂપિયા આઠના પગારથી નોકરી મળી ગઈ! શિક્ષકનું આદરણીય જીવન હતું પણ પોતાને સંતોષ નહોતો. પોતે તો આભને આંબવું હતું. ગમે તેમ વ્યવસ્થા કરીને પોતે પરદેશ જવાનું નક્કી કર્યું. આફ્રિકામાં કમાણી થશે તેમ માનીને તે તરફ લક્ષ માંડ્યું. પહેલી જ મુસાફરીમાં થોડાક પૈસા ભરેલું પાકીટ, પાસપોર્ટ, ટિકિટ કોઈ ચોરી ગયું. ગમે તેમ કરીને મોમ્બાસા પહોંચ્યા. સખત મહેનત, પ્રામાણિકતા, ધગશ વગેરે ગુણો સાથે ઝડપી પ્રગતિ થઈ. પોતે કરોડો રૂપિયા કમાયા. પણ આજે આત્મા જાગી ઊઠ્યો હતો.

એ મુસાફરનું નામ શેઠ મેઘજી પેથરાજ શાહ.

સૌરાષ્ટ્રના રત્ન સમાન શેઠ મેઘજી પેથરાજ શાહે (ઈ.સ. ૧૯૦૪-૧૯૬૪) તે દિવસે સંકલ્પ કર્યો કે પોતાની જન્મભૂમિ અને કર્મભૂમિ બંને સ્થળે દાનની ગંગા વહાવશે.

ઈ.સ. ૧૯૪૮માં તેમણે આફ્રિકામાં અને ઈન્ડિયામાં 'મેઘજી પેથરાજ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ' ની સ્થાપના કરી તે પળથી તેમણે આફ્રિકા અને સૌરાષ્ટ્રમાં દાનનો વરસાદ વરસાવ્યો.

શેઠ મેઘજી પેથરાજ શાહે જોયું કે ચારે તરફ શિક્ષણનો અભાવ, ગરીબી અને આરોગ્યની સવલતોનો અભાવ વિપુલ છે. તેમને થયું કે દેશ એક તરફ આઝાદી માટે ઝઝૂમે છે અને બીજી તરફ આ બધી અગવડો પ્રજાને વિકાસને માર્ગે જવા દેતી નથી. આ સમગ્ર દેશની મુશ્કેલી છે પરંતુ મારે સૌરાષ્ટ્રને નજર સમક્ષ રાખીને વધારેમાં વધારે સેવાનાં કાર્યો કરીને એક પ્રદેશનો ઉધ્ધાર કરી લેવો જોઈએ.

શેઠ મેઘજી પેથરાજ શાહ જન્મે જૈન હતા. ધર્મમાં સંપૂર્ણ આસ્થા ધરાવતા હતા. તેમને થયું કે જે ધર્મના સંસ્કારના કારણે પોતે આટલા ઉચ્ચ વિચારો પ્રાપ્ત કર્યા છે તે ધર્મના કામ પણ આ જ પ્રદેશમાં કરવા જોઈએ.

શેઠ મેઘજી શાહના મનમાં આ વિચારો દઢ થયા અને તેમણે તે સમયમાં કરોડો રૂપિયા ખર્ચવા માંડ્યા અને વિપુલ પ્રમાણમાં સત્કાર્યો કરવાં માંડ્યા.

શેઠ મેઘજી પેથરાજ શાહે દેરાસરો, ઉપાશ્રયો, સૌરાષ્ટ્રમાં પ્રાથમિક શાળાનાં મકાનો, પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ સ્કૂલ, છાત્રાલય, પ્રસૂતિગૃહ, હોસ્પિટલ, ટાઉનહોલ, સ્ત્રીવિકાસગૃહ, બાળગૃહ, રક્તપિત્ત માટેની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, નર્સિંગ ટ્રેનિંગ કૉલેજ, અનાથાશ્રમ, સેનેટોરિયમ, અંધવિદ્યાલય, ભોજનાલય, કલા અને વિજ્ઞાનની કૉલેજ, કાયદો અને વાણિજયની કૉલેજ, ટેકનિકલ કૉલેજ, ટીબી હોસ્પિટલ જેવી વિરાટ સંસ્થાઓ તેમણે દાન આપીને ઊભી કરી. ઉપરાંત, દરેક સંસ્થા ઓછામાં ઓછું આઠથી દસ વર્ષ સુધી નાણાકીય રીતે સધ્ધર અને સક્ષમ રહે તેવી વ્યવસ્થા ગોઠવી.

આ તમામ સંસ્થાઓ આજે પણ ચાલુ છે અને શેઠ મેઘજી શાહને સૌરાષ્ટ્રના જગડુશા તરીકે ઓળખાવે છે.

તે સમયે સૌરાષ્ટ્રના હાઈ કમિશનર તરીકે ડૉ. જીવરાજ મહેતાની નિમણૂક થયેલી. તેમને વિચાર આવ્યો કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના કરવી જોઈએ. તેમણે શ્રી મેઘજી પેથરાજ શાહને મળવા માટે ફોન કર્યો. એપોઈન્ટમેન્ટ નક્કી થઈ. શેઠ મેઘજી પેથરાજ શાહ અત્યંત ઉત્સાહમાં હતા. તેમણે વિચારી લીધેલું કે ડૉ. જીવરાજ મહેતા જેટલું માગશે એટલું આપીશ પણ સૌરાષ્ટ્રમાં યુનિવર્સિટીની સ્થાપના થવી જોઈએ.

કિન્તુ માનવી ધારે કંઈ અને કુદરત કરે કંઈ!

ડૉ. જીવરાજ મહેતા સાથેની એ મુલાકાતના આગલા જ દિવસે શેઠ મેઘજી પેથરાજ શાહનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું!

જેમણે આ જાણ્યું તે સૌની આંખમાંથી એક માનવતાવાદી મહામાનવને ગુમાવ્યાની યાદમાં આંસુ ખર્યું.

લક્ષ્મી તો ઘણાને મળે છે પણ જે સન્માર્ગે વાપરે છે તે ક્યારેય ભુલાતા નથી. શેઠ મેઘજી પેથરાજ શાહનું જીવન એટલે પરમાર્થના પારિજાત! ■

સમાજ ચિંતન

# સાચા અર્થમાં માતા-પિતા બનીએ : (૪)

• ડો. મણિલાલ ગડા - મનોચિકિત્સક, ડો. દિપ્તી શાહ (ગડા) - મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક •

'મંગલ મંદિર'ના આગળના અંકમાં આપણે જાણ્યું કે બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતા-પિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતા-પિતાના સ્વભાવ તથા વલણમાંના મુદ્દાઓ વિશે આપણે જાણકારી મેળવી. (૧) બાળક માટે સમય ફાળવવો (Time). (૨) ગુણવત્તાભર્યો સમય (Quality Time), (૩) સલામતી (Security), (૪) બાળક પોતાનું કાર્ય જાતે કરી લે (Independance), (૫) 'ના' પાડતા શીખો (Learn to say "No"), (૬) અન્ય બાળકો જોડે સરખામણી ટાળો (Avoid Comparison).

આ લેખમાં અન્ય મુદ્દાઓની છણાવટ કરીશું.

### ૭. બાળકને જવાબદારી સોંપો (Responsibilities)

બાળકની ઉંમર તથા ક્ષમતાને લક્ષમાં લઈ બાળકને જવાબદારી સોંપો. શરૂઆતમાં એની જરૂરિયાતોની વસ્તુઓ (પેન્સિલ, રબર, નોટબુક્સ વગેરે) ખરીદવા એને મોકલો. પહેલા એની જોડે તમે દુકાન પર જાઓ. બાળકને દુકાનદાર સાથે વાતચીત કરવા દો. પોતાને જોઈતી વસ્તુ બાળક લેશે. પૈસા પણ દુકાનદારને બાળક જ આપશે. માતા-પિતા / વડીલોની હાજરીમાં બાળકને આવું કાર્ય કરવા દો. માતા-પિતા નિરીક્ષણ કરે. **ભૂલ થતી હોય તો જ શાંતિથી સમજાવશો. સલાહ આપશો નહીં.** આનાથી બાળકમાં આત્મવિશ્વાસ વધશે. જવાબદારી લઈ કામ કરવાની ધગશ વધશે.

ધીમે ધીમે વસ્તુઓ લેવા એકલા મોકલો. બાળકને આ કામ કરવાનો આનંદ આવશે. શરૂઆતમાં ઘરની નજીક મોકલો. પછી ઘરથી દૂર મોકલો. આથી બાળકનો આત્મવિશ્વાસ વધશે. બાળક સ્વાવલંબી બનશે. પોતાના કાર્યો માટે માતા-પિતા કે વડીલો પર આધાર રાખવો નહીં પડે. પછીથી ઘર માટે તથા માતા-પિતાને પોતાના માટે જોઈતી વસ્તુઓ લેવા મોકલવું જોઈએ.

૧૦થી ૧૨ વર્ષના કિશોરો / કિશોરીઓને બેંકના કામની જવાબદારી (બેંકની સ્લીમ કેમ ભરવી, ચેક કેમ ભરવા, રોકડા પૈસા કેમ ભરવા વગેરે) ધીમે ધીમે આપી શકાય.

જવાબદારી સોંપતી વખતે **બાળક જોડેના સંવાદ પર ધ્યાન આપવું જરૂરી છે.** બાળકને હુકમ કે ઓર્ડર ("આ કામ કર") કરવાને બદલે **વિનંતી કરવી જરૂરી છે** (બેટા, આ કામ કરી આવીશ?) બાળક રાજીખુશીથી કામ કરી આવશે. જો કોઈ વખત બાળક ના પાડે તો એ ના સ્વીકારી લો અને તમે જાતે કામ કરી લો. એ વખતે મનમાં નકારાત્મક લાગણી ન આવવી જોઈએ કે મારા બાળકે મને ના પાડી.

### ૮. બાળકના કાર્યોની કદર / પ્રશંસા (Recognition / Appreciation)

**બાળકો લાગણીશીલ હોય છે.** એમની લાગણીની માતા-પિતા તથા વડીલોને સમજણ હોવી ખૂબ જ અગત્યનું છે. **બાળકોને પણ પોતાના ગમા - અણગમા (Liking - Disliking) હોય છે.** માતા-પિતા તથા વડીલોએ આ પ્રત્યે સભાન રહેવું જરૂરી છે. બાળક અને માતા-પિતા વચ્ચેના પરસ્પરના સંબંધો માટે આ અગત્યનો મુદ્દો છે. બાળકની ઉંમર વધતા આ ગમા-અણગમા વધતા જાય છે જેમાં બાળક બાંધછોડ ભાગ્યે જ કરે છે તથા બાળક આ ગમા-અણગમા વ્યક્ત પણ કરે છે. ૮ વર્ષની ઉંમર બાદ ગમા-અણગમા વધતા જાય છે. જરૂરી છે કે માતા-પિતા અને વડીલો આ ગમા-અણગમા પ્રત્યે સજાગ રહે અને પોતાની વર્તણૂક તથા વાતચીત એ પ્રમાણે બદલે.

**બાળકે જાતે કરેલા કાર્યોની કદર કરવી જરૂરી છે.** આથી બાળકમાં આત્મવિશ્વાસ વધે છે. બાળક વધુ કાર્યો કરવા તથા જવાબદારી લેવા પ્રેરાય છે. યોગ્ય પ્રશંસા કરવાથી નજીકના સગાવહાલાને પણ બાળકે કરેલા કાર્યોની માહિતી મળે છે તથા એમના મનમાં પણ બાળકની સકારાત્મક છબી બને છે તથા બાળક પ્રત્યે આ સગાવહાલા માનથી જુએ છે.

ઘણા માતા-પિતા તથા વડીલોમાં ખોટી ભ્રમણા હોય છે કે પ્રશંસા કરવાથી બાળક ફુલાઈ જશે અને પછી કાર્ય નહીં કરે. હકીકત આનાથી વિરુધ્ધમાં છે. જો કરેલા કાર્યોની માતા-પિતા યોગ્ય કદર નહીં કરે તો બાળકનો આ બધા કાર્યોમાંથી રસ ઉડી જશે. જેને લીધે બાળક જાતે કાર્યો કરવાનું મૂકી દેશે.

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

કન્સલ્ટિંગ રૂમમાં માતા-પિતાએ થેરાપી દરમિયાન વ્યક્ત કર્યું છે કે જ્યારે પણ અમે બાળકની યોગ્ય કદર અને પ્રશંસા કરીએ છીએ ત્યારે બાળકને આનંદ થાય છે, જે અમે એના ચહેરા પર જોઈ શકીએ છીએ.

મહત્ત્વનું છે કે **કરેલા કાર્યોની યોગ્ય પ્રશંસા કે કદર કરો. ન કરેલા કાર્યોની કે વધારે પડતી અયોગ્ય પ્રશંસા ન કરો.**

બાળકો ભૂલો પણ કરે છે. માતા-પિતા, વડીલો અને આપણે બધા જ ભૂલો કરીએ જ છીએ. આ ભૂલો બાળકને કેમ જણાવવી, ક્યારે જણાવવી, કેવી રીતે જણાવવી, જણાવતી વખતે બાળકનો તથા માતા-પિતાનો મુડ કેવો છે, જણાવતી વખતે અવાજ કેવો છે વગેરે મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. આ પણ એક કળા છે.

શબ્દો તથા વાક્યોમાં યોગ્ય રીતે ભૂલ વ્યક્ત કરો. બાળકને ઉતારી ન પાડો. અન્યની હાજરીમાં બાળકની ભૂલ વ્યક્ત ન કરો. આથી બાળકના આત્મવિશ્વાસને ઠેસ પહોંચે છે. કોઈ આપણી ભૂલ અન્ય વ્યક્તિઓની હાજરીમાં વ્યક્ત કરે તો આપણને કેવું લાગે છે.

**બાળકની યોગ્ય પ્રશંસા કુટુંબીજનો, હિતેચ્છુઓ તથા એના મિત્રો વચ્ચે કરો. પરંતુ ભૂલની જાણકારી બાળકને એકાંતમાં જ આપો.**

### ૯. માતા-પિતાની વર્તણૂક (Role Model)

બાળકની અવલોકન શક્તિ તેજ હોય છે. બાળક માતા-પિતાનું બારીકાઈથી અવલોકન કરતું હોય છે અને એ પ્રકારની વર્તણૂક પોતાના જીવનમાં અજાણપણે ઉતારતું હોય છે (Identification). પિતા ગુસ્સાવાળા હોય, ગુસ્સો કરી પોતાનું ધાર્યું કામ બીજા કુટુંબીજનો પાસે કરાવી લેતા હોય તો બાલક પણ ગુસ્સાવાળો થશે. માતા-પિતા પોતાની લાગણીઓ વિશે કેટલા સભાન છે તથા કુટુંબની બીજી વ્યક્તિઓની લાગણીની દરકાર કરે છે એનું અવલોકન બાળક સતત કરતું હોય છે.

માતા-પિતા પોતાની લાગણીઓ પર કઈ રીતે કાબૂ મેળવે છે; નિરાશા, હતાશા, નિષ્ફળતા જેવી નરાકાત્મક લાગણીઓનો કઈ રીતે સામનો કરે છે, સમસ્યાનો હલ કઈ રીતે કાઢે છે એ જ પદ્ધતિ બાળક અપનાવશે. આ બાબતે માતા-પિતા તથા વડીલોએ સાવચેત રહેવું જરૂરી છે.

જે પ્રકારની વર્તણૂક માતા-પિતા બાળક તરફથી અપેક્ષા રાખે છે તે પ્રકારની વર્તણૂક માતા-પિતા પોતે જાતે કરે તેમજ **જે પ્રકારની વર્તણૂક માતા-પિતા ઇચ્છે છે કે પોતાનું બાળક ન કરે તો એ જ પ્રકારની વર્તણૂક માતા-પિતા પોતે ન કરે.** "કહેવા કરતા કરવું ભલું." માતા-પિતા જાતે યોગ્ય વર્તણૂક કરી ધડો બેસાડે. બાળક અજાણપણે એ જ પ્રકારની વર્તણૂક કરશે.

*(ક્રમશઃ)*

## બલિદાન

(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)

નીલુ, તું સૌથી પહેલાં મમ્મી શબ્દ પણ સુજાતા આન્ટીને જ બોલી હતી. મા ભલે બોલી કે હાલી-ચાલી શકતી નહોતી, પણ મનમાં તે બધું જ સમજતી હતી અને સુખની આ પળ જોતાં એની ભીની આંખને ટાઢક મળતી.

જોતજોતામાં ત્રણ-ચાર વર્ષ વીતી ગયાં હતાં અને હવે સુજાતા આન્ટી આપણા ઘરમાં સભ્ય જેવાં જ બની ગયાં હતાં. પૂરી ઈમાનદારી અને નિઃસ્વાર્થભાવથી એમણે આપણી માની સેવાચાકરી કરી છે.

અને એક દિવસ માએ પપ્પા સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે એ સુજાતા આન્ટી સાથે લગ્ન કરી લે. નીલુ, તું વિચાર કર, જ્યારે એક સ્ત્રી પોતાની હયાતીમાં પોતાના પતિને બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાનું કહે ત્યારે એના દિલ પર પથ્થર રાખીને એ કહેતી હોય છે. પણ ના, માએ ફક્ત અને ફક્ત આપણાં બધાંના સુખ ખાતર પોતાના સુહાગનું બલિદાન આપવાનું નક્કી કર્યું.' નિશાએ એક ઘૂંટડે પાણીનો ગ્લાસ ખાલી કરી બોલવાનું ચાલુ જ રાખ્યું.

'નીલુ, પપ્પા તો ત્યારે તૈયાર ન હતા, પણ માની જિદ અને ખૂબ જ સમજાવટ પછી છેવટે આપણા બે ખાતર પપ્પાએ હા પાડી અને સુજાતા આન્ટી સાથે એમનાં લગ્ન થયાં. વળી, માએ સુજાતા આન્ટી પાસેથી વચન પણ લીધું હતું કે, 'ક્યારેય નીલુને ખબર ના પડે કે એની મા હું છું, તમે નહીં.'

'તારી માએ પોતાનું એ બધું જ સુખ મારા ભાગે કર્યું. જેનો અધિકાર ફક્ત અને ફક્ત એનો જ હતો. હું તો આ દુનિયામાં અનાથ હતી, પણ એ બાપડીએ મને ઘર, પરિવાર અને પતિનું સુખ પણ આપ્યું. હું આ દેવીરૂપી સ્ત્રીની આજીવન પૂજા કરું છું અને જીવનભર હું તેની ઋણી રહીશ.' નિશાની ચાલુ વાત કાપીને સુજાતાબહેન બોલતાં બોલતાં રહી પડ્યાં.

'મમ્મી, મને માફ કરી દો, હું ભૂતકાળથી અજાણ હતી. હું આજ સુધી એમને નફરત કરતી હતી, પણ આજે મને ગર્વ છે કે હું એમની દીકરી છું.' નીલુ સાચા દિલથી માફી માગવા અને પોતાની સગી માને પગે લાગવા ઉતાવળા પગલે એમના રૂમમાં દોડી.

એને જતી જોઈને નિશા અને સુજાતાબહેનની આંખોમાંથી હર્ષનાં આંસુ સરી પડ્યાં. ■

*દુઃખ અને દર્દ પામો ત્યારે એમ માનો કે વિધાતાએ તેના માટે તમને ખાસ પસંદ કર્યા છે.*

# સંબંધોના સથવારે : મધુર વાણી

• ઇલા કે. શાહ •

શાંતિના પ્રકાશમાં ઓપતા કુટુંબમાં ઘણીવાર નજીવી બાબતોમાં કટુવાણીનાં પ્રહાર થતાં અશાંતિ રૂપી અંધકારનાં ઓળાં છવાઈ જાય છે. મધુર વાણીનાં અભાવને કારણે પરિવારનાં સભ્યો વચ્ચેની સ્નેહદોરી ઘસાવા લાગે છે. એટલે કે પરસ્પરનાં પ્રેમાળ સંબંધોને આંચ લાગે છે, ને કુટુંબ છિન્નભિન્ન થઈ જાય છે. મીતા અને મિતેષના દાંપત્યજીવનમાં આવું જ કાંઈક બની ગયું.

મીતા અને મિતેષ બંને નોકરી કરતાં હતાં. પણ હળીમળી સંપથી કામની વહેંચણી ન કરે. મીતાનો સ્વભાવ ખૂબ તીખો હતો. અન્ય પુરુષોની ગણતરીમાં મિતેષ સુંવાળો ને પ્રેમાળ હતો. ગુસ્સો કરવા કરતાં અનુકૂલન સાધવું વધુ યોગ્ય ગણાય તેમ માનતો.

એક દિવસ સવારે ઓફિસ જવાના સમયે જ મિતેષને તાવ ચડ્યો. તબિયતમાં મજા નહોતી, બેચેની પણ તેને બેબસ બનાવતી હતી. તેથી તેણે મીતાને કહ્યું, "મીતા, આજે મારી તબિયત ઠીક નથી, તો જમીશ નહીં. જરા એક કપ કૉફી બનાવી આપ. પછી હું ટેબ્લેટ લઈ લઉં."

મીતા તરત તાડૂકી ઉઠી : "મારે તો અત્યારે મિટિંગમાં જવાનું છે. હું તમારી ગુલામી વેઠવા કે ઢસરડાં કરવા નથી પરણી. આ જરા તબિયત બગડી કે સૂતા. જાણે અમારે બીજું કાંઈ કામ જ નહીં હોય." એમ બીજાં કેટલાંય કટુવચનો સંભળાવ્યા.

મીતાનાં તીખા વાક્‌બાણોથી મિતેષનું હૃદય વિંધાઈ ગયું. તે બોલ્યો : "જો મીતા, આપણે બંને નોકરી કરીએ છીએ. પણ આવી તબિયત બગડે ત્યારે સાથે મળી એકબીજાનું ધ્યાન રાખવું જોઈએ."

"અત્યારે જમાનો બદલાઈ ગયો છે. તમે કઈ સદીમાં જીવો છો? આજની સ્ત્રીની પ્રગતિ જોઈ ખરી? તે ક્યાં નથી પહોંચી? તે ઘેર બેસી પરિવારજનોની પળોજણ વેઠતી નથી. કાલે ઊઠી તમે કહેશો કે મારા ઘરડાં મા-બાપને દેશમાંથી અહીં લઈ આવીએ ને તેમનું ધ્યાન રાખવાનું કહેશો તો તેઓની સાર-સંભાળ માટે તમારી જોડે લગ્નગ્રંથિથી નથી જોડાઈ સમજ્યા?" મીતા તો એક નાનીશી વાતમાંથી ક્યાં પહોંચી ગઈ. મિતેષને કૉફી બનાવી, ટેબ્લેટ આપી દીધી હોત તો જરાપણ બોલવાનું ન થાય, બલકે પરસ્પર પ્રેમભાવ, લાગણીથી મિતેષને જલ્દી સારું થઈ જાત."

"જો મીતા, મારું શરીર તાવથી ધખે છે. તારી જીભાજોડી કરવાનું મને નથી ગમતું. અત્યારે મારા મા-બાપને ક્યાં વચ્ચે લાવે છે? તારે કોઈનીયે જરૂર નહીં પડે?" મિતેષે નરમાશથી કહ્યું.

પણ મીતાનો ગરમીનો પારો ઊંચો ચડતો હતો. તે વાતને સમજતી જ નહોતી.

"તમારો સ્વભાવ જ એવો છે તો પછી એવું ના બોલું તો શું બોલું? હું ય નોકરી કરું છું, મનેય થાક લાગે છે. એકાદ બાઈ રાખી લો, નહિં તો તમારા બેનબાને તેડાવી લો. બાકી મારાથી કાંઈ નહીં બને. હું તો આ ચાલી." કહીને તે તો મિટિંગમાં હાજરી આપવા નીકળી ગઈ. મિતેષ ભાંગી પડ્યો. તેમનાં દાંપત્યજીવનમાં મોટી તિરાડ પડી ગઈ.

મિતેષ જ્યારે મીતાને પરણીને રૂમમાં રહેવા આવ્યો ત્યારે સૌ કોઈ તેની જુગલ જોડી જોઈ પ્રસન્ન થતાં. ઈર્ષ્યા કરતાં. બંને જણ નોકરી કરતા હતા, આનંદની વાતો કરતા હસતાં-હસતાં સાથે જ કામે જતાં. પાછાં ફરતા સમયસર કામ પતાવી ઘણીવાર તો અગાશીમાં ખુરશીમાં બેસી મધુર ગોષ્ઠિમાં ડૂબી જતાં. શરૂ શરૂમાં તો બંનેનું દાંપત્યજીવન સરસ અને શાંત રીતે પસાર થતું હતું. પણ સમય સરતો ગયો, પછી ખબર પડી કે મીતા ગુસ્સાવાળી ને ગરમ મિજાજની સ્ત્રી છે. તેની વાણીમાં મધુરતા નહોતી પરંતુ કર્કશતા હતી. તેનું મિજાજી મન તેના તેજ સ્વભાવની ચાડી ખાતું હતું. પતિની નાની નાની બાબતો પ્રત્યે તે બેધ્યાન જ રહેતી. મિતેષની બગડેલી તબિયતની તેણે પ્રેમથી સંભાળ ન લીધી. પણ બદલામાં મધુરવાણીને બદલે કટુવાણી દ્વારા તેના હૃદયને દુઃખ પહોંચાડ્યું.

પોતાની પાસે છે તેમાં સંતોષ ન માનનારી અને મીર્ચીયુક્ત વચનોની લહાણી કરનારી મીતાએ મિતેષના હૃદયમાં કેવો કઠોર આઘાત પહોંચાડ્યો હતો. તેના કારણે તેની જીવનનાવ ડગુમગુ થવા લાગી. બિચારા મિતેષની સોનેરી શમણાંની ઈમારત કડડભૂસ કરતી તૂટી ગઈ.

તેનાથી ઉલટું મીતાએ લાગણીવશ થઈ ફરજ સમજી પતિ પ્રત્યે પ્રેમભાવ દર્શાવ્યો હોત તો? સંબંધ કોઈપણ પ્રકારનો હોય, પણ તેની જાળવણી કેમ કરવી, તેને કેમ નિભાવવો તે જ મહત્ત્વનું છે.

આવું માત્ર પતિ-પત્નીમાં જ નહિ, પણ સંયુક્ત પરિવારમાં તો નણંદ - ભોજાઈ, દેરાણી - જેઠાણી, સાસુ - વહુ, બાપ - દીકરો, ભાઈ-બહેન વગેરે વચ્ચે પણ કટુવાણીને કારણે અનેક અંટસો તેમની જીવનકડીમાં આવી પડે છે. અપશબ્દો, અવિવેકથી બોલાયેલા વચનોથી વાતાવરણ વધુ વિષમય બને છે. ધરતીકંપ કરતાં માનવ-માનવ વચ્ચેનો ધિક્કારકંપ વધુ ભયાનક હોનારત સર્જે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

## વ્યથા

# મેરા વિદ્રોહ ગલત હો સકતા હૈ, મગર મેરી પીડા સચ્ચી હૈ

આત્મા તો છે, પણ એને સમજવા-ઓળખવાના બધા દરવાજા બંધ થતા જાય છે. જીવન તો છે પણ એ જીવન સાથે જોડાવાની બધી શક્યતાઓ ક્ષીણ થતી જાય છે. બધા દરવાજા બંધ થઈ જાય એ પહેલાં, જેમનામાં પણ થોડી શક્તિ અને સાહસ છે, એમણે પોતાના પર પ્રયોગ કરવો જોઈએ. અંદર-ભીતર પહોંચવાની ચેષ્ટા કરવી જોઈએ, જેથી તેઓ અનુભવ કરી શકે. દુનિયામાં જો સો-બસો લોકો પણ અંદરની જ્યોતનો અનુભવ કરતા હોય તો કંઈ ખોટું નથી. કરોડો લોકોની અંદરનો અંધકાર આવા મુઠ્ઠીભર લોકોની જીવનજ્યોતથી જ દૂર થઈ શકે એમ છે, અંધકાર ઓછો થઈ શકે છે. એક, માત્ર એક માણસ પણ જો એ વાત જાણતો હોય કે આત્મા અમર છે, તો એ એક માણસનું કોઈ એક ગામમાં હોવું એ આખા ગામની આત્મશુદ્ધિનું કારણ બની શકે છે.

...પણ, આપણા મલકમાં તો કેટલાય સાધુ અને કેટલાય ઘાંટા પાડનારા અને શોરબકોર કરનારા છે કે આત્મા અમર છે. એમની આટલી લાંબી કતાર, આટલી ભીડ, દેશનું આ નૈતિક ચરિત્ર ને દેશનું આ પતન! આ જ પુરાવો છે કે એ બધા છેતરવાના ધંધા છે. અહીં ક્યાંય કોઈ આત્મા બાત્માને જાણનારા નથી. અહીં આટલી ભીડ, આટલી ધક્કામુક્કી, આટલી લાંબી કતાર, આ આટલી મિલિટરી અને મસમોટું સાધુઓનું સરઘસ... જાણે આખા મલકમાં મોં પર પટ્ટી બાંધી એક જાતનું સર્કસ ચાલી રહ્યું છે. કોઈ ડંડો લઈને બીજી જાતનું સર્કસ કરે છે, તો કોઈ વળી ત્રીજા જ પ્રકારનું સર્કસ કરી રહ્યું છે. આ આટલી મોટી ભીડ આત્માને જાણનારા લોકોની હોય અને દેશનું જીવન આટલું નીચે જતું હોય એ તો અસંભવ છે.

હું તમને એમ કહેવા માગું છું કે સામાન્ય માણસોએ દુનિયાનું ચરિત્ર બગાડ્યું છે એવું જે લોકો કહે છે એ તદ્દન ખોટું કહે છે. સામાન્ય માનવી તો હંમેશથી એવો જ રહ્યો છે. દુનિયાનું ચરિત્ર ઊંચું હતું તો મુઠ્ઠીભર લોકોના આત્મ અનુભવને કારણે, સામાન્ય માનવી હંમેશથી એવો જ હતો. સામાન્ય માણસમાં કોઈ ફેર નથી પડ્યો. સામાન્ય માનવીઓની વચ્ચે અમુક જીવંત લોકો હતા જે પોતાની ચેતનાને હંમેશ ઉપર ઉઠાવતા રહ્યા છે.

આજે કદાચ દુનિયામાં માણસનું ચરિત્ર આટલું નીચે છે, તો જવાબદાર છે સાધુ, જવાબદાર છે મહાત્મા, જવાબદાર છે ધર્મની વાતો કરનારા જુઠ્ઠા લોકો. સામાન્ય માનવી જવાબદાર નથી. એમની ક્યારેય કોઈ જવાબદારી હતી જ નહી. પહેલાં પણ નહોતી ને આજે પણ નથી. દુનિયા બદલવી હોય તો એ બકવાસને છોડી દો કે અમે એક એક માણસનું ચરિત્ર સુધારીશું કે અમે દરેકે દરેક માણસને નૈતિકતાના પાઠ શીખવશું. ખરેખર જો દુનિયા બદલવાની ઈચ્છા હોય તો અમુક લોકોએ અત્યંત 'ઈન્ટેન્સ ઈનર એક્સપરિમેન્ટ' માંથી પસાર થવું પડશે. જે લોકો ભીતરના તીવ્ર પ્રયોગોમાંથી પસાર થવા રાજી છે, વધુ નહીં, એક દેશમાંથી ફક્ત સો જેટલા લોકો પણ આત્માને જાણવાની સ્થિતિમાં પહોંચી જાય, તો આખા દેશનું જનજીવન પોતાની મેળે જ ઊંચું ઉઠવા માંડશે. ■

## સંબંધોના સથવારે : મધુર વાણી

(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)

માત્ર ઘરમાં જ નહિ, પરંતુ ઓફિસોમાં કારકૂનો પ્રત્યેનું અધિકારીઓનું વર્તન તેની ઝાંખી નથી કરાવતું? રાજનીતિજ્ઞ, નેતા, રાજપુરુષો પણ પોતાના વિરોધીઓની નીતિ-રીતિ પર કડવી વાણી દ્વારા બોલતાં કે ટીકામય રીતે ભાષણો આપતાં અચકાતા નથી.

એક જાપાની કહેવતમાં કહેવાયું છે કે 'છ ઈંચ લાંબી જીભ હોય પણ તે છ ફૂટ લાંબા માણસને જાનથી મારી શકે છે.' વાત સાચી છે ને? જીભનો સળવળાટ કામણગારો છે. તે અનેકોનાં હૃદયને વીંધીને આઘાત પહોંચાડે છે. આ કામણગારી જીભને કાબૂમાં ન રાખીએ, મીઠી વાણી કે મધુર વચનોનો આશ્રય ન કરીએ તો પ્રચંડ વાણીયુદ્ધ ખેલાય અને તેથી મીઠાં ને સ્નેહાળ સંબંધો તૂટી જાય. આપણે શા માટે આમ કરવું જોઈએ?

શ્રીમદ્ ભાગવતમાં પણ આ જ બોધ અપાયો છે "હે માનવી, તું કમ ખા, પણ ગમ ખા." ક્રોધી વ્યક્તિ જો ગમ ખાવાનું ડહાપણ કરે તો તેમાં ઘણું શાણપણ સમાયેલું છે.

આપણે દુઃખને સમયે કોઈને કહેલાં હમદર્દીનાં સહાનુભૂતિનાં શબ્દો ચુંબકની જેમ કામ કરે છે. બધાં જ વ્યવહારોમાં ચોક્સાઈ રાખીએ છીએ તો વાણીની આપ-લે માં કેમ ન થાય? આપણે દરેકમાં કરકસર કરીએ છીએ, તો મધુરવાણીના વાર્તાલાપમાં શા માટે કસર કરવી જોઈએ?

સંબંધોના સથવારે સ્નેહભર્યા સંબંધોની મજબૂત ગાંઠ માટે વાણીની મધુરતા અનિવાર્ય છે. તમે જો પત્ની હો તો મીતા જેવું વર્તન ન કરશો હોં.... ■

આરોગ્ય

# એડીનો દુખાવો

• વૈદ્ય પ્રેરક શાહ •

સવાર પડી અને સોસાયટીમાં ચહલપહલ શરૂ થઈ ગઈ. સેજલબહેન અને નીરવભાઈ હજુ પથારીમાં જ હતા. આંખ ખૂલી ગઈ પણ ઉઠવાની આળસ આવતી હતી. ત્યાં જ છાપાવાળો છાપું નાખી ગયો એટલે નીરવભાઈ ઊભા થઈને ડ્રોઈંગરૂમમાં જઈ છાપું વાંચવા બેઠા. બે-ત્રણ મિનિટ પછી દૂધવાળાએ દૂધ લેવા માટે બૂમ પાડી. તેની બૂમ સાંભળીને સેજલબહેન પથારીમાંથી ઉઠ્યાં. બે-ત્રણ પગલાં ચાલ્યાં અને મોટેથી ચીસ પાડીને બેસી પડ્યાં. સેજલબહેનની ચીસ સાંભળીને નીરવભાઈ તરત બેડરૂમમાં દોડ્યા.

'શું થયું? વાગ્યું? કેવી રીતે, કેમ ચીસ પાડી?' નીરવ ભાઈએ પ્રશ્નોની ઝડી વરસાવી દીધી. 'મને કશું થયું નથી. તમો ધીરજ રાખશો? દૂધવાળા પાસેથી દૂધ લઈ લો. મારાથી ચલાતું નથી કે ઊભા રહેવાતું નથી. આ એડીમાં સતત દુઃખે છે એટલે ચીસ પડાઈ ગઈ.' નીરવભાઈ દૂધવાળા પાસેથી દૂધ લઈને મેઈનડોર બંધ કરી ફરીથી સેજલબહેન પાસે પહોંચ્યા.

'બોલ હવે શું થયું?' 'કહ્યું તો ખરું કે એડી દુઃખે છે. ત્રણ-ચાર દિવસથી શરૂ થયું છે. મને એમ કે મટી જશે એટલે મેં ધ્યાન ન આપ્યું. દરરોજ સવારે ઊઠીને પલંગ પરથી પગ નીચે જમીન પર મૂકીએ એટલે દુખાવો થાય. પગ ઉપર ઊભા રહીએ એટલે એકદમ જોરદાર ઝટકો લાગે છે અને અસહ્ય દુખાવો થાય છે. પગ નીચે ગાદી મૂકી હોય તેવું લાગે. જાણે કે જમીનને પગ અડતાં જ નથી. કાલે તો થોડી ઝણઝણાટી પણ થઈ ગયેલી. પણ આ બધું થોડીક વાર જ આઠ-દસ પગલાં એવું લંગડાતી ચાલું એટલે બધું મટી જાય. પછી બધું ઓકે. પણ આજે તો જેવી એડી પર વજન આવ્યા કે હું ચાલી જ શકી નહીં અને દુખાવાને લીધે ચીસ પડાઈ ગઈ.'

'કશો વાંધો નહીં, લે પહેલાં આ બામ લગાવી દેવા દે અને થોડો આરામ કર. હું ડૉક્ટરને ફોન કરી લઉં. જરૂર પડે તો એક્સ-રે પડાવી આવીશું અને ડૉક્ટર પાસેથી દવા પણ લેતા આવીશું.'

'ના હો મારે પેઈનકિલર લેવી નથી. ડૉક્ટરને બતાવવાની કે એક્સ-રે પાડવા જવાની મારી ના નથી, પણ જરૂર વગર પેઈનકિલર મારે ખાવી નથી. મારે કાલે બાજુવાળા પ્રતિમા બહેન સાથે વાત થઈ હતી. તેમણે મને થોડા સૂચનો આપ્યા છે. અધકચરી દળેલી મેથીને દિવેલમાં શેકીને બાટલીમાં ભરી લેવી અને તેમાંથી સવાર-સાંજ અડધી ચમચી મેથી ગળવાની. ચામાં સૂંઠ, ગંઠોડા અને આઠ-દસ ટીપાં દિવેલ નાખીને એડી પર હલકા સાથે નવશેકા ગરમ તલ તેલથી માલીશ કરવાની અને દિવસમાં બે વાર ગરમ રેતીની પોટલીનો શેક કરવાનો. હું તો આજથી રાત્રે મારી ટીવીની સિરીયલો જોતાં જોતાં માલીશ અને શેક બંને કરીશ. એટલે બેય કામ થઈ જાય. પછી પણ જરૂર પડશે તો તેમની સાથે વૈદ્ય મિત્રને ત્યાં બતાવવા જઈશે, તમે ચિંતા ન કરો. હવે તમે ઊભા થાવ અને મને પણ થવા દો. ■

---

## ચાલો, આપણે ઇસ્લામને સમજીએ

**(અનુસંધાન : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)**

દરેક ધર્મના અનુયાયીઓમાં કેટલાક આવા તત્ત્વો હોય છે.

કુર્આનમાં તો એક નિરપરાધી અને નિર્દોષની હત્યાને સમસ્ત માનવજાતની હત્યા બરાબર ગણાવી છે અને એક નિર્દોષને બચાવવાના કાર્યને સમસ્ત માનવજાતને બચાવવા બરાબર જણાવેલ છે. જ્યારે કુર્આન મજીદે આ બાબતે આટલું બધું વજન મુકેલ હોય ત્યારે કોઈ મુસ્લિમ નિર્દોષને કેમ હણી શકે કે હત્યા કરી શકે?

કુર્આનમાં અલ્લાહને રહેમાન અને રહીમ (દયાળુ અને માયાળુ) બતાવેલ હોઈ નબી મોહમ્મદ (સ.અ.વ.) ને માનવજાત માટે રેહમત (કૃપાનીધિ) રૂપ જણાવેલ હોય ત્યારે ઈસ્લામ ધર્મ કે એના અનુયાયી મુસ્લિમ, કદાપિ હતા અને હિંસા તેમજ ફિત્ના અને ફસાદ (અરાજકતા) ની ઉત્તેજના આપી શકે નહિ કે હિમાયત કરી શકે નહિ કે એ ફેલાવે નહિ.

ઈસ્લામે અદલ અને એહસાન કરવાનો ઉપદેશ આપ્યો છે ત્યારે તે અન્યાયનો પક્ષકાર બની શકે નહિ. કૃતઘ્ન (એહસાન ફરમોશ) બની શકે નહિ. ઈસ્લામે હરહાલ (ગમે તેવી પરિસ્થિતિ) માં સબ્ર કરવા અને શુક્ર માનવાની શિખામણ આપી છે ત્યારે ધીરજ ગુમાવી અસહિષ્ણુ બનવાનું કે અસંતોષ વ્યક્ત કરતા રહેવાનું વાજબી લાગતું નથી. દરેક મુસ્લિમે કુર્આનને માત્ર વાંચવા કે તિલાવત કરતા રહેવાના બદલે સમજવાની અને આચરણમાં મુકવાની જરૂર છે અને હઝરત મોહમ્મદ પયગંબર સાહેબના સમગ્ર જીવનનો અભ્યાસ કરી, એને અનુસરવાની જરૂર છે તો જ મુસ્લિમોની તેજસ્વીતા વધશે અને યશોગાન ગવાશે. વતન અને રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ એ પણ ઈમાન મઝહબનો એક હિસ્સો છે એમ હદિસમાં કહેવાયું છે. પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી સદ્‌ગુણ છે, એવું પયગંબર સાહેબ કહી ગયા છે. એને મુસ્લિમો સાર્થક કરી બતાવે અને માનવજાત પ્રત્યેની પોતાની ફરજ અદા કરી, ઈન્સાનિયતનો પરચમ (ધ્વજ) લહેરાવે, એવી અપેક્ષા એક અલ્લાહને માનનાર અને નબી મોહમ્મદ (સ.અ.વ.) ને અનુસરનાર દરેક મુસ્લિમ પાસે રાખી શકાય. ■

તીર્થ

# પ્રકૃતિ, ધર્મ અને ઇતિહાસના ત્રિવેણીસંગમ સમું રમણીય પર્યટનધામ : મહાબલિપુરમ્

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

ભારતમાં સૌથી વધુ મંદિરો ધરાવતા રાજ્ય તામિલનાડુમાં 'મહાબલિપુરમ્' સૌથી જૂનું તીર્થસ્થળ ગણાય છે. ૭મી સદીનું 'મામલ્લપુરમ્' એટલે આજનું 'મહાબલિપુરમ્.' કાંચીપુરમ્ જિલ્લામાં આવેલું ખડક-સ્થાપત્યનું આ અદ્‌ભુત સ્થળ સમુદ્ર સૌંદર્યને લીધે વધુ રમણીય ભાસે છે. ૧૭મા સૈકામાં પશ્ચિમી પ્રવાસીઓએ કોણાર્કના સૂર્યમંદિરને 'બ્લેક પેગોડા' અને મહાબલિપુરમનાં તટમંદિરોને 'સેવન પેગોડા' તરીકે ઓળખાવ્યાં હતાં!

## • પલ્લવ શાસકોની રાજધાની :

કાંચીપુરમના પ્રારંભિક પલ્લવ રાજાઓ માટે આ પ્રદેશ (મહાબલિપુરમ્) બીજી રાજધાની હતી અને તત્સમયે તે એક ખ્યાતનામ બંદર પણ હતું. તેઓના શાસનકાળ (૫મી થી ૮મી સદી) દરમ્યાન અહીં તમિલ સંસ્કૃતિ ખૂબ વિકસી હતી. પ્રારંભે અહીંના શાસકો જૈન કે બૌદ્ધ ધર્માવલંબી હતા. પણ મહેન્દ્ર વર્મન - પહેલા (શાસન ૬૦૦-૬૩૦) શૈવપંથી બનતાં બંને સ્થળોએ હિન્દુ મંદિરો નિર્માણ પામ્યાં, જે બહુધા રાજા રાજસિંહ ઉર્ફે નરસિંહ વર્મન-પહેલા(૬૩૦-૬૭૦) અને નરસિંહ વર્મન-બીજા (૭૦૦-૭૨૮) ના સમયમાં થયાં છે.

નરસિંહ-પ્રથમ મામલ્લ કે મહામલ્લ તરીકે ઓળખાતા હતા. તેના નામ પરથી શહેરનું નામ મામલ્લપુરમ્ અને તેમાંથી અર્વાચીન મહાબલિપુરમ્ થયું. અન્ય દંતકથા મુજબ ભક્ત પ્રહલાદના પૌત્ર બલિએ આ શહેર વસાવ્યું હોવાથી અથવા તો વિષ્ણુએ બલિનો અહીં અંત આણ્યો હોવાથી તે 'મહાબલિપુરમ્' તરીકે ઓળખાયું. ગુજરાતની પ્રાચીન નગરી દ્વારિકાની જેમ અહીં પણ મંદિરોથી દેદીપ્યમાન મૂળ શહેર દરિયામાં ડૂબી ગયું હોવાનું મનાય છે.

હૈદ્રાબાદ નિઝામના પુરાતત્ત્વિય સર્વેક્ષક (અને ૧૮૧૮ માં પ્રથમ 'ભારતીય મહાપર્યાવિક્ષક' (સર્વેયર - જનરલ ઓફ ઇન્ડિયા) બનેલા) કર્નલ કોલિન મેક્કેન્ઝી (૧૭૫૪-૧૮૨૧) એ ૧૮૦૭ ના અરસામાં મહાબલિપુરમ્‌ના પુરાવશેષો, સિક્કાઓ અને સ્થાપત્યો વિશે અહેવાલ તૈયાર કર્યો હતો.

## • પથ્થરોમાં કંડારેલો ઇતિહાસ :

સહેજ ઢળતી ટેકરીઓ પર નિર્મિત ભવ્ય મંદિર સંકુલ ધરાવતું મહાબલિપુરમ્ એક નાનકડું ગામડું છે, જે મદ્રાસથી ૬૦, કાંચીપુરમથી ૬૫ અને પોંડિચેરીથી ૯૫ કિલોમીટર દૂર આવેલું છે. આજે આ સ્થળ ખાસ તો તેનાં રથમંદિરો, મંડપો (ગુફાઓ) અને તટમંદિર માટે પ્રસિદ્ધ છે. પહાડ જેવી વિશાળ શિલાઓ કોતરીને બનાવેલાં વિવિધ શિલ્પો દક્ષિણની દ્રવિડ વિમાન શૈલીના ઉત્તમ નમૂના બન્યા છે.

સમગ્ર સંકુલમાં વચ્ચે વચ્ચે રહેલા પથ્થરમાંથી હાથી, વાઘ, વાનરવૃંદનાં મૂળ કદનાં શિલ્પો કોરી કઢાયાં છે. મોટાં કદનાં શિલ્પો અનેક બલિષ્ઠ સ્થાપત્ય ધરાવે છે. તેની વૈવિધ્યિક પાત્રસૃષ્ટિ ગતિશીલ છે. કંડારણ સુંદર, સપ્રમાણ અને ભૌમિતિક છે. અહીંનાં મોટા ભાગનાં મંદિરો અને સ્થાપત્યો ૭મી થી ૯મી સદી વચ્ચે બંધાયાં છે.

## • 'પાંચ રથ' મંદિર સમૂહ :

આમ તો આ વિશ્વખ્યાત અને મનોરમ્ય મંદિરોનું ઝુમખું 'પાંચ રથ' તરીકે જ વધુ ઓળખાય છે, પણ હકીકતે તે આઠ છે. તેમાંનાં પાંચનું નામકરણ પાંચ પાંડવો પરથી થયેલું હોવાથી 'પાંચ રથ' નામ રુઢ થયું છે. તેનો આકાર રથ જેવો હોવાથી તે રથ અથવા મંડપના નામથી જાણીતાં છે. એક જ મહાકાય ખડકમાંથી કોરી કઢાયેલી આવી ઈમારતો ભારતમાં પ્રથમ છે. જો કે આ બધાં શિવમંદિરો છે, છતાં તેની રચનામાં બૌદ્ધ સ્થાપત્ય પણ જોવા મળે છે.

અહીંનાં આઠેય મંદિરો મહાભારતનાં પાત્રોના નામ પરથી ઓળખાય છે, જેને પાંચ પાંડવો, દ્રૌપદી, કુંતા માતા અને ગણેશનાં નામો અપાયાં છે. આમાં ભીમ, સહદેવ અને ગણેશના રથો લંબચોરસ ઘાટના અર્થાત્ ચૈત્યગૃહોને મળતા આવે છે. આ રથ બે થી ત્રણ માળ જેટલા ઊંચા છે અને ઉપર નળાકાર છાપરું છે. જ્યારે દ્રૌપદીરથની રચના સાદી છે. માત્ર ગર્ભગૃહવાળા આ મંદિરમાં ચતુર્ભુજ દુર્ગાની મૂર્તિ છે.

આ બધામાં સૌથી મોટો 'ધર્મરાજ રથ' છે. તેના ઉપલા માળે ચોતરફની દીવાલો પર અને ગોખોમાં વિવિધ શિલ્પવૈભવ કંડારેલો છે. આસનસ્થ સિંહકુંભોથી શોભતા સ્તંભો અને મહિષાસુરમર્દિની તથા અર્ધનારીશ્વરનાં શિલ્પો દ્રાવિડિયન શૈલીના શ્રેષ્ઠ નમૂના છે. અહીં જુદી-જુદી તકતીઓમાં ગંગાપૂજન કરતા, ભરતમુનિને નૃત્ય શીખવતા અને અર્જુનને પાશુપત શસ્ત્ર આપતા ચતુર્ભુજ શિવની વિવિધ છટાઓ અંકિત થઈ છે.

ધર્મરાજ પછી અર્જુનરથ અને ભીમરથ છે. અર્જુનરથ ધર્મરાજની પ્રતિકૃતિ જેવો છે. અહીં નંદીને ટેકવીને ઊભેલા શિવ,

ઐરાવત પર ઈન્દ્ર, ગરુડસવાર વિષ્ણુ, મિથુનશિલ્પો વગેરે જોવા મળે છે. ગણેશરથમાં મુખ્યત્વે શિવ રજૂ થયા છે. તેની પાછળના ભાગે સૂતેલા નદીનું શિલ્પ અદ્‌ભુત છે. આ પાંચ રથો પાસે હાથીઓનું ઝુંડ અને મદનિયાને જોઈને એમ જ લાગે કે ખેતરમાં હાથીઓ ફરે છે. નિર્જીવ શિલ્પો સજીવ જેવાં આબેહૂબ જણાય છે.

**• સમુદ્રકાંઠાનું જલશયન મંદિર :**

દરિયાકિનારાના મંદિર (શોર ટેમ્પલ) તરીકે ઓળખાતું આ આકર્ષક મંદિર પલ્લવકાળનો સુંદર નમૂનો છે અને સાગર સન્મુખ છે. રાજસિંહે ૬૯૦-૭૧૫ માં તે બંધાવ્યું હતું. આ મંદિર ખડકમાંથી કોતરેલું નથી, પણ બાંધકામ કરેલું છે. સિમેન્ટ કે જોડવાની અન્ય બાહ્ય ચીજોના ઉપયોગ વિના માત્ર ખડકોના આકાર અને કોતરણી દ્વારા 'મેગાલિથિક શૈલી' માં તેનાં માળખાં ઊભાં કરાયાં છે!

બે શિખરો ધરાવતા મંદિરમાં એક વિષ્ણુ અને બીજું શંકરનું ધામ છે. પ્રણાલિકા પ્રમાણે અહીં સાત પેગોડા હતા, જે મહાબલિપુરમની શોભા ગણાતા. જો કે તેમાંથી માત્ર એક અત્યારે બચ્યો છે, બાકીના દરિયામાં ડૂબી ગયાનું મનાય છે. આ મંદિરના શિલાલેખમાં તેને 'જલશયન મંદિર' તરીકે ઓળખાવાયું છે. (તેના એક મંદિરમાં સમુદ્રમાં શેષનાગ પર શયન કરેલા વિષ્ણુની પ્રતિમા છે તેથી આ નામ અપાયું હશે.) દિવસે પણ આકર્ષક દીસતું કિનારાનું આ મંદિર સૂર્યાસ્ત વખતે તો ખૂબ રળિયામણું લાગે છે.

ભરતી વખતે દરિયાની છોળો ગર્ભગૃહમાં પ્રવેશે છે ત્યારે ભગવાન ખરે જ સમુદ્રમાં શેષશય્યા પર પોઢ્યા હોય એવું ભાસે! સભામંડપમાં સિંહવાહિની દુર્ગા અને શિવનો દસ ફૂટ ઊંચો વૃષભ તેમજ કોટ પર હારબંધ બેઠેલી નાની વાછરડીઓનાં શિલ્પો અહોભાવ પ્રગટાવે છે. સદીઓ વીતવાથી અને દરિયાની ખારાશથી ઘણું સ્થાપત્ય ઘસાઈ ગયું છે. વિશિષ્ટતા તરીકે મંદિરની ચોતરફના કોટે અસંખ્ય પોઠિયા છે.

**• ગુફાઓનું શિલ્પ-સ્થાપત્ય :**

મહાબલિપુરમમાં ગુફા-સ્થાપત્ય પણ વિકસ્યું છે. દરિયાકાંઠાના મંદિર સામે કૃષ્ણમંડપ અને વરાહમંડપની ગુફાઓમાંની શિલ્પાકૃતિઓ ખાસ ધ્યાન ખેંચે છે. વિશાળ શિલાની ૨૭ x ૯ મીટરની તકતી પર પહાડની કરાડમાંથી કલાત્મક આલેખનો થયાં છે. ભારતીય શિલ્પકળાના શ્રેષ્ઠ નમૂનાઓમાં આની ગણના થાય છે.

તેમાં ગોવર્ધનધારી ભગવાન કૃષ્ણ, તપ કરતો અર્જુન, સિંહવૃંદ, ગાય દોહતા કૃષ્ણ, દૂધ લેવા ઊભેલી ગોપીઓ, ગાયવૃંદ વગેરે દર્શાવાયાં છે. ગંગાવતરણ, પદ્માસના ગજલક્ષ્મી, અસલ કદના હાથી, પંચતંત્રની કથાઓ, દેવદેવીઓ, સૂર્યચંદ્ર, કિન્નરો, ગંધર્વો, સિદ્ધપુરુષો, અપ્સરાઓ, શિકારીઓ, વિવિધ જંગલી પ્રાણીઓ વગેરેનો સમાવેશ થયો છે.

**• પર્યટનનું સુંદર મથક :**

કોરમંડલ (બંગાળના ઉપસાગર) ના કિનારે આવેલું મહાબલિપુરમ્ આઠેક ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે અને વર્ષના કોઈ પણ સમયગાળામાં ત્યાં જઈ શકાય છે. વિશાળ સમુદ્રતટ હોવાથી 'પ્રાકૃતિક પર્યટન,' પ્રાચીન શિલ્પ-સ્થાપત્યો હોવાથી 'ઐતિહાસિક પર્યટન' અને મંદિરો હોવાથી 'ધાર્મિક પર્યટન' માટે આ સ્થળ ત્રિવેણીસંગમ સમાન છે! ભૂરો દરિયો, સોનેરી રેતી અને લાલ સ્થાપત્ય... સંધ્યા સમયે તો સમગ્ર મંદિર પરિસર આહ્લાદક રંગછટાથી નિખરી ઊઠે છે!

વર્ષભર પ્રવાસીઓ અહીં ઊભરાતા રહે છે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં અહીં એક મહિનાનો 'મહાબલિપુરમ્ નૃત્ય મહોત્સવ' ઉજવાય છે, જેમાં તામિલનાડુનું ભરતનાટ્યમ્, કેરળનું કથકલી, આંધ્રપ્રદેશનું કુચીપુડી, આદિવાસી નૃત્યો, કઠપૂતળીના ખેલ, પારંપરિક સંગીત વગેરે અનેક કાર્યક્રમો યોજાય છે. અહીંનું શિલ્પકળા સંગ્રહસ્થાન (સ્કલ્પચર મ્યુઝિયમ) પણ ચૂકવા જેવું નથી.

પલ્લવકાળથી ચાલી આવતી શિલ્પ-સ્થાપત્ય કળા મહાબલિપુરમમાં હજુ જીવે છે. અહીં દરેક જગ્યાએ તમને ગ્રેનાઈટ પથ્થરો પર રણકતા ટાંકણાના અવાજ સંભળાશે. ભારત અને શ્રીલંકાનાં અનેક મંદિરો માટે અહીંથી પ્રતિમાઓ ઘડાઈને જાય છે. દેવમૂર્તિઓ, કાષ્ટકલા, છીપલાનાં આભૂષણો અને એનાં જેવી અનેક વસ્તુઓ અહીં બને છે અને મળે છે.

**• વિવિધ માધ્યમોમાં સ્થાન :**

આપણા દેશના બંધારણને ભારતીય સંસ્કૃતિનાં અનેક કળાત્મક ચિત્રોથી સજાવવામાં આવ્યું છે. તેમાં 'મહાબલિપુરમ્'ના રેખાચિત્રનો પણ સમાવેશ કરાયો છે. ૧૪મી માર્ચ, ૧૯૮૩ ના 'રાષ્ટ્રસમૂહ દિવસ' (કોમનવેલ્થ ડે) પ્રસંગે ભારતીય ટપાલ વિભાગ દ્વારા બે ખાસ બહુરંગી ટપાલ ટિકિટોનો સંપુટ બહાર પાડવામાં આવેલો. તેમાં બે રૂપિયા મૂલ્યની ટિકિટ પર 'ગંગોત્રી ગૌમુખ' અને એક રૂપિયા મૂલ્યની ટિકિટ પર 'મહાબલિપુરમ્'નું દ્વિશિખરીય જલશયન મંદિર દર્શાવવામાં આવ્યું છે.

મહાબલિપુરમ્ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા) દ્વારા રક્ષિત સ્મારક સમૂહ છે. ૧૯૮૪માં આ ભવ્ય ઐતિહાસિક સંકુલને યુનેસ્કો દ્વારા 'વિશ્વ વારસા સ્થળ' (વર્લ્ડ હેરિટેજ સાઈટ) ની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ૨૦૦૩માં ટપાલ લેખન સામગ્રી (પરબીડિયાં, અંતરદેશીય પત્રો, પોસ્ટકાર્ડ) પરની સ્ટેમ્પ-ડિઝાઈનમાં મહાબલિપુરમ્‌ના 'રથમંદિર' ને સ્થાન આપવામાં આવેલું.

*'શિવમ્' ૪૦/બી, વૃંદાવન નગર, વૈશાલી સિનેમા રોડ,*
*ખડિયા તળાવ સામે,*
*અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨૨૩૧૫૦*

ધર્મ

# ચાલો, આપણે ઇસ્લામને સમજીએ

• મોહમ્મદ એ. ત્રવાડી •

જગતના મહાન ધર્મોમાં ઈસ્લામ ધર્મની ગણના થાય છે. આ ધર્મ પાળનારા અનેક દેશોમાં વસે છે અને સારી સંખ્યામાં પણ છે. આશ્ચર્યની વાત એ છે કે ઝાડ, પાન અને વરસાદ વિનાના રેતાળ અને વેરાન પ્રદેશ અરબસ્તાનમાં એનો ઉદ્ભવ (જન્મ) થયો છે. એ ધર્મના પ્રવર્તક હઝરત મોહમ્મદ પયગંબર સાહેબ હતા. એ સાહેબનું કુળ (ખાનદાન) ઊંચું હતું. પણ એમના મા-બાપ એમના બચપણમાં ગુજરી ગયા હતા. એટલે હઝરત મોહમ્મદ સાહેબને યતીમ (અનાથ) અવસ્થા ભોગવવી પડી હતી. જો કે એમનો ઉછેર કાકા અબુતાલીબે કર્યો હતો. પોતે શરૂઆતમાં બકરા ચરાવતાં હતા અને તેઓએ શાળાનું દુન્યવી શિક્ષણ લીધું ન હતું.

બીજી આશ્ચર્યની વાત એ છે કે, તેમણે ૨૫ વર્ષની યુવાવસ્થામાં જેમના એક પછી એક બે પતિ ગુજરી ગયા હતા એવા ૪૦ વર્ષના વિધવા ખદીજા (અ.સ.) સાથે શાદી કરી હતી. શાદીનું પણ આજીવન સુખ ભોગવી શક્યા ન હતા. ખદીજા (અ.સ.) એ ૨૫ વર્ષનો સાથ છોડી ચીર વિદાય લીધી હતી.

મોહમ્મદ સાહેબ ભલે દુન્યવી (ભૌતિક) દૃષ્ટિએ અશિક્ષિત હતા પણ એમનામાં ઊંચી સમજદારી હતી. તેઓ બચપણથી જ સમાજની સમસ્યા વિશે ચિંતન કરતા હતા. લોકોમાં એમની સત્યવાદી અને ઈમાનદાર (અમીન) તરીકે પ્રતિષ્ઠા જામી હતી. મક્કાના કાઅબતુલ્લાહના નવનિર્માણ વખતે ‘હજરે અસ્વદ’ મુકવાની ચડસાચડસી વખતે એમની દીર્ઘ દૃષ્ટિના કારણે જ અરબોના મોટા કબીલામાં ખૂનામરકી થતી અટકી ગઈ હતી.

પયગંબર સાહેબને ૪૦ વર્ષની ઉંમરે ‘ગારે હીહીમાં આકાશવાણી (વહી) સંભળાઈ હતી. તે પછી પોતાની જન્મભૂમિ મક્કામાં ૧૩ વર્ષ સુધી ઈસ્લામનો પ્રચાર કરતા રહ્યા હતા પણ બહુ કામિયાબી મળી ન હતી. કારણ કે અરબ લોકો અનેક દેવ - દેવીને પૂજનાર અને મૂર્તિપૂજામાં માનનાર હતા. તેમને એક ઈશ્વરની નિર્ગુણ ઉપાસના કરવાનું ફાવે તેમ ન હતું. વળી અરબ કબીલાના શ્રીમંત અને જાજરમાન વડીલોને એક નાના માણસ ઉપદેશ આપે એ રુચતુ ન હતું. એથી એ લોકો નબી સાહેબ સામે અમાનવીય વ્યવહાર કરવા લાગ્યા અને ત્રાસ આપવા લાગ્યા. એથી ૫૩ વર્ષની ઉંમરે મોહમ્મદ સાહેબે મક્કાથી ૪૫૦ કિ.મી.ના અંતરે આવેલા મદીના તરફ હિજરત કરી. આની સ્મૃતિમાં જ હીજરીસન શરૂ થઈ છે ત્યારે ઈ.સ. ૬૨૨ હતી.

મદીના જતાં ત્યાંના લોકોએ તેમને ઉમળકાભેર આવકાર આપ્યો અને દરેક પ્રકારે સહકાર આપ્યો. મદીનાના આવા લોકો ‘અન્સાર’ કહેવાયા અને મક્કાથી આવનારા મોહાજરિન કહેવાયા. નબી સાહેબ મદીના આવ્યા પછી ઈસ્લામનો ઝડપભેર પ્રચાર થયો અને બીજા દેશના લોકો પણ ઈસ્લામ સ્વીકારવા લાગ્યા. મક્કામાં ૧૩ વર્ષ અને મદીનામાં ૧૦ વર્ષ ઈસ્લામનો ફેલાવો કર્યા બાદ નબી સાહેબ મદીનામાં ૬૩ વર્ષની વયે નિર્વાણ પામ્યા.

હઝરત મોહમ્મદ પયગંબર સાહેબે જે ઈસ્લામનો પ્રચાર કર્યો, એનો પાયાનો સિદ્ધાંત, માત્ર એક જ ઈશ્વરને માનવાનો અને એની ઉપાસના કરવાનો છે. ઈશ્વર એક જ છે, એનો કોઈ ભાગીદાર નથી અને એનો કોઈ બરોબરિયો નથી. તે જન્મ લેતો નથી. તે સ્વતંત્ર (બે નિયાઝ) છે. આ એની પાયાની માન્યતા છે. એમ ન સ્વીકારનાર શિર્કનો કરનાર છે. શિર્ક મોટું પાપ અને ગુનો ગણાય છે અને હઝરત મોહમ્મદ સાહેબ, રસુલુલ્લાહ (અલ્લાહના સંદેશવાહક) કહેવાય છે.

અલ્લાહે પોતાની દિવ્યવાણી (વહી) મારફતે માનવજાતને જે સંદેશો મોકલ્યો તેનું સંપાદન (એકીકરણ) કુર્આન કહેવાય છે. આવો સંદેશો ૨૩ વર્ષ સુધી ટૂકડે ટૂકડે ઊતરતો રહ્યો હતો અને એની વ્યવસ્થિત નોંધ થતી રહી હતી અને આ ૧૪૫૦ ગાળામા કુર્આનમાં એક અક્ષરનો પણ ફેરફેર થયો નથી. ગમે તે સ્થળે અને ગમે તે સમયે એનો એક જ પાઠ-રચના-જોવા મળશે. આ પણ આશ્ચર્યની બાબત છે.

અલ્લાહની વાણી, હઝરત મોહમ્મદ સાહેબ પર સમસ્ત સૃષ્ટિ અને અખિલ બ્રહ્માંડ માટે અવતરણ થઈ છે. આ વાણીમાં એકમાત્ર ઈશ્વરને જ પૂજ્ય (માઅબુદ) માનવામાં આવ્યા છે. આ કલમા સિવાય નમાઝ (ઈશ્વર સ્તવન), ઝકાત (ધર્માદો), રોઝા (ઉપવાસ), હજ (મક્કા-મદીનાની ધાર્મિક યાત્રા), જિહાદ (સાત્વિક સંઘર્ષ), તહારત (શારીરિક અને માનસિક શુદ્ધિ-પવિત્રતા) અને વલાયત (સદ્ભાવ - પ્રેમ) જેવા ધાર્મિક કાર્યની હિમાયત કરી છે. તદ્દપરાંત તંદુરસ્ત સમાજ પ્રણાલી માટેના નિયમો પણ આપ્યા છે.

સ્ત્રીના મોભા અને દરજ્જા માટેની સૌથી પહેલી હિમાયત ઈસ્લામે જ કરી છે. લોકોના ખાન-પાન-કપડા (પોશાક) અંગે પણ તેણે ચિંતા સેવી છે અને લોકોને વ્યાજ મુક્ત અને વ્યસન મુક્ત થવા તેમજ કર્ઝેહસના (ઉછીના પૈસા) આપવા અતિશય આગ્રહ રાખ્યો છે. હરામ-હલાલના ખ્યાલથી સર્વને સાવચેત કર્યા છે. અરે કોઈના ઘરમાં વગર પરવાનગીએ પ્રવેશવા પણ મનાઈ કરી છે.

અલ્લાહે અરબસ્તાનની ધરતીમાં એમના નેકબંદા પર કુર્આન નાઝિલ કર્યા (ઊતાર્યા) હોઈ, સ્વાભાવિક રીતે એ અરબી ભાષામાં છે પણ એના ભાષાંતર અને અનુવાદ જગતભરની ભાષામાં થયા છે. ગુજરાતી ભાષામાં પણ દસ-બાર મહાનુભાવે કરેલા

તરજુમાં ઉપલબ્ધ છે.

વન અને ઉપવન (બગીચા) વચ્ચે અંતર છે. વન (જંગલ) માં દરેક જાત પ્રકારના ઝાડ અડાબીડ રીતે ઉગી નીકળેલા હોય છે. પણ માનવ રચિત બગીચામાં વ્યવસ્થા હોય છે. આકાશમાં તારાઓ વ્યવસ્થિત ગોઠવાયેલા જોવા મળતા નથી. છાબડી ઊંધી વળે અને ફળો વિખરાયેલા જોવા મળે એવું તારાનું હોય છે.

કુર્આન કુદરત (અલ્લાહ) ની દેન છે. એટલે એમાં વિષયવાર પ્રકરણ નથી. એક પ્રકરણમાં અનેક બાબત અને અનેક પ્રકરણમા એક બાબત જોવા મળશે. વિનોબા ભાવેએ ‘રૂહુલ કુર્આન’ (કુરાન સાર, સત્વ) લખેલ છે તેમાં વિષયાંગ (Topic) પ્રમાણે રજૂઆત કરી છે અને તેની સામે કુર્આનની સુરા અને આયાત નંબરની નોંધ કરી છે.

કુર્આનમાં ૩૦ ભાગ (સિપારા) છે જેથી દરરોજ એક સિપારો પઢવાથી એક માસમાં કુર્આન ખત્મ થાય. તેમજ કુર્આનમાં ૭ મંઝિલો છે જેથી દરરોજ એક મંઝિલ પુરી કરી, પુરા કુર્આન એક સપ્તાહમાં પુરા કરી શકાય છે. કુર્આન મજીદનાં સાચા પ્રકરણો તો સુરહ છે. કુર્આનમાં આવી ૧૧૪ સુરહ છે. સૌથી લાંબી સુરહ અલબકરહ (૨૮૬ આયાત) અને સૌથી નાની સુરહ અલ કવસર (૩ આયાત) છે. કુર્આનમાં જે પહેલી અને છેલ્લી સુરહ છે તે વાસ્તવમા પહેલી અને છેલ્લી નાઝિલ (અવતરિત) થઈ નથી.

કુર્આનના પ્રકરણ (સુરહ) માં આવતા પેરેગ્રાફને ‘રૂકુ’ કહેવાય છે અને વાક્યને ‘આયત’ કહેવાય છે. કુર્ઞાનના દરેક શબ્દની, અક્ષરની, એના ઝેર જબર-પેશનુકતા (બિંદુ) ની ચોક્કસ ગણતરી થઈ છે.

કુર્આનમાં એક સિવાય દરેક સુરહ (પ્રકરણ) ના મથાળે બિસ્મિલ્લાહી ર્હહમા નિહ્રહીમ લખાયુ છે. સુરએ તૌબા અથવા સુરએ બરાઅતના મથાળે બિસ્મિલ્લાહ નથી તો સરએ નમ્લમાં ૩૦મી આયાતમાં બિસ્મીલ્લાહ આવે છે. આ રીતે પૂર્તિ કરવાથી કુલ ૧૧૪ બિસ્મિલ્લાહનો અંક પુરો થાય છે.

અરબીના હિસાબે બિસ્મિલ્લાહી ફહમાનિહ્રહીમના ૧૯ અક્ષર થાય છે અને આ દરેક અક્ષરના મૂલ્યાંકનના હિસાબે ૧૯ અક્ષરના મૂલ્યાંકનનો સરવાળો ૭૮૬ થાય છે. મુસ્લિમો ૭૮૬ ના અંક દ્વારા બિસ્મિલ્લાહને સૂચિત કરે છે.

મુસ્લિમોના દરેક કાર્યનો આરંભ બિસ્મિલ્લાહીર્હહમાનિર્હહીમથી થાય છે એનો અર્થ એવો થાય છે કે હું દયાળુ અને માયાળું અલ્લાહના નામથી મારા કાર્યનો શુભારંભ કરું છું. મુસ્લિમોમાં બિસ્મિલ્લાહ લખી તેમજ બોલી કામ શરૂ કરવાની પ્રથા છે કારણ કે મુસ્લિમો એને સૌથી ઉંચી અને જન્નતની કૂંચી (ચાવી) સમજે છે.

મુસ્લિમોને મન અલ્લાહ પછી એના રસુલ મોહમ્મદ (સ.અ.વ.) નું સ્થાન છે પણ ઇબાદત, બંદગી, પ્રાર્થના અલ્લાહની જ થાય છે અને મદદ માટે અલ્લાહ પાસે જ યાચના થાય છે.

અલ્લાહ એ વિશેષણ વગરનું વિશેષ્ય સંજ્ઞાવાચક છે. અલ્લાહ માટે અન્ય ૯૯ નામો છે પણ એ સિફાતી (ગુણવાચક) નામો છે.

કુર્આન નબી મોહમ્મદ (સ.અ.વ.) પર ઉતરેલા હોવા છતાં એમનું (મોહમ્મદ) નામ માત્ર ૪ વાર જ આવે છે. ત્યારે બીજા નબીના નામ ઘણીવાર આવે છે. સૌથી વધુ વાર મુસા (અ.સ.) નું નામ આવે છે. એ બતાવે છે કે, વહી થઈ એ મુજબ જ એમણે રજૂઆત કરી છે. તેમજ પોતાનું નામ પ્રકાશમાં લાવવા માટે કોશિશ કરી નથી. પોતે એટલા વિનમ્ર હતા કે પોતાની જાતને બશર (ઈન્સાન-માનવ) કહેતા ખચકાતા ન હતા અને પોતાની પાસે કોઈ ગેબના ખજાના કે ગેબના ખજાનાની ચાવી નથી એમ બેધડક કહ્યું છે. પોતાને અલ્લાહતઆલા તરફથી ઠપકો મળ્યો હતો એમ પણ નિસંકોચપણે જણાવ્યું છે. અલબત્ત એમના પર વહી નાઝિલ થતી હતી એ નિશ્ચિતપણે જણાવ્યું છે. અને જે દિવ્યવાણી સંભળાતી હતી તે તરત જ બીજાને સંભળાવતા હતા અને પહોંચાડતા હતા.

કુર્આન શરીફનો કરિશ્મો (મોઅજીઝો) એ છે કે, દરેક સુરત પર આવતા બિસ્મિલ્લાહીર્હહમા નિર્હહીમના ૧૯ અક્ષરની કુર્ઞાનમાં આવતી મહત્ત્વની બાબત અને શબ્દની સંખ્યાને ૧૯થી ભાગાકાર કરીએ તો શેષમાં શૂન્ય જ આવે છે! દા.ત. ૧૧૪ સુરત (સુરહ) ને ૧૯ થી ભાગીએ તો ભાગફળ ૬ આવે અને ૧૧૪ માંથી ૧૧૪ બાદ કરતા શેષમાં શૂન્ય આવે છે. મિસરના પ્રોફેસરે કોમ્પ્યુટરની ચકાસણીથી ઘણી વાત પુરવાર કરી છે.

મોહમ્મદુલ મુસ્તુફા (સ.અ.વ.) એ દુન્યવી શાળાનું શિક્ષણ લીધું ન હતું કે એ યુગમાં કોમ્પ્યુટર ન હતું છતાં ઘણી બાબતો ચોકસાઈપૂર્વક આપોઆપ (સ્વયંભૂ-ઓટોમેટિક) ગોઠવાઈ ગઈ હોય એવું લાગે છે. એ જ બતાવે છે કે કુર્ઞાન મજીદ, કલામુલ્લાહ (અલ્લાહના કલામ-શબ્દ) છે અને આ કિતાબે ઈલાહી (અલ્લાહની કિતાબ) છે. આ કિતાબ દુનિયાના ઘણા મુસ્લિમને કંઠસ્થ (મોઢે) છે અને એની હરહંમેશ તિલાવત (વાચન ક્રિયા) થતી રહે છે. દુનિયામાં આ કિતાબનો જ સૌથી વધુ નિત્યપાઠ થતો હશે, એમ નિર્વિવાદપણે કહી શકાય તેમ છે.

કુર્આન મજીદ સાથે હદીસ અને સુન્નતને જોડવામાં આવે છે. કારણ કે કુર્ઞાનમાં કેટલીક બાબતોનો નામોલ્લેખ છે. નમાઝ, ઝકાત, રોઝા, હજની બાબતને વિસ્તારથી સમજાવવામાં આવી નથી પણ એનું વિવરણ અને સ્પષ્ટીકરણ હદીસની કિતાબોમાંથી મળી રહે છે. રસુલુલ્લાહે જે રીતે આચરણ કર્યું હોય તેને અનુસરવાની ક્રિયાને સુન્નતે રસુલ કહેવાય છે.

ઈસ્લામનો અર્થ જ શાંતિ અને સલામતી થાય છે. એટલે ઈસ્લામ ધર્મ પાળનાર મુસ્લિમ શાંતિ ચાહક અને શાંતિવાહક હોવો જોઈએ. પણ એવું માલુમ પડતું નથી. કેટલાક અણસમજુ અને ધર્મઝનૂની લોકો ઈસ્લામને બટ્ટો લગાડી રહ્યા છે. અલબત્ત,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)**

# તમામ માટે રહેમતનાં દ્વાર ખુલ્લાં

• કબીર સી. લાલાણી •

અલ્લાહના અસ્તિત્વને ઉજાગર કરતો આ પ્રસંગ ગમે તેવા નાસ્તિકની આંખ ઉઘાડનારો બની રહેવા પામશે. હઝરત ઈમામ જાફર સાદિક (અ.સ.) ની હુઝુરમાં એક શખ્સે હાજર થઈ અરજ ગુજારી કે - આપ હઝરત ફરમાવો છો કે અલ્લાહને જોઈ શકાતો નથી તો બતાવો કે વગર જોયે તેના અસ્તિત્વ વિશે અમને વિશ્વાસ કેમ થાય?'

આપ ઈમામે ફરમાવ્યું કે - તમે ક્યારેય સમંદરમાં મુસાફરી કરી છે? પેલા જિજ્ઞાસુ શખ્સે 'હા' માં ઉત્તર આપ્યો. આપે ફરમાવ્યું તેમાં કાંઈ વેળા તોફાન આવે ને તમારું જહાજ ડુબવાની તૈયારીમાં હોય અને મોત તમને ઘડી બે ઘડીમાં ભરખી જશે તેવું લાગે ત્યારે જીવન-મરણ વચ્ચેની આવી કટોકટીની પળે તમારા હૃદયના ઊંડાણમાં આશાના એક પાતળા કિરણનો ઝબકારો થતો હશે કે હજુ પણ મને કોઈ ઉગારી લઈ શકે ત્યારે નિરાશાના આવા કપરા સમયે જે આશાનું કિરણ દેખાડે અને દિલને સહારો આપે તે બીજું કોઈ જ નહીં તે એક માત્ર અલ્લાહ છે. આવી આશા અથવા સહારો તમોને દેખાતો નથી છતાં તમે વિશ્વાસ કરો છો તો પછી જોયા વગર અલ્લાહ પર યકિન કરતા તમારી અકલ કેમ ના પાડે છે?

અલ્લાહને ઓળખવાનું અજોડ સાધન તેણે પેદા કરેલું માનવીનું શરીર છે. તબીબો અને વૈજ્ઞાનિકોએ મનુષ્યના શરીરનો અભ્યાસ કરીને જે તારણો કાઢ્યા છે તે ખરેખર વિસ્મયજનક છે. અત્યાર સુધી મેળવેલું જ્ઞાન તો માત્ર એક ઝલક છે. શરીરની અદ્‌ભુત કરામતોનો તાગ મેળવવો એટલે અંતરિક્ષમાં 'તારામંડળનો કયાસ કાઢવાં બરાબર છે. એક સુપર કોમ્પ્યુટરથી સેંકડોગણું તાકતવર ઈન્સાનનું દિમાગ છે. આ બ્રેનમાં એટલી અગાધ શક્તિ ભરેલી છે કે માનવી તેના રોજિંદા વ્યવહારમાં તેનો માત્ર બેથી ત્રણ ટકા જ ઉપયોગ કરતો હોય છે તો વિચારવું રહ્યું કે જો તેનો પુરો ઉપયોગ કરી શકાય તો માનવી ક્યાં પહોંચી શકે? અલ્લાહનું અસ્તિત્વ ઈન્સાનની સમજમાં સહેલાઈથી આવી શકે તે માટે તેણે આ જગતમાં અનેક નિશાનીઓ પેદા કરી છે.

સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી જેવી બાબતો અલ્લાહનાં અસ્તિત્વની જીવતી જાગતી નિશાનીઓ છે. ઉપરાંત ઝાડ પાન, ફળફૂલ, ઘૂઘવતા સાગર, હરતાંફરતાં પ્રાણીઓ પર વિચાર કરીએ તો અલ્લાહતઆલાના અસ્તિત્વને માત્ર સમજી નહીં અનુભવી પણ શકાય છે. પામર જીવ એવી મધમાખીને પેદા કરી અલ્લાહે માનવીના લાભ માટે જે રીતે કામે લગાડી છે જે દિવસ-રાત મહેનત કરી અમૃત સમાન મધ માનવી માટે તૈયાર કરે છે તેના જેવું એક બુંદ મધ પણ ચાંદ પર પહોંચવાના બણગા ફૂંકતો પામર મનુષ્ય બનાવી શકવા અસમર્થ છે. આવી મધમાખીઓની કરામતભરી આ જીવનવ્યવસ્થા પર વિચારીએ તો અલ્લાહના શુક્રના સઝદામાં મસ્તક ઝૂકી જાય છતાં કાળા માથાનો માનવી અકડીને અલ્લાહના વજૂદને સ્વીકારવા અસમંજસ અનુભવી રહ્યો છે તેના જેવી બદકિસ્મતી બીજી કઈ હોઈ શકે? અલ્લાહના અસ્તિત્વનો સ્વીકાર કરવા દ્વીધા અનુભવતા લોકો ભલે આ માટે કેટલી પણ દલીલ કરે પરંતુ કટોકટીની કોઈ પળે અથવા મોત સામે આવીને ઊભું હોય ત્યારે તેનું પણ દિલ પોકારી ઊઠે છે કે મને કોઈ બચાવો.

કોઈના માનવા કે ન માનવાથી અલ્લાહને કશો ફરક પડતો નથી. એ તો વિશ્વના દરેક જીવને પોતાની નેઅમત-કૃપાઓથી નવાજતો હોય છે અને તેનો એકસરખો લાભ આપતો રહે છે. આસ્તિક હોય કે નાસ્તિક તેની રહેમતના દ્વાર સૌ માટે ખુલ્લાં હોય છે. માનવા ન માનવાના લાભાલાભ તો માણસે વિચારવાના છે. સમાજને સૌથી વધારે નુકસાન લોકોના અધકચરા ઈલ્મથી થાય છે. અલ્લાહની શક્તિને પૂરી ઓળખ્યા વગર આદમીનો અમલ લેખે લાગતો નથી. એટલે જ ખુદાવંદે કરીમનો આદેશ છે કે મને માનવો હોય તો મારી નિશાની દ્વારા બુદ્ધિપૂર્વક મનન-ચિંતન કરીને તમારું દિલ કબૂલ કરે તોજ મને માનો. મેં મનુષ્યને વિચારોની આઝાદી આપી છે. ઈન્સાનનું અલ્લાહ પરનું ઈમાન મજબૂત થાય તો જ ઈસ્લામ-સમજમાં આવે. ઈમામને મજબૂત કરવા ઈલાહી કિતાબ કુરાને કરીમનું નિયમિત વાંચન અને તેની હિદાયત આદેશ-ઉપદેશ પર સાચા મનથી અમલ અનિવાર્ય બની રહે છે. માનવીના જીવનમાં બરકત, સફળતા, સલામતી, શીફા (તંદુરસ્તી) માટે અમલભર્યું જીવન અનિવાર્ય છે. ■

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

સંસ્થા વિશેષ

# પ્રેમ, શાંતિ અને શ્રધ્ધાનો અનેરો સંગમ : વિરાયતન

તીર્થંકર મહાવીરની નિર્વાણ ભૂમિમાં આજથી ૪૫ વર્ષ પૂર્વે 'માનવસેવા એ જ પ્રભુસેવા'ના સિદ્ધાંતને આત્મસાત્ કરી બિહારના રાજગીર (જિ. નાલંદા) મથકે ઉપાધ્યાય શ્રી અમર મુનિજી મહારાજ સાહેબની નિશ્રામાં વિરાયતન સેવાનું મંડાણ આચાર્ય સાધ્વી ચંદનાજી મ.સા.ના નિર્દેશન હેઠળ શરૂ કરવામાં આવ્યું. જ્યાં ત્યાંના દૃષ્ટિની ખામીવાળા, ગરીબ અજ્ઞાન લોકોને જીવનમાં અજવાળું પાથરવાના ભગીરથ સેવા કાર્યમાં તેઓ કાર્યરત થઈ ગયેલ. આ 'વિરાયતન'ની સ્થાપના ૧૯૭૩માં બિહારમાં કરવામાં આવી હતી.

૨૬મી જાન્યુઆરી, ૧૯૩૭માં મહારાષ્ટ્રના ચાસ ગામના કટારિયા પરિવારમાં એક બાળકીનો જન્મ થયો. શકુંતલા નામની એ બાળકીને જૈન ધર્મમાં આકર્ષણ જાગતા ૧૪ વર્ષની વયે દીક્ષા ગ્રહણ કરતાં તેનું નામકરણ ચંદનાજી રાખવામાં આવ્યું. જે સમય જતાં, આ સાધ્વીએ જૈન ધર્મમાં પ્રથમ સાધ્વી આચાર્યપદ (સંદર્ભ કચ્છમિત્ર, તા. ૨૪-૧-૨૦૧૭) ધારણ કરી આચાર્ય ચંદનાજી તરીકે પ્રતિષ્ઠાપિત થયેલ છે. સતત ૧૨ વર્ષ સુધી મૌનવ્રત સેવી જુદા જુદા ધર્મગ્રંથો અને આગમોના ઊંડા અભ્યાસ દ્વારા જીવનના રહસ્યોનો તાગ મેળવેલ છે. 'માનવ સેવા એ જ પ્રભુસેવા'ના જ્ઞાનને આત્મસાત્ કરે છે. તેઓ સામાન્ય માનવના જીવનને ધર્મ સાથે જોડવાના પ્રયત્નો ઉજાગર કરે છે.

૧૯૭૨-૭૩માં ભગવાન મહાવીર સ્વામિજીના નિર્વાણના ૨૫૦૦ વર્ષની જન્મજયંતી સમયે ભગવાનની જન્મભૂમિ બિહારમાં સેવા, શિક્ષણ અને સાધના દ્વારા સમાજ સુધારાની અનેરી પ્રવૃત્તિ આદરે છે.

રાજગીર (બિહાર) મધ્યે સ્વાસ્થ્ય, શૈક્ષણિક અને વ્યવસાયિક તાલીમ કેન્દ્ર દ્વારા લોકોના જીવન સુધારણાનું મંડાણ કરે છે. ત્યાં નેત્ર જ્યોતિ સેવા મંદિરમાં ૧૫૦ પથારી ધરાવતી આંખની હોસ્પિટલનો લાભ પૂર્વ અને ઉત્તર ભારતના લોકોને મળે છે. સાથે સાથે પોલિયો, દંત ચિકિત્સા અને સામાન્ય શસ્ત્રક્રિયા જેવી સેવાઓ કરવામાં આવે છે.

લચ્છવાડ ખાતે કોમ્પ્યુટર પ્રશિક્ષણ અને મહિલાઓને સીવણની તાલીમ દ્વારા પગભર કરવામાં આવે છે. જ્યારે પાવાપુરી (બિહાર)માં આવેલ વિદ્યામંદિર શાળામાં ૧૦૦૦થી વધુ બાળકો વ્યવસાયલક્ષી તાલીમ છેલ્લા ૧૫ વર્ષથી મેળવે છે.

તદુપરાંત દરિયાપારના દેશો જેવા કે યુ.એસ.એ., યુ.કે., ઓસ્ટ્રેલિયા, સીંગાપુર, નૈરોબી, દુબઈ વગેરેમાં ભારતીય સંસ્કૃતિનો વ્યાપ વધારવા પ્રેરણાત્મક, સર્જનાત્મક, સ્વ-નિરીક્ષણ તથા વિશિષ્ટ વ્યક્તિત્વ વિકાસના કેન્દ્રો વિરાયતન દ્વારા ચલાવવામાં આવે છે. શિક્ષણ જ માનવજાતિના વિકાસનો પાયો છે તેવું તેમનું માનવું છે. આંતરિક વિકાસ દ્વારા પ્રેમ અને કરુણાથી માનવીના હૃદય વચ્ચે સુમેળ સાધી વિશ્વબંધુત્વની ભાવના ફેલાવી બેકારી, નિરક્ષરતા અને આતંકવાદને દૂર કરવો.

વર્ષ ૨૦૦૧માં આવેલ કચ્છના ગોઝારા ભૂકંપગ્રસ્ત લોકોના જીવનને થાળે પાડવા તેમજ અનાથ - નિરાધાર બાળકો અને બહેનોને સહાયરૂપ થવા વિરાયતન સંસ્થાએ તેના મનસુબા સાથે કામચલાઉ શૈક્ષણિક સંસ્થાનો પાયો ભુજ ખાતે નાંખેલ. પ્રવૃત્તિ વિસ્તરતાં ૩૬થી વધુ વિવિધલક્ષી તાલીમકેન્દ્રો તથા સીવણના શિક્ષણ દ્વારા ૨૦૦૦થી વધુ બહેનોને પગભર કરવાનો યજ્ઞ આદર્યો. કોમ્પ્યુટરના પાઠ્યક્રમ તથા શિક્ષણ દ્વારા વિકાસ યાત્રાની પ્રગતિનો પ્રારંભ કર્યો. માંડવી તાલુકાના જખણિયામાં ૨૪ એકર જેટલી વિશાળ જગ્યામાં દાતાઓની સખાવતથી એક અદ્યતન શૈક્ષણિક સંકુલનું નિર્માણ થયું. જ્યાં કચ્છ જિલ્લામાં સર્વપ્રથમ ફાર્મસી ડિગ્રી તથા ઇજનેરી પોલિટેકનિક, મેનેજમેન્ટ અભ્યાસક્રમ, કોમ્પ્યુટર શિક્ષણ વગેરેના અભ્યાસક્રમથી વિરાયતનનું આ શૈક્ષણિક સંકુલ ધમધમે છે. આ સંકુલમાંથી શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓ પગભર થઈ વિરાયતનનું નામ રોશન કરે છે.

આમ શિક્ષણનો વ્યાપ વધારવા અને કચ્છના વિદ્યાર્થીઓના જીવન ધોરણને ઊંચું લાવવા તથા ઉત્કૃષ્ટ છાત્રો તૈયાર કરવાના યજ્ઞમાં તાજેતરમાં કચ્છ માંડવી તાલુકાના હરિપર ગામે દાતાઓની સહાયથી એક અદ્યતન શિક્ષણ કૉલેજ સંકુલના નિર્માણ ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે દાતા ટ્રસ્ટી શ્રી સુંદરજીભાઈ શાહ, દાનવીર શ્રી દામજીભાઈ એન્કરવાલા, તેમના ભાઈ શ્રી જાદવજીભાઈ એન્કરવાલા, ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ છેડા તથા દેશ-વિદેશના અનેક દાતાઓશ્રી, મહાનુભાવો તથા સંતશ્રી મોરારિબાપુ પણ પોતાના આશિર્વચનો આપવા પધારેલ હતા. તેમજ સન ફાર્માના શ્રી દિલીપ સંઘવી, વિરાયતન સંસ્થાના અધ્યક્ષ અભય ફિરોદિયા વગેરે ઉદ્ઘાટન પ્રસંગે પધારેલ હતા.

ઉદ્ઘાટન પ્રસંગની શરૂઆત વિરાયતન સંસ્થાના વડા તેમજ બહુમુખી પ્રતિભા ધરાવતા, ઉચ્ચ શિક્ષિત અને જૈન તત્ત્વ દર્શનને ક્રાંતિકારી રીતે રજૂ કરનાર આચાર્ય ચંદનાજી મ.સા.ના ધૂરંધર સાધ્વી શિષ્યા શિલાપીજીના મંગલાચરણ શ્લોકોથી થયેલ હતી. તેમના વક્તવ્યમાં માહિતી આપતાં જણાવેલ કે ભૂકંપ બાદ ભુજથી ૮ કિ.મી. દૂર આવેલ શિવપારસ સ્થળમાં ૩-૪ દિવસમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૫ ઉપર)

હાસ્ય

# દાઢી

• મણિલાલ ડી. રૂઘાણી •

હમણા એક અખબારમાં દાઢી વિશે એક સરસ લેખ આવેલો. રામાયણ મહાભારતથી માંડીને આજના નેતાઓ અભિનેતાઓ પણ દાઢી રાખવાના શોખીન છે એનું સરસ મજાનું વિશ્લેષણ આ લેખમાં કરેલું હતું.

લેખ વાંચતા વાંચતા મને પણ 'વન' માં પ્રવેશી ગયો હોવા છતાં દાઢી રાખવાનું મન થયું, કહોને ચળ ઉપડી.

શ્રાવણમાં દાઢી રાખવાનું શું કારણ હશે એની તો મને ખબર નથી પણ અનુમાન એવું કરું છું કે આ મહિનામાં સતત રમાતા જુગારને કારણે લોકોને દાઢી કરાવવાની ફુરસદ નહીં મળતી હોય એટલે શ્રાવણ મહિનામાં દાઢી રાખવાની ફેશન થઈ ગઈ હશે ને હજુ પણ એ ચાલુ છે.

મને આમ તો પાંખી દાઢી ઉગતી હોવાથી અને આમેય જીંદગીની અર્ધી સદી માર્યા પછી 'વ્હાઈટ બોલ' ની જેમ માથામાં ને ચહેરા પરની દાઢીમાં 'સફેદ' ચમકાર આવી ગયો હતો (સર્ફના વોશીંગ પાવડર વગેરે) છતાં બાલદાઢી વધારવાની મરજી થઈ ગઈ.

ને બે ત્રણ માસમાં તો ચોમાસામાં ઉગતા 'ખડ' ની જેમ માંડ્યા બાલદાઢી ઉગવા.

અર્ધી ચા કે અર્ધી ચા મૂછો પી જતી હોવા છતાં આ કાર્યક્રમ (બાલદાઢી વધારવાનો) પટેલોની અનામતની માંગણીની જેમ વિસ્તરતો જતો હતો.

ઘરના માણસોની જેમ ઓફિસમાં પણ મારા બાલ-દાઢીએ કુતુહલ જગાવ્યું.

કેટલાક લોકોએ તો 'મણિબાપુ' નું સંબોધન કરવાનું ચાલુ કરી દીધું ને કેટલાક અવળચંડા સ્ટાફે 'મણિલાલ દાઢી' પણ કહેવા માંડ્યું ને મજા તો ત્યારે થાય છે કે જ્યારે મારા ટેબલ પર કામ કરાવવા આવતા લોકો 'જય ગીરનારી બાપુ' કહીને મને ચરણ સ્પર્શ કરવા લાગે છે.

આમ જોઈએ તો એમાં મારા બાપાનું કંઈ જતું ન હતું જે જાય છે તે જતું હતું તે હેર કટીંગ સલુનવાળાનું જતું હતું.

અઠવાડિયાની ત્રણ દાઢી લેખે મહિનાની બાર દાઢીના ૨૪૦ રૂપિયા એના થતા હતા અને બાલના વળી અલગ ચાલીસ રૂપિયા લેખે બે ત્રણ મહિનાના ૧૨૦ રૂપિયા જુદા.

આજ ઘરડથી ગાડી ચાલતી હતી. પણ એક દિવસ ગલતી થઈ ગઈ. કાબર ચીતરા પેન્ટ ઉપર 'ગુન્ડેલોગ' પહેરે એવી ચટાપટાવાળી જર્શી પહેરીને ઓફિસે ગયો. ઘરના કામે છોકરો પ્લેઝર લઈ ગયો હોવાથી રીક્ષામાં ઘરે પરત જવાનું હતું.

એમાં વળી ઓફિસમાં કામ વધારે હોવાથી ઘેરે જવાનું મોડું થઈ ગયું. સાવ અંધકાર થઈ ગયો.

ચાલતો ચાલતો રીક્ષા સ્ટેન્ડે જતો હતો ત્યાં જ એક પોલીસવાળાએ બોલાવ્યો. પાસે ગયો એટલે કહ્યું, 'ચાલો, સામે જીપ ઉભી છે ત્યાં પી.એસ.આઈ. સાહેબ બેઠાં છે તે તમને બોલાવે છે.'

પણ પણ મારું કામ શું છે? એની મને થોડી ખબર હોય એ સાહેબને જઈને પૂછજો. હું સાહેબ પાસે ગયો. જઈને ઉભો એટલે પૂછ્યું ક્યાં રહો છો? જી. સાહેબ! આ જ શહેરમાં રહું છું.

લાગતું નથી કે તમે આ ગામમાં રહેતા હોવ સાચું બોલ! કહીને સાહેબે તુંકારો કર્યો. મારી પાસે ખોટું બોલવાથી કંઈ ફાયદો નહીં થાય. સાલાઓ બહાર ગામથી આવીને દિવસે 'રેકી' કરે છે અને રાતે ચોરીઓ કરીને છટકી જાય છે ચાલ જીપમાં બેસી જા.

પણ પણ...મારી વાત તો

વાત ડી.એસ.પી. સાહેબ પાસે જઈને કરજે પણ... પણ... પણ...પણ...કંઈ નહીં ચાલ જીપમાં બેસી જા. લાચાર થઈ હું જીપમાં બેસી ગયો ને રજૂ કર્યો ડી.એસ.પી. સાહેબની પાસે.

'સાહેબ' એક શકદારને ઉપાડી લાવ્યો છું.

આટલું સાંભળતા તો ડી.એસ.પી. સાહેબ ઉભા થઈ ગયાને મારી પાસે આવ્યા મને એમ કે ગાલમાં થપ્પડ ના મારે તો સારું. પણ એવું કંઈ બન્યું નહીં. પણ વધેલા બાલ દાઢી અને મારો પરિધાન જોઈને કહ્યું, 'માળાઓ રાતના ચોરીઓ કરે છે પછી ચહેરો - માથું સફાચટ કરાવી નાખો - પછી આપણો બાપ આવે તોય ક્યાંથી પકડાય?

પણ... પણ સાહેબ મારી વાત...

વાત સાંભળ્યા જેવી તારી શકલ નથી. આ ગામમાં જેટલા તારા જેવી વેશભુષાવાળા આવ્યા છે તે બધાને 'ચોખ્ખા' કરી નાખ્યા છે. પછી પોલીસવાળાને કહે આને આપણા વાણંદ પાસે લઈ જઈને બધુ સફાચટ કરાવી નાખ.

પણ...પણ...સાહેબ હું...હું...મારી વાત.

અબે ચૂપ! વધારે દલીલ કરીશ તો લોકઅપમાં પુરી દઈશ.

હું લાચાર થઈ ગયો ને ૧૫-૨૦ મિનિટમાં તો મારી હાલત 'શેટ્ટી' જેવી કરી નાખી.

કોઈ ફિલ્મનો નિર્માતા જોઈ જાય તો સીધી જ વિલનના રોલની ઓફર કરે ને પછી તો માંડ કાકલુદી કરીને ઓફિસની ઓળખાણ આપીને સજ્જન માણસ છું એવું સાબિત કરીને છુટ્યો ને રીક્ષા બાંધીને માંડ ઘરે પહોંચ્યો ત્યાં તો ફળીયામાં રમતો પાંચ વરસનો પૌત્ર દોડતો ઘરમાં ગયોને જઈને કહે દાદીમાં! દાદીમાં! આપણા ઘરમાં કોઈક ટકાવાળો માણસ આવે છે. ■

# રૂપિયાની નોટ બોલે છે

• ડૉ. જગદીશ ત્રિવેદી •

પ્રિય વાચક, તું ભલે માણસ હોય અને હું ભલે કાગળ છું પણ તું માણસ હોવા છતાં બે સગા ભાઈઓ પણ સાથે રહી શકતા નથી. અમે કાગળ હોવા છતાં સૌ સગી બહેનો થોકડી બનીને સાથે રહીએ છીએ. તું માણસ હોવા છતાં ઊંચનીચના ભેદમાં જીવે છે. સવર્ણ અને પછાત, અમીર અને ગરીબ, હિન્દુ અને મુસલમાન, ભણેલા અને અભણ, પીઢ અને નવોદિત સાથે બેસી શકતા નથી. અમે કાગળ હોવા છતાં બે હજારની નોટની ગોદમાં પાંચસોની નોટ, પાંચસોની ગોદમાં સો રૂપિયાની નોટ જેવી અંતિમ નોટ સુધી અમે એકબીજાની હુંફમાં રહીએ છીએ. તમે જે સામ્યવાદ અને સમાજ સુધારણાની માત્ર વાતો કરી તે અમે મૌન રહીને જીવી બતાવી છે.

તું મારા જેવા કાગળને ખાતર ઘણીવાર માણસ મટી ગયો. હું ક્યારેય તારા જેવા માણસને ખાતર કાગળ મટ્યો નથી. તે સ્વાર્થને ખાતર અનેકવાર માનવતા છોડી જ્યારે અમે ક્યારેય અમારી કાગળતા છોડી નથી. તું ભલે સજીવ છે અને હું ભલે નિર્જીવ છું પણ કોઈ ધંધાદારી ખૂનીના હાથમાં સોપારી બનીને પહોંચી જાઉં તો ગમે તેવા સજીવને નિર્જીવ બનાવી શકું છું અને કામચોરીના અવગુણથી પીડાતા કોઈ સરકારી કર્મચારીના હાથમાં લાંચ બનીને પહોંચી જાઉં તો વેતન મળવા છતાં અચેતન જેવા કર્મચારીને ચેતનવંતો બનાવી શકું છું.

માણસ, તે હજારવાર ગીતા વાંચી, લાખવાર સ્થિતપ્રજ્ઞની વાતો કરી છતાં જ્યારે હું તારા હાથમાં, ખિસ્સામાં કે ખાતામાં આવું એટલે તારો રંગ બદલી જાય છે. તારી રોટી, તારાં કપડાં, તારું મકાન, તારી બોલબાલા બદલાઈ જાય છે. જ્યારે મારી સામે નજર કર. હું વડાપ્રધાનના હાથમાં જાઉં કે વડા-પાઉવાંળાના હાથમાં, હું સંતના હાથમાં જાઉં કે શેતાનના હાથમાં, હું મુખ્યમંત્રીના હાથમાં જાઉં કે મુફલિસના હાથમાં, કાગળ હોવા છતાં મેં ક્યારેય મારો રંગ બદલ્યો નથી.

હે માણસ! તને એમ હોય કે સમાજમાં મારા કરતાં તારી કિંમત વધારે છે તો મહેરબાની કરીને એવા ભ્રમમાં રહેતો નહીં. જૂના જમાનામાં મારા કરતાં તારું મૂલ્ય વધારે હતું તે હકીકત છે. બાકી અત્યારે ક્લબ, મૉલ અને મલ્ટિપ્લેક્સના જમાનામાં ડોલર સામે રૂપિયો ગગડે છે અને રૂપિયા સામે માણસ ગગડે છે. મને દેખાડો એટલે લતા મગેશકર ગાય, ધોની રમે અને અમિતાભ નાચવા માંડે. જ્યારે હું કાગળ હોવા છતાં જગતના કોઈ માણસને જોઈને ગાતી, રમતી કે નાચતી નથી. હું રોડ ઉપર પડી જાઉં તો માણસ મને તરત જ ઉપાડી લે છે. માલિકનું ધ્યાન ન હોય તો ગમે તે માણસ મને ઉપાડી લે છે. જેથી હું રોડ ઉપર ક્યારેય ઉઘાડી રઝળતી નથી. જ્યારે તું માણસ હોવા છતાં કડકડતી ઠંડીમાં ફુટપાથ ઉપર ઉઘાડો પડ્યો હોય અને તારી માનવજાતના માણસો તને જુએ છતાં જે રીતે મને ઉપાડી લે છે એમ તને કોઈ ઉપાડતું નથી. એનો મતલબ તારી જાતમાં પણ તારા કરતાં મારી પ્રતિષ્ઠા વધુ છે. હે માનવ! મારી તાકાતનો પરિચય તને છેલ્લા અઠવાડિયામાં સમજાઈ ગયો હશે. અત્યારે આખા હિન્દુસ્તાનમાં ક્રિકેટ, હવામાન, બોલીવુડ કે બીજી કોઈ ચર્ચા થતી નથી. જ્યાં જુઓ ત્યાં માત્ર અને માત્ર મારી જ ચર્ચા થાય છે. નહિ બાપ નહિ બેટા, નહિ ચાચા નહિ ભૈયા, સબસે બડા રૂપૈયા.

છેલ્લે તારે રાજી થવા જેવી એક વાત કહું તો માણસ તું ભલે નોટ કરતાં ચડિયાતો નથી પણ ઈશ્વર કરતાં ચડિયાતો છે. કારણ કે તું ઈશ્વરનું સર્જન છે અને હું તારું સર્જન છું. ઈશ્વરના સર્જન કરતાં પણ માણસના સર્જનનું મહત્ત્વ વધારે છે. એ અર્થમાં માણસ તું ઈશ્વર કરતાં પણ શ્રેષ્ઠ છે. ■

## શિક્ષકના જીવનમાં પવિત્રતા

(અનુસંધાન : પાના નં.-૪૯ ઉપરથી ચાલુ)

ઉપરોક્ત ઉદાહરણમાં શિક્ષક, શિક્ષણ અને શિક્ષાર્થી માટે આવશ્યક એ દરેક બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. શિક્ષણ પ્રથાના આ ત્રણેય અંગો પરસ્પર ગાઢ અને ગૂઢ રીતે સંકળાયેલા છે. જરૂરત છે એને પ્રેક્ટિકલ જીવનમાં અપનાવવાની.

આ માટે નીચે જણાવેલા તબક્કાઓમાંથી પસાર થવું આવશ્યક છે.

પવિત્રતાનાં પાયા તરીકે કેટલીક હકીકતોને અપનાવવી જોઈએ તેમાં સત્યવક્તા બનવું, જીવનમાં ધર્માચરણને પ્રાધાન્ય આપવું, નિરંતર આંતરિક પ્રગતિ કરાવી શકે તેવો સ્વાધ્યાય કરવો, પોતાના કર્મને પોતાની પૂજા ગણી માત્ર પગાર મેળવવાનો વ્યવસાય ન ગણવો. કહેવાયું છે કે પોતાના કામને વ્યક્તિ પોતે જેટલું મહત્ત્વ આપે છે તે કામ એટલું મહત્ત્વનું થઈ જાય છે માટે પોતાના વ્યવસાયનું અવમૂલ્યન કરવાના નિમિત્ત ન બનીએ. શિક્ષણ જીવન ઘડતરનું સાધન છે. મા જે રીતે બાળકનું સંગોપન કરે છે તે રીતે અર્થાત્ માતૃવત્ વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતરની જવાબદારી જે દિવસે સ્વીકારીશું ત્યારે આપણે નિર્માણ અને પ્રલયના ચાણક્યસૂત્રને ચરિતાર્થ કરી શકીશું.

આવો, આપણે પોતાની અંદર વસતા શિક્ષકને જગાડીએ અને એનું પાવિત્ર્ય જાળવવાના ભગીરથ કાર્યમાં પોતાને જોડીએ. અસ્તુ. ■

શિક્ષણ

# શિક્ષકના જીવનમાં પવિત્રતા

• એસ. જી. પટેલ •

'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં' - આચાર્ય ચાણક્યનું આ વાક્ય શિક્ષકની ભૂમિકા, અગત્ય અને જવાબદારી ઘણી સારી રીતે ઉજાગર કરે છે.

હિન્દુ ધર્મમાં 'માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ'ની શૃંખલામાં 'આચાર્ય દેવો ભવ' કહેવાયું છે. જૈન ધર્મની પ્રાર્થનામાં પાંચ નમસ્કાર (પંચણમુક્કારો) આવે છે. ક્રમિક રીતે જોવા જઈએ તો સર્વ પ્રથમ નમસ્કાર છે અરિહંતને. જેણે વૈરભાવથી સંપૂર્ણ મુક્તિ મેળવી છે તેને. આપણે તેને અજાતશત્રુ તરીકે ઓળખી શકીએ. બીજા નમસ્કાર છે સિદ્ધોને. સિદ્ધિની પાછળ અનન્ય સાધનાનું પીઠબળ હોય છે. સકારાત્મકતા અપનાવવાની ચાનક જ સાધના કહી શકાય. ત્રીજા નમસ્કાર છે આચાર્યોને. જે વ્યક્તિ સિધ્ધાંતોને આચરણમાં લાવી બતાવે અને તે દ્વારા શિક્ષણ આપે તેને આચાર્ય કહેવાય છે. શિક્ષકના જીવનમાં પવિત્રતા આ સ્તરે આવે છે. આવવી આવશ્યક છે. ત્યાર પછીના નમસ્કાર ચોથા ક્રમે - ઉપાધ્યાયને નમસ્કાર છે. જે અધ્યયન-અધ્યાપનરત હોય, પુરુષાર્થી હોય અને જીવનનું લક્ષ્ય મેળવવા સંનિષ્ઠ હોય તેને આચાર્ય કહી શકાય અને છેલ્લા નમસ્કાર છે સાધુ પુરુષને. જેણે જીવનના શુભ લક્ષ્ય તરીકે સત્યમ્ - શિવમ્ સુંદરમ્ નો મંત્ર અપનાવ્યો હોય તે સાધુ પુરુષ છે.

મુદ્દાની વાત એ છે કે શિક્ષક સમક્ષ આવનાર વિદ્યાર્થીમાં આ મંત્ર કોણ ફૂંકશે? આવા લક્ષ્ય મેળવવા કોણ પ્રેરણા આપશે? માતા-પિતા પછીનો મહત્ત્વનો પ્રેરણાસ્ત્રોત છે શિક્ષક, ઉપાધ્યાય, આચાર્ય. શિક્ષક માત્ર અભ્યાસક્રમ (સિલેબસ) ની ડિલીવરી કરનાર ટપાલી અર્થાત્ પોસ્ટમેન નથી. એનું કામ છે પ્રેરણાસ્ત્રોત બનવાનું.

આ દેશમાં વિદ્વજનોનું મહત્ત્વ રાજા કરતાં એ અદકેરું મનાય છે. કહેવાયું છે - 'સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.' આ દેશમાં આદિ કાળથી ગુરુ-શિષ્ય પરંપરા પ્રસ્થાપિત થયેલી છે. આ સંબંધમાં જોડયેલા તંતુઓ દ્વારા એક પ્રકારની હાર્મની-મધુરતા ઉત્પન્ન થાય છે. આ તંતુઓમાં પણ વાજિંત્રોના તંતુઓ જેવા જ ગુણો સર્જાતા હોય છે. વાજિંત્રોના તંતુઓમાં જરૂરિયાત કર ખેંચમાં વધઘટ થાય તો સૂરની મધુરતા ખોરવાઈ જાય. તેમાં સૂરને બદલે બેસૂરો-ઘોંઘાટ ઘૂસી જાય છે.

અહીંયાં આપણે બે વિભિન્ન ભૂમિકા ભજવતા વ્યક્તિઓ વચ્ચેના પવિત્ર સંબંધની વાત કરવા જઈ રહ્યા છે. આ બન્ને વ્યક્તિઓ વચ્ચેના પવિત્ર અને પરસ્પર પોષક સંબંધનો આધાર પવિત્રતા ઉપર છે. એ પવિત્રતા વડે પારસ્પરિક ઐક્યની ભાવનામાં વૃદ્ધિ કરી શકાય છે. બન્નેમાં એક વડીલ છે, વરિષ્ઠ છે જ્યારે અન્ય બાળક છે, વિદ્યાર્થી છે. એક બાજુ વિદ્યાર્થીનું જીવન ઘડતર થઈ રહ્યું છે તો બીજી બાજુ શિક્ષક છે, જેનું જીવન ઘડાઈ ચૂક્યું છે. તે વિદ્યાર્થી સમક્ષ એક રોલમૉડેલ તરીકે, એક આદર્શ તરીકે વર્ણવવામાં આવે છે.

આ તબક્કે પ્રેરણાસ્ત્રોતની પવિત્રતાનો વિદ્યાર્થીના જીવન પર મોટો પ્રભાવ પડે છે. કહેવાયું છે પુત્રાત્ ઈચ્છેત્ પરાજયમ્, શિષ્યાત્ ઈચ્છેત્ પરાજયત્ અર્થાત્ એક પિતા પુત્રથી અને ગુરુ શિષ્યથી પરાજિત થતાં અર્થાત્ તેમને સ્વયંથી આગળ વધતા જોઈને પ્રસન્નતા પામે છે. સમાજ શિક્ષણના આધારે ટકે છે અને શિક્ષણ પવિત્રતાના આધારે ટકે છે. શિક્ષક જ્યારે પવિત્ર ભાવનાથી પોતાનું કાર્ય કરે છે ત્યારે તે સમાજના વિકાસનું કાર્ય કરે છે. જેમ સ્થૂળ જીવનમાં શ્વાસોચ્છવાસ ચાલવો આવશ્યક છે એમ શિક્ષકના જીવનમાં ડગલે ને પગલે પવિત્રતા અનિવાર્ય છે.

શિક્ષક-આચાર્યના જીવનનો આધાર પવિત્ર બુદ્ધિ છે. જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરનો આધાર પવિત્રતા છે. પવિત્રતા થકી જ પૂજનીયતાની સુવાસ પ્રસરે છે. શિક્ષકના પ્રત્યેક બોલ વરદાન સમાન બની જાય છે. વિદ્યાર્થી હંમેશાં તેના માતા-પિતાની શિખામણ કરતાં શિક્ષકની વાતને વધારે મહત્ત્વ આપે છે. માટે જ શિક્ષકના વાણી, વ્યવહાર અને વર્તનમાં - સત્યતા, પવિત્રતા, ધૈર્યતા, નમ્રતા અને મધુરતા અનિવાર્ય ગણાય છે. જ્યારે બોલ ચારિત્ર્યના આધારે - વરદાની બની જાય છે ત્યારે શિક્ષાર્થીએ મહેનત કરવી પડતી નથી. એ સહજતાથી અનુભવજન્ય જીવનના પાઠોનું પઠન-અધ્યયન થઈ જાય છે.

જ્યારે શિક્ષક વિદ્યાર્થી સંબંધમાં પવિત્રતા પાંગરે છે ત્યારે કેળવણી બોલી ઉઠે છે કે...

"હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી, હું તો ધર્મનું પુનરાગમન છું.

મનુષ્યના હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે, કળા અને હુન્નર મારા હાથ છે, વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે, ધર્મ મારું હૃદય છે, નિરીક્ષણ અને તર્ક મારી આંખો છે, ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે, ઇતિહાસ મરા કાન છે, સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે, ધીરજ મારું વ્રત છે, શ્રદ્ધા મારું ચૈતન્ય છે. આવી હું જગદંબા છું. મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશિયાળો નહીં રહે. એની સર્વ કામનાઓ મારી મારફતે તૃપ્ત થઈ શકે તેમ છે."

*— કાકા કાલેલકર*

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)

નિબંધ

# ઘંટી

• રમેશ કોઠારી •

વાત માંડવી છે હવે તો નામશેષ થઈ ગયેલ, ઘરવપરાશની ચીજવસ્તુ ડામચિયો, પટારો, અનાજ ભરવાની કોઠી, પાટી કે વાણ ભરેલો ખાટલો, જેવી જ મારી એ વર્ષો જૂની પથ્થરની ઘરઘંટીની જેણે જીવનનાં કેટલાંય સત્યો સહજપણે ઉજાગર કર્યા, મૂલ્યોનું સિંચન કર્યું અને ઓરડામાંથી અમારા હૃદયમાંય પ્રવેશ મેળવી લીધો. દીકરીના જન્મને 'એની કૂખે તો પથરો જન્મ્યો' કહી વખોડી કાઢવામાં આવતો હતો એ જમાનામાં પથ્થર સાથે એની નિયતિ જોડાઈ જતી હતી. પાષાણહૃદયી પતિ અને સાસરિયાંના ત્રાસથી કંટાળી કાં તો પથ્થર સાથે માથું પછાડી જીવનનો અંત આણવો કે દળણાં દળી આયખું પૂરું કરવું તે સિવાય એની પાસે કોઈ વિકલ્પ નહોતો.

'ઘંટી' શબ્દ કાને પડતાં જ એની સાથે જોડાયેલી કેટલીય ક્રિયાઓ અને કેટલાંય પાત્રો નજર સમક્ષ તરવરી ઊઠે છે. નિરોગી અને ખડતલ કાયા ધરાવતી મહિલાઓને મહેનતનું કામ કરવામાં કોઈ નાનમ નહોતી અનુભવાતી. એકમેક સાથે પારિવારિક કે અન્ય વાતચીત કરતાં કરતાં અનાજ દળવાનું ક્યારે પૂરું થઈ ગયું તેનો પણ ખ્યાલ ન રહેતો. અમ ભાઈભાંડુને તો દૂર જ રાખવામાં આવતા જેથી દેરાણી-જેઠાણી વચ્ચેની વાતચીતમાં વડીલો પ્રત્યે વ્યક્ત થતો આક્રોશ એમના પૂરતો જ સીમિત રહે. 'એન્સેસ્ટર સ્ટોન્સ' નામની નવલકથામાં લેખિકા જણાવે છે તેમ સ્ત્રીને પોતાનો અલાયદો ધર્મ હોતો નથી. તેણે તો પોતાની માન્યતાઓ અને લાગણીઓને અંકુશમાં રાખતાં શીખી જવું પડે છે. ક્યારેક વિચાર આવે છે કે પરિવારમાં મુક્તપણે વિચારો વ્યક્ત ન કરી શકનાર મહિલા નિર્જીવ ઘંટીને સહેલી માનીને એની સાથે સંવાદ સાધતી હશે. આખરે બંનેના નસીબમાં તો ગોળ ગોળ, ચકાકારે ફરવાનું જ લખાયું છે. કોઈને ફરતા રહેતા ઘંટીના પડમાં નૃત્યનો આભાસ જણાય. પરાણે હસતું મોં રાખી ઘરના એક છેડાથી બીજા છેડા સુધી દોડાદોડ કરી તમામ કામો આટોપતી મહિલાની પીડાનોય ક્યાં ખ્યાલ આવે છે?

ઘંટીના થાળામાં થોડાથોડા સમયે અનાજ નાખતા જવું, દળાઈ ગયેલો લોટ બહાર કાઢવો, બધું પતી જાય એટલે વેરાયેલું અનાજ કે ઢળી ગયેલો લોટ, શક્ય તેટલા પ્રમાણમાં લઈ બધું સાફ કરી નાખવું - દેખીતી રીતે ક્ષુલ્લક જણાતી બાબતો ઓછી મહત્ત્વપૂર્ણ તો નથી જ. ક્યાંક ક્ષતિ રહી જાય તો 'એને તો કોઈ કામ સરખું કરતાં ક્યાં આવડે છે? બાપના ઘેર કર્યું હોય તો ને?' સાંભળવું પડે. દળી દળીને ઢાંકણીમાં જેવો ઘાટ થાય.

કાળની ગર્તામાં અમારી ઘંટી ક્યારે પગેરું કરી ગઈ તેની પણ સુધ ન રહી. એક વાર બેનને પૂછતાં તેણે જણાવ્યું, 'કદાચ આપણે જુદા રહેવા ગયા તે સાલ હશે.' આમેય જૂની પેઢીના લોકો સાલ યાદ રાખવાના બદલે તે અરસામાં બનેલા કોઈ નોંધપાત્ર બનાવ સાથે જે તે ઘટનાને સાંકળી લે છે. જવાબ આપતા તેના ચહેરા પરનું દુઃખ દેખાઈ આવતું હતું. પણ નવા ઘરમાં જૂની વસ્તુઓને સ્થાન ક્યાંથી હોય? શક્ય છે કે અત્યારે તે કોઈ ધનિકના દીવાનખાનાને શોભાવતી હોય. તેના પર રંગરોગાન કરીને, આકર્ષક રૂપ આપીને, મુલાકાતીઓને બતાવીને ગર્વ અનુભવાતો હોય. પણ હવે તેને કોઈ મજબૂત બાંધાની મહિલાના કરસ્પર્શનો લાભ નહીં મળે, દળનારી સ્ત્રીઓની મજાની વાતો પરોક્ષપણે સાંભળવા નહીં મળે. આત્મા વિનાનો સુશોભિત દેહ અમારા લાંબે સુધી પથરાયેલા ઘરના છેલ્લા ઓરડામાં ગાળેલા વર્ષોથી શ્રીમંતના દીવાનખંડ સુધીની તેની યાત્રા તે પણ વાગોળતી હશે.

યાદ આવે છે મારી બેનને મદદ કરવા તત્પર મારાં શારદાકાકી જે સાડીના છેડાને, દળવાના કાર્યમાં નડતરરૂપ ન થાય એમ સહેજ ખસેડીને છીંકણી સૂંઘતાં સૂંઘતાં દળતાં જાય, 'ભઈજી, તમારા દિયરે તો કાલે થાળી છુટ્ટી ફેંકી, મનેય મારી' કહી વીતકકથા વર્ણવતા જાય, 'મારેય લોટ હવે ખૂટવામાં છે. કાલે તમારે ત્યાં દળણું કરીશ' આગોતરી જાણ કરતા જાય. નથી હવે કોલસાની બોરી, ખાટલો, કબાટ, ડામચિયો સમાવતો એ પાછળનો ઓરડો, નથી પથ્થરની ઘંટી, નથી બેન કે શારદાકાકી. પોતપોતાની પ્રસ્તુતતા ગુમાવી બેઠેલા એ નિર્જીવ અને સજીવ, વસ્તુઓ અને વ્યક્તિઓને ઘંટીના પડની જેમ જ ગળે વળગાડીને ફરવાની ટેવ પડી ગઈ છે. દરેકે પોતાનો 'ક્રોસ' ઉપાડવો જ રહ્યો.

ઘંટીને હું 'મહેનતનું મહાકાવ્ય' કહું છું. એણે જ અમને શ્રમના ગૌરવના અને સહનશીલતાના પાઠ ભણાવ્યા છે. કપરા કાળમાં કોઈને કેવી રીતે મદદરૂપ થવું તે પણ તેણે જ અમને શિખવાડ્યું છે. દળણાં દળીને સંતાનોને ઉછેરનારી મહિલાઓની આપણે ત્યાં કમી નથી.

આજે તો નથી સાંભળવા મળતો પથ્થરની ઘંટી ચલાવવાથી થતો, ભલે કર્કશ પણ અમને પ્રિય અવાજ કે ચૂડીવાજા પર ગોઠવેલી રેકોર્ડનો અવાજ. કાનમાં ઇયરફોન લગાવીને મનગમતાં ગીતો સાંભળવા ટેવાયેલી આ પેઢીને માટે તો આ 'અરણ્યરુદન.'

મારા એ ખોબા જેવડા નાનકડા ગામ ડીસામાં એ કાળે બધું એક જ. એક નિશાળ, એક દવાખાનું, એક પુસ્તકાલય, એક થિયેટર, એક વીશી એમ એક જ 'ટેમરસકાકાની ચક્કી' હતી. બેનના અવસાન બાદ આ ચક્કીમાં અનાજ દળાવવા જવાનું થયું હતું. ઘરનો નોકર ઘઉં કે બાજરી ભરેલો ડબો મૂકી આવે અને આપેલા સમયે લઈ આવે. ટેમરકાકાનો ચહેરો સ્પષ્ટ યાદ નથી

પણ પાસીઓને સહજ ગૌરવર્ણ, આંખે ચશમાં અને માથે ટોપી પહેરેલા આ સજ્જનને એમની ચક્કીમાં સ્ફૂર્તિથી આમતેમ ફરતા જોવાની મજા આવતી હતી. એ ચક્કીમાં જુદી જુદી વ્યક્તિઓ દ્વારા મુકાયેલા અનાજના ડબ્બા હોય, તોળવા માટેનો વજનકાંટો હોય, વજનની ચિઠ્ઠી આપનાર અને તે પ્રમાણે પૈસા લેનાર કર્મચારીઓ હોય, મોં પર રૂમાલ બાંધી, ચક્કીના અવાજમાં કશુંય સાંભળવા અસમર્થ, સ્થિતપ્રજ્ઞ જેવો લાગતો યંત્ર ચલાવનાર હોય. આ લઘુવિશ્વમાં કોલાહલની સાથેસાથે કોઈ શ્રમજીવી મહિલાના બાળકના રુદનનો અવાજ તો ક્યાંક કોઈ વાત પર કોઈના હસવાનો અવાજ પણ સાંભળવા મળે. આજે તો હવે એ ચક્કીની જગાએ કરિયાણાની અને વાસણોની દુકાનો સામ્રાજ્ય જમાવીને બેઠી છે. વતન જવાનું થાય છે ત્યારે મોબાઈલની સેંકડો દુકાનો, દવાખાનાઓ, બેંકો, શોપિંગ સેન્ટર્સ, વાહનો વગેરે મારા ડીસા પર રીતસરનો હુમલો કરી રહ્યાં જણાય છે. પાઉલો કો એલ્હો ગુમાવી બેઠેલા સ્વજનો સાથે ફક્ત એક જ વાર મુલાકાતની ઇચ્છા વ્યક્ત કરે છે તેમ મને પણ, 'ટુ બી.એચ.કે.' અને 'થ્રી બી.એચ.કે.' જેવા શબ્દો ચલણમાં આવ્યા તે પહેલાનું, મારું નળિયાં અને પતરાંથી ઢંકાયેલું ઘર, એનો અસબાબ, સદ્ગત સ્વજનો સામે મુખોમુખ ક્ષણો ગાળવાની ઇચ્છા રહ્યા કરે છે.

ઘરમાં ઇલેક્ટ્રિક ઘરઘંટી આવી તે અમ વૈષ્ણવજનો માટે તો જાણે ઓચ્છવ. ઘરમાં રૂપકડી નવોઢા આવી હોય તેમ ચાંલ્લા કરી તેના આગમનને વધાવી લીધું. આજુબાજુના લોકો તરત જોવા આવી પહોંચ્યા અને જણાવ્યું, 'ભલે એક વાર ખર્ચ થાય પણ પછી ચિંતા તો નહીં. બહારની ચક્કીમાં તો આપણા સારા ઘઉં બદલી નાખે અને વજનમાંય છેતરપિંડી કરે. વળી, કોમી રમખાણો કે અન્ય કારણોસર બંધ હોય ત્યારે લોટ ખલાસ થઈ જાય તો ક્યાં દોડવું?' વાત તો સાચી, પણ અમારો આ હરખ ક્ષણજીવી નીવડ્યો. જૂના જમાનાની અને અસ્વસ્થ તબિયતને કારણે કામનો બોજ પોતાના પરથી સ્વેચ્છાએ હળવો કરી નાખનાર સાસુમાને અટપટી આ ઘંટી ફાવે નહીં, એના સ્પેરપાર્ટસ ગોઠવતાં આવડે નહીં, કરંટ લાગવાનો ડર લાગે તો અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકને નિશાળે મૂકવા-લેવા જવામાં અને અભ્યાસ કરાવવામાં અતિ વ્યસ્ત ગૃહિણી સમય ક્યાંથી કાઢી શકે? વળી વીજળી રૂસણાં લે તો લાચાર.

છેવટે તૈયાર લોટના પાંચેક કિલોના પેક બજારમાં દેખાવા માંડ્યા અને ગૃહિણીઓએ હાશકારો અનુભવ્યો. નોકરિયાત અને જાહેર જીવનમાં વ્યસ્ત મહિલાઓ માટે તે 'આશીર્વાદ' સમાન સાબિત થયો.

'અમારા ઘરમાં પહેલાં તો બાર મહિનાનું અનાજ ભરી લેવામાં આવતું હતું. વીણવા, છડવા આજુબાજુની મહિલાઓ આવતી હતી. મોઈને મોટી કોઠીમાં સાચવતા હતા. એમ મારી સાસુ કહેતાં હતાં.' 'કોઈ સ્ત્રી કીટી પાર્ટીમાં બીજી સખીને કહે પણ ખરી.'

સતત ગણતરીઓમાં અટવાયેલ દંપતી બાર મહિનાનું અનાજ ભરવામાં કેટલું રોકાણ કરવું પડે અને વ્યાજની કેટલી ખોટ ભોગવવી પડે એમ પણ વિચારે. પણ પોતાની ઘંટીમાં અનાજ દળીને તૈયાર કરેલા લોટમાં જે મીઠાશ હોય છે, પરિવારજનોના સ્વાસ્થ્ય અને સ્વાદ માટે જે ચિંતા, જે લાગણી હોય છે તે બજારમાં તૈયાર મળતા લોટમાં ક્યાં શોધવાં? 'ઇન્સ્ટન્ટ ટી', 'ઇન્સ્ટન્ટ કૉફી', 'ઇન્સ્ટન્ટ મેરેજ', 'ઇન્સ્ટન્ટ ડાયવૉર્સ' ના યુગમાં જીવતા રઘવાયા માનવીને હવે બધું કોઠે પડતું જાય છે.

વૈષ્ણવ પરિવારમાં ઉછેરને કારણે 'મારા શ્રીનાથજીને સોનાની ઘંટી, ઝીણું દળું તો ઊડી ઊડી જાય, જાડું દળું તો કોઈ ના ખાય' વારંવાર સાંભળવા મળે છે. સૂક્ષ્મ અને સ્થૂળનાં આધ્યાત્મિક પરિમાણો તરફ ઇંગિત કરતાં આવાં ભજનોનો આપણે ત્યાં ક્યાં તોટો છે? આમ જોવા જઈએ તો જે જગતમાં આપણને ધકેલવામાં આવ્યા છે તે સ્વયં એક મહાન ઘંટી નથી, જ્યાં આપણે સતત પિલાતા રહેવું પડે છે? એટલે સ્તો આપણા કબીરસાહેબ કહી ગયા છે,

***'ચલતી ચક્કી દેખકર, દિયા કબીરા રોય,***
***દો પહિયોં કે બીચ, સાબૂત બચા ન હોય.'***

આપણને વણકર કે મોચી જેવા નિમ્ન ગણાતા 'વ્યવસાયી તરફથી જીવ, જગત, મૃત્યુ, મોક્ષ, દુન્યવી પદાર્થોની ક્ષણભંગુરતાનું જ્ઞાન આપતો વારસો મળ્યો છે. શક્ય છે કોઈ 'જાગી ગયેલો' ઘંટીવાળો આમાં ઉમેરો કરે.

ઓશો કહે છે તેમ, જે વ્યક્તિ કે વસ્તુ આપણી નજર સમક્ષ હોય તેની તરફ આપણું ધ્યાન ભાગ્યે જ જાય છે. એની અનુપસ્થિતિમાં જ એની ખોટ સાલે છે. આજે જો એ પથ્થરની ઘંટી હોત તો એને કેટલાય પ્રશ્નો પૂછ્યા હોત, 'તેં મારા દાદાને જોયા હતા? તને થાક નથી લાગતો? કંટાળો નથી આવતો? દળણું કરતી મહિલાઓની વાતચીત તું સાંભળે છે? તું બધાને લોટ તૈયાર કરી આપે છે પણ તને ભૂખ નથી લાગતી? ભૂખ લાગે તો તું શું કરે છે?' જાણું છું. જવાબો નથી જ મળવાના. રિલ્કે કહે છે તેમ પ્રશ્નોને પ્રેમ કરો. ઉત્તરોની આશા રાખવી વ્યર્થ છે.

ગુજરી જવાનો ભય લાગે પણ ગુજરીમાં જવાથી તો ખોવાયેલું જગત પુનઃપ્રાપ્ત થાય છે. ચૂડીવાજું, રેડિયો, ત્રાંબા-પિત્તળનાં વાસણો, હીંચકાની સાંકળો, જૂના મોડેલનો ટેલિફોન, જૂનાં પુસ્તકો અને એવું ઘણું બધું આપણને તરબતર કરી નાખે છે.

આજે વહેલી કોઈ સવારે ફરવા નીકળું છું અને કોઈ ઘરના આગળના ભાગમાં કોઈ મહિલાને દળણામાં વ્યસ્ત જોઉં છું ત્યારે શૈશવનાં સ્મરણો તાજા થતાં આંખો ભીની થઈ જાય છે.

સીધી સાદી, નિર્દોષ ગ્રામીણ કન્યા જેવી પથ્થરની ઘંટીથી લઈને 'સ્ટેટસ સિમ્બોલ' ગણાવા લાગેલી ઇલેક્ટ્રિક ઘરઘંટી સુધીની તેની ઉત્ક્રાંતિની યાત્રામાં તેને શા શા ખટમીઠાં અનુભવો નહીં થયા હોય? એ માટે તો તીવ્ર સંવેદનશીલ હૃદય જોઈએ જે તેની સાથે ઐક્ય સ્થાપી શકે. અને તેનાં જખમ રુઝાવી શકે. આમ ન થાય તો જેલમાં સજાના ભાગ રૂપે, અનિચ્છાએ દળણું દળતા કેદીઓ અને આપણી વચ્ચે કોઈ તફાવત નથી. ■

અતીત

# ...હવે તમને ફૂલો ચડાવીશું

• હરીન્દ્ર દવે •

## દેશભક્ત

મારા પર દેશદ્રોહનો મુકદ્દમો ચલાવવાની વાત થાય છે. મેં કહ્યું, ઠીક છે, ચલાવો મારા પર દેશદ્રોહનો મુકદ્દમો. જે દિવસે જયપ્રકાશ નારાયણ દેશદ્રોહી બનશે તે દિવસે દેશમાં કોઈ દેશભક્ત નહીં હોય. મિત્રો, આ કોઈ ગર્વોક્તિ નથી. આ દેશ પાસેથી આજ દિન સુધી મેં એક પણ આશા રાખી નથી. બની તેટલી દેશની સેવા જ કરતો રહ્યો છું.

– *જયપ્રકાશ નારાયણ*

મંગળવારે પટણામાં હૈયેહૈયું દળાતું હશે. જયપ્રકાશના દેહને અંતિમ સંસ્કાર માટે લઈ જવાશે ત્યારે તેમની સૌથી વધુ નજીક હશે એ માણસો, જેમણે જયપ્રકાશને જંપવા દીધા નથી, જયપ્રકાશની નીંદ હરામ કરી હતી, જયપ્રકાશને જેલમાં પૂરનારી સરકારના સદસ્યો હતા અને જયપ્રકાશને શેરડીનો સાંઠો ગણી એમનો થાય એટલો ઉપયોગ કરી ફગાવી દીધા હતા, એ સૌ અત્યારે જયપ્રકાશના મૃતદેહ પર ફૂલ અને સુખડના હાર ચડાવવા કતારમાં જોડાઈ ગયા છે. જયપ્રકાશ માટે શ્રીમતી ગાંધી અંજલિ આપે છે : જયપ્રકાશના સ્વપ્નને પક્ષપલટા દ્વારા ચૂર કરનારા ચરણસિંહ અને રાજનારાયણ અંજલિ આપે છે, જયપ્રકાશ એ સરકાર નથી એમ કહી જયપ્રકાશની સામું પણ જોવાની દરકાર ન કરનારા મોરારજી દેસાઈ અંજલિ આપે છે, અનુશાસનપર્વ દરમિયાન જયપ્રકાશની તબિયત વિશે કે તેમને જેલમાં પૂરી રખાયા એ વિશે જાહેરમાં એક શબ્દ ઉચ્ચારતાં જેમને શ્રમ પડતો હતો એ આચાર્ય વિનોબા ભાવે અંજલિ આપે છેઃ અંજલિઓના આ શબ્દો ઊડીને આંખે વળગે છે. બધા જ રસ્તાઓ પટણા જાય છે, જે જે માણસોએ જયપ્રકાશને જીવતા જાણ્યા ન હતા, તેઓ તેમની પાછળ રડવામાં પોતે હતા એવી હાજરી નોંધાવવા પટણા પહોંચી ગયા છે કે પહોંચી રહ્યા છે.

આ બધા જ ડાઘુઓની વચ્ચે એમનાથી ક્યારેય ઊપડી ન શકે એવાં તેજ અને પ્રતિભાનો ઓઘ પડ્યો છે. જયપ્રકાશનો નશ્વરદેહ તો મૂઠી હાડકાંનો માળો છે, પણ એમનો અક્ષરદેહ ત્યાં એકઠાં થયેલાંઓમાંથી કોઈની પહોંચમાં નથી. તેમના વડીલો, તેમના સાથીઓ કે તેમના અનુયાયીઓમાંથી કોઈનું એ ગજું નથી. આચાર્ય કૃપલાની જેવા એકલદોકલ અપવાદને બાદ કરીએ તો મંગળવારે કદમ કુઆ પર એકઠા થયેલામાંથી કોઈના આંસુ રત્ન નહીં બને, કારણ કે પરમેશ્વરે આ માણસને બીમારી મોકલી, પણ આમાંના મોટા ભાગનાઓએ છેલ્લાં ચાર વરસમાં તેમને વેદના જ મોકલી.

વિનોબાએ સાચું કહ્યું હતું, આ દેશના વડાપ્રધાન કે રાષ્ટ્રપતિનો હોદ્દો જયપ્રકાશે માગ્યો હોત તો મળ્યો હોત. ૧૯૫૨ માં નહેરુએ તેમને નાયબ વડા પ્રધાન થવા નિમંત્રણ આપ્યું : ૧૯૬૪ માં નહેરુ જ્યારે વધુ પડતા બીમાર હતા ત્યારે લાલબહાદુરે તેમને દેશનું સુકાન હાથમાં લેવા અનુરોધ કર્યો હતો. જયપ્રકાશમાં જમાનો જેને શાણપણ કહે છે તેનો અભાવ હતો. પોતાને સામાન્ય પ્રજાના પ્રશ્નોથી અલગ પાડી દે એવી સત્તાનો તેમને ખપ ન હતો. તેમને ગાદી નહોતી ખપતી; રાજમહેલો નહોતા ખપતા. એ તો રાજગાદી છોડી વનમાં વસનારા રામ બન્યા, પણ એમના કારણે અને એમના તપે જેઓ ગાદી પર આવ્યા એમાંના કોઈને આ વનવાસી પાછો આવે એમાં રસ નહોતો. સત્તા પરનાં મગતરાં સત્તા પર ન રહેલા સિંહોને પરેશાન કરે છે એ હકીકતથી જયપ્રકાશ વાકેફ હતા.

જયપ્રકાશ વિચારમાં ગાંધીજીની સૌથી નજીક હતા, પણ ગાંધીજીની આસપાસ ટોળે વળતા નેતાઓમાં તેઓ ક્યારેય ન જોડાયા. એટલે જ ગાંધીજીએ અપાવેલી આઝાદીના ટુકડા આ નેતાઓ વહેંચી રહ્યા હતા ત્યારે એક ગાંધી અને બીજા જયપ્રકાશ ઉદાસ આંખે તમાશો જોતા હતા. આ ક્ષણે ગાંધીજીને સમજાયું કે જયપ્રકાશ નહેરુ અને સરદારથી જુદા છે. પણ એ ઘણું મોડું હતું. ગાંધીજીના જ શબ્દોની ત્યારે કોઈને કિંમત ન હતી.

જયપ્રકાશ રાજકારણમાં ફરી પ્રવેશ્યા ત્યારે સત્તાધીશો ધ્રૂજી ઊઠ્યા. ૧૯૭૧ માં મોરારજી-વાજપાઈ-ચરણસિંહ વગેરેને હંફાવનારાં શ્રીમતી ગાંધી જયપ્રકાશ ભ્રષ્ટાચાર-વિરોધી આંદોલનની નેતાગીરી લે છે એ વિચારમાત્રથી ફફડી ઊઠ્યાં હતાં કારણ કે જયપ્રકાશને સત્તા જોઈતી ન હતી. સત્તાની લાલ જાજમ બિછાવાઈ હોય ત્યારે પણ લોકસેવાની કાંટાળી કેડી પર પગ મૂકનારા આ ફકીરનો એક બોલ આ દેશની જનતાને જગાડવા પૂરતો હતો. પણ ફકીર વચનોની ઉદાર લહાણી કરતા રાજપુરુષો કરતાં જુદી માટીએ ઘડાયો હતો.

જયપ્રકાશે ૧૯૭૪ માં કેળવણીના ભ્રષ્ટાચાર સામે ઉપાડેલી બિહારની મામૂલી લડત જોતજોતામાં રાષ્ટ્રમાં મૂળ ઘાલી રહેલી સરમુખત્યારશાહી સામેની લડત બની ગઈ. આ મસીહાએ મુડદાંઓમાં પ્રાણ પૂર્યા અને દેશમાં ભ્રષ્ટાચાર સામે, સરમુખત્યારશાહી સામે એક અવાજ ઊભો થયો.

જયપ્રકાશે આ દેશને બીજી આઝાદી આપી. ૧૯૭૭ ના માર્ચની વીસમી તારીખની રાતે આ આઝાદીનો ઉત્સવ ઊજવાયો. જયપ્રકાશની તસવીર લોકસાગરના અંતરે ઝૂલતી હતી. બીમાર જયપ્રકાશના ચહેરા પર એક સ્મિત ખીલ્યું અને હજી એ પૂર્ણ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૫ ઉપર)**

લોક કથા

# ખાનદાનીનું ખમીર

• રાઘવજી માધડ •

મા ફાળું ગાડું જોઈ, ઊંડા રસ્તાના બેઉ કાંઠે ડિંડલિયા ઘોરના જેમ મિયાણા ગોઠવાય ગયા હતા. આંકડેને મધમાખીયું વગરનું તે લૂંટી લેવાનું હતું. ગાડું ઊભું રહ્યું, અંદરથી બાઈમાણસનો અવાજ આવ્યો 'બાઈ, ગાડું કાં ઊભું રાખ્યું?' પણ જવાબ કોણ આપે? ગાડાખેડુને મિયાણાએ મોંભરાણ ઉકાળ્યો હતો તે પાછું વાળીને જોવાય ઊભો રહ્યો નો'તો. મિયાણાએ કહ્યું : 'ગાલાવેલી થ્યા વગર ઘરેણાં ઉતારી દે, ધૈર્ય તારી ભાભીને પે'રવા જોશે ને! આવું સાંભળતા ગાડામાં બેઠેલી સ્ત્રી પળમાં સ્થિતિ પામી ગઈ. લુંટારા છોડશે નહીં ને વખ વગોવાનો વારો આવશે. પણ લુટારાનું વેણ પકડીને સામે કહ્યું : 'ભાભીને પે'રવા, ભાઈ બેનનાં ઘરેણાં લૂંટશે! સ્ત્રીનું આવું બોલવું સાંભળી નિર્જન વગડો પણ એક કાને ને ધ્યાને થઈ ગયો. તે આગળ બોલી 'પથ્થર ગામના વાઘજી ઠક્કરની તો શરમ ભરો!'

વાઘજી ઠક્કર તો અમારો વેરવી, સામો મળે જીવતો નો છોડીએ, બેન, તને શું થાય એ ઠક્કર?' ગાડામાં બેઠેલી સ્ત્રી ચકરાવે ચડી. પોતાના બાપુનું નામ દીધા પછી હુંકાર છોડી દેશે. ભલા હશે તો ઘર લગી મુકી જશે. પણ ધરમ કરતાં ધાડ પડ્યા જેવું થયું. આ તો બાપુના વેરવી નીકળ્યા.

એક દી'વાઘજી ઠક્કરના નામની ફેં ફાટતી. એનું નામ પડતાં જ ભલાભલા રસ્તો ચાતરી જાતા. ઠક્કરની આવી ખુમારી. રખેવાળી ને લોક માટેની ખેવનના લીધે અવળા મારગે ચાલનારાના ધંધા ભાંગી પડ્યા હતા. તે સૌ ઠક્કરના જીવલેણ દુશ્મનો થઈ ગયા હતા, પણ ઠક્કર હવે ચેતી ગયા હતા.

કલકત્તાથી દીકરીનો કાગળ આવ્યો હતો. તેમાં લખ્યું હતું. 'બાપુ, હું હુકમ સ્ટેશને ઊતરીશ ત્યાંથી મને લઈ જાશો.' ટપાલ વાંચી ટટ્ટાર થઈ ગયા હતા. દીકરી પ્રત્યેનું હેત સાગરના જેમ ઉછાળા મારવા લાગ્યું હતું. 'દીકરી લાંબી વાટ કાપીને આવે છે, લેવા જાવું પડે...' સાબદા થઈ ગયા હતા. પણ સામે વેરીઓ નજરે ચઢ્યા હતા. જીવતો છોડે એમ નથી. દીકરીની નજર સામે જ ખાંડા ને કાંડનો જીવલેણ ખેલ ખેલાય અને બાપને પોતાની હાજરીમાં હારતો ને મરતો જોવે તો મનખો બગડ્યો કે વાય, ઠક્કરે દીકરીને લેવા જાવાનું માંડી વાળેલું. એને ખબર હતી કે હુકમા સ્ટેશને ગાડી વધારે પડી રહે છે. સ્ટેશન પર કોઈને નહી જુએ તો એ જ ગાડીમાં ભુજ હાલી જાશે. અને એમ જ બન્યું હતું.

પણ દીકરીને એક વાતે ભરોસો હતો તે કહ્યું, 'ભાઈ થઈને બેનને લુંટશે?' આવું સાંભળતાં મિયાણાં મુંઝાણા. એક બોલ્યો : આપણે તો લુંટીને ગદરી ખાનારા. એમ સગપણનું શિરામણ ન હોય! વાત કોઈ નાખી દીધા જેવી નહોતી. હરમત કરીને પણ લૂંટવા સાબદા થયા.

અમે તારા સામે નજરેય નહીં નાખીએ...પણ અંગ પર હોય ઈ ઘરેણાં ઉતારી દે.'

મોવડી જેવો મિયાણો કહે : 'બાઈમાં'ણા એકલી છે તે ઘરેણાં આપી દેશે પણ મલક શું કે'શે? પછી કહે : 'થૂંકશે. બાપને પહોંચી ન શક્યા તે વેર દીકરી સાથે લીધું.' વળી કચ્છના વેરાન વગડાએ કાનસૂરી માંડી.

બીજા સાથીઓ મનોમન કહે : 'આવા કાળા કામ તો એક ઘાને બે કટકા જેમ થાય. આમાં લાંબી પીંજણ કરવાની નો હોય! ત્યાં કહે, 'પધ્ધર ગામમાં તેના ઘર લગી વળાવવા જાવી પડે.'

ભલે કહેતા સાબદા થઈ રસ્તે પડ્યા. ગાડું વાઘજી ઠક્કરની ડેલી આગળ આવીને ઊભું રહ્યું. યોગીને સાદ દીધો. 'એલા ઠક્કર હવે તો બારો નીકળ. આ તારી દીકરીને મુકવા આવ્યા છીએ.' ઠક્કરે જોયું તો જીવલેણ દુશ્મનો આંગણ આવીને ઊભા હતા એટલું જ નહીં. પોતાની લાખેણી લાજ રાખી હતી. તો પછી લ્યો, વેર! ઠક્કર બે ડગલાં આગળ આવીને કહે. 'ઘર આંગણે માર્યાનું કે'ણ નો રાખવું હોય તો તમે કો ત્યાં આવું?'

વાઘજી ભા, તલવાર ઉપાડવાની ત્રેવડ નો હોય એવા દુશ્મન માથે વાર કેમ કરવો? પછી પારોઠ કરતા કહે : 'લ્યો ત્યારે જીવ્યા, મર્યાના જુહાર...!' ત્યાં દીકરી આડે આવીને ઊભી રહી : 'એમ શિરાવ્યા વગર નો જવાય બાપનો દુશ્મન પણ ઘરઆંગણેથી ભૂખ્યો ન જાય એવી પરંપરાની સાક્ષી પુરતી વાઘજી ઠક્કરની ડેલી, ફળીયું ને આખું ઘર જાણે કાંડાવઢ તાણ કરવા લાગ્યું, ત્યાં 'મારા ગળાના સમ છે...' કહીને ઠક્કર તો અદકા ભાવથી ભેટી પડ્યાં. ■

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

પ્રસંગ કથા

# અજાણ્યો આશરો

• રસિક મહેતા •

લગભગ પંદરેક વર્ષ પહેલાં સને ૨૦૦૨ની સાલમાં અમે નડિયાદ, આણંદ, બરોડા વગેરે સ્થળે જવાનો પ્રોગ્રામ બનાવેલ. ગાડીમાં હું, મારો પુત્ર-પુત્રવધૂ, મારા મોટાભાઈ અને કાર-ડ્રાઈવર — એમ પાંચ જણાં હતાં. સવારે વહેલાં, સમયસર રાજકોટથી નીકળેલ અને એ હિસાબે બરોડા સાંજે પાંચ-છ વાગ્યા આસપાસ પહોંચવાની ગણતરી હતી અને બરોડામાં જે સંબંધીને ત્યાં અમારે જવાનું હતું તેમને તે પ્રમાણે જણાવ્યું હતું. પણ થયું એવું કે અમને નડિયાદમાં ધાર્યા કરતાં કામના હિસાબે વધારે રોકાણ થયું અને એ જ પ્રમાણે આણંદમાં પણ વધુ સમય લાગતાં અમારા નિયત સમય કરતાં અમે બરોડા ચારેક કલાક મોડાં, એટલે કે આશરે રાત્રે દસેક વાગ્યે પહોંચ્યા. અમારા બરોડાવાળા સંબંધીને અમે સમય-સમય પર અવગત કરાવતા હતા, એટલે તેમને ત્યાં મોડા પહોંચવા બાબત ચિંતાનું કોઈ કારણ નહોતું. પણ મોડા થવાને કારણે અમારે રાત્રિરોકાણ કરી શકાય એ શક્ય નહોતું.

અમે સંબંધીને ત્યાં પહોંચી, ચા-પાણી પીધા બાદ તેઓ ખાવા-પીવાની તૈયારી કરે તે દરમિયાન, રાત્રિના વધારે મોડું થાય તે પહેલાં જ ગામમાં જઈ રાત રોકાવાના સ્થળનું નક્કી કરવા નીકળી પડ્યા. રાત્રિના સાડાદસ થઈ ચૂક્યા હતા અને અજાણ્યા ગામમાં મોડું કરવું પાલવે એમ નહોતું. અમે જેમને મળવા ગયેલ તે બહેન અને તેમની દીકરી બંને એકલાં જ હતાં. ઘરમાં કોઈ પુરુષ ન મળે, નહીં તો એ ગામમાં વ્યવસ્થા કરી આવે; પણ અહીં તો આ કામ પણ અમારે ફાળે આવી પડેલ.

માગશર માસની ટાઢ હતી. રસ્તો પણ કાંઈક વધારે નિર્જન લાગતો હતો. (જોકે પછીથી ખબર પડી કે તે દિવસે બરોડામાં કોમી તોફાનનો અંદેશો હતો અને તે દૃષ્ટિએ આ વિસ્તાર સંવેદનશીલ હતો.) અમે આજુબાજુ કોઈ સારી હોટેલ કે ગેસ્ટહાઉસની તપાસ કરવા, આજુબાજુ શોધતાં શોધતાં ગાડી ધીમે ચલાવતાં આગળ વધતાં જતાં હતાં. ત્યાં સ્કૂટર ઉપર સવાર એક સુખી, સંસ્કારી, સુશિક્ષિત આધેડ ઉંમરનાં દંપતી અમારાથી વધારે ગતિથી આગળ આવીને, હાથના ઈશારાથી અમને ઊભાં રહેવાનું કહેતાં હોય એમ હાથ હલાવવા લાગ્યાં. એક વાર તો શંકા ગઈ અને શું કરવું એમ થયું, કેમ કે રાતનો સમય. અજાણ્યું ગામ અને અજાણ્યા માણસો. શો ઈરાદો હોય એની કેમ ખબર પડે? પણ તે દંપતી સજ્જન લાગતાં અમે ગાડી ઊભી રાખી.

તેઓએ કહ્યું : 'બહારગામનાં લાગો છો! વાહનના નંબર પરથી લાગે છે કે તમો રાજકોટનાં છો. અમારી દીકરી પણ અમોએ રાજકોટ પરણાવી છે, તે ડૉક્ટર છે. પણ તમે આટલી મોડી રાત્રે જાઓ છો ક્યાં? અને કોને શોધો છો? કેમ કે તમે જાઓ છો એ બાજુનો વિસ્તાર સંવેદનશીલ છે અને આજે બપોર બાદ અમદાવાદમાં થયેલ તોફાનના પ્રત્યાઘાત રૂપે અહીં પણ કોમી તંગદિલી ગમે ત્યારે ઊભી થવાની પૂરેપૂરી શક્યતા છે. સારું તો એ રહેશે કે તમે બીજી બાજુથી જાઓ.' દરમિયાન તેઓએ પૂછી લીધું કે અમારે જવાનું ક્યાં છે. દંપતી સૌજન્યશીલ અને પરગજુ લાગતાં અમે અમારી સ્થિતિ જણાવી અને કોઈ સારી હોટેલ કે ગેસ્ટહાઉસની વિગત પૂછી. તેમણે કહ્યું, 'ચાલો બતાવું' તેઓ આગળ અને અમે પાછળ થોડા ફર્લાંગ ગયા બાદ તેમણે હાથના ઈશારે ગાડી એમના સ્કૂટર પાછળ એક શેરીમાં લેવા કહ્યું અને પાર્ક કરવાનું કહ્યું. અમે એમ કર્યું, એવું માનીને કે ગેસ્ટહાઉસમાં જવાનું હશે.

અમારા આશ્ચર્ય વચ્ચે તે સજ્જન અમને જ્યાં લઈ ગયા તે કોઈ ગેસ્ટહાઉસ કે હોટેલ નહોતી પણ એ એક બંગલો હતો અને તે સજ્જન તેમના માલિક હતા. તેઓ અમને અંદર લઈ ગયા અને કહ્યું : 'આ આખો બંગલો ખાલી છે મારો પુત્ર અને તેનું કુટુંબ અમેરિકા છે, પુત્રી પરણાવી દીધી છે અને અમે બે એકલા જ છીએ. હું સરકારી અધિકારી છું. તમે આરામથી આજની રાત અહીં રોકાઈ શકો છો.' અમને નવાઈ લાગી. અજાણ્યા ગામમાં, એક અજાણી વ્યક્તિ આટલી આત્મીયતા અને લાગણી બતાવે અને અજાણ્યાં માણસો ઉપર આટલો વિશ્વાસ રાખીને આવકારે એ વાત એ સજ્જનની ઉદારતા તો બતાવતી જ હતી, પણ માણસ પારખવાની એમની શક્તિ માટે પણ અમને માન સાથે અહોભાવ થયો.

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

મેં એ સજ્જનને મારા સ્વભાવ પ્રમાણે ના પાડી અને અમારી આખી પરિસ્થિતિ સમજાવી. અમારું જમવાનું હજુ બાકી છે અને કઈ જગ્યાએ જવાનું છે એ પણ કહ્યું. તો પણ તે સજ્જને પોતાની વાત ન મૂકતાં કહ્યું : 'હું નર્મદા નિગમના અમુક ડિવિઝનનો ઉપરી અધિકારી છું. જો તમારે મારે ત્યાં રોકાવું ન હોય તો નર્મદા નિગમના રેસ્ટ હાઉસમાં સગવડ કરી આપું તો ચાલશે?' અમને વાંધો ન હતો, એટલે અમે હા પાડી.

આ પરગજુ સજ્જન પોતાનાં ધર્મપત્નીને-ઘરે મૂકી, અમારી સાથે રાત્રે અગિયાર વાગ્યે, તેમના સ્કૂટર ઉપર અમારા સંબંધી કે જેઓ ખાસ્સા એવા દૂરના એરિયામાં રહેતા હતાં તેમને ત્યાં આવ્યા. અમે બધાં જમ્યા ત્યાં સુધી તેઓ બેઠા. ચા-પાણીની પણ ના પાડી અને અમને રાત્રે બારના સુમારે નર્મદા નિગમના રેસ્ટ હાઉસ સુધી લઈ જઈ, સંપૂર્ણ વ્યવસ્થા કરાવી આપીને તેઓ પોતાના નિવાસસ્થાને ગયા.

અમારો પ્રોગ્રામ સવારે નીકળી જવાનો હતો એટલે ચા-નાસ્તો પહેલાં પતાવી, અમે મેનેજરને બંને રૂમની ચાવી આપી હિસાબ માટે પૂછ્યું ત્યારે તેણે કહ્યું : 'સાહેબ ના પાડી ગયા છે.' આ મારા સ્વભાવ વિરુદ્ધ હતું. એટલે મેં ના પાડી અને હિસાબ કરી તે પ્રમાણે રકમ લઈ લેવા આગ્રહ કર્યો. તેથી તેણે તેના સાહેબ, એટલે કે પેલા સજ્જનને ફોન કરીને તેમની સાથે મારી વાત કરાવી. હું જ્યારે ટસનો મસ ન થયો ત્યારે આખરે તેમણે મેનેજરને હિસાબ કરી રકમ વસૂલવા કહ્યું. આમ અમે ત્યાંથી રવાના થયાં. પણ આ આખા પ્રસંગે અમને વિચારતાં કરી મૂક્યાં આ કેવા સજ્જન? પોતે ડિપાર્ટમેન્ટના હેડ છે, ગવર્નમેન્ટ રેસ્ટ હાઉસની સગવડતા કરી શકે તેમ હોવા છતાં પહેલાં તો તેઓએ પોતાના બંગલાનો જ આગ્રહ રાખ્યો અને અમે જ્યારે તેની ના જ પાડી તે પછી પણ કડકડતી ઠંડીમાં રાત્રે પોતાનો સમય બગાડી અમારા માટે બધી વ્યવસ્થા કરાવી આપવા છેક સુધી અમારી સાથે જ રહ્યા. (નહિતર રેસ્ટ હાઉસનું સરનામું આપી, મેનેજર પર ભલામણની ચિઠ્ઠી લખીને પણ ઉપયોગી થઈ શક્યા હોત.) અને ત્યારબાદ પણ હિસાબની રકમ ન આપવા દેવાનો આગ્રહ પૂર્વકનો વિનય આ બધું શું સૂચવે છે? કોઈ ઋણાનુબંધ, કોઈ આગવા સંસ્કાર કે પછી 'મને જે વ્યવહાર ગમે તે બીજાને પણ ગમે એમ માનવું અને એમ વર્તવું, એ જ સાચો ધર્મ એવી ખરી સમજણ.' પૃથ્વી પરના આવા પરોપકારી સજ્જનો માટે કહેવાનું મન થાય કે :

*'પરને કાજે જે પંડને ખોવે*
*રામને ખોળે જે શિર દઈ સૂએ*
*એમની પાછળ એમના ગયા પછી*
*આભ ચૂએ ને ધરતી રુએ.'*

(અહીં પાત્રોનાં નામ-સરનામાં ઈરાદાપૂર્વક નથી આપ્યાં)

## પ્રેમ, શાંતિ અને શ્રધ્ધાનો અનોખો સંગમ : વિરાયતન

**(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

૮૦૦૦ બાળકો આવતા થઈ ગયા. ત્યારબાદ જખણિયાના શિક્ષણ કેન્દ્રમાં ૪૦ હજાર બાળકોને વ્યવસાયલક્ષી તાલીમ અપાઈ છે. તદુપરાંત અનાથ તથા નિરાધાર બાળકોને તાલીમ આપી તેમને સારી જગ્યાએ ગોઠવવામાં આવ્યા છે.

આ પ્રસંગે આચાર્ય ચંદનાજી મ.સા.એ વિરાયતન દુનિયામાં સુખ, શાંતિ અને મૈત્રીનો સંદેશો ફેલાવવા માંગે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિરાયતનને જોડાવવાના કાર્ય અંગે પધારેલ દેશ-વિદેશના મહાનુભાવોને તેમણે અપીલ કરી હતી. નેપાળથી પધારેલ શ્રી પ્રતાપભાઈએ તાજેતરમાં આવેલ ભૂકંપમાં વિરાયતને કરેલ કામગીરીનો ચિતાર આપ્યો હતો. તેમજ પૂ. મોરારિબાપુએ તે સમયે આચાર્ય ચંદનાજીને તેમના ૮૧મા જન્મદિનની શુભેચ્છા આપતા આચાર્ય ચંદનાજીને માતા તરીકે સંબોધ્યા હતા. તેમણે જણાવેલ કે જ્ઞાન, તપ, અસંગતતા, નિર્ભયતા એમ મુક્તિ મેળવવાની અલગ અલગ માન્યતાઓ છે. પરંતુ આ માતા મુસ્કુરાવાનું શીખવે છે. મોક્ષ મુક્તિનો આધાર તેને છે, જેને મુસ્કુરાતા આવડે છે. આ માતાએ પોતાના ગુરુની આજ્ઞાથી મોટું કાર્ય કર્યું છે.

વિરાયતન સંસ્થાને ૧૯૫૫માં ભગવાન મહાવીર ફાઉન્ડેશન દ્વારા 'એક્સેલન્સ ઈન હ્યુમન એડવેન્ચર ઍવોર્ડ' તથા ૨૦૦૨માં ભારત સરકાર દ્વારા 'અહલ્યાબાઈ નેશનલ સર્વિસ ઍવોર્ડ'ના ચંદ્રકો પ્રાપ્ત થયેલ છે.

*(આધારસેતુ : સમાચાર પત્રો)*

***૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્સ,***
***આંબાવાડી સર્કલ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮***

## ...હવે તમને ફૂલો ચડાવીશું

**(અનુસંધાન : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)**

ફૂલ બને એ પહેલાં તો એને કરમાવી દેવાયું. બીમાર, હતાશ જયપ્રકાશ કદમકુઆથી જસલોક વચ્ચે ઝોલાં ખાતા રહ્યા. એમનું સંકલ્પબળ અને પ્રજાની પ્રાર્થનાઓ જ જયપ્રકાશને જિવાડી રહ્યાં હતાં. કહેવાય છે કે દેશમાં અત્યારે બનતી ઘટનાઓથી તેઓ વ્યથિત હતા. આ વ્યથાને કારણે જ તેમણે જીવવાનો સંકલ્પ ત્યજી દીધો હશે અને રાત્રે નિદ્રામાં જ શ્વાસની દુનિયા સમેટાઈ ગઈ.

જયપ્રકાશ, તમે આ દેશના આકાશમાં છવાઈ ગયેલી મુક્ત હવા છો : આજે તમને મુક્ત રીતે અંજલિ આપી શકીએ છીએ એ પણ તમારા કારણે જ શક્ય બન્યું છે. પણ અમારી દુનિયા વિશે તમે જ્યાં હો ત્યાં અફસોસ ન કરતા! અમે કૃષ્ણને પારધીના તીરે વીંધીએ છીએ, ઈસુને શૂળીએ ચડાવીએ છીએ, ગાંધીને ગોળીએ દઈએ છીએ. તમે એ ન્યાતના આદમી હતા, અમે તમને હવે મૂલવીશું. તમારી પ્રતિમાઓ ઘડીને, તમારાં પુસ્તકોને અમારા કબાટની શોભા બનાવીને. ■

સત્ય કથા

# ડૉક્ટર અડાલજા અને અફીણ

• રજનીકુમાર પંડ્યા •

"કાં અફીણિયા?"

"મને કહ્યું?"

જવાબમાં હિટલરકટ મૂછો, નીચેથી દાંત દેખાય તેવું હસવું અને ફરી ઝડપથી મોઢું બંધ! ચહેરા ઉપર કરડાકી. આંખોમાં વેધક નજર. પીળો મટોડી કલરનો સૂટ. રાજાની જેમ લાંબા પગ કરીને ખુરશીમાં બેસવું. દર્દીઓ સાથે ઝાઝી વાત ન કરવી. જતા-આવતા લોકો તરફ ભેદી નજરે જોયા કરવું. વેકેશન-બેકેશનમાં હું જેતપુર આવું ત્યારે બૂમ પાડીને મને બોલાવવો...

"કાં અફીણિયા?"

"મને કહ્યું?"

હસવું અને મોઢું બંધ!

"શું ભણે છે?"

"એફ.વાય.માં છું."

"સાયન્સમાં ને?"

"ના, કોમર્સમાં..."

એ જરા નિરાશ થઈ ગયા. "તારે તો સાયન્સમાં જવા જેવું હતું અફીણિયા..."

"કેમ?"

"આ મારો કાંતિ તો ડૉક્ટર ન થઈ શક્યો પણ તારે તો થવું હતું!"

"પણ કાંતિભાઈ તો ડૉક્ટર છે જ!"

"ડૉક્ટર ન કહેવાય એને! ઊંટવૈદ્ય કહેવાય. કોણ જાણે કેટલા દર્દી...?" એ વાક્ય ખાઈ ગયા. અને એમના દવાખાનાની સામેના એક લાકડાના બોર્ડ તરફ જોવા માંડ્યા, જેમાં લખ્યું હતું ડૉ. કાંતિલાલ રવિભાઈ અડાલજા... ડિગ્રીઓ ગડબડ સડબડ હતી. પાટિયા નીચે નિઃસંતાનને કૂખ બંધાવવાની, શરીર ધોવાવાના ઈલાજની અને એવી બધી જાહેરાતો લખેલી હતી. નીચે શીળીનાં ચાઠાંવાળો કાંતિલાલ બેઠો બેઠો બે-ચાર હરિજન કે એવી કોઈ સ્ત્રીઓને તપાસતો હતો.

દુઃખી નજરે જોતાં પકડાઈ ગયા હોય એમ ઝડપથી ડૉક્ટર રવિભાઈએ એમની રિવોલ્વિંગ ખુરશીને મારા તરફ ફેરવી, "તને આ અફીણિયો શું કામ કહું છું...ખબર છે!"

મેં નકારમાં ડોકું ધુણાવ્યું.

"જો સાંભળ." એ ખોંખારીને બોલ્યા : "આખા ગામમાં તું જ એક જનમ-અફીણિયો છે...મારી તો તેં દશા બેસાડી દીધી હતી. સમજ્યો?"

"એટલે?"

"તું બે માસનો હતો ને, ત્યારે શું થયું હતું એ ખબર છે?"

"મને ક્યાંથી ખબર?" હસ્યા. ઝડપથી મોં બંધ કર્યું : "તો હું તને કહું, સાંભળ. તારે ઘેર લગ્નપ્રસંગ હતો. મહેમાનો આવ્યા હતા. અને એમાંય તું કંઈ કજિયા કરતો નહોતો, પણ છતાંય તારાં બાએ તને અફીણની બાળા-ગોળી પાઈ દીધી- થોડીવાર પછી તારી બહેનને થયું કે બાએ નહીં આપી હોય, તે લાવ હું આપી દઉં. એણે વળી બીજીવાર બાળાગોળી આપી દીધી. ને આમ થઈ ગયું તને ડબલ અફીણ. સમજ્યો?"

"પછી?"

રવિભાઈ વાત કરતા કરતા રાજાની સ્ટાઈલમાંથી અસલ ડૉક્ટરની સ્ટાઈલમાં આવી ગયા. "પછી શું? તું તો માંયો ઘોરાડવા (નસકોરાં બોલાવવા.) તારા બાપને થયું કે છોકરો કેમ આટલાં બધાં નસકોરાં બોલાવે છે? એમણે તને ઢંઢોળ્યો, તું ઊઠ્યો નહીં, ઘટસ્ફોટ થયો. માણસો ભેગા થયા. સરકારી ડૉક્ટરને બોલાવ્યા તો કહે કે 'હું ન આવું. સ્ટેટનો ગુનો બને. પહેલાં પોલીસને જાણ કરો. પછી કેસ હાથમાં લઉં...!'

હું એમની સામે તાકી રહ્યો.

"પછી એમણે મને બોલાવ્યો. ખાનગીમાં હું બીતાં બીતાં આવ્યો. પહેલાં તો પાછો વળી જતો હતો, વળી તારા મોઢા સામે જોયું! મરણને તારે કંઈ ઝાઝું છેટું લાગ્યું નહીં." રવિભાઈએ મારા એ વખતના ચહેરાને જોતા હોય તેમ દયાર્દ્ર નજરે મારી સામે જોયું! "અલવિદા કહેવા માગતી હોય એમ તારી નાની નાની અધખુલ્લી હથેળીઓ લાકડાની જેમ સ્થિર હતી. હું બેસી ગયો તારી ખાટલી પાસે. બેગ ખોલી અને પછી આખી રાત

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

મટકુંય માર્યા વગર તમારે ત્યાં જ વિતાવી. દવા, ઈંજેક્શનો અને ચમચીએ ચમચીએ કોફી તારા મોંમાં હું રેડતો ગયો...આખી રાત... તે છેક સવારના નવ સુધી...જો કે શરૂઆતથી જ વધુ મદદ માટે મારા જીગરી મિત્ર ડૉ. જેઠાભાઈ કુંભાણીને પણ બોલાવી લીધા હતા. પોઈઝનીંગના મામલે એ પણ એક્સપર્ટ ગણાતા. તને ચમચીએ ચમચીએ કોફી પાવામાં અને તારો જીવ બચાવવામાં એમનો પણ એટલો જ ફાળો!

"હા, આગળ જતાં એમનો એક દિકરો કિશોર છેક એસ.એસ.સી. સુધી મારો વનબેંચર રહ્યો," મેં અટકીને પૂછ્યું પણ "પછી?"

"સવારના નવે તેં આંખો ખોલી. અમેં બેય ડૉક્ટરોએ હાશકારો કર્યો...પણ મારી આંખો ભારે ભારે થઈ ગઈ હતી. માથું સખત દુઃખતું હતું. હું ઘેર ગયો. સૂઈ ગયો. મને ભીતી હતી કે પોલીસ અમારી પૂછપરછ કરશે, અમને હેરાન કરશે."

રવિભાઈએ ફરી રાજા બાદશાહની જેમ પગ લાંબા કર્યા : "પણ એવું કશું થયું નહીં; ઊલટાનું એવું બન્યું અફીણિયા, કે જેતપુરના માણસો ડૉ. જેઠાભાઈની જેમ મને પણ પોઈઝનિંગના કેસમાં ઓથોરિટી સમજવા લાગ્યા."

મને વાતની ગડ બેસતી જતી હતી. ઘરમાં પણ અગાઉ ક્યારેક આવી વાત થયેલી તે યાદ આવ્યું. આ તે જ રવિભાઈ ડૉક્ટર!

"ડૉક્ટર સાહેબ, કેટલા દર્દીના જાન આ રીતે બચાવ્યા હશે, આવા પોઈઝનિંગના કેસમાં?"

એમના ચહેરા પરની કરડાકી ઓસરી - પોરસ તરવરી આવ્યો. ટોર્ચ જેવી આંખો મારા તરફ માંડતાં કહે : "પંદર વરસમાં દોઢસો-બસો તો ખરા જ કદાચ વધારે...પણ ઓછા તો નહીં જ...!"

સામે ડૉક્ટર કાંતિલાલ રવિભાઈનું દવાખાનું બંધ થવાની તૈયારીમાં હતું. રવિભાઈએ એ તરફ ખુરશીની દિશા ફેરવી. ફરી ચહેરા ઉપર કરડાકી સ્થપાઈ ને એ કાંતિલાલની ચેષ્ટા જોઈ રહ્યા.

દૂબળો-પાતળો કાંતિલાલ એના દર્દીઓને ઉદ્દેશીને પણ અમને સંભળાય તેમ એક-બે ગાળો બોલ્યો. એક તરફ પાનની પિચકારી થૂંક્યો. મોઢામાં બીડી સાથે દુકાન બંધ કરવા માંડ્યો. પછી લઘરવઘર પાટલૂનનો પટ્ટો ઠીક કરવા માંડ્યો. વાળંદની પેટી જેવી પેટી હાથમાં લીધી અને પછી બાપ તરફ એક સળગતી નજર નાખીને ચાલવા માંડ્યો. એની પાછળ ચાર-છ ગુંડા જેવા લાગતા દર્દીઓનું ઝુંડ ચાલ્યું.

"જોયું?"

"હા...હવે ક્યાં જશે? ઘેર?" મેં પૂછ્યું.

રવિભાઈએ તિરસ્કારથી હોઠ ચડાવ્યા. એમના ચહેરા ઉપર એકદમ ખિન્નતા છવાઈ ગઈ. નિઃશ્વાસ નાંખીને એ બોલ્યા : "ઘર તો એને છે જ ક્યાં? હવે તો જશે એ વાસમાં... કોઈ ભારેપગીના પેટ પર લાત મારીને ગર્ભપાત કરાવશે. દારૂ પીશે. છાકટો થશે અને પછી પડ્યો રહેશે આખી રાત એ લોકોનાં ઝૂંપડામાં કોક વંઠેલની સાથે..."

હું જોઈ રહ્યો. શું બોલું?

"એકવાર તો શરીર આખું સડી ગયું હતું." રવિભાઈ બોલ્યા : "ચાંદી થઈ ગઈ હતી, મેં માંડ માંડ બચાવ્યો. પણ...!" એ બોલતા બોલતા હોઠ બીડી ગયા. હિટલરકટ મૂછો તળે બધું ધરબી દીધું. ફરી મારી સામે નજર માંડીને બોલ્યા : "પણ અફીણિયા, તું ડોક્ટરી લાઈનમાં ગયો હોત તો સારું હતું."

મેં સ્મિત કર્યું.

"તું એ લાઈનમાં ગયો હોત તો તને હું પોઈઝનિંગના કેસમાં નિષ્ણાત બનાવી દેત. પોઈઝનિંગના તો જેટલા ડૉક્ટર વધુ હોય એટલા સારા. લોકો આજકાલ ધડ દેતાકને ઝેરની બાટલી મોંએ માંડી દે છે. કેમ ખબર પડે, ક્યારે કોને એની નજર પડે...!"

મને લાગ્યું કે, કુછંદી છોકરાના આઘાતથી રવિભાઈ જરાતરા મગજની સમતુલા ગુમાવી બેઠા હતા. અસંગત વાતો કરતા હતા. કદાચ ઉંમરનો પણ પ્રભાવ હોય.

હું ઊભો થયો.

બીજા વેકેશનમાં ઘેર આવ્યો ત્યારે બાએ તરત જ મને કહ્યું : "છાપામાં જેતપુરના કંઈ ખબર વાંચ્યા હતા?"

"ના, કેમ?"

"ડૉક્ટર રવિભાઈએ આપઘાત કર્યો." પછી જરા અટકીને બોલ્યાં, "અફીણ ખાઈને."

"એમ?" મેં પૂછ્યું : "ક્યારે?"

"પંદર દિવસ થયા." બા બોલ્યાં : "સગા દીકરાની કાંધ પણ ના પામ્યા બિચારા."

"કેમ કાંતિયો હતો ને?"

"એ તો," બા બોલ્યાં : "વાઘરીવાસમાં એ વખતે છાકટો થઈને પડ્યો હતો."

મારા મગજમાં એક ક્ષણ જાણે કે અંધારપટ છવાઈ ગયો. પણ પછી ધીરે ધીરે થોડો પ્રકાશ થયો. થયું કે રવિભાઈ મારી સાથે વિસંગત વાતો નહોતા કરતા. મને અમસ્તા જ નહોતા કહેતા કે ડૉક્ટર બન, ડૉક્ટર બન અફીણિયા, ડોક્ટર બન...

પણ ધારો કે બન્યો હોત તો એમને બચાવી શક્યો હોત?

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

પ્રેરક કથા

# પ્રતિબિંબ

● નવીન ત્રિપાઠી 'અલ્પ' ●

શિક્ષક તરીકે ખુમારીભર્યું જીવન પસાર કરી ચૂકેલા કરુણાશંકર નિવૃત્તિ બાદ અને પત્નીની વિદાય પછી તો સાવ એકલા થઈ ગયા હતા.

અલબત્ત, તેઓ પુત્ર સાથે રહેતા હતા. પરંતુ કેટલાક સમયથી તેમને એમ લાગતું હતું કે કુટુંબમાં તેમની ઉપેક્ષા થઈ રહી છે.

જો કે તેમને મળતા પેન્શનનો મોટો ભાગ તેઓ પુત્રના ઘરખર્ચ માટે આપતા, છતાં કુટુંબના વર્તન પરથી તેઓને લાગતું કે જાણે પોતે બોજારૂપ બની રહ્યા છે.

ગામડાંમાં પોતાનું નાનું મકાન હતું તે પણ વેચવા માટે પુત્ર વારંવાર દબાણ કરતો હતો. ને તેથી મતભેદો વધી પડતાં ભારે હૈયે તેઓ પુત્રનું મકાન છોડીને પોતાના મકાનમાં રહેવા ગામડે ચાલ્યા ગયા.

થોડો સમય તો તેઓ જાતે રસોઈકાર્ય કરી લેતા પણ પછીથી તેઓને લાગ્યું કે ગામની સંસ્થાકીય ટિફીન વ્યવસ્થાનો લાભ લેવાથી રસોઈની તથા વાસણ સફાઈ વગેરેની મહેનતથી છૂટી શકાય. તેથી સંસ્થામાં જઈ દાળ-ભાત-રોટલીનું રાહતદરે ઘેરબેઠાં ટિફીન આવી જાય તેમ નક્કી પણ કરી આવ્યા.

ટિફીન આવે એટલે ટેબલ ઉપર પત્નીની છબી રાખી, વાતો કરતા કરતા જાણે પત્ની પણ પોતાની સાથે જ ભોજન લઈ રહી છે તેમ ભોજન કરવાનો તેમનો નિત્યક્રમ થઈ રહ્યો.

છેલ્લા કેટલાક દિવસથી તેઓને જણાતું કે ટિફીનમાં નક્કી કર્યા ઉપરાંત વધારામાં ગોળ પણ આવી રહ્યો છે. પહેલા તો તેમને લાગ્યું કે ટિફીન તૈયાર કરનારની ઉતાવળ કે સમજણફેરથી આમ બનતું હશે પણ પછી તો દરરોજ ગોળ આવવાનું સામાન્ય થઈ ગયું.

એક દિવસ ટિફીન લઈ આવનાર છોકરાને તેમણે પૂછી જ લીધું કે, 'બેટા, આ ટિફીન દરરોજ કોણ તૈયાર કરે છે?'

છોકરાએ ચમકીને કહ્યું, 'દાદા! આ તમારું ટિફીન તો દરરોજ હું જ તૈયાર કરું છું. રોટલી કાચી કે જાડી આવતી હોય તો કહેજો ભલા!'

'બેટા, એ સવાલ નથી પણ દરરોજ ટિફીનમાં ગોળ આવે છે તેના પૈસા તો હું આપતો નથી!'

આ સાંભળી છોકરો સજલ આંખે બોલ્યો, 'દાદા, વાત જાણે એમ છે કે વતનમાં મારા પણ તમારા જેવા જ દાદા હતા. મારી દાદીનાં અવસાન પછી હું દરરોજ દાદાને જમાડતો, ને ત્યારે મારી દાદીનો નિયમ જાળવી રાખવા હું તેમને જમવામાં અચૂક ગોળ આપતો. ત્યારે દાદા મને કહેતા કે તારી દાદી કેટલી રાજી થતી હશે!

પણ એક દિવસની વાત કહું? દાદાને ગોળ આપવા માટે મેં મારી મમ્મીને કહ્યું તો મમ્મી છણકો કરીને બોલી કે દાદાને કહે કે તેમને ગોળ ખાવાનો બહુ શોખ હોય તો બજારમાંથી લઈ આવે! તેમને તો આખો દિવસ ખાવા ને રાગડા તાણીને ગીતો ગાવા સિવાય બીજો કોઈ ધંધો પણ શું છે?

બસ દાદા! તે ઘડી ને આજનો દિવસ. મારા દાદાએ ઘર છોડ્યું તે છોડ્યું... હવે તો મારા એ માયાળુ દાદા પણ આ દુનિયામાં નથી રહ્યા! દાદા, તમને જોઉં છું ત્યારે મને મારા દાદા યાદ આવે છે! ને તમારા ટિફીનમાં ગોળ મૂકતી વખતે જાણે હું મારા દાદાને પીરસતો હોઉં તેવો સંતોષ થાય છે. દાદા, મને પણ ગોળ ભાવે છે છતાં હું જમવામાં ગોળ નથી લેતો હોં! તમે રાજી એટલે હું પણ રાજી.... દાદા, બરાબરને?

દાદા, મારે હજી થોડાં ટિફીન આપવાનાં બાકી છે. એટલે જાઉં છું. તમે જમી લેજો ભલા!'

કરુણાશંકરે સામેના અરીસામાં જોયું તો છોકરાના દાદા જેવું જ પોતાનું પ્રતિબિંબ દેખાયું.

તેમણે માળિયામાંથી પતરાની પેટી ઉતારી કપડાંથી ઝાટકી. તેમાં કપડાંની બે જોડ સાથે થોડાં ધાર્મિક પુસ્તકો પણ મૂક્યા ને પછી પત્નીની છબી પેટીમાં મૂકતાં પહેલા બોલ્યા, 'કહું છું.... સાંભળશ? પૌત્રને મળવાનું મન થયું છે... આપણે ગામડે જઈશું? પણ તું હા કહે તો જ હોં ને...?'

ને બપોર પછી ગામડે જતી બસમાં તેઓએ પ્રયાણ કર્યું.

*ડી-૫, અરિહંતનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

મંથન

# ભૂલને ભૂલી જાઓ!

• સી. એસ. ઓઝા, મહેસાનવી •

શોપન હોવરે વર્ષો પહેલાં લખ્યું હતું : 'મહાન વ્યક્તિઓની ભૂલો અને મૂર્ખામીઓ જાણીને હલકા લોકો વધારે આનંદ મેળવતા હોય છે.'

હકીકતમાં, જે પોતાનો હાથ અજમાવે છે, તે જ સફળ પણ થાય છે. ખેડૂત પોતાનો હાથ અજમાવે છે, ત્યારે કોઈવાર ધોધમાર વરસાદથી કે દુકાળથી પણ નિષ્ફળ જાય છે. ભૂલના અનુભવ જેવી ટીકાઓની ઝડી વરસાવવામાં કશુંય બાકી રહેતું નથી. આપણી ભૂલથી આપણી મજાક પણ થાય છે. પરંતુ ભૂલ વગર સાઈકલ ચલાવતા પણ કોઈને આવડતું નથી. ચૂંટણીમાં ઊભો રહેનાર ઉમેદવાર પણ કોઈ નાનકડી ભૂલથી હાર પામે છે, પરંતુ ફરીથી પ્રયત્ન કરનાર કોઈવાર તો જીત મેળવે છે. આમ ભૂલ નુકસાનકારક હોવા છતાં તેની પાછળ બદ્ઈરાદો હોતો નથી. ભૂલ નહિ કરનાર માણસ હોઈ શકે જ નહિ. સમાજસેવકો, નેતાઓ અને રાજા-મહારાજાઓ પણ ભૂલ કરતા આવ્યા છે. છતાં, ભૂલની બિનજરૂરી બાબતથી તણાવનો ભોગ ન બનવું જોઈએ. હાર પછી જીતની સવાર ઊગે છે. પાછળથી મળેલ સફળતાએ વૃદ્ધને યુવાન બનાવ્યો છે. નિરાશાજનક પ્રસંગથી બેસી રહેવાને બદલે જિંદગીમાં નવી શરૂઆત કરવી જોઈએ!

લેખક શ્રી કાન્તિ ભટ્ટના કહેવા મુજબ સતત ૨૭ વર્ષના પરાજયને પચાવવાના સંઘર્ષ પછી અબ્રાહમ લિંકન ૧૮૬૦ માં અમેરિકાના પ્રમુખ તરીકે ચુંટાયા હતા! હેન્રી ફોર્ડ પણ પાંચ વખત ધંધામાં નિષ્ફળ ગયેલાં, પરંતુ પાછળથી ફોર્ડ મોટર કંપનીના ચેરમેન તરીકે ઉદ્યોગમાં સફળ થયા હતા. બિલ ગેટ્સ પણ ગેટ્સ હાવર્ડ યુનિ. ની પરીક્ષામાં ફેલ થયા હતા. પરંતુ પાછળથી સ્વતંત્ર થઈને, અબજપતિ થયેલ! વોલ્ટ ડિઝનીએ ઘણા ધંધામાં નિષ્ફળ જઈને પાછળથી હોલિવુડમાં આખરે સફળતા મેળવેલી. આલ્બર્ટ આઈન્સ્ટાઈન ચાર વરસના થયા ત્યાં સુધી બોલતાં શીખ્યા ન હતાં. પરંતુ પાછળથી પ્રખર વૈજ્ઞાનિક બની ગયા હતા. જે આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર, નોકરી છોડીને એકાએક રાજકારણમાં જોડાઈ ગયા હતા અને સાત વરસ સુધી પોર્ટુગલના વડાપ્રધાન તરીકે રહ્યા હતા, એ એન્ટોનિઓ ગુટરેસ ત્રીજા મતદાનમાં અગ્રેસર રહ્યા હતા.

જીવતે જીવ ૧૨૪ મોટા પુરસ્કારોથી સન્માનિત મધર ટેરેસાને તાજેતરમાં તેમના મરણ બાદ સંતનો દરજ્જો મળેલ છે. ૧૮ વર્ષની ઉંમરમાં ઘર છોડનાર મધર ટેરેસાએ જિંદગીભર ૬૯ વરસ સુધી સેવામાં સમય વિતાવેલો. ૮૭ વર્ષની ઉંમર સુધી તેઓ પ્રેમ અને સેવામાં જોડાયેલા અને વિશ્વમાં પ્રસિદ્ધ થયેલ એક સંત મહિલા તરીકે નામના મેળવનાર 'ભારત રત્ન' અને નોબેલ પુરસ્કાર વિજેતા તરીકે ચમકતા રહેશે!

આમ, સ્કૂલ કે કૉલેજમાં નિષ્ફળ જનાર ઈસમને પણ ભવિષ્યમાં સફળતા મળી શકે છે, તેના અનેક દાખલા છે. વિદ્યાર્થી તરીકે ૧૫-૨૦ વરસ સુધી અભ્યાસ કરનાર એકાદ વખત નિષ્ફળ જાય છે, પરંતુ આખરે વિજેતા બનીને સફળ થાય છે. વડીલોએ માત્ર દેખાદેખીથી બાળકોને સ્કૂલ કૉલેજમાં ઘુસાડી, દબાવી રાખવાની પણ જરૂર નથી. તેવા કેસમાં વિદ્યાર્થીઓ જાતે આપઘાતના રસ્તે દોડી જાય છે. આથી વિદ્યાર્થીની ઈચ્છા મુજબ અને તેની તાકાત મુજબ તેને અભ્યાસના રણમાં મોકલવો જોઈએ, એ પણ વડીલોએ જોવું જોઈએ. ભૂલને ભૂલી જઈને, આગળ ચાલવું પણ જરૂરી છે! ■

## મશાલ હોય કે મશીનગન, એ યુવાન હાથમાં જ શોભે!

(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)

### • ફેશન - વ્યસન જરૂર રાખો :

યૌવન જેમને પોતાનાં અંગત મિત્રો માને છે, જેમને એ પોતાનું ગૌરવ સમજે છે એ ફેશન અને વ્યસન ક્યારેક તેનાં શત્રુ બની જાય છે અને એને કલંકિત કરી મૂકે છે. હું ગરબડિયા ગામના બાવાની જેમ યુવાનોને ફેશન અને વ્યસનની આભડછેટ રાખવા કદી કહેતો નથી અને એમ કહેવામાં મને કદી ઔચિત્ય દેખાયું પણ નથી. ફેશન પણ કરો અને વ્યસન પણ કરો, પરંતુ પૂરી સમાનતા સાથે કરો. તમને પરવડે છે કે નહીં એનો વિચાર કરો. ફેશન અને વ્યસન બન્ને લિમિટમાં હોય તો લિજ્જત આપે છે અને એવી લિજ્જત પર સિર્ફ અને સિર્ફ યૂથનો જ અધિકાર છે. મેં એવા ઘણા લોકોને જોયા છે કે જેઓ યુવાનોને શરાબના વ્યસનથી વેગળા રહેવા કહે છે અને ખુદ ગંગાજળના વ્યસની હોય છે. વ્યસન તો વ્યસન છે, શરાબનું (નશાનું) હોય કે ગંગાજળનું (અંધશ્રદ્ધાનું), બન્ને ખતરનાક જ ગણાય.

### • બાલી ઉંમર કો સલામ :

યૌવન એટલે સાગરમાં ઊઠતું ભરતીનું મોજું. એટલે આકાશમાં રચાતા મેઘધનુષ્યની રંગછટા. એની પ્રત્યેક હરકતને સલામ કરવાનું આપણે ઝંખીએ છીએ. 'સોલા બરસ કી બાલી ઉંમર' કદી કોઈની મોહતાજ નથી હોતી, કોઈ વાતે ઓશિયાળી નથી હોતી. એનાં ખ્વાબ થોડાં ખોટાં હોય તોય એમાં ડૂબકી મારવાની મજા પડે છે. ક્યારેક તો ખ્યાલોની પાંખો પહેરીને ફરી પાછા યૌવનના વ્યોમમાં મુક્ત વિહાર કરવાની ઝંખના થઈ આવે છે. જ્યાં સુધી એવી ઝંખના ભીતર ઝળહળતી રહે ત્યાં સુધી આપણું અંદરનું યૌવન સલામત છે એમ સમજવું. ક્યારેક કોઈકને પ્રેમ કરવાનું મન થાય, ક્યારેક કોઈકનો પ્રેમ પામવા હૈયું તરસી ઊઠે તો જાણવું કે આપણી ભીતરથી હજી પેલી બાલી ઉંમરે અલવિદા લીધી નથી.

માહિતી

# જાગૃતિ અભિયાન

## જન્મજાત બહેરાશના નિવારણ અંગે સામાજિક જાગૃતિ

આપણે સૌ વિજ્ઞાનની પ્રગતિની પ્રતીતિ જીવનના દરેક ક્ષેત્રમાં એક યા બીજી રીતે અનુભવીએ છીએ. વીસમી સદીના ઉત્તરાર્ધ અને એકવીસમી સદીના પૂર્વાર્ધમાં તો આ પ્રગતિની અસર ટેકનોલોજીની હરણફાળથી એટલી બધી વધી ગઈ છે કે સમાજના ઉપરના સ્તરથી માંડીને નીચલા સ્તરના માનવીની જીવનશૈલી જ બદલાઈ ગઈ છે. ચાની લારીવાળો કે ઘરકામ કરતો નોકર કે મજૂરી કરી જીવન નિર્વાહ કરતો માણસ હોય, આ બધા પાસે મોબાઈલ ફોન હોવાનો જ. આવી જ રીતે તબીબી વ્યવસાયમાં પણ આધુનિક ટેકનિકનું પ્રતિબિંબ એટલું ઝીલાઈ રહ્યું છે કે છેલ્લા પાંચ-દસ વર્ષમાં તો દરેક જૂની ટેકનિકનું નવીનીકરણ થઈ રહ્યું છે. આજે આપણે એક અગત્યનો, માનવતાની દૃષ્ટિએ ગહન વિચાર માંગી લે તેવો પ્રશ્ન ચર્ચવો છે.

વિકલાંગ લોકોના જીવનમાં ઇલેક્ટ્રોનિક ટેકનોલોજીની અસર ખૂબ જ ઊંડી થઈ છે. નવી ટેકનોલોજી તેમની વિકલાંગતા એક યા બીજા પ્રકારે ઓછી કરે છે યા નાબૂદ કરે છે. આપણે શ્રવણ શક્તિમાં ટેકનોલોજીની અસર વિશે વિગતથી વાત કરીએ.

શ્રવણ શક્તિથી એક માનવીનો બીજા માનવી સાથે સંપર્ક થાય છે. જીવનની પ્રાથમિક જરૂરિયાત અને જીવવાનો આનંદ આ બધામાં શ્રવણ શક્તિનું બહુ મોટું યોગદાન છે. જન્મજાત શ્રવણ શક્તિનો અભાવ યાને બહેરાશ બાળકના જીવનમાં ઘેરો શૂન્યાવકાશ સર્જે છે કારણકે એનાથી બાળકમાં એકને બદલે બે ખામી ઉદ્ભવે છે. જે બાળક સાંભળી શકતું નથી, તે બોલી પણ શકતું નથી. હકીકતે તે બોલવા માટે સંપૂર્ણ સક્ષમ હોય છે પણ માત્ર જન્મજાત બહેરાશ તેને બોલવાની શક્તિથી દૂર રાખે છે. એક કુદરતી ખામીના લીધે બીજી અકુદરતી ખામી તેને વેઠવી પડે છે. આથી તે જગતથી વિખૂટું પડી જાય છે. આપણને જો થોડા કલાકો પણ બોલવા - સાંભળવાથી દૂર રહેવું પડે તો બહેરા-મૂંગાની વિવશતા અને વેદના સમજાય! આવી ખામી બાળકને વ્યક્તિગત રીતે જીવનની પ્રગતિથી તો દૂર રાખે જ છે, ઉપરાંત પોતાના કુટુંબથી અને સમાજથી ઘણે અંશે, ક્યારેક સંપૂર્ણતયા દૂર કરી નાખે છે. આ વેદના તેના પોતાના માટે અને તેના અંગત પરિવારજનો માટે અસહ્ય બની જાય છે.

છેલ્લા ૩૦-૩૫ વર્ષોથી પાશ્ચાત્ય દેશોમાં (ખાસ કરીને અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા) આવી શ્રમણમંદ વ્યક્તિઓમાં અને ખાસ કરીને નાના બાળકોના કાનમાં શસ્ત્રક્રિયા કરીને ઇલેક્ટ્રોનિક શ્રવણ યંત્ર કાયમ માટે મૂકીને એમને સાંભળતા કરવામાં આવે છે. ત્યારબાદ વિશિષ્ટ ટ્રેઈનિંગથી એમને બોલતા પણ કરી શકાય છે. આ ઇલેક્ટ્રોનિક ઉપકરણને "કોકલિયર ઈમ્પ્લાન્ટ" કહે છે.

છેલ્લા ૨૦-૨૫ વર્ષોથી આ ટેકનોલોજી ભારતમાં પણ ઉપલબ્ધ છે અને ૧૦-૧૫ વર્ષોથી આ શસ્ત્રક્રિયા અમદાવાદ અને ભારતના અન્ય મોટા શહેરોમાં પણ શક્ય બની છે. સંવેદના ક્ષેત્રના પાંચ અંગ જેવા કે આંખ - જોવું, કાન - સાંભળવું, નાક - ગંધ, જીભ - સ્વાદ અને સ્વરપેટી - બોલવું છે. આમાં સૌપ્રથમ ઇલેક્ટ્રોનિક યંત્રની મદદથી સંવેદના પ્રાપ્ત કરવાની પહેલ કાન માટે થઈ.

સામાન્યતઃ સ્વસ્થ બાળક એકથી ચાર વર્ષની વયમાં બોલતા શીખે છે અને તે જે સાંભળે છે તે બોલ છે. દા.ત. ગુજરાતી બાળક ગુજરાતી ભાષા અને જાપાનીઝ બાળક જાપાનીઝ ભાષા બોલતા શીખશે. જન્મજાત બહેરા બાળકમાં જો આ ઉંમરમાં કાનની શસ્ત્રક્રિયા કરીને કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રત્યારોપણ કરવામાં આવે તો તે સાંભળતું થાય અને પછીથી તેને વિશિષ્ટ પ્રકારની ટ્રેઈનિંગ (સ્પીચ થેરાપી) આપીને બોલતું પણ કરી શકાય છે. સાંભળવાની તથા બોલવાની ખામી દૂર થતાં તેની આ વિકલાંગતા દૂર થાય અને તે સ્વસ્થ જીવન જીવી શકે છે. તે સામાન્ય બાળકની જેમ નોર્મલ સ્કૂલમાં જઈ શકે અને સૌની સાથે હળીમળી શકે છે.

આપણે આ આખી પ્રક્રિયા જાણીએ. સૌપ્રથમ કાન, નાક, ગળાના નિષ્ણાત સર્જન તથા ઓડિયોલોજિસ્ટના સહયોગથી વિકલાંગ બાળકની શ્રવણ શક્તિની ક્ષમતા વિવિધ પ્રકારના પરીક્ષણોથી નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ જુદા જુદા નિષ્ણાતોના સહયોગથી બાળકનો બુધ્ધિઆંક (આઈ.ક્યુ), શારીરિક ક્ષમતા, માનસિક વલણ વગેરેને ખ્યાલમાં રાખીને ઇલેક્ટ્રોનિક સાધનનું પ્રત્યારોપણ કરવામાં આવે છે. અને એક દોઢ મહિના પછી ઈમ્પ્લાન્ટને ચેતનવંતુ (Activate) કરવામાં આવે છે. આ પ્રક્રિયાને mapping કહે છે. ત્યારબાદ સ્પીચ થેરાપિસ્ટની મદદથી બાળકને વ્યક્તિગત રીતે બોલતું કરવાની શરૂઆત થાય છે, જે આશરે દોઢથી બે વર્ષ ચાલે છે. આ સમયે નિષ્ણાતોની સહાય ઉપરાંત માતા-પિતા અને કુટુંબના અન્ય સભ્યોનો સહકાર તથા ઘરનું વાતાવરણ ખૂબ જરૂરી બની જાય છે. ઉપર જણાવેલ કોઈપણ બાબત જો સંતોષકારક ન હોય અથવા બાળકમાં લઘુતાગ્રંથિ જન્માવે તેવું વાતાવરણ હોય તો તેની બોલવા - સમજવાની પ્રગતિમાં અવરોધરૂપ થાય છે અને ભાષા વિકાસ અટકે છે. આ અંગે ખાસ કરીને માતા-પિતાની તાલીમ ખૂબ જ જરૂરી અને મદદરૂપ હોય છે કારણકે નિષ્ણાતો પાસે થોડા કલાકો સિવાય બાળક આખો દિવસ માતા-પિતા સાથે રહેતું હોય છે.

પ્રત્યારોપણની શસ્ત્રક્રિયા જેટલું જ મહત્ત્વ આ પછીની સારવારનું છે. એટલે સુધી કે જો આ ટ્રેઈનિંગ આપવામાં ન આવે તો પ્રત્યારોપણની વિધિ નિષ્ફળ જાય છે. માટે આ ટ્રેઈનિંગનું અગાઉથી આયોજન કરવું જોઈએ. ઓપરેશન પછીની તાલીમ

માટે વિશિષ્ટ પ્રકારના કેન્દ્ર (રીહેબિલિટેશન સેન્ટર ફોર હિયરિંગ એન્ડ સ્પીચ)ની વ્યવસ્થા હોવી જોઈએ જ્યાં આવા બાળકો નિયમિત આવીને ટ્રેઈનિંગ મેળવી શકે. આવા કેન્દ્રોની કામગરી પ્રત્યારોપણ કરાયેલા વિકલાંગોની શ્રવણ શક્તિ અને વાચા શક્તિને ઝડપથી વિકસાવી શકે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના આશિર્વાદની સાથે આપણે એનું વ્યવહારિક પાસું જોઈએ. આ ઈમ્પ્લાન્ટ આપણા દેશમાં બનતા નથી. આપણે તેને પરદેશથી આયાત કરવા પડે છે. આ સાધનની કિંમત આશરે રૂપિયા સાડા પાંચથી માંડીને દસ લાખ સુધીની હોય છે. સ્પીચ થેરાપીનો ખર્ચ રૂપિયા દોઢથી બે લાખ જેટલો થાય છે, જે ગરીબ કે મધ્યમ વર્ગ માટે અત્યંત બોજારૂપ હોય છે. લગભગ ન પોસાય તેમ કહી શકાય. એક વિકલાંગ બાળકને માટે આટલી મોટી રકમની વ્યવસ્થા કરવી અઘરી છે. પણ સમાજના જુદા જુદા સ્તરમાંથી જરૂરી યોગદાન મળે તો એક બાળકને નવી જિંદગી આપી શકાય. એક ડૉક્ટર તરીકે મેં જોયું છે કે આ પ્રકારની સારવાર થઈ શકે છે એની ઘણા લોકોને ખબર નથી હોતી.

સમાજે આ અંગે જાગૃત થવાની જરૂર છે. બીજી વિકલાંગતા માટે જેટલું ધ્યાન અપાય છે, તેટલું બહેરાશ માટે ધ્યાન અપાતું નથી કારણકે આ વિકલાંગતા જોઈ શકાય તેવી નથી. બધીર વ્યક્તિની સ્વરપેટીમાં કોઈ ખામી ન હોવા છતાં આજીવન મૂંગી રહે છે. સરવાળે આ વ્યક્તિની જિંદગી કેટલી લાચાર અને નિઃસહાય બને એનો ખ્યાલ બીજા લોકોને આવતો નથી. આ વિકલાંગતા દેખાય તેવી ન હોવાથી તેની આસપાસ રહેતા લોકોના મનમાં વિકલાંગ પ્રત્યે જોઈએ તેટલી સહાનુભૂતિ જાગતી નથી. આ બાબતમાં શું શું કરી શકાય, એના માટે કેવા કેવા ઉપાય ઉપલબ્ધ છે એ વિશે લોકો એટલું જાણતા નથી અને મોટેભાગે અંધશ્રદ્ધાનો ભોગ બનીને સમય, શક્તિ અને ધનનો વ્યય કરે છે અને બધી રીતે ખુવાર થાય છે.

આ પ્રકારના કેન્દ્રો સ્થાપવાની તાતી જરૂરિયાત છે. શરૂઆતમાં આ કામ મુશ્કેલ લાગે પણ જેમ જેમ સમાજમાં જાગૃતિ આવશે તેમ તેમ આ વિચારધારા સમાજના જરૂરતમંદ કુટુંબોમાં જરૂરી યોગદાન દ્વારા સહાયરૂપ થઈ શકશે. હાલમાં તબીબો, સમાજના જુદા જુદા વર્ગના અગ્રણીઓ તથા સરકારી કાર્યકરોની મદદથી ભારત દેશના અમુક પ્રાંતો — છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, તામિલનાડુ અને કેરાલામાં રાજ્ય સરકારે પહેલ કરી છે અને તે પ્રાંતની સરકાર તરફથી પ્રત્યારોપણ માટે તથા ઈમ્પ્લાન્ટની કિંમત માટે આર્થિક સુવિધા મળતી થઈ છે.

ગુજરાત રાજ્ય અનેક ક્ષેત્રમાં વિકાસશીલ રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયેલ છે. તે મુજબ આ ક્ષેત્રમાં તેનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું અને અન્ય રાજ્યો માટે દાખલારૂપ છે.

### *ગુજરાતની વાત કરીએ તો આ સારવાર મેળવવા શું શું કરવું?*

૧. ગુજરાત સરકાર તરફથી આ મદદ ગુજરાતના રહેવાસી બાળકો માટે જ છે.
૨. જન્મજાત બહેરા બાળકોનું શક્ય તેટલી નાની ઉંમરે (૩થી ૬ મહિના) બાળકમાં બહેરાશની સંભવતાની કડવી સચ્ચાઇને સ્વીકારવી અને અંધશ્રધ્ધાવાળા પ્રયોગોથી દૂર રહેવું.
૩. ૮થી ૧૦ મહિનાની ઉંમર સુધીમાં પાકું નિદાન થઈ જવું જોઈએ.
૪. માતા-પિતાએ બાળકના જન્મના દાખલાનું પ્રમાણપત્ર તાલુકા લેવલથી મેળવીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસરને મળવું.
૫. ત્યાં ચકાસણી બાદ બાળક બહેરું છે તેનું સર્ટીફિકેટ લેવું.
૬. આ સર્ટીફિકેટ લઈને સરકારી હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ - અમદાવાદ)માં કાન, નાક, ગળાના નિષ્ણાત તથા ઓડિયોલોજિસ્ટને મળીને જરૂરી પરીક્ષણો કરીને બહેરાશની ટકાવારી અને ઈમ્પ્લાન્ટની જરૂરિયાતનું સર્ટીફિકેટ મેળવવું.
૭. આ સર્ટીફિકેટ ત્યાંથી ગુજરાત સરકારના આરોગ્ય વિભાગમાં મોકલવામાં આવે. ત્યાં સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ રજિસ્ટર્ડ થાય.
૮. એટલે સરકાર જરૂરી ઈમ્પ્લાન્ટ સરકારી હોસ્પિટલમાં મોકલી આપે. હાલમાં સિવિલ હોસ્પિટલ - અમદાવાદમાં આ ઑપરેશન ડૉ. રાજેશ વિશ્વકર્મા સરળતાથી કરે છે.
૯. સિવિલ હોસ્પિટલમાં આ ઓપરેશન કરીને ઈમ્પ્લાન્ટનું પ્રત્યારોપણ કરાવવું.
૧૦. ઑપરેશન બાદ એકથી દોઢ મહિના બાદ સ્પીચ થેરાપીની ટ્રેઈનિંગ શરૂ કરવી. જે દોઢથી બે વર્ષ સુધી ભાષા વિકાસ માટે ખૂબ જરૂરી છે.
૧૧. આ ટ્રેઈનિંગ માટેની નાણાંકીય વ્યવસ્થા (રૂપિયા દોઢથી બે લાખ) માતા-પિતા/વાલીએ ઓપરેશન પહેલા જ કરી લેવી જોઈએ કારણકે ટ્રેઈનિંગ ન મળે તો ઑપરેશન નિષ્ફળ નીવડે.
૧૨. આ લાભ ૧૦ મહિનાથી ૧૪ વર્ષની ઉંમરના બાળકો માટે જ છે પરંતુ ૪-૫ વર્ષ પછી જેટલું મોડું થાય તેટલું પરિણામ ઓછું આવે. માટે જેટલું વહેલું ઓપરેશન થાય (૧થી ૫ વર્ષની વચ્ચે) તેટલો બાળકનો ભાષા વિકાસ વધારે સમૃધ્ધ થાય.

ગુજરાત રાજયમાં સરકાર તરફથી ઈમ્પ્લાન્ટ તથા પ્રત્યારોપણની શસ્ત્રક્રિયા માટે સિવિલ હોસ્પિટલમાં આર્થિક મદદ મળે છે.

હવે આ માહિતી વધુ લોકો સુધી પહોંચતી થાય અને વધુ બાળકો આનો લાભ લઈ શકે તો સામાજિક વિકલાંગતામાં ઘણો સુધારો શક્ય થઈ શકે.

**ડૉ. હંસાબેન એડનવાલા** - કાન, નાક, ગળાના નિષ્ણાત
નિવૃત્ત પ્રોફેસર, શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ - અમદાવાદ
સંપર્ક : સી/૭૦૨, કૌશાંબી ફ્લેટ્સ, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ.
**ફોન : (૦૭૯) ૨૬૬૫૦૨૪૨, મો. ૯૪૨૮૩ ૫૧૩૪૨**

# મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના

ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને મધ્યમવર્ગના કુટુંબો માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૨માં મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલમાં મૂકેલ છે. આ યોજનાને સફળતા મળતા વર્ષ ૨૦૧૪-૧૫માં વાર્ષિક રૂા. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમવર્ગના પરિવારો (કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિ) માટે મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

- **યોજના અંગેની માહિતી :**

૧. ગંભીર બીમારીઓ માટે કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂા. ૨ લાખ (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ (મફત) સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિને એટલે કે કુટુંબના વડા, પત્ની અને ત્રણ આશ્રિતોને લાભ મળવાપાત્ર છે. નવજાત શિશુને છઠ્ઠા સભ્ય તરીકે આ યોજનામાં આવરી લેવામાં આવે છે.

૨. યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવાર હેતુ આવવા-જવાના ભાડા પેટે રૂા. ૩૦૦/- ચૂકવવામાં આવે છે.

૩. ગંભીર પ્રકારની બીમારીઓ જેવી કે બર્ન્સ (દાઝેલા), હૃદયની ગંભીર રોગો, કિડનીના ગંભીર રોગો, મગજના ગંભીર રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓના ગંભીર રોગો, કેન્સર (કેન્સર સર્જરી, કેમોથેરાપી તથા રેડિયોથેરાપી) જેવી બીમારીઓના કુલ ૫૪૪ જેટલા ઑપરેશન માટે ઉત્તમ પ્રકારની સારવાર આપવામાં આવે છે.

૪. આ યોજના અંગેના કાર્ડ ધરાવતો લાભાર્થી કુલ ૬૮ ખાનગી હોસ્પિટલો જેવી કે સ્ટર્લિંગ ગ્રુપ ઓફ હોસ્પિટલ, નારાયણ રુદ્રાલય હોસ્પિટલ, બેન્કર્સ હાર્ટ હોસ્પિટલ, સત્ય સાંઇ, કૈલાસ સેન્ટર, ભારત કેન્સર હોસ્પિટલ, એચ.સી.જી., મેડીસર્જ હોસ્પિટલ અને ૧૯ સરકારી હોસ્પિટલો જેવી કે યુ.એન. મહેતા હોસ્પિટલ, કિડની હોસ્પિટલ, ગુજરાત કેન્સર હોસ્પિટલ વગેરે સારી સુવિધા ધરાવતી હોસ્પિટલો તેમજ સ્ટેન્ડ અલોન ડાયાલિસિસ સેન્ટરોનો લાભ લઈ શકે છે.

- **યોજનાનો લાભ લેવાના નિયમો :**

૧. 'મા' તથા 'મા વાત્સલ્ય' યોજના હેઠળ કાર્ડ કઢાવવું ફરજિયાત છે. જેના માટે અધિકૃત અધિકારીઓ (જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ કલેક્ટરશ્રી / મદદનીશ કલેક્ટર / પ્રાંત ઑફિસર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા મામલતદાર / સીટી મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, નાયબ મામલતદાર) પૈકી ગમે તે એક અધિકારી પાસેથી રૂા. ૧.૨૦ લાખ (એક લાખ વીસ હજાર પૂરા) કે તેથી ઓછી વાર્ષિક આવકનો દાખલો મેળવવાનો રહે છે. જે ત્રણ વર્ષ સુધી માન્ય રાખવામાં આવે છે.

૨. 'મા' તથા 'મા વાત્સલ્ય' યોજના હેઠળના કાર્ડ તાલુકા કિઓસ્ક / સિવિક સેન્ટરો પર નિર્ધારીત ફોર્મ ભરીને નોંધણી કરાવી મેળવી શકાય છે. નોંધણી માટે તાલુકા કક્ષાએ ૨૫૧ કિઓસ્ક તેમજ ૬૭ સીટી સિવિક સેન્ટરો ઊભા કરવામાં આવેલ છે.

૩. આ યોજના હેઠળ લાભાર્થીઓની તબીબી સારવાર માટે યોગ્ય ઓળખ કરી શકાય તે માટે લાભાર્થીના કુટુંબના દરેક સભ્યના ફોટો, બાયોમેટ્રીક અંગુઠાના નિશાનનો સમાવેશ હોય તેવું QR (Quick Response) 'મા' અને 'મા વાત્સલ્ય' કાર્ડ આપવામાં આવે છે.

૪. આ યોજના હેઠળ લાભાર્થીઓ માટે હોસ્પિટલમાં રજિસ્ટ્રેશન, કન્સલ્ટેશન, નિદાન માટેના લેબોરેટરી રિપોર્ટ, સર્જરી બાદની સેવાઓ, દવાઓ, દાખલ ચાર્જ, દર્દીને ખોરાક, ફોલો-અપ, મુસાફરી ખર્ચ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. હોસ્પિટલ આ બધા માટે કોઈ જ ચાર્જ લેશે નહીં. આમ 'મા' અને 'મા વાત્સલ્ય' યોજના હેઠળ લાભાર્થીને તદ્દન મફત સારવાર આપવામાં આવે છે.

***ઉપર મુજબની પાત્રતા ધરાવતા સમાજના સૌ સભ્યો આ યોજનાનો લાભ લે તેવી વિનંતી કરવામાં આવે છે. ઉપરોક્ત યોજનામાં જોડાનાર વ્યક્તિને ભરવાના ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેની ઓફિસમાં ઉપલબ્ધ છે.***

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# બજેટ ૨૦૧૭-૧૮ : ઉડતી નજરે...

★ રૂપિયા ત્રણ લાખથી વધુ રોકડના વ્યવહાર ઉપર પ્રતિબંધ.
★ રાજકીય પક્ષોને ડોનેશન માટે પારદર્શકતા જરૂરી.
★ રાજકીય પક્ષો એક વ્યક્તિ પાસેથી ડોનેશન રૂપે માત્ર રૂા. ૨૦૦૦/-ની રોકડ રકમ સ્વીકારી શકશે.
★ રાજકીય પક્ષોએ આવકવેરા રીટર્ન ભરવું પડશે. ડોનેશન આપવા બોન્ડ પણ ખરીદી શકાશે.
★ બેંકમાંથી બોન્ડ ખરીદી રાજકીય પક્ષને આપી શકાય.
★ રૂપિયા ૨.૫૦ લાખથી પાંચ લાખની વ્યક્તિગત આવક પર ટેક્ષ દસ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યો.
★ રૂપિયા ત્રણ લાખ સુધીની વ્યક્તિગત આવક પર કોઈ ટેક્ષ નહીં.
★ રૂપિયા ૫૦ લાખથી એક કરોડ સુધીની આવક પર દસ ટકા સરચાર્જ. ત્રણ લાખથી વધુ રકમ રોકડમાં સ્વીકારનારને ૧૦૦ ટકા દંડ.
★ ટેક્ષમાં સૌને વાર્ષિક રૂા. ૧૨,૫૦૦/-નો ફાયદો.
★ પૈસા હડપ કરી વિદેશ નાસી જનારાઓ માટે નવો કાયદો. તેઓની સંપત્તિ જપ્ત થશે.
★ ૧૨૫ લાખ લોકોએ ‘ભીમ’ એપ અપનાવી.
★ કુલ બજેટ ખર્ચ રૂા. ૨૧,૪૭,૦૦૦ કરોડ. સંરક્ષણ બજેટ રૂા. ૨,૭૪,૧૧૪ કરોડ.
★ નિવૃત્ત સુરક્ષા જવાનો માટે વેબ આધારિત પેન્શન.
★ પોસ્ટ ઓફિસમાંથી પાસપોર્ટ મળશે. સૌને સસ્તા ઘર પૂરા પાડવાનું લક્ષ્ય.
★ જી.ડી.પી.ની બજેટ ખાધનું લક્ષ્ય ૩.૨ ટકા.
★ માત્ર ૧.૭ કરોડ નોકરિયાતો ટેક્ષ ભરે છે. ૭૬ લાખ લોકો રૂપિયા પાંચ લાખથી વધુની આવક રળે છે.
★ મોંઘવારી દર ૨થી ૬ ટકા સુધી સીમિત રહેશે.
★ અમેરિકી ફંડના પગલાથી નિકાસ પર અસર પડી શકે.
★ ખેડૂતોને સમયસર લોન આપવામાં આવશે. કૃષિ ઉત્પાદન વધારવા પર ભાર મુકાશે. ખેડૂતોની આવક પાંચ વર્ષમાં બમણી કરવાનું લક્ષ્ય. તેમને ૧૦ લાખ કરોડની લોન આપવાનું લક્ષ્ય. કૃષિ ક્ષેત્રે વિકાસ દરનું લક્ષ્ય ૪.૧ ટકા. પાક વીમો ૩૦ ટકાથી વધારી ૪૦ ટકા.
★ આગલા વર્ષ માટે ટ્રેડ ભારત લક્ષ્ય. પાક વીમા માટે ૧૦૦૦ કરોડની જોગવાઈ.
★ રેલવે બજેટ અને સામાન્ય બજેટ એક સાથે રજૂ થયા. આગલા વર્ષ માટે ટ્રેડ ભારત લક્ષ્ય.
★ સરકારી કંપનીઓને નાબાર્ડ વધુ મદદ કરશે.
★ રૂપિયા ૮૦૦૦ કરોડનું ડેરી વિકાસ ભંડોળ.
★ મનરેગા અંતર્ગત ૧૦ લાખ તળાવ બનાવાશે. મનરેગાને રૂા. ૪૮,૦૦૦ કરોડ ફાળવાશે.

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
‘‘ધુલ્લા વિલા’’, બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

- ★ માઈક્રો સિંચાઈ યોજના માટે રૂપિયા ૫૦૦૦ કરોડ.
- ★ ૨૦૧૯ સુધીમાં એક કરોડ બેઘરોને ઘર આપવાનું લક્ષ્ય.
- ★ વડાપ્રધાન ગ્રામ યોજના માટે રૂા. ૨૩૦૦૦ કરોડ.
- ★ ગામડાંઓમાં સ્વચ્છતા માટે ૪૨ ટકા ઉપરથી વધી ૬૦ ટકા.
- ★ સરકાર રોજ ૧૩૩ કિ.મી. રસ્તા બનાવી રહી છે.
- ★ મે-૨૦૧૮ સુધીમાં દરેક ગામમાં વીજળી પહોંચાડવાનું લક્ષ્ય.
- ★ ગ્રામ્ય કૃષિ સાથે સંકળાયેલ ક્ષેત્રો માટે રૂપિયા ૧,૮૭,૨૨૩ કરોડ.
- ★ સ્કૂલો માટે નવો વાર્ષિક શિક્ષણ કાર્યક્રમ. ઉચ્ચ કેળવણી માટે યુજીસીમાં સુધારો. સ્વયં કાર્યક્રમ માટે ઓનલાઈન ક્લાસરૂમ.
- ★ ૧૦૦ ઇન્ડિયા સ્કીલ સેન્ટર સ્થાપવામાં આવશે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી બનાવવાની દરખાસ્ત.
- ★ પાંચ વિશેષ પર્યટન ઝોન બનાવાશે.
- ★ ગામડાંઓમાં મહિલા શક્તિ કેન્દ્ર શરૂ કરાશે. ૫૦૦૦ કરોડનું મહિલા શક્તિ કેન્દ્ર માટે ભંડોળ.
- ★ નોટબંધીના કારણે વ્યાજદરમાં ઘટાડો થયો.
- ★ ટેક્ષટાઈલ ક્ષેત્રમાં રોજગારી યોજના સફળ.
- ★ નેશનલ હાઈવે માટે રૂપિયા ૬૪,૦૦૦ કરોડનું ભંડોળ.
- ★ પીપીપી મોડેલ દ્વારા નાના શહેરોમાં વીમાની મથક.
- ★ એલ.આઈ.સી. વયોવૃધ્ધો માટે યોજના લાવશે. તેમાં સિનિયર સિટીઝન માટે આઠ ટકા વ્યાજ તથા સ્માર્ટકાર્ડ અપાશે.
- ★ એફ.આઈ.પી.બી. નાબૂદ કરાશે.
- ★ ભારત નેટ યોજના માટે ૧૦,૦૦૦ કરોડ.
- ★ ગુજરાત અને ઝારખંડમાં બે નવા એઈમ્સ સંસ્થાનો.
- ★ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂા. ૩,૯૬,૧૩૫ કરોડનું ભંડોળ.
- ★ કોમોડિટી બજારમાં સુધારા પર સવિશેષ ભાર.
- ★ ગામડાંઓને ઓપ્ટીકલ ફાઈબર ઈન્ટરનેટ દ્વારા જોડવામાં આવશે.
- ★ વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા ઓનલાઈન અરજી.
- ★ નાણાં ક્ષેત્રે માટે કોમ્પ્યુટર ઈમરજન્સી ટીમ.
- ★ ક્રૂડ તેલનો જથ્થો સંઘરવા ભંડાર સ્થાપવામાં આવશે.
- ★ આઈ.આર.એફ.સી., આઈ.આર.સી.ટી.સી., આઈ.આર.સી.એન.નું શેરબજારમાં લિસ્ટીંગ થશે.
- ★ ભ્રષ્ટાચાર દૂર કરવા ડિજિટલ અર્થવ્યવસ્થા જરૂરી.
- ★ 'ભીમ' એપ ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવું. બે નવી ડિજિટલ યોજના આપવામાં આવશે.
- ★ કેશબેક અને રેફરલ બોનસ યોજના આવશે.

***સી.એ. તુષાર દિનેશચંદ્ર શાહ***
***૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્સ, સેન્ટ્રલ મોલ સામે,***
***આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.***
***મો. ૯૮૯૮૦ ૨૬૩૬૦***

સ્થાપના : ૧૯૮૪
**કે.કે.**
**સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ**

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

**E-mail : kaykay_industries@yahoo.com**

# વર્ષ ૨૦૧૪માં થયેલ સર્વેક્ષણ પ્રમાણે ભારતમાં જૈનોની વસતિ તથા અન્ય વિગત

## ભારતમાં જૈનોની કુલ વસતિ

- કુલ વસતિ — ૪૪,૫૧,૭૫૩
- પુરુષ — ૨૨,૭૮,૦૯૭
- સ્ત્રી — ૨૧,૭૩,૬૩૬
- શહેરમાં વસતિ — ૩૫,૪૬,૯૪૪
- ગામડાંની વસતિ — ૯,૦૪,૮૦૯

## વધુ જૈનોની વસતિ ધરાવતા રાજ્યો

- મહારાષ્ટ્ર — ૧૪,૦૦,૩૪૯
- રાજસ્થાન — ૬,૨૨,૦૨૩
- ગુજરાત — ૫,૭૯,૬૫૪
- મધ્યપ્રદેશ — ૫,૬૭,૦૨૮
- ઉત્તરપ્રદેશ — ૨,૧૩,૨૬૭
- દિલ્હી — ૧,૬૬,૨૩૧
- તામિલનાડુ — ૮૯,૨૬૫
- છત્તીસગઢ — ૬૧,૫૧૦
- વેસ્ટ બેંગાલ — ૬૦,૧૪૧

## દસ હજારથી સાંઇઠ હજારની વચ્ચે વસતિ ધરાવતા રાજ્યો

- આંધ્રપ્રદેશ — ૫૩,૮૪૯
- હરિયાણા — ૫૨,૬૧૩
- પંજાબ — ૪૫,૦૪૦
- આસામ — ૨૫,૯૪૯
- બિહાર — ૧૮,૯૧૦
- ઝારખંડ — ૧૪,૯૭૪

## દસ હજારથી ઓછી વસતિ ધરાવતા રાજ્યો

- ઓડિસા — ૯,૪૨૦
- ઉત્તરાખંડ — ૯,૧૮૩
- કેરાલા — ૪,૪૮૯
- નાગાલેન્ડ — ૨,૬૫૫
- જમ્મુ અને કાશ્મીર — ૨,૪૯૦
- ચંદીગઢ — ૧,૯૬૦
- હિમાચલ પ્રદેશ — ૧,૯૦૫
- મણિપુર — ૧,૬૯૨
- પોંડિચેરી — ૧,૪૦૦
- દાદરા અને નગર હવેલી — ૧,૧૮૬
- ગોવા — ૧,૧૦૯
- અરુણાચલ પ્રદેશ — ૭૭૧
- મેઘાલય — ૬૨૭
- મિઝોરમ — ૩૭૬
- સિક્કીમ — ૩૧૪
- દીવ દમણ — ૨૮૭
- આંદામાન - નિકોબાર — ૩૧
- લક્ષ્યદ્વીપ — ૧૧

---

- ભારતમાં જૈન મંદિરો — ૧૬,૫૭૦
- પાષાણની પ્રતિમાઓ — ૨,૦૭,૮૯૬
- જૈન ઉપાશ્રય તથા સ્થાનક — ૧૯,૫૬૭
- જૈન સમાજ દ્વારા સંચાલિત હોસ્પિટલો — ૧૪૫
- જૈન સમાજ દ્વારા સંચાલિત સ્કૂલ / કૉલેજો — ૬૮
- જૈન સમાજ દ્વારા સંચાલિત સ્કૂલ / કૉલેજ (આંશિક રૂપે) — ૧,૪૩૪
- જૈન સમાજ દ્વારા સંચાલિત જીવનરક્ષા કેન્દ્ર (જીવદયા કેન્દ્ર) — ૧,૪૦૮
- કુલ સાધુ ભગવંતો — ૫,૬૭૮
- કુલ સાધ્વીજી મહાસતીજી — ૨૩,૭૬૮

- જૈન એન.જી.ઓ. ૩૬૦૦ (લગભગ)
- જૈન સમાજની પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ ૩,૪૦૦
- શેરબજારમાં જૈનોની ભાગીદારી ૩૪%
- દેશમાં ઈન્કમટેક્ષમાં જૈનોનું યોગદાન ૨૩%
- જૈન માલિક કે જૈનોની સંસ્થાઓ દ્વારા પ્રત્યક્ષ અપાતી રોજગારી - નોકરી ૨.૫ કરોડ

***દેશનો આ પહેલો સમાજ છે કે જેનું આંદોલન આરક્ષણ અથવા કોઈપણ લાભ માટે નથી હોતું પરંતુ ફક્ત અને ફક્ત જીવદયા માટે જ હોય છે.***

***રજૂકર્તા : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ***
***મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮***

*(નોંધ : છેલ્લા સર્વે પ્રમાણે આંકડાઓમાં ફેરફારની શક્યતાની માહિતી ખાતા પાસેથી મેળવી લેવા વિનંતી.)*

# આંજો કાગર

મને વાંચનનો ખૂબ શોખ છે. ગુજરાતીમાં પ્રસિદ્ધ થતા સામાયિકો, સાપ્તાહિકો, માસિકો નિયમિત વાંચતો રહું છું અને સતત પ્રગટ થતા રહેતા સાહિત્યથી માહિતગાર રહું છું.

'મંગલ મંદિર' એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર હોવા છતાં તેમાં રજૂ થતા વિવિધ વિભાગો, તેનું મુખપૃષ્ઠ, સુંદર છપાઈકામ (ભૂલ રહિત), જુદા જુદા વિષયોના વિશેષાંકો (ખાસ કરીને કચ્છ ઉપરના), કચ્છ અને કચ્છ બહાર બનતી ઘટનાઓનું વિશ્લેષણ, વાચકોના તટસ્થ મંતવ્યો — આ બધાના કારણે હું 'મંગલ મંદિર'નો ઇંતેજારીપૂર્વક વાટ જોતો હોઉં છું અને કચ્છ વિશેની માહિતીનો સંગ્રહ કરતો રહું છું.

કચ્છથી આવતા જૈન / જૈનેતર (પરીક્ષાર્થી / ધંધાર્થી / વિદ્યાર્થી) માટે રહેવાની / જમવાની સુંદર સગવડ, કચ્છ મ્યુઝિયમ, કચ્છની વિવિધતામાં એકતા અને કચ્છના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું 'મંગલ મંદિર' — સાકાર સ્વરુપ આપનાર સર્વેને 'કચ્છીયત'ભરી સલામ.

***ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,***
***શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.***

'મંગલ મંદિર'ના પ્રેરણાબીજને નમન. ૨૬મી જાન્યુઆરીની પૂર્વસંધ્યાએ વાતાવરણમાં આઝાદી અમર રહો... શહીદો અમર રહો... ભારત માતાની જય.... ના નારાનું ગુંજન સંભળાય છે.

***દિનેશ એમ. જોશી - માંડવી, કચ્છ***

***"આવું શા માટે? હું જ શા માટે? કયા પાપે?" — આવું બધું વિચારીને સંતાપ ના કરો. બધા સવાલોના જવાબ મળી જ રહેશે.***

## હવે આપણે સિનિયર સિટીઝન થયા તો –

- જમાના પ્રમાણે ચાલીએ. યુવાનોના નૂતન વિચારોને આવકારીએ તેમજ બિરદાવીએ.
- કોઈને પણ વણમાગી સલાહ આપતા અટકીએ.
- નાનાઓ ભૂલ કરે તો ચોક્કસ સલાહ આપીએ, પણ વિના આગ્રહે.
- ભારતીય સંસ્કૃતિ ન જળવાતી હોય ત્યાં જરૂર ટકોર કરીએ.
- આહાર, વિહાર, નિહારમાં નિયમિતતા જાળવીએ અને પેટને હંમેશાં ઊણું રાખીએ.
- ગામ ગપાટા મારવા કરતાં કોઈને મદદરૂપ થવામાં સમય ફાળવીએ.
- હવે ઘણું થયું એમ સમજી દુકાનમાં, ઑફિસમાં કે રસોડામાં બહુ માથું ન મારીએ.
- બાળકો સાથે રોજ થોડો સમય વિતાવીને મનને પ્રફુલ્લિત કરીએ (જો બાળકોને ટાઈમ હોય તો!)
- ઘડપણમાં આવનાર દૂષણો જેવા કે જીભના ચટાકા, જરૂર વગરનું બોલવું, તૃષ્ણાનો વધારો, વ્યર્થ વાતોનું પુનરાવર્તન વગેરેને અત્યારથી અટકાવીએ.
- સત્સંગ અને સદ્‌ગુરુનો આશ્રય લઈને તેમના પવિત્ર બોધને મરણાંત સુધી અનુસરીએ અને એ રીતે પરભવનું ભાથું બાંધીએ.
- મૃત્યુ તો નવા ઘરમાં જવાનો પરવાનો છે એમ માનીને મૃત્યુને પ્રસન્નતાથી સ્વીકારવાની અત્યારથી તૈયારી કરીએ.
- 'આજનો દિવસ મારા માટે બોનસ છે' — એમ માની સવારે ઊઠતાવેંત પ્રભુનો પાડ માનીએ અને આજના દિવસને પ્રભુ પ્રાર્થના, મૈત્રી, પ્રેમ, સંપ, આનંદ અને સદ્‌ગુણોથી ભરી દઈએ.
- વિચાર, વાણી અને વર્તનથી સદાય યુવાન રહીએ.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફલેટમેં તડકાસિંહ રેતોં સે રોજ દારુ તા પીંધો જ વેતો પણ અજ કીં બબડાટ કઈંધે કઈંધે દારુજી બોટલીયું ફગાયને ફોડે વજેતો ને હેવર આંઉ નેર્યો તડેં હકડી બાટલીમેં થોડો દારુ વો સે બાટલી બાજુમેં રખે લાંથે... સે જરા તપાસ ત કર... કડુંણો કુરો બબડાટ કરેતો ને દારુવાળી બાટલી કુલા રખે લાથે...?

બચુડો : (તપાસ કે ને ચેં) તડકાસિંહ દારુ પીને બરબાદ થે વ્યો આય. અતરે દારુતે અનકે ભયંકર ગુસ્સો આવ્યો આય. તેમેં બાટલી પછાડે પછાડે ને ચોંધો વનેતો તોજે લીધે મુંજી ઘરવાળી ભજે વઈ. તોજે કારણે મુંજી નોકરી હલઈ વઈ. તોજે નશે મેં આંઉ ઘર-બાર, નોકરી, પૈસા ઈજ્જત મડે વનાય ગેડો પણ જન બાટલીમેં થોડો દારુ પ્યો વો સે નેરેને ચેં તે તું હેવર વચમેં ન અચીજ. અનમેં તોજો વંગ નાય.... ને બાટલી બાજુતે રખે લાથે આય.

## ખિલજા મ ભલા

જગત : કોઈના દિલને તોડવા એક વાક્ય જ પૂરતું છે. કાચને તોડવા માટે એક પથ્થર પૂરતો છે. પ્રેમમાં પડવા એક મિનિટ પણ પૂરતી છે.

રજત : પણ આ બધું તું કેમ કહી રહ્યો છે?

જગત : પરીક્ષામાં મારે એક જ માર્ક આવ્યો. એટલે થયું, પરીક્ષામાં પાસ થવા એક માર્ક કેમ પૂરતો નથી...?

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષણ અધિકારી : આ ગુજરાતી વિદ્યાર્થીઓ ઈંગ્લીશમાં કાચા કેમ હોય છે?

શિક્ષક : સાહેબ, લોકો બે કારણથી ઈંગ્લીશ શીખતા હોય છે. એક તો શોખથી અને બીજું નાપાસ થવાના ડરથી... પણ ગુજરાતીઓને ફાલતુ શોખ પોષાતા નથી અને ડરતા તો કોઈ અંગ્રેજના બાપથી પણ નથી. પછી ઈંગ્લીશ કાચું જ હોય ને...

☺ ☺ ☺ ☺ ☺

મનજીત : હું તો એક નવી જ જાતના સ્માર્ટ મોબાઈલ ફોનની શોધ કરવાનો છું.

હરજીત : એમાં એવું તો શું સિક્રેટ હશે?

મનજીત : એમાં ત્રણ વારથી વધુ "ઔર ક્યા ચલતા હૈ... – બીજું શું ચાલે છે...?" એવું પૂછાશે કે તરત જ મોબાઈલ બંધ થઈ જશે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : આમ વારંવાર બ્યુટી પાર્લરમાં શા માટે જાય છે?

પત્ની : જુવાન - યુવાન દેખાઉં એ માટે.

પતિ : પણ એટલું તો સમજ... કિસમીસ થઈ ગયા પછી અંગૂર - દ્રાક્ષ બનવું શક્ય જ નથી.

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક : ભાઈ, આ રેડિયો કેટલાનો છે?

વેપારી : ૩૦૦ રૂપિયાનો

ગ્રાહક : એમાં બધા સ્ટેશન પકડાય છે?

વેપારી : હા... માત્ર રેલવે સ્ટેશન અને પોલીસ સ્ટેશન સિવાય.

☺ ☺ ☺ ☺ ☺

જતીન : વાઈફ અને ફ્રેન્ડમાં શું ફેર છે?


યતીન : ઘણો ફરક છે.

જતીન : કહી બતાવ તો...

યતીન : તમે તમારા કોઈપણ મિત્રને કહી શકો... યુ આર માય બેસ્ટ ફ્રેન્ડ. પણ વાઈફને ન કહી શકો કે યુ આર માય બેસ્ટ વાઈફ.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

"ROLEX" Brand



**Rushabh**
STEEL CENTRE

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# અન્ય સંસ્થાના સમાચાર

## કચ્છી બોલીનું દસ્તાવેજીકરણ (Documentation of Kutchhi)

કચ્છી બોલીના દસ્તાવેજીકરણ કરવા માટેનો એક વર્કશોપ ''પશ્ચિમ ક્ષેત્રીય માનવ સંશાધન વિકાસ મંત્રાલય - ઉચ્ચ શિક્ષણ વિભાગ - ભાષા સંસ્થાન (પૂના)''ના સહયોગથી કચ્છમાં તા. ૨-૨-૨૦૧૭ દરમિયાન યોજાઈ ગયો.

ગુજરાત રાજ્યમાં ગુજરાતી માન્યભાષા (Standard Language) ઉપરાંત આશરે સુડતાલીસ જેટલી ભાષા - બોલીઓ (Dialects) ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં હાલમાં બોલાય છે, જેની નોંધ ભારતીય ભાષા લોક સર્વેક્ષણ (People's Linguistic Survey of India)ના વોલ્યુમ-૯ના ત્રીજા ખંડ ગુજરાત, દીવ-દમણ અને દાદરા - નગર હવેલીની ભાષાના ગ્રંથમાં લેવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં બોલાતી બોલીઓ પૈકીની કેટલીક બોલીઓનું (કચ્છી, ડાંગી, ભીલી, ખાનદેશી, સુરતી, હાલારી, સોરઠી, ચરોતરી વગેરે) સંશોધન કાર્ય (Ph.D. થિસીસ) થયેલ છે, પણ ગુજરાતની બોલીનું 'Spoken Documentation of Speech Varities' અંગેનું કાર્ય હજુ સુધી થયેલ નથી. આથી કચ્છી બોલીનું દસ્તાવેજીકરણ કરવા માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ઉચ્ચ શિક્ષણ વિભાગ - મૈસૂર સમક્ષ ૨૦૧૨માં એક પ્રોજેક્ટ મહેન્દ્ર દોશીએ મૂકેલ હતો, જે પ્રોજેક્ટ આ સંસ્થાએ મંજૂર કરેલ હતો.

આ પ્રોજેક્ટની મંજૂરી મળ્યા બાદ કચ્છીની Speech Variety ની ડેટા સામગ્રી તૈયાર કરવામાં અને થોડોક સમય પશ્ચિમ ક્ષેત્રિય ભાષા સંસ્થાન (પૂના)ની અનુકૂળતા થવામાં વ્યસ્ત થયો. અનુકૂળતા થતાં આ કાર્યનો આરંભ થયો. (તા. ૨-૨-૨૦૧૭થી તા. ૮-૨-૨૦૧૭). પ્રથમ તબક્કામાં ભાષકના ઉચ્ચારણ અને વ્યાકરણીય સંરચનામાં કચ્છી બોલીમાં વિવિધતા - વિશિષ્ટતા હોય તેવા જિલ્લાઓમાં સર્વેક્ષણ કરવા માટેની પસંદગી કરવામાં આવી. Kutchi Speech Variety ના દસ્તાવેજીકરણ માટેની સામગ્રી કચ્છ વિસ્તારમાં મૂળ કચ્છી ભાષકો બોલતા કચ્છી બોલીના શબ્દો (આશરે ૧૫૦૦ જેટલા શબ્દો) તેમજ બોલીની વ્યાકરણીય સંરચનાની તપાસ માટેના વાક્યો (આશરે પાંચસો વાક્યો)ની ડેટા - સામગ્રી તૈયાર કરી અને આ સામગ્રીના આધારે કચ્છી બોલીના ભાષકોના (પુરુષ + સ્ત્રી, ભણેલ + અભણ, યુવાન + વૃદ્ધ જેવી કેટેગરી) ઉચ્ચારણોનું રેકોર્ડિંગ કરવા માટેનું પ્રથમ તબક્કામાં આયોજન કરવામાં આવ્યું. પસંદગી કરેલ ભાષકોના રેકોર્ડિંગ કરવાના સ્થળ તેમજ ભાષકોની પસંદગીનું સંકલન અને વ્યવસ્થા અને તેમના સહાયક શિક્ષકોની નિયુક્તિની પસંદગીની કામગીરી ભુજ — 'ડાયેટ'ના પ્રાધ્યાપક શ્રી સંજય ઠાકરે કરી. જેની વિગત નીચે દર્શાવેલ છે.

| ક્રમ | તારીખ | સ્થળ | સંકલનકાર | સહાયક | હાજર રહેલ ભાષક |
|---|---|---|---|---|---|
| ૧. | ૨-૨-૨૦૧૭ | ડાયેટ - ભુજ<br>(ભુજ જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવન) | શ્રી સંજય ઠાકર<br>'ડાયેટ' ભુજ | ૧. વીણાબેન લિયા<br>૨. મુકેશ સચદે | ૧૮ |
| ૨. | ૩-૨-૨૦૧૭ | લખપત - દયાપર<br>(બી.આર.સી. ભવન, કન્યાશાળા - દયાપર) | શ્રી પ્રકાશ પટેલ<br>સી.આર.સી.સી. દયાપર | ૧. ધનસુખ સોની<br>૨. દિનેશ સોલંકી | ૭ |
| ૩. | ૪-૨-૨૦૧૭ | નખત્રાણા<br>(બી.આર.સી. ભવન - મોટી વિરાણી) | શ્રી રામુભા જાડેજા | ૧. લહેરીકાંત ગરોડા<br>૨. રામજીભાઈ જોશી | ૫ |
| ૪. | ૬-૨-૨૦૧૭ | મુંદ્રા (તાલુકા શાળા, મુંદ્રા) | શ્રી હિતુભા જાડેજા | ૧. જયાબેન સોધમ<br>૨. ઉદય સોલંકી | ૯ |
| ૫. | ૭-૨-૨૦૧૭ | માંડવી (બી.આર.સી. ભવન - મસ્કા) | શ્રી બળવંતસિંહ ઝાલા | ૧. વિશ્વાસ ગઢવી<br>૨. ભારતીબેન ગોર | ૭ |
| ૬. | ૮-૨-૨૦૧૭ | ખાવડા - બન્ની (ગ્રુપ શાળા - ખાવડા) | શ્રી જશવંત નિનામા | ૧. રાજેન્દ્ર તલપે<br>૨. ગનીભાઈ 'સેતુ' | ૬ |

આ વર્કશોપમાં કુલ બાવન કચ્છી ભાષાના ભાષકો (Informant) હાજર રહેલ. જેમના શબ્દોના ઉચ્ચારણનું રેકોર્ડિંગ શ્રી મહેન્દ્ર દોશી તેમજ શ્રી કાંતિ મહાલે (પૂના) કરેલ હતું. દરરોજ હાજર રહેલ ભાષકના હજારેક શબ્દોના ઉચ્ચારણનું રેકોર્ડિંગ

કરવામાં આવેલ છે જ્યારે વાક્ય સંરચનાનું રેકોર્ડિંગ ડૉ. કલિકાબહેન મહેતાએ કરેલ હતું. જેમાં પણ દરરોજ હાજર રહેલ દરેક ભાષકના આશરે સાડા ત્રણસો વાક્યોના ઉચ્ચારણનું રેકોર્ડિંગ થયેલ.

પ્રથમ તબક્કામાં Phonetic Variety — ઉચ્ચારણમાં વિશિષ્ટતા - વિવિધતા - ભિન્નતાના લક્ષણોનું પૃથ્થકરણ કરવાનું નિર્ધારિલ છે જેમાં કચ્છી બોલીના વિશિષ્ટતા - ઉચ્ચારણ અને ભિન્ન ઉચ્ચારણની ચકાસણી કરવા માટે કચ્છ વિસ્તારના કુલ દસ જિલ્લા પૈકીના છ જિલ્લા માટેની પસંદગી કરેલ. અને આ જિલ્લાના કચ્છી બોલીના ભાષકોના ઉચ્ચારણ તેમજ ભાષાની સંરચનાના લક્ષણોના તારણના આધારે કચ્છી બોલીની વિવિધતા છે કે તેનું અલગ ઉપ બોલીનું સ્વરૂપ, તે અંગેની સામગ્રી તૈયાર કરવામાં આવશે.

આ સામગ્રી બીજા તબક્કામાં ચકાસણી કરવા માટે કચ્છી ભાષાના તજજ્ઞોની સલાહ-સૂચન લઈ અને તેની ખરાઈ કરવા માટેનું આયોજન કરવામાં આવશે અને તજજ્ઞોના આ અભિપ્રાય અને નિષ્કર્ષના વિશ્લેષણનો તુલનાત્મક અભ્યાસ કરી અને કચ્છીના ઉચ્ચારણ અને સંરચનાની ખરાઈના આધારે કચ્છીના અલગ ઉચ્ચારણ અથવા તો ઉપબોલી તરીકે પ્રમાણિત કરવાનું રહેશે.

કચ્છી બોલીના દરેક ઘટકોનું પૃથક્કરણ તબક્કાવાર કરવા માટે વર્કશોપનું હવે પછીનું આયોજન સમયાંતરે કરવામાં આવશે. આ આખા પ્રોજેક્ટની કામગીરીનો સમય અંદાજિત આશરે બે વર્ષનો હોવાની સંભાવના ગણાવી શકાય.

પ્રોજેક્ટની સર્વેક્ષણની કામગીરીના હેતુનું સ્પષ્ટીકરણ પશ્ચિમ ક્ષેત્રિય સંસ્થાનના વડા ડૉ. કલિકાબહેન મહેતાએ 'કચ્છમિત્ર'ને આપેલ મુલાકાતમાં સ્પષ્ટ કરેલ છે.

૧. આ સર્વેક્ષણ ભાષા વિજ્ઞાનીની પદ્ધતિથી કરવામાં આવી રહ્યું છે. આથી આ સર્વેક્ષણ — Speech of Kutchi Boli નું દસ્તાવેજીકરણ (Documentation) થવાને કારણે આ બોલીનું સાહિત્ય લાંબા સમય સુધી સંગ્રહિત રહેશે.
૨. આ સર્વેક્ષણના સંશોધનના સાહિત્યનું સંસ્કરણ IPA (International Phonetic Alphabet Script) લિપિમાં થવાથી દુનિયાનો કોઈપણ ભાષક બોલીની જાણકારી સરળતાથી પ્રાપ્ત કરી શકશે.
૩. બિન કચ્છી ભાષક સરળતાથી કચ્છી બોલી શીખી શકશે તેમજ બિનકચ્છી ભાષકને સરળતાથી શિખવાડી શકશે.
૪. ભારતના બંધારણમાં વૈકલ્પિક ભાષા તરીકે કચ્છીને માન્યતા અપાવવા માટે ગુજરાતી ભાષાથી ભિન્ન હોવા ઉપરાંત સક્ષમ ભાષા હોવાનું સ્થાપિત કરવા માટે આ સર્વેક્ષણ આધારભુત ગણાશે.

આ 'કચ્છમિત્ર'ની મુલાકાતમાં સંસ્થાના સર્વેક્ષણનું મહત્ત્વ ઉપરાંત તેમણે કાર્યક્ષેત્રનો પરિચય પણ આપેલ હતો. ભારત સરકાર સંચાલિત આ સંસ્થાની મુખ્ય શાખા મૈસુરમાં છે અને તેની અન્ય છ ઝોનમાં તેનું વિસ્તરણ કરવામાં આવેલ છે. પૂના, ભુવનેશ્વર, ગૌહાત્તી, પતિલાયા, લખનૌ અને સેલોન.

આ સંસ્થાનો હેતુ : ભાષા વિજ્ઞાનની પદ્ધતિથી ભારતીય ભાષાઓ - બોલીઓનું સંશોધન તેમજ પ્રશિક્ષણનું કામ કરે છે. પૂના ખાતેની શાખામાં (પશ્ચિમ ક્ષેત્રીય ભાષા સંસ્થાન) કોંકણી-મરાઠી, ગુજરાતી અને સિંધી ભાષાના પ્રશિક્ષણ તાલીમ તેમજ સંશોધનની કામગીરી કરવાનું છે. ઉપરોક્ત ભાષાના બિનભાષી શિક્ષકને તાલીમ આપવા માટે દર વર્ષે વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

***છેલ્લે, આ અભિયાનમાં જોડાયેલ,***

૧. ભારત સરકાર સંચાલિત પશ્ચિમ ક્ષેત્રિય ભાષા સંસાધનના વડા ડૉ. કલિકાબહેન મહેતા તેમજ તેમના સહાયકો,
૨. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૩. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - 'ડાયેટ' ભુજ
 શ્રી સંજય ઠાકર તેમજ શ્રીમતી દક્ષાબેન મહેતા — શ્રી સંજય ઠાકરે જિલ્લાના શિક્ષકો સાથે સંકલન કરી અને રેકોર્ડિંગ કરવા માટે શાળાઓમાં કરેલ વ્યવસ્થા તેમજ Informants ને હાજર રાખવા માટે સહાયક શિક્ષકો દ્વારા કરાયેલ વ્યવસ્થા
૪. જિલ્લાના સહાયક શિક્ષકોએ પસંદ કરેલ Informants ને લાંબા સમયના રેકોર્ડિંગ કરવા માટે હાજર રહેવા માટે કરેલ પ્રયાસ.
૫. નખત્રાણા જિલ્લાના મોટી વિરાણી હાઈસ્કૂલના હેડ માસ્તર, શિક્ષકો તેમજ કચ્છી સાહિત્ય કલા સંઘના પ્રમુખ શ્રી નારાયણભાઈ જોશી 'કારાયલ'એ આ અભિયાન આવકારવા તેમજ ડૉ. કલિકાબહેન મહેતા, મહેન્દ્ર દોશી તેમજ કાંતિ મહાલેનું શાલ ઓઢાડીને અભિવાદન કરવા માટે.
૬. કચ્છ યુનિવર્સિટી ભવનના નિયામક ડૉ. દર્શનાબેન ધોળકિયાએ આ અભિયાનને આવકારવા માટે તેમજ કચ્છ યુનિવર્સિટીના કુલપતિ શ્રી જાડેજાના અધ્યક્ષપણા હેઠળ ગોષ્ઠિનું કરેલ આયોજન. ડૉ. જાડેજા સાહેબે કચ્છી બોલીને જીવંત રાખવા માટે વિદ્યાર્થીઓને કરેલ હાકલ અને અભિયાનમાં યુનિવર્સિટી દ્વારા કોઈપણ જાતની મદદ માટે બતાવેલ તત્પરતા.
૭. 'કચ્છમિત્ર' તેમજ તંત્રી શ્રી માંકડ સાહેબ, પંડ્યા સાહેબ તથા ખબરપત્રી. આ અભિયાનનો મુખ્ય આશય અને આ અભિયાનના મહત્ત્વને કચ્છી બોલીના ભાષકો સમક્ષ ઉજાગર કરવા બાબત — આ સર્વેનો સાથ - સહકાર માટે આભાર.

***મહેન્દ્ર સાકરચંદ દોશી , શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

★ વિશ્વનો સૌથી અમીર દેશ સ્વિટ્ઝરલેન્ડ છે.

★ સાઉદી અરબમાં એક પણ નદી નથી.

★ વિશ્વનો સૌથી દાની પુરુષ અમેરિકાનો રાકફેલર છે. જેણે જીવનમાં સાર્વજનિક હિત માટે ૭૫ અબજ રૂપિયા દાનમાં આપ્યા છે.

★ વિશ્વનું સૌથી મોટું કાવ્ય 'મહાભારત' છે.

★ દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં 'આયાર્સ' નામની ટેકરી દરરોજ પોતાનો રંગ બદલે છે.

★ દુનિયામાં રવિવારની રજા ૧૮૪૩થી શરૂ થઈ.

★ દુનિયામાં કુલ્લે ૨૭૯૨ ભાષાઓ છે.

★ ફ્રાન્સ દેશમાં મચ્છર થતા નથી.

★ દક્ષિણ આફ્રિકામાં આવેલ 'કોબરા' નામના ઝાડ પાસે જેવી વ્યક્તિ જાય કે તરત જ તેની ડાળીઓ તેને જકડી લે છે અને તે મરી ન જાય ત્યાં સુધી તેને છોડતી નથી.

★ નોર્વે દેશમાં મધરાતે પણ સૂરજ ચમકે છે.

★ ૧૫ ઓગસ્ટને સ્વાતંત્ર્ય દિવસ તરીકે ભારત સિવાય દક્ષિણ કોરિયામાં પણ મનાવવામાં આવે છે.

★ નેપાળ વિશ્વનો એકમાત્ર દેશ છે જે અત્યાર સુધી ગુલામ બન્યો નથી.

★ 'સ્વીડન ઓફિશિયલ જનરલ' સૌથી જૂનું સમાચાર પત્ર છે જે ૧૬૪૫માં પ્રકાશિત થયેલ હતું.

★ વિશ્વમાં કુલ ૩૫૩ દેશો છે.

★ વિશ્વમાં 'ગ્રેટ બ્રિટન' એક એવો દેશ છે જ્યાં ટપાલ ટિકિટ પર પોતાના દેશનું નામ છપાતું નથી.

★ વિશ્વની સૌથી મોટી મસ્જિદ 'અલમલ્વિયા' ઇરાકમાં આવેલી છે.

★ સાઉદી અરબ દુનિયાનો એક એવો દેશ છે જ્યાં કોઈ પણ મંદિર - મસ્જિદ નથી.

★ પ્રશાંત મહાસાગર વિશ્વનો સૌથી મોટો દરિયો છે.

★ દુનિયામાં સૌથી મોટું તળાવ (ઝીલ) 'કેસ્પો યનસી' રશિયામાં છે.

★ એશિયા વિશ્વનો સૌથી મોટો ખંડ છે.

★ 'ગ્રેટ વૉલ ઓફ ચાઇના' દુનિયાની સૌથી મોટી દીવાલ છે.

★ સાઉદી અરબ દુનિયાનો સૌથી કઠોર રીતે કાયદાનું પાલન કરાવતો દેશ છે.

★ થાઇલેન્ડમાં સફેદ હાથી જોવા મળે છે.

★ દુનિયામાં સૌથી વધારે પગાર અમેરિકાના રાષ્ટ્રપતિને મળે છે.

★ સ્વિટ્ઝરલેન્ડમાં રાષ્ટ્રપતિનો કાર્યકાળ માત્ર એક જ વર્ષ હોય છે.

★ નાઇલ નદી દુનિયાની સૌથી લાંબી (૬૬૪૮ કિ.મી.) નદી છે.

★ આફ્રિકામાં આવેલ સહારા રણ વિશ્વનું સૌથી મોટું રણ છે જે ૮૪,૦૦,૦૦૦ વર્ગ કિ.મી. છે.

★ વિશ્વની સૌથી મોંઘી વસ્તુ યુરેનિયમ છે.

★ વિશ્વની સૌથી પ્રાચીન ભાષા સંસ્કૃત છે.

★ શાખાઓની દૃષ્ટિએ દુનિયાની સૌથી મોટી બેન્ક 'સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા' છે.

★ સ્વિટ્ઝરલેન્ડ દુનિયાનો એકમાત્ર એવો દેશ છે જેણે ક્યારે પણ યુધ્ધમાં ભાગ નથી લીધો.

★ રશિયા વિશ્વનું એકમાત્ર દેશ છે જેના એક ભાગમાં સવાર જ્યારે બીજા ભાગમાં સાંજ હોય છે.

★ વિશ્વમાં વસતિની દૃષ્ટિએ ટોકિયો સૌથી વધારે વસતિ ધરાવતું શહેર છે.

★ સુએઝ નહેર (૧૬૮ કિ.મી.) દુનિયાની સૌથી લાંબી નહેર છે.

★ વિશ્વનો સૌથી મોટો ઍરપોર્ટ અમેરિકામાં ટેક્સાસનું 'ફોર્થ બર્થ' છે.

## ચંદ્ર પર નેમ પ્લેટ લગાવો. ખર્ચ ફક્ત ૫૦૦ રૂપિયા

સ્પેસ માટે શરૂ થયેલી સ્ટાર્ટ અપ કંપની ટીમ ઇન્ડસ ૨૮ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ ભારતીય પી.એસ.એલ.વી. રોકેટ છોડશે જે ૩.૮૪ લાખ કિ.મી.ની સફર કરી ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮ સુધી ચંદ્ર પર પહોંચીને તમારા નામની એલ્યુમિનિયમની 'નેમ પ્લેટ' ફક્ત રૂા. ૫૦૦/-માં મૂકી આપશે. જેની તસવીરો અને વીડિયો મોકલવામાં આવશે. ફન્ડિંગ માટે તૈયાર કરવામાં આવેલી આ યોજનામાં અત્યાર સુધી ૧૦,૦૦૦ લોકો અરજી આપી ચૂક્યા છે. ■

## ચૌલા કુરુવાની પુસ્તિકાઓ હવે ઇ-બુક તરીકે ખરીદી શકાશે

**સીન્ગ્નેટ દ્વારા ચૌલા કુરુવાની પુસ્તિકાઓ "મોર્નિંગ વૉક" અને "સુખી થવાના સરળ ઉપાયો" ઇ-બુક તરીકે પ્રગટ થઈ છે. જે eshabda.com ઉપરથી ખરીદી શકાશે અને ઓનલાઈન વાંચી પણ શકાશે. મોબાઈલમાં પણ ઉપલબ્ધ છે.**

**બંને પુસ્તકો મોટીવેશનલ છે.**

## NanoNine™ શબ્દ રમત-૧૨૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | ૩ | ૪ | | | ૫ | ૬ | |
| ૭ | | | | | ૮ | | | ૯ | | | ૧૦ |
| ૧૧ | | | ૧૨ | ૧૩ | | | ૧૪ | | | ૧૫ | |
| | | ૧૬ | | | | ૧૭ | | | ૧૮ | | |
| | ૧૯ | | ૨૦ | | ૨૧ | | | ૨૨ | | | ૨૩ |
| ૨૪ | | | | ૨૫ | | ૨૬ | ૨૭ | | | ૨૮ | |
| ૨૯ | | | ૩૦ | | ૩૧ | | ૩૨ | | ૩૩ | | |
| | | ૩૪ | | | ૩૫ | | | ૩૬ | | | |
| | ૩૭ | | | ૩૮ | | | ૩૯ | | | | ૪૦ |
| ૪૧ | | | ૪૨ | | | ૪૩ | | ૪૪ | | ૪૫ | |
| ૪૬ | | ૪૭ | | | ૪૮ | | | | | ૪૯ | |
| | ૫૦ | | | ૫૧ | | | | ૫૨ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૩-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. દાનો ______ સારો પણ મૂરખ મિત્ર ખોટો (૩)
૩. ધ્વનિ, ઘોંઘાટ (૩)
૫. ______, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન (૨)
૭. મણકા વગેરે પરોવી કરેલો હાર (૨)
૮. વીતેલું, ભૂતકાળનું (૨)
૯. હેતુ, આશ્રય (૪)
૧૧. હાથી (૨)
૧૨. છીંકણી (૩)
૧૪. વેલ (૨)
૧૫. ______નું બેસવું ને ડાળનું પડવું (૨)
૧૭. ભેજથી ધાતુ પર થતો રાતો પોપડો (૨)
૧૮. ______ ફાકવો ને હસવું – એ બે સાથે બને નહીં (૨)
૧૯. દોજખ (૩)
૨૧. રમતમાં આવતો વારો (૨)
૨૨. અંતઃકરણ, દિલ, ઈચ્છા, મરજી (૨)
૨૪. મરનારની મિલ્કતનો હક્કદાર (૫)
૨૬. બેવડું, બે ગણું (ઈ) (૩)
૨૮. વૃદ્ધાવસ્થા, થોડુંક (૨)
૨૯. સમાન, સરખું (૨)
૩૦. મૂળ ગામ કે દેશ, માદરે ______ (૩)
૩૨. સાવ રમત જેવી સહેલી વાત કે વસ્તુ (૫)
૩૪. તેલ નહીં તેલની ______ જુઓ (૨)
૩૫. ઉડતી વાત, અફવા (૨)
૩૬. ઐસી લાગી ______, મીરા હો ગઈ મગન (૩)
૩૮. ______ વિના વેલો ન ચઢે (૨)
૩૭. તંતુ, રેસો (૨)
૪૧. મુસાફરખાનું, ઋતુ, પ્રવાહ, ધારા (૨)
૪૨. જુવાનીમાં મોં પર થતી ફોલ્લી (૨)
૪૩. પ્રશ્ન (૩)
૪૫. ચર્ચા (૨)
૪૬. ગણી શકાય એવું, ભણતર કરતા ______ વધારે કામનું (૪)
૪૭. દહીં કે દૂધની મલાઈ (૨)
૪૮. લક્ષ, લાખ (૨)
૪૯. ______ ચંગા તો કથરોટ મેં ગંગા (૨)
૫૦. ખેતર કે ગામની હદ (૨)
૫૧. કાયમી, હંમેશ (૩)
૫૨. દમવું - પીડવું તે (૩)

### ઊભી ચાવીઓ

૧. લાડકી દીકરી (૩)
૨. મુસલમાન રાજા, સૂબો (૩)
૩. મીઠું પકવવાની ક્યારી (૩)
૪. વા ______ લઈ જાય (૨)
૫. ______ થોડી ને વેશ ઝાઝા (૨)
૬. મંદ સ્મિત, હાસ્ય (૪)
૭. માંકડ, એક જીવડું (૩)
૯. માલ મિલ્કત, દોલત (૨)
૧૦. બગલો, બક (૨)
૧૩. દુનિયા, જગત (૨)
૧૪. થોડા વાળની સેર (૨)
૧૬. પખવાડિયાની બારમી તિથિ (૩)
૧૭. શ્રવણે મા-બાપને ______માં બેસાડી જાત્રા કરાવી (૩)
૧૮. હરિયાળી (ઈ), ઉછીની વ્યાજુકી રકમ (૨)
૧૯. પોચું, મુલાયમ (૩)
૨૦. મોટા કદવાળું (૪)
૨૨. એક જાતનું બારીક કાપડ (૪)
૨૩. વરની જાન (હીં) (૩)
૨૪. ઠામ, પાત્ર (૩)
૨૫. લીન, આસક્ત (૨)
૨૭. જાત, પનો (૨)
૨૮. જય ______, જય કિસાન (૩)
૩૧. શહેર (૩)
૩૩. ત્રણની સંજ્ઞા (૩)
૩૪. ધરમ કરતાં ______ પડી (૨)
૩૭. કાશી, બનારસ (૪)
૩૮. ગાયનના ઠોકનું માપ, ______ સે ______ મિલા (૨)
૩૯. હાથી મર્યા પછી ______ લાખનો (૨)
૪૦. વગાડવું તે (૩)
૪૧. દીવાની જ્યોત (૨)
૪૨. દૂધ અને ભાતની એક વાની (૨)
૪૩. મજબૂત, કઠણ (૩)
૪૪. પંચ, પંચાતિયો (૩)
૪૫. ઠીંગણું (૩)
૪૭. અંધારું (૨)
૪૮. ટેવ, વ્યસન (૨)

## NanoNine™ શબ્દ રમત-૧૨૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભા | ઈ | બી | જ | | સુ | રા | | ધ | ર્મ | ના | થ |
| ઇ | | ક | ળ | ત | ર | | એ | ક્કા | | માં | |
| બં | ધા | ણ | | મ્મ | | મા | | મુ | દ | ત | |
| ધ | ણી | | અ | ર | મા | ન | | કી | | ર | ગ |
| | | | જી | | વ | દ | ન | | ટી | | ભ |
| વ | ખ | તો | વ | ખ | ત | | ખી | સા | કા | ત | રુ |
| ડ | ગ | લો | | | ર | સ્તો | | સ | | | |
| સ | વા | | શ | ક | | | ર | ણ | | સા | પ |
| સ | હ | ન | શી | લ | તા | | ડ | | સ | ગ | ડી |
| રો | ન | ક | | ક | ર | | ક | ચું | બ | ર | |
| | | શી | ઘ્ર | તા | | ના | ણું | | ર | | હે |
| ટી | કો | | બ | | કં | થ | | ક | સ | ર | ત |

*માસ જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૪ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. જાગૃતિ રાણા - અમદાવાદ
૩. જશવંત કોઠારી - અમદાવાદ
૪. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૫. ચંદ્રાબેન શાહ - અમદાવાદ
૬. સ્મિતા શાહ - અમદાવાદ
૭. જયસુખ સંઘવી - અમદાવાદ
૮. પીન્ટુ પટેલ - અમદાવાદ
૯. અમિતા મહેતા - અમદાવાદ
૧૦. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૧૧. હર્ષિલ મહેતા - અમદાવાદ
૧૨. હર્ષા મહેતા - અમદાવાદ
૧૩. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૪. રશ્મિ મોમાયા - અમદાવાદ
૧૫. હંસાબેન ઠાકોર - અમદાવાદ
૧૬. ભાનુબેન શાહ - અમદાવાદ
૧૭. રંજન શાહ - અમદાવાદ
૧૮. ગીતા મહેતા - અમદાવાદ
૧૯. કશિશ શાહ - અમદાવાદ
૨૦. દીપા પરીખ - અમદાવાદ
૨૧. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૨૨. મિત મહેતા - અમદાવાદ
૨૩. ચંદ્રિકા શેઠ - અમદાવાદ
૨૪. પ્રતિમા શાહ - અમદાવાદ
૨૫. ચેતના વોરા - અમદાવાદ
૨૬. નિશા મહેતા - અમદાવાદ
૨૭. એશવંતી પારેખ - અંજાર
૨૮. જ્યોતિ પારેખ - સિકંદ્રાબાદ
૨૯. દિનેશ જોશી - માંડવી
૩૦. ભાવના શાહ - નાગપુર
૩૧. સરોજ ચંદુરા - સુરત
૩૨. સરોજ શાહ - અગાસ
૩૩. પ્રભા શેઠિયા - વલસાડ
૩૪. હસમુખ દેઢિયા - અડાલજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. એશવંતી પારેખ – અંજાર**
**૨. પીન્ટુ પટેલ – અમદાવાદ**
**૩. જાગૃતિ રાણા – અમદાવાદ**

## NanoNine™ *Sudoku*

*જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. તારાચંદ લોડાયા - બેંગ્લોર
૨. નીતા દંડ - અમદાવાદ
૩. ઝરણા પારેખ - અમદાવાદ
૪. ચંદ્રા શાહ - અમદાવાદ
૫. ઉષ્મા શાહ - અમદાવાદ
૬. સ્મિતા શાહ - અમદાવાદ
૭. જયસુખ સંઘવી - અમદાવાદ
૮. સોનલ છેડા - અમદાવાદ
૯. દિનેશ વોરા - અમદાવાદ
૧૦. હર્ષિદા મહેતા - અમદાવાદ
૧૧. કુણાલ ત્રેવાડિયા - અમદાવાદ
૧૨. નિરાલી શાહ - અમદાવાદ
૧૩. બિંદુ શાહ - અમદાવાદ
૧૪. હર્ષા મહેતા - અમદાવાદ
૧૫. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૬. ડૉ. અતુલ ધરોડા - અમદાવાદ
૧૭. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૮. દીપા પરીખ - અમદાવાદ
૧૯. ચૈતાલી વોરા - અમદાવાદ
૨૦. ભારતી પટેલ - અમદાવાદ
૨૧. કશિશ શાહ - અમદાવાદ
૨૨. ગીતા મહેતા - અમદાવાદ
૨૩. નયના ગોગરી - અમદાવાદ
૨૪. નીમાબેન પટવા - અમદાવાદ
૨૫. પ્રતિમા શાહ - અમદાવાદ
૨૬. જ્યોતિ પારેખ - સિકંદ્રાબાદ
૨૭. સોનલ પોલડિયા - નાગપુર
૨૮. સરોજ ચંદુરા - સુરત
૨૯. ડોલી મહેતા - ભુજ
૩૦. પ્રફુલ્લ શાહ - અગાસ
૩૧. હેમલતા દેઢિયા - અડાલજ
૩૨. પ્રભા શેઠિયા - વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**<u>વિજેતાઓ</u> :**

**૧. તારાચંદ લોડાયા – બેંગ્લોર**
**૨. સોનલ છેડા – અમદાવાદ**
**૩. ભારતી પટેલ – અમદાવાદ**

## NanoNine™ Sudoku

**જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**
**જુઓ : પાના નંબર-૭૦**

## ૨૦૧૬ના દુનિયાભરના ઇન્ટરનેટ યુઝર્સ

મે-૨૦૧૬ સુધીમાં વિવિધ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સના કહેવા મુજબ ભારતમાં કુલ ૪૦૦ મિલિયન (૪૦ કરોડ) જેટલા ઈન્ટરનેટ યુઝર્સ હતા. અને ડિસેમ્બર-૨૦૧૬ સુધીમાં આ આંક ૫૦૦ મિલિયનને પાર કરી જાય તેવી ગણતરીઓ છે. એક વેબસાઈટ 'ઈન્ટરનેટ વર્લ્ડ સ્ટેટસ'ના જૂન-૨૦૧૬ સુધીના અહેવાલ મુજબ દુનિયામાં ઈન્ટરનેટ વપરાશકર્તાઓમાં સંખ્યાની દૃષ્ટિએ સર્વપ્રથમ દેશ ચીન છે. જ્યાં ૭૨.૧૪ કરોડ લોકો ઈન્ટરનેટ વાપરે છે. બીજા ક્રમે ભારત દેશે છે કે જ્યાં ૪૬.૨૧ કરોડ લોકો નેટયુઝર્સ છે. ત્યારબાદ અનુક્રમે યુ.એસ.એ. – ૨૮.૬૯ કરોડ, બ્રાઝીલ – ૧૩.૯૧ કરોડ, ઈન્ડોનેશિયા – ૧૩.૨૭ કરોડ, જાપાન – ૧૧.૫૧ કરોડ, રશિયા – ૧૦.૩૫ કરોડ, નાઈજીરિયા – ૯.૭૨ કરોડ, જર્મની – ૭.૧૭ કરોડ અને મેક્સિકો – ૬.૯ કરોડથી દસમા ક્રમે છે. ૨૦૧૬ની દૃષ્ટિએ દુનિયાની કુલ વસતિ ૭૪૦ કરોડની આસપાસ છે. જે પૈકી આશરે ૩૭૦ કરોડ એટલે કે ૫૦ ટકા જેટલા લોકો ઈન્ટરનેટની સુવિધાઓનો લાભ મેળવે છે.

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૮૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૩-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ મે-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૮૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | 4 | | | | 1 | |
| | 4 | | 1 | | | 3 | | 2 |
| 2 | | 7 | 6 | | 3 | | 8 | |
| | | 1 | | 4 | | 2 | | |
| | | 4 | | 6 | | 1 | | 8 |
| | | 5 | | 1 | | 9 | | |
| | 8 | | 9 | | 6 | | 4 | 1 |
| 4 | | | | | 1 | | | 6 |
| 1 | 9 | | | 7 | 4 | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 2 | | | 4 | | | 3 | |
| | | | 2 | | 8 | 7 | 9 | |
| 7 | | 6 | | | | | | 8 |
| | 1 | | 8 | | | 3 | 4 | |
| 8 | 4 | 3 | | 2 | 5 | | 7 | |
| | 9 | | | | 4 | | 1 | |
| | | 9 | 6 | 1 | | 2 | | 4 |
| | | 4 | | | 2 | | | |
| 1 | | | | 8 | | | | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | 4 | | 1 | 2 | |
| | 7 | | | | 9 | | 3 | |
| | | 3 | 1 | 5 | | 7 | | 8 |
| | 1 | | | | | 4 | | |
| 5 | 4 | 7 | 3 | | 8 | | | 9 |
| | | | 9 | 2 | | | 1 | |
| 3 | | 4 | | 6 | 1 | | | |
| | | 6 | | 9 | 2 | | 5 | |
| 2 | | 1 | | | | 9 | | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 3 | 5 | 9 | | | 8 |
| | 9 | | | | | 1 | 2 | |
| 4 | 3 | | | | | 5 | | |
| 6 | 4 | | 9 | | | | | 7 |
| | 8 | | 2 | 7 | 1 | 6 | | |
| | | | | | | 9 | 3 | |
| | 2 | 6 | | | 3 | | 5 | |
| 3 | | 9 | | | | | 8 | 1 |
| | | | 5 | | 8 | | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૮૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 4 | 8 | 7 | 6 | 3 | 5 | 2 |
| 6 | 8 | 5 | 3 | 1 | 2 | 4 | 7 | 9 |
| 3 | 7 | 2 | 9 | 5 | 4 | 1 | 8 | 6 |
| 9 | 6 | 7 | 1 | 8 | 5 | 2 | 4 | 3 |
| 2 | 5 | 1 | 6 | 4 | 3 | 7 | 9 | 8 |
| 8 | 4 | 3 | 2 | 9 | 7 | 5 | 6 | 1 |
| 4 | 1 | 6 | 7 | 2 | 9 | 8 | 3 | 5 |
| 5 | 2 | 9 | 4 | 3 | 8 | 6 | 1 | 7 |
| 7 | 3 | 8 | 5 | 6 | 1 | 9 | 2 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | 6 | 7 | 9 | 8 | 2 | 4 | 5 |
| 4 | 8 | 9 | 2 | 5 | 3 | 6 | 1 | 7 |
| 2 | 7 | 5 | 4 | 6 | 1 | 9 | 8 | 3 |
| 3 | 2 | 1 | 8 | 7 | 9 | 5 | 6 | 4 |
| 8 | 5 | 7 | 1 | 4 | 6 | 3 | 2 | 9 |
| 9 | 6 | 4 | 5 | 3 | 2 | 8 | 7 | 1 |
| 5 | 1 | 3 | 6 | 8 | 7 | 4 | 9 | 2 |
| 7 | 9 | 8 | 3 | 2 | 4 | 1 | 5 | 6 |
| 6 | 4 | 2 | 9 | 1 | 5 | 7 | 3 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 7 | 9 | 4 | 8 | 6 | 5 | 1 |
| 8 | 9 | 5 | 6 | 2 | 1 | 7 | 4 | 3 |
| 6 | 4 | 1 | 3 | 5 | 7 | 2 | 9 | 8 |
| 3 | 8 | 4 | 2 | 9 | 5 | 1 | 7 | 6 |
| 1 | 5 | 2 | 8 | 7 | 6 | 4 | 3 | 9 |
| 9 | 7 | 6 | 1 | 3 | 4 | 5 | 8 | 2 |
| 7 | 2 | 8 | 4 | 1 | 3 | 9 | 6 | 5 |
| 5 | 1 | 3 | 7 | 6 | 9 | 8 | 2 | 4 |
| 4 | 6 | 9 | 5 | 8 | 2 | 3 | 1 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 5 | 4 | 2 | 3 | 9 | 7 | 6 |
| 2 | 9 | 6 | 1 | 7 | 5 | 4 | 8 | 3 |
| 4 | 7 | 3 | 8 | 9 | 6 | 2 | 1 | 5 |
| 1 | 6 | 4 | 5 | 3 | 8 | 7 | 2 | 9 |
| 5 | 2 | 7 | 6 | 1 | 9 | 3 | 4 | 8 |
| 3 | 8 | 9 | 7 | 4 | 2 | 5 | 6 | 1 |
| 9 | 4 | 8 | 3 | 6 | 7 | 1 | 5 | 2 |
| 7 | 5 | 2 | 9 | 8 | 1 | 6 | 3 | 4 |
| 6 | 3 | 1 | 2 | 5 | 4 | 8 | 9 | 7 |



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **કચ્છમાં ભૂકંપના આંચકા :** તા. ૨૬-૧-૨૦૦૧ના રોજ કચ્છમાં આવેલ ગોઝારા ભૂકંપની વરસીની સંધ્યાએ પૂર્વ કચ્છમાં તા. ૨૫-૧-૨૦૧૭ના રોજ દિવસ દરમિયાન ભૂકંપના આંચકાઓનો દોર ચાલુ રહેતાં લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. ભચાઉ તાલુકાના આંબલિયારા ગામે એક જ દિવસમાં ભૂકંપના ૨૧ આંચકા નોંધાયા હતા. જ્યારે આદિપુરમાં આખો દિવસ ભૂગર્ભમાં ધડાકા સંભળાતા રહ્યા હતા.

★ **રેલવે :** કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ રેલવે મંત્રી સુરેશ પ્રભુ પાસે મૌખિક, લેખિત તથા પ્રતિનિધિ મંડળ સાથે રજૂઆત કરતાં ગાંધીધામ - અમૃતસરની સાપ્તાહિક ટ્રેન એપ્રિલ માસથી શરૂ કરવાનું જાહેરનામું બહાર પાડેલ છે. કચ્છને પંજાબ - હરિયાણા સાથે જોડતી આ ટ્રેન દર સોમવારે સાંજે ૫.૨૦ કલાકે ગાંધીધામથી ઉપડી મંગળવારના રાત્રે ૯.૧૫ કલાકે અમૃતસર પહોંચશે. વળતા આ ટ્રેન દર બુધવારે સવારે ૫.૫૫ કલાકે અમૃતસરથી રવાના થઈ ગુરુવારે સવારે ૯.૩૦ વાગે ગાંધીધામ આવશે. જેથી લોકોને અમૃતસરના સુવર્ણ મંદિરના તીર્થ સ્થાનની મુલાકાતનો અવસર મળશે.

★ **એર કાર્ગો સુવિધા :** દેશ તથા વિદેશમાં સ્વાદનો ચસકો લગાવેલ કચ્છના બાગાયતી ફળોને દેશ પરદેશ માટે ‘એર કાર્ગો’ની સુવિધા મળે તે બાબતે કચ્છના રણની મુલાકાત લેવા સહપરિવાર આવેલ કેન્દ્રના નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાન શ્રી જશવંત સિંહા સમક્ષ રજૂઆત કરતા તેમણે સકારાત્મક વલણ દાખવેલ છે. આ અંગે તેમણે યોગ્ય દરખાસ્ત દ્વારા કેન્દ્રમાં રજૂઆત કરવાનું સૂચન કરેલ હતું.

વધુમાં તેમણે માહિતી આપતા જણાવેલ કે પ્રાદેશિક જોડાણની યોજના તળે કચ્છના બે મહાબંદર કંડલા અને મુંદ્રાને પણ હવાઈ સેવા સાથે સાંકળી લેવાની દિશામાં ઝડપભેર કામગીરી ચાલુ છે.

★ **કચ્છમાં કેન્સરના દર્દીઓને વિશ્વસ્તરીય સારવાર :** કચ્છ જિલ્લામાં કેન્સરની વિશ્વસ્તરીય સુવિધા, નિદાન, શસ્ત્રક્રિયા વગેરેની સારવાર મળી રહે તે માટે ગાંધીધામની સ્ટર્લિંગ હોસ્પિટલમાં વિશ્વ કેન્સર દિને તા. ૪-૨-૨૦૧૭ના રોજ કેન્સર સારવાર વિભાગ ઇન્ટરલિંક કરવામાં આવી છે તેવું સ્ટર્લિંગ એડલાઇફ ઇન્ડિયા પ્રા.લિ.ના અધ્યક્ષ ગિરીશભાઈ પટેલે જણાવ્યું હતું. દર વર્ષે ૧૦૦૦ જેટલા દર્દીઓ કેન્સરના રોગથી મૃત્યુ પામે છે.

★ **બ્રોડગેજનું વિસ્તરણ :** રેલવે બજેટમાં કચ્છ માટે કેટલીક ફાળવણી જાહેર કરવામાં આવી છે. જેમાં ભુજ - નલિયા રેલવે લાઈન માટે રૂા. ૪૬૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમાં વાયોર સુધીના વિસ્તરણ માટે માત્ર રૂા. ૩૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે. સામખિયાળી - ધોળાવીરાના ૭૦ કિ.મી.નું સર્વે કામ રૂા. ૧૮ કરોડના ખર્ચે કરવામાં આવશે. ડબલિંગ પરિયોજનામાં સામખિયાળીથી વીરમગામ માટે રૂા. ૩૦૮ કરોડ અને સામખિયાળીથી પાલનપુર માટે રૂા. ૧૨૬ કરોડ ફાળવાયા છે. આ ઉપરાંત રેલવે બજેટમાં કચ્છ માટે નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવી છે.

**સિંગલનું ડબલ લાઈનમાં પરિવર્તન :**

ગાંધીધામ - કંડલા પોર્ટ : રૂા. દસ લાખ (ફાળવણી)

ગાંધીધામ - આદિપુર : રૂા. ૧ લાખ

**ટ્રેક નવીનીકરણ :**

સામખિયાળી - કંડલા પોર્ટ : રૂા. ૮૯.૩૩ લાખ

ગાંધીધામ યાર્ડ — ૭ કિ.મી. : રૂા. ૨૦ લાખ

ગાંધીધામ - ભુજ : ૫૧.૨૯ કિ.મી. : રૂા. ૧.૨૫ કરોડ

**વધારાની લૂપ લાઈન :**

ગાંધીધામ - વિરમગામ વચ્ચેના ૭ સ્ટેશન : રૂા. ૧૦ હજાર

ગાંધીધામ - આદિપુર બાયપાસ લાઈન : રૂા. ૧.૭૧ કરોડ

**લૂપ લાઈન નવીનીકરણ :**

સામખિયાળી - કંડલા પોર્ટ : રૂા. ૨.૫ કરોડ

**કંડલા પોર્ટ - ગાંધીધામ સંબંધી જોગવાઈઓ :**

વેગન મેઈન્ટેનન્સ સુવિધા : રૂા. ૪૨ લાખ

કંડલા પોર્ટ યાર્ડમાં મોડેલિંગ : રૂા. ૫ કરોડ ૭૦ લાખ

રેલવેના કર્મચારીઓ માટે ૭૦ ક્વાર્ટર : રૂા. ૫૦ લાખ

ગુડ્ઝ શેડમાં નવું પ્લેટફોર્મ : રૂા. ૧ લાખ

આમ રેલવે બજેટમાં કચ્છને ફાળવાયેલા રૂા. ૮.૯૫ કરોડમાંથી ગાંધીધામને સિંહફાળો મળેલ છે.

★ **કચ્છના બેરોજગારો માટે નોકરી :** ટેકનિકલ તાલીમ પામેલા કચ્છના બેરોજગારો માટે નોકરી આપવા કચ્છના ઉદ્યોગકારોએ કચ્છ જિલ્લા રોજગાર કચેરી પાસે ૧૯૭૨ જેટલા ઉમેદવારોની માંગ કરી છે. તા. ૧૯-૨ના રોજ ગાંધીધામ ખાતે યોજાનારા મેગા જોબ ફેરમાં ૨૫૦૦થી ૩૦૦૦ જેટલા બેરોજગારોને નોકરી અપાવવાનો લક્ષ્યાંક વહીવટી તંત્રે રાખેલ છે. સૌથી વધુ (૫૦૦ વ્યક્તિઓની) માંગણી વેલસ્પન ગ્રુપ દ્વારા કરવામાં આવી છે. જેમાં તા. ૧૯-૨ના રોજ ગાંધીધામમાં યોજાયેલ જોબ ફેરમાં ૪૦૦૦ જેટલા યુવાનો પ્રાથમિક પસંદગી પામ્યા છે.

★ **હડપ્પીય નગરી વસાહત :** કચ્છના ભુજ તાલુકાના ધાણેટી ગામથી ત્રણેક કિ.મી. દૂર ભારતના તથા ગુજરાતના પુરાતત્ત્વ વિભાગ દ્વારા હાથ ધરાયેલ ઉત્ખનન કાર્ય દરમિયાન હડપ્પીય સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થયેલ છે. ઉત્ખનન કાર્ય દરમિયાન ઊંડા ખાડામાં ધરબાયેલ બે માનવ હાડપિંજરો શોધી કાઢવામાં આવ્યા છે. તેની નજીકમાંથી માટીના ઘડા પણ મળી આવેલ છે. ૨૭૦ x ૧૮૦ મીટરના આ સ્મશાન વિસ્તારમાં હજુ વધુ હાડપિંજરો ધરબાયેલા હોવાની શક્યતા છે.

★ **કુમાર કોલેજ :** ભુજ સ્વામિનારાયણ મંદિરની ગુરૂકુળ પરંપરામાં ધોરણ-૧૨ સુધી ૧૪,૦૦૦ કુમારો ભણી રહ્યા છે. આ વ્યાપક શિક્ષણયાત્રામાં આગામી સમયમાં ઉચ્ચ અભ્યાસ માટે કોલેજનું નવું પરિમાણ ઉમેરાવા જઈ રહ્યું છે. ધોરણ-૫ થી કોલેજ સુધીનું શિક્ષણનું સદાવ્રત ૧૪૦૦ કન્યાઓ માટે ચાલુ છે. જેમાં આગામી સત્રથી વિજ્ઞાન પ્રવાહ શરૂ કરાશે તેવી જાહેરાત કન્યા વિદ્યામંદિર દશાબ્દી મહોત્સવમાં મંદિરના કોઠારી દ્વારા કરવામાં આવી હતી.

★ **ઇસરોની ઐતિહાસિક સિધ્ધિ :** તા. ૧૫-૨ને બુધવારના રોજ સવારના ૯.૦૦ કલાકે ભારતની અવકાશી સંશોધન સંસ્થા ઇસરો (ISRO) દ્વારા અવકાશમાં ૩ ભારતીય તથા ૧૦૧ નેનો વિદેશી ઉપગ્રહોને પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ - ૩૭ રોકેટનો ઉપયોગ કરીને અવકાશમાં છોડવામાં આવેલ હતા. અગાઉ આ સિધ્ધિ રશિયાના નામે હતી. તેઓએ સીંગલ લોંચ સાથે વર્ષ ૨૦૧૪માં ૩૭ સેટેલાઈટ અવકાશમાં છોડ્યા હતા. ઇસરોએ ૧૦૪ ઉપગ્રહોને અવકાશમાં લોન્ચ કરીને એક રેકોર્ડ બનાવેલ છે. આમ, રશિયાનો રેકોર્ડ ઇસરોએ તોડી નાખ્યો છે.

★ **પર્યટન ઉદ્યોગ - સફેદ રણ :** કચ્છના અફાટ મોટા રણ પ્રદેશ ધોરડોથી ભીરંડિયારા સુધીમાં દર એક કિ.મી.ના અંતરે રણના ઓળખસમા કલાત્મક ભૂંગાઓ બેનમૂન જીવનશૈલી, જગવિખ્યાત હસ્તકલાનો કસબ, છાણ માટીના ગરથી લીંપાયેલ અને નાના મોટા અરીસાથી સુશોભિત દીવાલો તથા શંકુ આકારની છતની સપાટી ઉપર રેશમી - રૂપેરી કાપડની સજાવટ સાથે વર્તુળાકાર કે અર્ધવર્તુળાકાર ગોઠવેલા ભૂંગા સાથે લગભગ ૨૮ જેટલા રિસોર્ટ ઊભા થયા છે. જે રણનો નજારો જોવા આવેલ પર્યટકોમાં અનેરું આકર્ષણ જમાવે છે.

★ **રેલવે સેવા :** તાજેતરમાં ભારતીય રેલવે બોર્ડના ચેરમેન એ.કે. મિત્તલની કચ્છની રેલવે વ્યવસ્થા ચકાસણીની મુલાકાત દરમિયાન કચ્છમાં ૨૦૧૨-૧૩નાં રેલવે બજેટમાં ફાળવવામાં આવેલ રેલવે કોચ ફેક્ટરી અંગે પૂછતાં તેઓએ જણાવેલ કે હાલ ભારતમાં પૂરતી રેલવે કોચ ફેક્ટરી છે. જેથી કચ્છમાં તે અંગેનું કોઈ આયોજન હાલમાં નથી. તેમણે જણાવ્યું કે ત્રણ વર્ષમાં ડબલ લાઈન થતાં અનેક ટ્રેનો કચ્છને મળશે. તેમજ ડિસેમ્બર સુધી કચ્છના રેલવે મથકો ઉપર કયા નંબરનો કોચ ક્યાં ઊભો રહેવાનો છે તેની સુવિધા અપાશે. આ ઉપરાંત ૧૦ એપ્રિલ, ૨૦૧૭થી જૂન ૨૦૧૭ સુધી કચ્છને પંજાબ સાથે સાંકળતી ગાંધીધામ - જલંધર રેલવે ટ્રેનની સેવા મળશે તથા તે સમય દરમિયાન ગાંધીધામ - તિરુનલ્લવેલી ટ્રેનની પણ કચ્છને દક્ષિણના રાજ્યો સાથે સાંકળતી વધુ નવ ટ્રીપો દોડશે. ■

**પંચગની હવાફેર**
પ્રકૃતિના સાન્નિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્ત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

***સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.***

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.


★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

***કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***




## સરનામા ફેરફાર

- **મનુભાઈ ગોવિંદલાલ શાહ**
  "મૈત્રી", ૨૮, સ્વાતિ સોસાયટી,
  રિલાયન્સ ફ્રેશ સામે, યુકો બેંક ચાર રસ્તા,
  સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, દર્પણ છ રસ્તા,
  નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
- **પંકજ શાંતિલાલ મહેતા**
  એ-૪૦૪, સુગમ રેસિડેન્સી,
  નૂતન નાગરિક બેંક સામે,
  વસંતકુંજ બસ સ્ટેન્ડ સામે,
  વસંતકુંજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  ફોન : (૦૭૯) ૨૬૬૩૨૫૮૪
- **અનિલ રામજી હરિયા**
  એલ-૮૦૧, ઈસ્કોન પ્લેટિનિયમ,
  નવા બ્રિજ પાસે, ૨૦૦' રિંગ રોડ,
  બોપલ ચાર રસ્તા, બોપલ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  ફોન : (૦૭૯) ૨૯૭૯૫૫૧૭

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫૦૦/- શ્રી દીપક શાંતિલાલ છેડા - મુંબઈ
રૂા. ૫૦૦/- શ્રી મૂકેશ માણેકજી લોડાયા - મુંબઈ
રૂા. ૫૦૦/- એક સદ્‌ગૃહસ્થ - મુંબઈ
રૂા. ૫૦૦/- શ્રી પ્રવીણચંદ્ર જાડેજા - મોટી વમોટી (કચ્છ)

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રી કામધેનુ એગ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝ - ભાત બજાર (મુંબઈ)
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી ભાનુમતી નિખિલ શાહ - અમદાવાદ

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી જયકુમાર ભરતભાઈ ભેદા - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૨,૦૦૦/- શ્રીમતી વીણાબેન મહેતા - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી હેમરાજ તલકશી પાસડ - મુંબઈ

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૨૧,૦૦૦/- શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ મુળજી સાવલા - અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- શ્રી તલકશી ઉમરશી ગોગરી - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી પ્રીતિ સંદીપ તલકશી ગોગરી - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રીમતી સુશીલાબેન ખુશ્મન શાહ - અમદાવાદ

### જનરલ ડોનેશન ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી નાના ભાડિયા જૈન મહિલા મંડળ - મુંબઈ

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સમાજના સર્વે સભ્યો જોગ

*આથી સમાજના દરેક સભ્યોને જણાવવાનું કે તેઓ પોતાના **WhatsApp** નંબર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાના મેનેજરશ્રીને નોંધાવી દે. જેથી સમાજના અગત્યના કાર્યક્રમો તેમજ સારા - નરસા પ્રસંગો વિશે માહિતી આપવા માટે સુગમતા રહે. ઉપરોક્ત બાબત અગત્યની હોઈ દરેક સભ્યો પૂરતો સહકાર આપે. તા. ૧-૪-૨૦૧૭થી સંસ્થાના દરેક સમાચારો વૉટ્સઍપ ઉપર જ આપવામાં આવશે.*

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# મેડિકલ સમિતિ

## મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટર્સ મિત્રોનો સ્નેહ મિલન કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ સમિતિ દ્વારા તા. ૨૬-૨-૨૦૧૭ને રવિવારના રોજ સાંજે ૬ થી ૮ દરમિયાન સંસ્થાના મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટર્સ મિત્રોના એક સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમારંભ નવનીત પરિવારના શ્રી રાજુભાઈ હરખચંદ ગાલાના અતિથિ વિશેષપદે યોજવામાં આવેલ હતો. આજના સમારંભના અન્ય અતિથિ વિશેષપદે શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા તથા શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા પધારેલ હતા. આજના સમારંભમાં સંસ્થાના મેડિકલ સેન્ટરમાં ૧૦ વર્ષથી વધારે સમયથી સેવા આપતા ૨૧ ડૉક્ટર્સનું વિવિધ મહાનુભાવોના હસ્તે સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

સમારંભની શરૂઆત મેડિકલ સેન્ટરની બહેનો દ્વારા શ્રી ગણપતિ સ્તુતિ તથા નવકાર મંત્રથી કરવામાં આવી હતી. સમાજના પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપ નારાણજી દંડે પધારેલા અતિથિ વિશેષો, ડૉક્ટર્સ તથા તેમના પરિવારો તથા પધારેલા અન્ય સૌ સભ્યોને આવકાર આપેલ હતો. પોતાના આવકાર પ્રવચનમાં તેઓશ્રીએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરેલ હતો અને જણાવેલ હતું કે સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિ શિરમોર સમાન છે. તેઓએ મેડિકલ સેન્ટરમાં સેવા આપતા સૌ ડૉક્ટર મિત્રોની સેવાઓને બિરદાવેલ હતી. સાથે સાથે મેડિકલ સેન્ટરના દાતાશ્રીઓ નવનીત પરિવાર તથા શ્રી કાંતિલાલ વેલજી સાવલા પરિવારોની સેવાઓ તથા ભાવનાઓને પણ બિરદાવી હતી. મેડિકલ સમિતિના કન્વીનર ડૉ. શ્રી હિતેન્દ્રભાઈ શાહે ૧૯૯૭થી શરૂ થયેલ મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત તથા તબક્કાવાર માહિતી આપેલ હતી. તેઓએ મેડિકલ સેન્ટરમાં સેવાઓ આપતા ડૉક્ટર્સની સેવાઓને બિરદાવેલ હતી. પ્રાસંગિક પ્રવચનમાં અતિથિ વિશેષ શ્રી રૂપેશ સાવલાએ તથા શ્રી રાજુભાઈ ગાલાએ પોતાના પ્રવચનમાં સંસ્થામાં સેવાઓ આપતા ડૉક્ટર્સની સેવાઓને બિરદાવેલ હતી. તે ઉપરાંત ડૉ. દેવાંગ શાહે તથા ડૉ. નીતુ પરીખે પોતાના પ્રવચનમાં મેડિકલ સેન્ટરની કાર્યશૈલીને બિરદાવી હતી તથા સંસ્થાના સર્વે હોદ્દેદારો અને ટ્રસ્ટીઓના સાથ સહકાર બદલ આભાર વ્યક્ત કરેલ હતો.

સમારંભના અંતે સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહે આભારવિધિ કરેલ હતી. આજના સમારંભનું સફળ સંચાલન કુ. સલોની નવીનભાઈ લાલકાએ કરેલ હતું. ત્યારબાદ સંસ્થા તરફથી યોજેલ ભોજન સમારંભમાં ભોજનનો લાભ લઈ છૂટા પડ્યા હતા.

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## વિખ્યાત કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ (સિમ્સ હોસ્પિટલ) દ્વારા અંગદાનના મહત્ત્વ અંગેનું વક્તવ્ય તથા આકસ્મિક મેડિકલ સહાય અંગેનું માર્ગદર્શન આપતું લાઇવ ડેમોન્સ્ટ્રેશન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા ગુજરાતમાં સર્વપ્રથમ હૃદય પ્રત્યારોપણ કરનાર ડૉ. શ્રી ધીરેન શાહ તથા તેમની ટીમના દ્વારા એક વક્તવ્યનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં એક નવીનતમ પ્રયોગ તરીકે દિલ (હૃદય) ઉપરના ફિલ્મી ગીતો સાથે તેને સંલગ્ન પ્રશ્નો ડૉ. શ્રી ધીરેન શાહને પૂછવામાં આવ્યા હતા. જેના તેઓએ ખૂબ જ સુંદર રીતે તાર્કિક જવાબો આપેલ હતા. સંગીત સાથેના સવાલ - જવાબનો પ્રોગ્રામ પૂરો થયા બાદ ડૉ. શ્રી ધીરેન શાહે અંગદાન વિશે તથા અંગદાન અંગેની ઉપયોગીતા વિશે માહિતી આપેલ હતી. તેઓએ અંગદાન અંગેના પ્રકારોની માહિતી આપેલ હતી. જીવતો માણસ અંગદાન કરી શકે. કુદરતી મરણમાં પણ અમુક અંગદાન થઈ શકે અને બ્રેઈન ડેડ વ્યક્તિના પણ અંગદાન થઈ શકે તથા કોણ કોણ અંગદાન ન કરી શકે તેની માહિતી આપેલ હતી.

ત્યારબાદ તેઓ સાથે આવેલ ડૉક્ટર સાહેબે જ્યારે કોઈ વ્યક્તિને હાર્ટ ઍટેક આવે તો તરત જ શું અને કેવી રીતે દર્દીને પ્રાથમિક સારવાર આપવી તે વાત વિસ્તારપૂર્વક સમજાવેલ હતી. ઉપરોક્ત બાબતે ડૉ. શ્રી ધીરેનભાઈએ હાજર રહેલા સભ્યોને જણાવેલ કે તેઓને સમજાવવામાં આવેલ હાર્ટ ઍટેક આવે ત્યારે પ્રાથમિક સારવાર આપવાની પધ્ધતિ, ક્રમસર લખી મોકલે. જેથી તેઓને પોતાને યાદ રહે અને બીજા લોકોને પણ સમજાવી શકે. ઉપરોક્ત કાર્યક્રમમાં સમાજના સભ્યો ઉપરાંત દૈનિક સમાચાર પત્રોમાં આપેલ જાહેર ખબરના આધારે બહારના લોકોએ પણ હાજરી આપેલ હતી. હાજર રહેલા સૌ વ્યક્તિઓએ આજની ઉપયોગી પધ્ધતિની માહિતી મેળવેલ હતી. ત્યારબાદ ભોજન લઈને સહુ છૂટા પડ્યા હતા. આજના કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે કરેલ હતું. ■

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## કરિયર ગાઈડન્સ વર્કશોપ

### કોના માટે? તેમાં શું હોય? આ વર્કશોપ શા માટે?

★ ***કરિયર ગાઈડન્સ વર્કશોપ :*** તારીખ ૨ થી ૮ એપ્રિલ, ૨૦૧૭.

★ ***કોના માટે? :*** આ વર્કશોપ, ખાસ કરીને જે વિદ્યાર્થીઓ આ વર્ષે (૨૦૧૭ માર્ચમાં) કોઈપણ બોર્ડમાં, કોઈપણ માધ્યમમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે છે.

★ ***આ વર્કશોપમાં શું હોય છે? :***

☞ આ વર્કશોપમાં અલગ અલગ કરિયર અંગે ભણાવતા ફેકલ્ટી આવીને જે તે એરિયામાં કેવી રીતે તેમાં એડમિશન મળે, એન્ટ્રન્સ પરીક્ષા હોય તો એની વાત, તેની તૈયારીની વાત, તેમાં કેવું ભણવાનું આવે, તેની વાત કરે છે. આ જ રીતે વિવિધ વ્યવસાયમાં કામ કરતાં વ્યક્તિઓ પણ પોતાના ક્ષેત્રમાં કેવું કામ કરવાનું આવે અને તેમાં ભવિષ્યમાં કેવી તક છે તેના વિષે આવીને વાત કરે છે.

*ઉદાહરણ તરીકે :* કોમ્પ્યુટર અને આઈ.ટી., એન્જિનિયરિંગ, મેડિકલ, ડિપ્લોમા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, આર્ટસ, મીડિયામાં થતાં અભ્યાસ વગેરે.

☞ બીજા અગત્યના ભાગ તરીકે આ વર્કશોપમાં જુદા જુદા એજ્યુકેશનલ કેમ્પસની વિઝિટ હોય છે. તેમાં જે તે સંસ્થા વિષે વિદ્યાર્થી જાણે છે. તેના ક્લાસરૂમ, લાઈબ્રેરી, ત્યાંની વિશેષ જગ્યાની મુલાકાત લે છે.

*ઉદાહરણ તરીકે :* IIM, NID, MICA, EDI, CEPT, EDI, NIFT, DAIIC (નોંધ : આ બધામાંથી જેમના દ્વારા પરવાનગી મળે તેમાં વિઝિટ ગોઠવાતી હોય છે.)

☞ અને ત્રીજા ભાગમાં વ્યક્તિગત વિકાસ થાય તે માટે જરૂરી આવડતને લગતી ટ્રેનિંગ હોય છે.

*ઉદાહરણ તરીકે :* પબ્લિક સ્પીકિંગ, ક્રિએટીવિટી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, આત્મવિશ્વાસ વધારવો વગેરે.

★ ***આ વર્કશોપ શા માટે?***

૧. આ વર્કશોપમાં ભાગ લેવાથી મળતી માહિતી એકસાથે અને યોગ્ય વ્યક્તિ પાસેથી મેળવવી સામાન્ય રીતે ખૂબ મુશ્કેલ છે.

૨. આ વર્કશોપમાં આવ્યા પછી વિદ્યાર્થી પોતાની કરિયર અંગેના નિર્ણયમાં ખૂબ જ સ્પષ્ટ થઈને જાય છે.

૩. આ વર્કશોપમાં લઈ જવાતી એજ્યુકેશનલ સંસ્થાની મુલાકાત, વ્યક્તિગત રીતે મુશ્કેલ છે અને આ બધી વર્લ્ડ ક્લાસ સંસ્થામાં જવાથી વિદ્યાર્થી મહત્ત્વાકાંક્ષી અને જુદી રીતે વિચારતો બને છે.

આ પ્રકારનો વર્કશોપ આખા ગુજરાતમાં એક જ છે અને તે વર્ષમાં એક જ વાર થાય છે. જેમાં આ વર્ષે માત્ર ૪૦ વિદ્યાર્થીઓને જ લેવાના છે અને પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે રહેશે.

અગર સમાજના પરિવારમાંથી વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા સમયસર મળશે નહીં તો અન્ય સમાજ પરિવારના વિદ્યાર્થીઓને આ ખૂબ જ મહત્ત્વના વર્કશોપમાં પ્રવેશ આપવામાં આવશે. આ રીતે સૂચિત વર્કશોપ તેનાં નિર્ધારિત સમયે અચૂક યોજવામાં આવશે, જેની નોંધ લેવા અનુરોધ છે.

★ ***ફી***

- શ્રી ક.જૈ.સે.સ. સભ્ય પરિવારના વિદ્યાર્થીઓ માટે : રૂા. ૫૦૦/-
- બહારના વિદ્યાર્થીઓ માટે : રૂા. ૩૫૦૦/-

★ ***રજિસ્ટ્રેશન માટે સંપર્ક***

નિશાબેન મહેતા, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.
ફોન : (૦૭૯) ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૮૮૯૨

***— કન્વીનર***

# લાઇબ્રેરી સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ભવન ખાતે કાર્યરત લાઈબ્રેરી અંગે લાઈબ્રેરીના કન્વીનર જણાવે છે કે હાલે લાઈબ્રેરીમાં પૂરતી જગ્યા ન હોવાથી કોઈ પણ સભ્યોએ કોઈ પણ જાતના પુસ્તકો, મેગેઝીનો, ચોપડીઓ લાઈબ્રેરીમાં નવી સૂચના ન મળે ત્યાં સુધી મોકલવા નહીં.

*<u>નોંધ</u> : આશાતના થવાના કારણે ધાર્મિક પુસ્તકો, સાહિત્ય ક્યારે પણ સમાજની લાઈબ્રેરીમાં મોકલવા નહીં.*

***નરેન્દ્ર જે. કોઠારી***
***કન્વીનર, લાઈબ્રેરી સમિતિ***

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ તથા મહિલા ઉત્કર્ષ સમિતિ

## શ્રેષ્ઠ મા-બાપ / વાલી બનવાની ચાવીઓ વિષે ડૉ. નિમ્રતસિંઘનું સુંદર વક્તવ્ય





ખૂબ જ સુખી અને ખુશમિજાજ બાળકોને ઉછેરવા માટેનાં સ્માર્ટ મા-બાપ બનવા માટેનાં ઉપાયો ડૉ. નિમ્રત સિંઘે તા. ૨૨-૧-૨૦૧૭ના રોજ ભવન ઉપર રાખવામાં આવ્યું હતું. આશરે ૧૦૦ વ્યક્તિઓની હાજરીમાં આયોજિત આ કાર્યક્રમ "નવા વર્ષનું નવલું નજરાણું" સમાન હતો.

★ *બાળકોની માનસિકતા કેવી હોય છે?*

★ *તેઓ શું વિચારતા હોય છે?*

★ *બાળકોની ખરી આંતરિક શક્તિઓને ખીલવવા માટે મા-બાપે શું પ્રયત્ન કરવા?*

★ *બાળકનું આત્મસન્માન કેમ ઉપર લઈ જવું?*

★ *બાળકોએ ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ?*

આ બધા જ વિષયોને આવરી લેતાં આ કાર્યક્રમનાં મુખ્ય Take Away (ઘરે લઈ જવા લાયક મુદ્દાઓ) આ મુજબ છે :

૧. બાળકોને વધુ સાંભળો. સલાહો ઓછી આપો.

૨. બાળકોની આગવી શક્તિઓને ઓળખો, ખીલવો.

૩. સરખામણી કરવાથી બાળકોને નુકસાન જ છે.

૪. બાળકોની બધી વાતોને માની લેવાની જરૂર નથી.

૫. બાળકના સારા-નરસાની ચિંતા વધુ કરો — સમાજની વાતો ઉપર ઓછું ધ્યાન આપો.

— *કન્વીનર*

# વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા તા. ૧૧-૨-૨૦૧૭ના રોજ નળ સરોવર રોડ ઉપર સુરમ્ય એબોટ રિસોર્ટ ખાતે એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવેલ.

સવારે ૭.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પ્રસ્થાન કર્યું. શ્રી રમણિકભાઈ ગોસરે નવકાર મંત્ર અને ભક્તિ ગીતો દ્વારા સૌને ભક્તિમય કરેલ.




*શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા અને શ્રીમતી સુશીલાબેન ખુશ્મન શાહનું શાલ ઓઢાડીને સન્માન કરતી વડીલ બહેનો*

સમિતિના કન્વીનરશ્રીએ સૌને જણાવેલ કે આજના કાર્યક્રમના સ્પોન્સર તલકશી ઉમરશી ગોગરીના પુત્ર જયેશનું દુઃખદ અવસાન થયેલ છે. જે નિમિત્તે સૌએ મોન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.

નયનરમ્ય રિસોર્ટ ખાતે સૌએ ચા-નાસ્તો તથા સ્વિમિંગ અને અન્ય રમત ગમતોનો લાભ લીધેલ.

ત્યારબાદ કન્વીનરશ્રી દ્વારા જુદી જુદી હાઉસી તથા રમતો રમાડીને સૌને મનોરંજન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

આજના કાર્યક્રમના સ્પોન્સર શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા અને શ્રીમતી સુશીલાબેન ખુશ્મન શાહનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. બપોરના ભોજન બાદ સૌએ "કાબિલ" પિક્ચરની મજા માણી હતી. અંતમાં હાઈ-ટી ને ન્યાય આપી સૌ અમદાવાદ પરત ફર્યા હતા.

આજના કાર્યક્રમ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી સૌજન્ય પ્રાપ્ત થયેલ હતું : (૧) શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા તરફથી : રૂા. ૨૧,૦૦૦/- (૨) શ્રી તલકશી ઉમરશી ગોગરી તરફથી : રૂા. ૧૧,૦૦૦/- (૩) શ્રીમતી પ્રીતિબેન સંદીપ તલકશી ગોગરી તરફથી : રૂા. ૫,૦૦૦/- (૪) શ્રીમતી સુશીલાબેન ખુશ્મન શાહ તરફથી : રૂા. ૨,૫૦૦/-

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
## નવનીત મેડિકલ સેન્ટર *તથા*
## શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર

| | | | |
|---|---|---|---|
| ● ઓર્થોડોન્ટીસ્ટ (વાંકાચૂકા દાંતના નિષ્ણાત) | ડૉ. તિલક પરીખ | દર બુધવારે | સાંજે ૫.૦૦ થી ૭.૦૦ |
| ● પેરીઓડોન્ટીસ્ટ (પેઢાની સર્જરીના નિષ્ણાત) | ડૉ. ફોરમ શાહ | દર સોમવારે | બપોરે ૩.૦૦ થી ૫.૦૦ |
| ● કાર્ડિયોલોજિસ્ટ (હૃદયરોગના નિષ્ણાત) | ડૉ. ઊર્મિલ શાહ | દર ગુરુવારે | સવારે ૧૧.૦૦ થી૧૨.૦૦ |
| | ડૉ. સંદર્ભ પટેલ | દર સોમવારે | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ |
| ● ન્યુરોફિઝિશિયન (મગજ તથા કરોડરજ્જુના નિષ્ણાત) (તેમજ તેઓ રાહત દરે EEG, EMG, NCV ટેસ્ટ કરે છે.) | ડૉ. શુચિત પાંડે | દર શનિવારે | સવારે ૯.૦૦ થી૧૦.૦૦ |
| ● ગેસ્ટ્રોફિઝિશિયન (પેટના રોગોના નિષ્ણાત) | ડૉ. કૈવન શાહ | દર સોમવારે | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ |
| | ડૉ. સંદીપ શાહ | દર ગુરુવારે | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ |
| ● પીડિયાટ્રિક્સ (બાળરોગના નિષ્ણાત) | ડૉ. કૃપેશ શાહ | સોમવારથી શુક્રવાર | સવારે ૯.૦૦ થી૧૦.૩૦ |
| | ડૉ. પરેશ શાહ | શનિવારે | સવારે ૯.૦૦ થી૧૦.૩૦ |
| | ડૉ. કોશા શેઠ | સોમ, બુધ, શુક્રવાર | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ |
| | ડૉ. રીમા પંડ્યા | મંગળ, ગુરુ, શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ |

★ બાળ વિભાગમાં, સમાજના ૧૦ વર્ષ સુધીના બાળકોને સ્ટાન્ડર્ડ કંપનીની રસીઓ ફ્રી માં આપવામાં આવે છે. ફક્ત રોટા વાઈરસ, ન્યુમોનિયાની રસી અને ફ્લુની મરજિયાત રસીઓ ૭૫% રાહત દરે આપવામાં આવે છે.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૩૦ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોને ઉંમર પ્રમાણે એપ્રિલથી માર્ચ સુધીમાં જે - તે વર્ષમાં એક વખત બોડી ચેક-અપ ફ્રીમાં કરી આપવામાં આવે છે.

★ સમાજની બહેનોને મેમોગ્રાફી દર બે વર્ષે એકવાર કરાવવા રૂા. ૩૫૦/- ભરીને સમાજ તરફથી રૂા. ૩૦૦/-ની સહાય મળે છે.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે કાઉન્ટર પર અલગ લાઈનની વ્યવસ્થા છે. કાર્ડ લઈને આવવાથી સુવિધા રહેશે.

★ હૃદયનો ઈકો : બપોરે ૧.૩૦થી ૨.૦૦ (સોમ, બુધ, શનિ) ● સાંજે ૫.૩૦ વાગે (દરરોજ એપોઈન્ટમેન્ટથી)

★ ૧૦% રાહત દરે મેડિકલ સ્ટોરમાંથી દવાનું વિતરણ થાય છે.

★ ઓડિયોગ્રામ અને કાનની બહેરાશની તપાસ : દર શનિવારે બપોરે ૨.૩૦

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૫૦ વર્ષથી ઉપરની વયના સભ્યોને દાંત વિભાગની કોઈ પણ ટ્રીટમેન્ટ માટે વ્યક્તિ દીઠ વધારાની રૂા. ૫,૦૦૦/-ની ટ્રીટમેન્ટ ૭૫% રાહત દરે કરી આપવામાં આવે છે.

**વધુ વિગત માટે સંપર્ક : મેડિકલ સેન્ટર. ફોન : (૦૭૯) ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૯૪૬૮**

*કોઈના માટે અત્યંત વેધક કે કટાક્ષયુક્ત ટીકા કરવાનું મન થાય ત્યારે યાદ કરો કે વધારે પડતા મરીમસાલા ખોરાકને બેસ્વાદ બનાવે છે. અવિચારી શબ્દોએ ઘણા મૂલ્યવાન સંબંધોને ખંડિત કર્યા છે, જ્યારે સદ્‌વ્યવહારથી કોઈએ ક્યારેય કંઈ ગુમાવ્યું નથી. અન્યોને પોતાની રીતે વિકસવાની સ્વતંત્રતા આપો.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વિદેશમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ માટે જતા વિદ્યાર્થીઓ અને એમના વાલીઓ ખાસ ધ્યાન આપે

વિદેશમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ માટે જવા ઈચ્છનાર વિદ્યાર્થીઓને Jain Minoritiesનાં મળતાં લાભ હેઠળ કેન્દ્ર સરકારની Ministry of Minority Affairs દ્વારા "પઢો પરદેશ" યોજના હેઠળ જેમના પરિવારની વાર્ષિક આવક રૂપીયા ૬ લાખ કે ૬ લાખથી ઓછી હોય તેમને નિર્ધારીત વર્ષ / સમય માટે વ્યાજ મુક્ત (વગર વ્યાજની) લોન રૂપિયા ૨૦ લાખ સુધી કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકમાંથી મળી શકે છે.

આ યોજનાની વિગતો માટે ઇ-મેઇલ કરો : kutchijainamd@gmail.com

વધુ જાણકારી : વેબસાઇટ : www.minorityaffairs.gov.in

હેલ્પ લાઈન નંબર : 1800 11 2001 તથા રાષ્ટ્રીયકૃત બેંકની કોઈપણ શાખામાંથી પ્રાપ્ત થઈ શકશે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સંસ્થાના મેડિકલ કાર્ડ બાબતે સમાજના સભ્યો જોગ

આથી સંસ્થાના દરેક સભ્ય પરિવારોને જણાવવાનું કે પોતાના મેડિકલ કાર્ડમાં સુધારા-વધારા — નામ ઉમેરવા, નામ કમી કરવા કે ડુપ્લીકેટ કાર્ડ માટે ફોર્મ ભરતી વખતે પોતાના જૂના કાર્ડની ઝેરોક્ષ અવશ્ય લગાવવી. જેથી સંસ્થાને કાર્યવાહી કરવા બાબત સુગમતા રહે. ઉપરોક્ત સુધારાઓ કરવા માટે જો જૂના કાર્ડની ઝેરોક્ષ સાથે સામેલ નહીં હોય તો કાર્યવાહી કરવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

*રમણિકલાલ કુંવરજી ગોસર*
*કન્વીનર - મેડિકલ કાર્ડ સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

### ફેબ્રુઆરી - ૨૦૧૭

- **તા. ૭-૨-૨૦૧૭**

★ આજરોજ સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાએ મુંબઈ ખાતે મુંબઈ અતિથિ ગૃહના ડેવલપર્સ મે. પૂનમ બિલ્ડર્સના પ્રતિનિધિ શ્રી પારસ બાબરિયા સાથે SRAમાં એક્ઝિક્યુટીવ એન્જિનિયર શ્રી પી.પી. મહીષીની મુલાકાત લીધેલ હતી અને સૂચિત અતિથિગૃહના અટકી પડેલ બાંધકામ વિશે ચર્ચા વિચારણા કરી હતી. તેઓએ જણાવેલ હતું કે અત્યારે લગભગ સ્ટાફ બદલાઈ ગયો છે એટલે તમારા પ્રોજેક્ટનો અભ્યાસ કરી આવતા મહિને આ બાબતે ચર્ચા વિચારણા કરી યોગ્ય માર્ગદર્શન આપશે.

★ આજે સાંજે ૪ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાએ માટુંગા સ્થિત શ્રી ચંપકભાઈ હરિયાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

- **તા. ૮-૨-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાએ માટુંગા સ્થિત શ્રી હંસકુમાર ખીમજીની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી અને સંસ્થાની ચાલતી પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપેલ હતી. તથા તેઓશ્રીને યોગ્ય સ્થાને દાન આપવા માટે અપીલ કરવામાં આવી હતી. તેઓશ્રીએ એક વખત અમદાવાદની મુલાકાત લઈ પછીથી નક્કી કરશે તેમ જણાવેલ હતું.

★ આજે સાંજે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી ગુલાબભાઈ ખોનાએ પનવેલ મુકામે શ્રી પ્રવીણચંદ્ર શાહની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. તેઓશ્રી કચ્છના વિષય ઉપર બે પુસ્તકો લખી રહ્યા છે, જે પ્રકાશિત કરવાના બાકી છે. તે બદલ શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ બંને પુસ્તકો પ્રકાશિત

કરી શકાય તેમ જણાવેલ હતું. જે બાબતે તેઓશ્રીએ પણ સહમતિ આપેલ હતી.

● **તા. ૯-૨-૨૦૧૭**

★ આજે સવારે ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાએ પૂનમ બિલ્ડર્સના શ્રી વિજયભાઈ બાબરિયા તથા શ્રી પારસ બાબરિયા સાથે મિટિંગ કરેલ હતી તથા મિડાસ ટાવરની ઓ.સી. લેવા માટે બાકી રહેતી કાર્યવાહી અંગે યોગ્ય જાણકારી મેળવી હતી.

★ આજે સાંજના ૪ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ વર્લી (મુંબઈ)માં શ્રી હેમાંગ ધરમશીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મિટિંગમાં તેઓના પ્રતિનિધિ શ્રી તિલેશભાઈ પણ હાજર હતા. સંસ્થા વતી શ્રી પ્રતાપ નારાણજી દંડે સંસ્થાની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી તથા સંસ્થાના વિવિધ પ્રોજેક્ટોની પણ માહિતી આપી હતી. જેમાં તેઓશ્રીને યોગ્ય લાગે ત્યાં દાન આપવા માટે અપીલ કરવામાં આવી હતી.

★ આજે સાંજના ૬ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ મુંબઈમાં આપણા ઍડવોકેટ શ્રી શશાંકભાઈ શાહની મુલાકાત લીધી હતી તથા SRAમાં અને ડેવલપર્સ સાથે થયેલ વાતચીતથી તેઓને માહિતગાર કર્યા હતા. તેઓશ્રીએ થયેલ વાતચીતને ઉપયોગી ગણાવેલ હતી અને SRAની મિટિંગ થઈ ગયા બાદ આપણે કેવી રીતે આગળ વધવું તેમ વિચારશું તેમ જણાવેલ હતું.

● **તા. ૧૪-૨-૨૦૧૭**

★ આજે સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી પરાશર વ્યાસ તથા શ્રી અનિલ સથવારાએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચાલતા રેમ્પ રિપેરિંગના કામ અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લીધેલ હતા. સાથે સાથે શ્રી પીયૂષ સોની સાથે AECની મેઇન ડી.પી. તથા સ્વીચો ખસેડવા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી હાલ આ સામગ્રી હટાવવી નહીં તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૧૫-૨-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી દીપ દંડ, શ્રી અનિલ સથવારા તથા શ્રી અભયરાજ મિસ્રીએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ચાલતા ડોરમેટરીના રિનોવેશન કામનું નિરીક્ષણ કરેલ હતું અને જરૂરી ફેરફાર અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

● **તા. ૨૨-૨-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે શ્રી અનિલ સથવારા સાથે ભવનના દરેક માળે આર.ઓ. પ્લાન્ટમાંથી પાણી આપવા માટેની ગોઠવણ કરવા માટે ચર્ચા વિચારણા કરી હતી તથા દરેક માળ ઉપર કુલર અથવા પીવાના પાણી માટેના પોઇન્ટ મૂકવા માટે ચર્ચા કરેલ હતી. બધી જ પરિસ્થિતિઓનો વિચાર કરી ત્રીજા માળે આર.ઓ. પ્લાન્ટ સાથેનું એક કૂલર મૂકવાનો તથા તેમાંથી બીજા અને પહેલા માળે પાણી ભરવા માટેનો પોઇન્ટ ખેંચવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કેન્ટીનમાં પણ એક આર.ઓ. પ્લાન્ટ નાખી દેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૨૩-૨-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી આશિષ મહેતા, શ્રી પીયૂષ સોની તથા આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ સાથે સંસ્થાના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચાલતા રિનોવેશન કામ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી રૂમોમાં યોગ્ય ફેરફાર કરી નવા પ્લાન બનાવી આપવા માટેની ચર્ચા વિચારણા કરી હતી અને તે પ્રમાણે કામ આગળ ચાલે તેવી સુચનાઓ આપવામાં આવી હતી.

★ આજે સવારના ૧૨ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખ બાબુભાઈ શાહે આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ સાથે હોલોપ્લિન્થ તથા બેઝમેન્ટમાં નવેસરથી પ્લાનિંગ કરવા માટે ચર્ચા વિચારણા કરી હતી. અને તે પ્રમાણે આપણા આર્કિટેક્ટ એક વખત કાચું પ્લાનિંગ કરી આપે તે પછી ચર્ચા વિચારણા કરી ફાઈનલ પ્લાનિંગ કરવાનું નક્કી કરેલ હતું.

★ આજે સાંજના ૪ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે. આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ ગુરુકુળ સ્થિત નવનીતની ઓફિસમાં શ્રી શાંતિભાઈ ગાલા તથા શ્રી રાજુભાઈ ગાલાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. તેઓશ્રીને તા. ૨૬-૨-૨૦૧૭ના સંસ્થામાં યોજાનાર મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટરોના સ્નેહ મિલન કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પધારવાનું આમંત્રણ આપવામાં આવેલ. જેનો તેઓશ્રીએ સહર્ષ સ્વીકાર કરેલ હતો. ■

*આરસ પર કોતરેલું શિલ્પ સમય જતાં નાશ પામે છે, પિત્તળ પરની કોતરણી સમય જતાં ઘસારો પામે છે, મંદિરના ઘુમ્મટો કાળક્રમે ધૂળમાં મળી જાય છે. કિન્તુ આત્મા જે અમર છે, તેના પર કરેલી સદ્‌ગુણોની કોતરણી અનંતકાળ સુધી પ્રકાશિત રહે છે.*

## ઊડતી નજરે....

**માસ જાન્યુઆરી-૨૦૧૭ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........................................... | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | • | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ | ૧૧,૪૫૪ |
| | | જેમાંથી – | |
| | • | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................ ૪૮૪ | |
| | • | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .............................................. ૧૩૩ | |
| | • | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .............................. ૧૭ | |
| | • | સોનોગ્રાફી ................................................................ ૧૧૫૦ | |
| | • | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........................................ ૩૫ | |
| | • | બોડી ચેક-અપ ............................................................. ૩૮૬ | |
| | • | અન્ય ..................................................................... ૯,૨૪૯ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................................................... ૯૬૫ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૨,૬૯૦ | ૩,૬૫૫ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | • | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... ૨,૩૫૧ | |
| | • | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................... ૫,૪૩૦ | |
| | • | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................... ૩૦૦ | |
| | • | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......................... ૯૧૬ | |
| | • | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... ૪૫૯ | ૯,૪૫૬ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...................................................... ૪૫૫ | ૪૫૫ |
| | | માસ જાન્યુઆરી-૨૦૧૭ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૫,૦૨૦ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# પરીક્ષામાં ગુણવત્તા લાવે - જૉબ મેળવવામાં સફળતા અપાવે અને જીવનમાં વિકાસની ગૅરંટી આપતાં પુસ્તકો




**જનરલ નૉલેજ**


❑ **સંપા. બંસીધર શુક્લ**

કિંમત : ₹ 300

❑ સામાન્ય જ્ઞાનની અસામાન્ય માહિતી

❑ દરેક વિષયની અપડેટેડ સામગ્રી

❑ તમને રાખશે સૌથી આગળ




**જ્ઞાનસંહિતા**

❑ **સંપા. બંસીધર શુક્લ**

કિંમત : ₹ 800

❑ સૌને ઉપયોગી સઘળી માહિતી

❑ જ્ઞાનવિજ્ઞાનનો વિશ્વાસપાત્ર સંદર્ભગ્રંથ

❑ તમારી પ્રતિભાને બહુમુખી બનાવશે




₹ 375




₹ 225





₹ 350


**હિરેન દવે સંપાદિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ તૈયાર કરેલાં પુસ્તકો**

જે વિદ્યાર્થીઓએ આ પુસ્તકો વાંચ્યાં, જેમણે જોબ માટે ઇન્ટરવ્યૂ આપતાં પહેલાં આ પુસ્તકોનો અભ્યાસ કર્યો એ સૌથી નોખા-અનોખા પુરવાર થઈ ગયા...

**પ્રસન્નિકા જ્ઞાનકોશ** (ખંડ 10 + DVD) બંસીધર શુક્લ 12,500

**ગુજરાતી વિશ્વકોશ** (ખંડ 1થી 25) 17,600




**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com




**Unique Features**

- WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
- BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
- RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
- MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
- MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
- ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
- TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
- WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS

**Our Offerings**

- END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
- SPEEDY CLAIM SETTLEMENT
- 24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
- 100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
- ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
- DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
- SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
- NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
- TOTAL PEACE OF MIND

To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

